[૧૯૭૫] (૨)

Regd. No. MH. by South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક : ૧૭

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧ જાન્યુઆરી ૧૯૭૫ બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ એક જ માર્ગ ☆

'ન્યુઝ વીક'ના તા. ૧૬-૧૨-'૭૪ના અંકમાં શ્રી વરિન્દ્ર ટારઝી-વિટાચીનો એક મનનીય લેખ છે. વિશ્વની વધતી જતી વસ્તી અને વિકટ બનતી અન્નસમસ્યાના સંદર્ભમાં તેમણે આ લેખ લખ્યો છે. તેનું મથાળું છે A chicken for Bangladesh. પણ એ લેખનું મહત્ત્વ વ્યાપક છે. તેમાં વિશ્વની અને દરેક સમાજની વિષમતાઓનો ઉપાય રહેલો છે. તે લેખ ઉપરથી મને સૂઝતા વિચારો રજૂ કરું છું.

લેખની શરૂઆત એક સંવાદથી થાય છે. સામાજિક જવાબદારીના ભાનવાળા અને કાંઈક સેવાભાવી ગણાતા એક ભાઈને બીજાએ પૂછ્યું, તમારી પાસે બે ઘર હોય તો તમે શું કરો? જવાબ મળ્યો, એક હું રાખું અને બીજું રાજ્યને સોંપી દઉં. બીજો સવાલ, તમારી પાસે બે ગાયો હોય તો શું કરો? જવાબ, એક હું રાખું અને બીજી રાજ્યને સોંપી દઉં. ત્રીજો સવાલ, તમારી પાસે બે મરઘી હોય તો શું કરો? જવાબ, બન્ને હું રાખું. કેમ? કારણ, મારી પાસે બે મરઘી છે.

સાર. આપણી પાસે ન હોય તે આપવાની તૈયારી બતાવી પરોપકારી કે સેવાભાવી હોવાનો દાવો કરવો, જેની પાસે છે તેણે આપવું જોઈએ તેવો ઉપદેશ કરવો. પણ આપણી પાસે હોય તે આપવાની વાત આવે તો ન કરવું. This, in a nutshell is the situation with most of us.

દુનિયાની દરેક કટોકટીનો આ કોયડો છે. we are reluctant to do anything that will change cur familiar way of life. બંગલાદેશ, જ્યાં લાખો લોકો ભૂખે મરે છે, —અને બીજા એવા ઘણા દેશો છે—તેને માટે પોતે, બે મરઘી હોય તો એક આપવી એ ન કરવું. આ એક દાખલો છે. હમણાં રોમમાં વિશ્વ અન્ન પરિષદ મળી. સમૃદ્ધ દેશો, અને વિકસતા અથવા અણવિકસિત દેશો વચ્ચેની ઊંડી ખાઈ દેખાઈ; પણ કોઈ અસરકારક ઉકેલ ન થયો.

પણ આ વાત દુનિયાને અથવા દેશોને જ લાગુ પડે છે તેમ નથી. દરેક સમાજના દરેક પ્રશ્નને લાગુ પડે છે. પોતે શરૂઆત કરવી અને બીજા કરે તેની રાહ ન જોવી એ પાયાની વસ્તુ છે. આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય. બધા કરશે ત્યારે હું વિચારીશ, અત્યારે મારે એકલાએ શા માટે કરવું? મોટે ભાગે આ વલણ હોય છે. શ્રી વિટાચી લખે છે:

The commonest reaction is to seek refuge from today's problems in tomorrow's solutions. Here, the idea is that we should all wait for legislation banning wasteful use of scarce resources, and for institutions to control or rationalise their production, distribution and use.

But, all conscientious action begins at home. We have no control over other people's action. but we do have some over our own and that is the only place to begin.

If we are serious about our concern for the health of the community, cur attitude must be based on an acceptance cf an individual personal obligation.

આમાં સર્વ સામાન્ય પ્રત્યાઘાત એ છે કે આજની સમસ્યાઓમાંથી છૂટવા આવતી કાલના તેના ઉકેલો માટે રાહ જોવી અહીં, ખ્યાલ એવો છે કે આપણે સહુએ જેની અછત છે તેવાં સાધનોના દુર્વ્યય પર પ્રતિબંધ ફરમાવતા કોઈ કાયદાની તેમ જ તેના ઉત્પાદન, વહેંચણી અને વપરાશ પર સંસ્થાઓ નિયંત્રણ મૂકે યા તે અંગે કોઈ સુઘટિત વ્યવસ્થા સર્જે તેની રાહ જોવી.

'પણ સચ્ચાઈભરી તમામ પ્રવૃત્તિઓનો આરંભ પોતાની જાતથી કરવો રહે છે. બીજા લોકોના વર્તન પર આપણો અંકુશ નથી, પણ આપણા પોતાના પર થોડોક જરૂર છે અને માત્ર એ જ સ્થાનેથી શરૂઆત થવી જોઈએ.

'સમાજના સ્વાસ્થ્ય માટેની આપણી ચિન્તા પરત્વે આપણે જો ગંભીર હોઈએ તો આપણું વલણ આપણી વ્યકિતગત, અંગત ફરજના સ્વીકારના આધારે નક્કી થવું જોઈએ.'

શ્રી વિટાચીએ એક દાખલો આપ્યો છે. થોડાં વર્ષો પહેલાં પોતે કોલંબોમાં શ્રી કૃષ્ણમૂર્તિને મળવા ગયા હતા. ત્યાં એક સુખી ઘરનાં બહેન આવ્યાં. લેડીઝ સોશ્યલ સર્વિસ લીગનાં તેઓ સભ્ય હતાં. કાંઈક અસ્વસ્થ હતાં અને લીગના કામકાજમાં ખટપટની ફરિયાદ કરી. કૃષ્ણમૂર્તિએ પૂછ્યું, તમે લીગમાં શા માટે જોડાયાં? બહેને કહ્યું, ગરીબોની સેવા કરવા. કૃષ્ણમૂર્તિએ પૂછ્યું, કેવા પ્રકારની સેવા? બહેને કહ્યું, ભૂખે મરતાં બાળકોનો વિચાર મને સતાવે છે. કૃષ્ણમૂર્તિ ઊભા થયા, બારી પાસે ગયા, અને કહ્યું, નીચે જુઓ, શું દેખાય છે? એક ભૂખ્યો બાળક ભીખ માગતો ઊભો હતો. કૃષ્ણમૂર્તિએ બહેનને કહ્યું,

Madame, what is there to prevent you from going out and feeding that child right now except your Colombo Ladies Social Service League?

આ લેખનો મુખ્ય મુદ્દો એ છે કે વ્યકિતએ પોતે બીજાની રાહ જોયા વિના પોતાની ફરજ બજાવવી જોઈએ. બધા ધર્મો અને બધા સંતપુરુષોએ આ સત્ય ભારપૂર્વક કહ્યું છે. ધાર્મિક દૃષ્ટિ અને સામ્યવાદ કે સમાજવાદ વચ્ચે આ જ પાયાનો ફરક છે. ધર્મ અને સંતપુરુષો કહે છે કે વ્યકિતએ સ્વેચ્છાએ પોતાનું કર્તવ્ય બજાવવું. સમાજને સુધારવો હોય, વિષમતાઓ અને સંઘર્ષ ઓછાં કરવાં હોય તો વ્યકિતએ પહેલાં સુધરવું, તો સમાજ આપોઆપ સુધરશે. સામ્યવાદ અથવા સમાજવાદ વ્યકિતને સ્થાને રાજ્યને મહત્ત્વ આપે છે. વ્યકિતના હૃદયપલટામાં કે તેની માનવતામાં સામ્યવાદને એટલી શ્રદ્ધા નથી. બધું ફરજિયાત અથવા બળજબરી કે દબાણથી કરાવવા ઈચ્છે છે.

ધર્મ અંતરનું પરિવર્તન કરે છે. સમાજવાદ બહારનું પરિવર્તન કરે છે અને તેમાંથી સમતા કે સમાનતાની આશા રાખે છે. માણસ ઉપર કોઈક દબાણની જરૂર રહે છે. બધું સ્વેચ્છાએ કરતો નથી. એ દબાણ જાહેર મતનું હોય, કાંઈક ધાર્મિક ભાવના અથવા પરંપરાનું હોય, પણ એટલાથી ધાર્યું પરિણામ આવતું નથી. તેથી કાયદાનું દબાણ આવે છે. ત્યાં ચોરી કરવાનું મન થાય છે. ગાંધીજીએ સત્યાગ્રહ અને અસહકારનું દબાણ બતાવ્યું. સંતપુરુષોએ ઉપદેશથી અને પોતાના જીવનના દષ્ટાંતથી માર્ગ બતાવ્યો. ગમે તે રીતે વિચારીએ, જેટલું સ્વેચ્છાએ કરીએ તેમાં સુખ છે તેટલું દબાણથી થાય તેમાં નથી.

બીજો મુદ્દો પરિગ્રહમર્યાદા અથવા પરિમાણનો છે. બે ઘર હોય તો એક આપી દેવું, બે ગાય હોય તો એક આપી દેવી, બે મરઘી હોય તો એક આપી દેવી. બધા ધર્મોએ આ માર્ગ બતાવ્યો છે. શ્રી વિટાચીનો લેખ સનાતન સત્યને નવા સ્વરૂપે રજૂ કરે છે. માણસને એમ થાય છે કે શું હું એકલો કરું તેથી વિકટ સમસ્યાઓ હલ થઈ જવાની છે, ગરીબાઈ હટી જવાની છે? મારું કર્યું ક્યાંય તણાઈ જશે. ધર્મોએ અને સંતપુરુષોએ જે જવાબ આપ્યો છે તે જ જવાબ શ્રી વિટાચી આપે છે:

The question of whether such individual action will solve the general problem of poverty or not is irrelevant and is prompted only by the inclination to shrug it all off on the Colombo Ladies Social Service League or whatever.

રાજ્ય કરશે, સંસ્થાઓ કરશે, બીજાઓ કરશે, એ બધું મનને મનાવવાની વાત છે. વ્યક્તિ પોતે ન કરે ત્યાં સુધી રાજ્ય, સંસ્થા કે અન્ય કોઈ કરી શકે નહિ.

સંસ્થાઓ માટે મારે ઘણા ફંડફાળા કરવા પડે છે. એ ને એ વ્યક્તિઓ પાસે ફરી ફરી માગવું પડે છે. કોઈને આગ્રહ કરતો નથી. જુદા જુદા પ્રકારના અનુભવો થાય છે. હમણાં સૌરાષ્ટ્રમાં વિષમ દુષ્કાળ છે. ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર વતી રાહતકામ માટે ફંડ કરું છું. જુદા જુદા સ્થળેથી માગણી આવે છે કે, કલ્યાણ કેન્દ્ર અમને શું મદદ કરશે. બધાને કહું છું કે સુખી માણસો કલ્યાણ કેન્દ્રને આપશે તો કલ્યાણ કેન્દ્ર મદદ કરી શકશે. લેવાવાળા છે તેમ આપવાવાળા પણ જોઈએ ને. ત્યાં દરેક વ્યક્તિનો ધર્મ આવે છે.

અંતે એક જ માર્ગ છે કે દરેક વ્યક્તિ સ્વેચ્છાએ પોતાની ફરજ વધુમાં વધુ અદા કરે.

૨૨-૧૨-'૭૪ **ચીમનલાલ ચકુભાઈ**

# ☆ પ્રકીર્ણ નોંધ ☆

**જજની કસોટી**

સુકર બખિયાના કેસની સુનાવણી દરમ્યાન જસ્ટિસ દેશપાંડેએ કહ્યું કે મિસાના કેસોમાં જજોની કસોટી થાય છે. એક તરફ વ્યક્તિસ્વાતંત્ર્ય અને બીજી તરફ એક ભયંકર સામાજિક અને આર્થિક અનિષ્ટ. વ્યક્તિસ્વાતંત્ર્યને મહત્ત્વ આપી કાયદાની બારીકાઈનો લાભ આપવો અને અટકાયતીઓને છોડી મૂકવા કે આ વ્યાપક અનિષ્ટ લક્ષમાં લઈ તેને ડામવા સરકારે લીધેલ પગલાંને મંજૂર રાખવાં એવી પસંદગી કરવાની રહે છે.

કોઈ એમ કહે કે આમાં કાંઈ કસોટી નથી. જજ પોતે ઊભી કરે તો ભલે. જજે કાયદા પ્રમાણે વર્તવાનું છે અને કાયદાનો અમલ કરવાનો છે. સામાજિક–આર્થિક અનિષ્ટ સાથે જજને સંબંધ નથી. કાયદામાં ખામી હોય તો પાર્લામેન્ટ બીજો કાયદો કરે. અનિષ્ટને પહોંચી વળવા બીજાં પગલાં લે. એમ પણ કહી શકાય કે સામાજિક–આર્થિક અનિષ્ટનો જજ વિચાર કરે અને તેમ કરતાં કાયદાની અવગણના કરવા પ્રેરાય તેમાં જજ અટકાયતીને ગુનેગાર માની લે છે, જે વાજબી નથી.

આ દલીલોમાં કેટલેક દરજ્જે તથ્ય છે. પણ જસ્ટિસ દેશપાંડેએ કહ્યું તેમાં પણ તથ્ય છે. કાયદાનો અર્થ યાંત્રિક -મિકેનિકલ – કરવાનો નથી હોતો. કયા સંદર્ભમાં અને શા હેતુથી કાયદો કર્યો છે તે પ્રત્યે દુર્લક્ષ ન થાય. કાયદાનો અર્થ કરવામાં જજોને સારા પ્રમાણમાં અવકાશ હોય છે. કાયદો ગણિત પેઠે બે ને બે ચાર નથી. Law is dynamic, developing process. એક જ કાયદાના ભિન્ન અર્થ જુદા જુદા જજો કરે છે તેનું કારણ આ છે. એમ કહેવાય છે કે કોઈ જજે બહુ સંકુચિત અર્થ કર્યો તો કોઈ જજ બધી પરિસ્થિતિ લક્ષમાં લઈ અર્થ કરે છે. આની પાછળ જજની પોતાની જીવનદષ્ટિ, સામાજિક-આર્થિક વલણ, અજાણપણે કારણભૂત બને છે. અંતે તો જજ પોતે સમાજમાં રહે છે, તેના પ્રવાહોથી સર્વથા અલિપ્ત રહી શકતો નથી. ઈરાદાપૂર્વક ખોટો અર્થ ન કરવો એ તેનો ધર્મ છે. બંધારણને વફાદાર રહેવાના તેણે સોગંદ લીધા છે. પણ જ્યાં બે અર્થ શક્ય હોય ત્યાં કાયદાનો હેતુ નિષ્ફળ ન જાય તે જોવાની જજની ફરજ છે. કોઈ કાયદાનો દુરુપયોગ થવા સંભવ છે અને કેટલીક વખત દુરુપયોગ થાય છે એમ હોવા છતાં, દરેક વખતે દુરુપયોગ થાય છે એમ પણ માની ન લેવાય. કોઈ કિસ્સામાં સરકારની અથવા અધિકારીની દાનત વિષે શંકાનું કારણ હોય તો પણ બધી બાબતમાં એમ છે એમ માની લઈએ તો રાજતંત્ર ચલાવવું બહુ મુશ્કેલ થઈ પડે. ન્યાયતંત્રની તુલા હાથમાં લઈ બેઠેલ દેવીની આંખે પાટા બાંધેલ બતાવવામાં આવે છે. તેનો અર્થ એમ નથી કે તે આંધળી છે. તેનો અર્થ એમ છે કે તેને પૂર્વગ્રહ નથી અને સમતુલાથી ન્યાય આપશે.

દાખલા તરીકે, શરૂઆતમાં કેટલાક અટકાયતીઓને છોડી મૂક્યા, તેમાં એમ કહેવાયું કે અટકાયત માટે આપેલાં કારણો અસ્પષ્ટ અને દૂરના ભૂતકાળનાં છે. અસ્પષ્ટ અને દૂરનાં કોને ગણવા તે વિષે જુદા અભિપ્રાયો હોઈ શકે. એક જજને જે અસ્પષ્ટ લાગે તે બીજાને પ્રમાણમાં સ્પષ્ટ લાગે. બાર વરસ પહેલાંનું કોઈ વર્તન દૂરનું ગણાય, બે વર્ષ પહેલાંનું નજીકનું લાગે. છેવટ તેના ભૂતકાળના વર્તન ઉપરથી ભવિષ્યનું વર્તન કેવું રહેશે તે નક્કી કરવાનું છે. સુપ્રીમ કોર્ટે હમણાં એક ચુકાદો આપ્યો છે કે કોઈ વર્તન નજીકનું કે દૂરનું ગણવા યાંત્રિક માપ ન હોઈ શકે. બાર મહિના પહેલાંનું સંજોગો જોતાં દૂરનું ગણાય, તો બીજા સંજોગોમાં બે વર્ષ પહેલાંનું પણ નજીકનું ગણી શકાય. થોડા સમયમાં જ કોર્ટોનું વલણ બદલાયું પણ ખરું. અને અટકાયતીઓની ઘણી અરજીઓ નામંજૂર થઈ.

જસ્ટિસ દેશપાંડેએ આ સંદર્ભમાં કહ્યું હતું કે આ કેસોમાં જજોની કસોટી છે. જસ્ટિસ દેશપાંડેનું પ્રકટ ચિન્તન હતું. હકીકતમાં બધા જજો અંતરમાં આવા મનોમંથનનો અનુભવ કરે જ છે.

**ધારાસભ્યોની જવાબદારી**

છેલ્લા બે મહિનામાં પાર્લામેન્ટમાં અને રાજ્યોની ધારાસભાઓમાં જે બનાવો બન્યા છે અને જે રીતે કામકાજ થાય છે તે જોઈ ખરેખર ખેદ થાય એવું છે. એમ થાય કે આ આપણા પ્રતિનિધિઓ? કોઈ પક્ષની આબરૂ રહી નથી. વિરોધ પક્ષો શાસક પક્ષનો દોષ કાઢી શકે તેમ નથી. તેમની પણ જવાબદારી છે. પાર્લામેંટ અને ધારાસભાનું ગૌરવ જાળવવું, સભ્યતાથી વર્તન કરવું, સમયનો દુર્વ્યય ન કરવો તે દરેક ધારાસભ્યની ફરજ છે. તોફાનો કરવાં, માઈક તોડી નાખવાં, અધ્યક્ષને ઘેરી વળવું, ધાંધલધમાલ કરવી, અધિકારભંગની દરખાસ્તો અને પોઈન્ટ ઓફ ઓર્ડરો વારંવાર ઊભા કરી કામમાં રુકાવટ કરવી શોચનીય છે. ઉત્તર પ્રદેશ, બિહાર, ઓરિસા અને કેટલેક દરજ્જે મહારાષ્ટ્ર અને તામિલનાડુ, દરેક સ્થળે આ સ્થિતિ છે. પાર્લામેંટમાં કાંઈક મર્યાદા હતી તે પણ આ વખતે તૂટી ગઈ. અધિકારભંગની દરખાસ્તો ઉપરાઉપર, કેટલેક દરજ્જે બિનજવાબદારીથી, આવે ત્યારે ખોટા ભેગું સાચું પણ તણાઈ જાય. એલ. એન. મિશ્રા સામેની દરખાસ્તોની ચર્ચા એટલી બધી લાંબી ચાલી કે એમ કહેવાય છે કે આ ચર્ચા પાછળ જ પાર્લામેંટને વીસ લાખ રૂપિયાનો ખર્ચ થયો. શાસક પક્ષના સભ્યો વળતા હુમલારૂપે રામનાથ ગોએન્કા ઉપર અધિકારભંગની દરખાસ્ત લાવ્યા. સ્પષ્ટ રીતે આ ટકે

તેવી ન હતી, કારણ કે ગોએન્કાના જે વર્તનની ફરિયાદ કરવામાં આવી હતી તે સમયે ગોએન્કા પાર્લામેન્ટના સભ્ય ન હતા. તેમની સામે કેસ છે, પણ તેમાં પાર્લામેંટના સભ્ય તરીકે કાંઈ અણછાજતું વર્તન કર્યું અને પાર્લામેંટના ગૌરવને લાંછન લગાડયું એવી વાત નથી. ૧૯૬૮ની બાબત હતી. સ્પીકરે દરખાસ્ત રદ કરી. તેવી જ રીતે કાયદાપ્રધાન ગોખલે અને વડા પ્રધાન સામે દરખાસ્તો મુકાઈ તે પણ પાયા વિનાની હતી. કોઈ સભ્યને આવી લોકશાહીમાંથી વિશ્વાસ ઊઠી ગયો હોય અને એમ લાગતું હોય કે પાર્લામેંટ કે ધારાસભામાં પ્રજાની ફરિયાદો સંભળાય તેમ નથી અથવા ઉપયોગી કામ થાય તેમ નથી તો પ્રામાણિકપણે તેણે રાજીનામું આપી પ્રજાની વચ્ચે રહી કામ કરવું. પાર્લામેંટ કે ધારાસભાને હાસ્યાસ્પદ બનાવવાથી કાંઈ લાભ નથી.

આવા વર્તનનું એક બીજું ગંભીર વિપરીત પરિણામ જાણવા જેવું છે. પાર્લામેંટ અને ધારાસભા અંતે કાયદાઓ ઘડવા માટે છે. તે કાયદાઓ અભ્યાસ માગે છે, અને તેની પૂરી વિચારણા થવી જોઈએ. પાર્લામેંટનો બધો સમય આવી ધાંધલધમાલમાં જ જાય ત્યારે કાયદાઓ ઉતાવળથી પસાર કરી નાખવામાં આવે છે, તેના તરફ કોઈ લક્ષ રહેતું નથી. છ અઠવાડિયાંની પાર્લામેંટની બેઠકમાં મોટા ભાગનો સમય પરવાના પ્રકરણમાં ગયો. પરિણામે કેટલાક અગત્યના કાયદાઓ ખૂબ ઉતાવળથી પાસ કરી નાખ્યા. ચૂંટણીખર્ચના વટહુકમને સ્થાને કાયદો કર્યો. ચૂંટણીખર્ચ વિષે ગંભીર વિચાર કરવાની તક હતી તે ગુમાવી, માત્ર વિરોધ અને સભાત્યાગ કરી દેખાવ કરવા પૂરતું થયું. નબળી મિલોના રાષ્ટ્રીયકરણનો કાયદો થયો. અતિ અગત્યનો હતો. શેરહોલ્ડરોને નવરાવી નાખ્યા એટલું જ નહિ પણ મિલોના લેણદારો અને કામગારોને પણ નવરાવી નાખ્યા. છતાં કોઈ ગંભીર ચર્ચા જ ન થઈ. મિસાને બદલે બીજો કાયદો થયો. વ્યક્તિસ્વાતંત્ર્યના ઘણા ગંભીર મુદ્દાઓ સમાયેલા હતા. રોલેટ એકટને કયાંય ટપી જાય એવો આ કાયદો છે. છતાં કોઈને તેની અભ્યાસપૂર્ણ ચર્ચા કરવાની ફુરસદ ન હતી. કેટલા સભ્યોએ આ કાયદાના ખરડાઓ વાંચ્યા હશે તે વિષે શંકા છે. સભ્યો એમ માનતા લાગે છે કે વધારે હોહા કરે તે પ્રજામાં લોકપ્રિય થાય.

આવી સંસદીય લોકશાહી આપણા દેશને અનુકૂળ નથી એવી લાગણી થાય તો તેને માટે એ પદ્ધતિની ખામીઓ કરતાં, ધારાસભ્યોનું વર્તન વધારે જવાબદાર ગણવું રહેશે.

**યુનાઈટેડ નેશન્સનું ભાવિ**

રાષ્ટ્રસંઘની વાર્ષિક બેઠક—જે દર વર્ષે સપ્ટેમ્બરથી ડિસેમ્બરમાં મળે છે—થોડા દિવસ પહેલાં પૂરી થઈ. આ બેઠકનું સ્વરૂપ અને તેમાં થયેલ કામકાજ તથા તેની રીત નવીન હતાં અને રાષ્ટ્રસંઘના ભાવિ વિશે શંકા પેદા કરે તેવાં હતાં. ૧૯૫૩માં ભારતના પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે મેં રાષ્ટ્રસંઘની બેઠકમાં હાજરી આપી ત્યારે રાષ્ટ્રસંઘના ૬૦ સભ્યો હતા. અત્યારે ૧૩૮ છે. આફ્રિકા, એશિયા અને મધ્યપૂર્વના ઘણા દેશો નવા સભ્યો થયા છે. રાષ્ટ્રસંઘની સ્થાપના કરી ત્યારે બીજા વિશ્વયુદ્ધમાં જે મિત્રરાજ્યો હતાં—અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ અને ચીન—તેમને વર્ચસ્વ મળ્યું અને રાષ્ટ્રસંઘની કારોબારી – સિક્યુરિટી કાઉન્સિલમાં – આ પાંચ રાજ્યોને, કોઈ પણ અગત્યની બાબતનો ઠરાવ, તેમાંના કોઈ એકને પસંદ ન હોય તો, તેવો ઠરાવ રદ કરવાની સત્તા—વેટો-પાવર—આપવામાં આવી છે. ઘણાં વર્ષો સુધી અમેરિકાનું આધિપત્ય રહ્યું. ૧૯૫૦-૫૨માં નેહરુ, નાસર અને ટીટોએ મળી, બિનજોડાણ—નોન એલાઈનમેન્ટ—ની નવી નીતિ કરી, એશિયા—આફ્રિકાના દેશોનો સમૂહ—થર્ડ વર્લ્ડ—ઊભો કર્યો. બે મહાસત્તાઓ, અમેરિકા અને રશિયાથી અલગ રહી, વિશ્વહિતમાં વિચારવું એવી નીતિ અખત્યાર કરી. એ સમૂહનું જોર હવે જણાય છે. આવાં રાજ્યોની મોટી બહુમતી થઈ છે. અમેરિકાનું જોર હતું ત્યાં સુધી તેનું ધાર્યું થતું એટલે રશિયાને વેટો પાવર વધારે વાપરવો પડતો. ત્યારે ચીનનો પ્રતિનિધિ ચ્યાંગ કાઈ શેકનો નીમેલ હતો. હવે ચીનને પ્રતિનિધિત્વ મળ્યું છે. એટલે એશિયા, આફ્રિકા, આરબ અને સામ્યવાદી દેશોની મોટી બહુમતી થઈ. પરિણામે, પશ્ચિમના દેશો અને ખાસ કરી અમેરિકા લઘુમતીમાં આવી ગયા. રાષ્ટ્રસંઘના ખર્ચનો મોટો હિસ્સો અમેરિકા અને પશ્ચિમના દેશો આપે છે અને તે દેશો વર્ચસ્વ ગુમાવે તે પસંદ ન જ કરે.

આ બેઠકમાં બહુમતીએ કેટલાક એવા ઠરાવો કર્યા જેનો અમેરિકાએ સખત વિરોધ કર્યો, બહુમતીના જુલ્મની ફરિયાદ કરી.

દક્ષિણ આફ્રિકાની રંગભેદની નીતિને કારણે, વર્ષોથી તેની સામે ઠરાવો થતા આવ્યા છે, પણ તેણે તેવા ઠરાવોની પૂરી અવગણના કરી છે. આ વર્ષે દક્ષિણ આફ્રિકાને સભ્યપદેથી રદ કરવાની દરખાસ્ત આવી. કારોબારીમાં અમેરિકા, બ્રિટન અને ફ્રાન્સે વેટોનો ઉપયોગ કરી, ઠરાવ ઉડાડી દીધો. સામાન્ય સભામાં રાષ્ટ્રસંઘના બંધારણની અવગણના કરી, બહુમતીએ દક્ષિણ આફ્રિકાના પ્રતિનિધિને હાજર રહેવા ન દીધો. અમેરિકા ઈઝરાઈલને પૂરો ટેકો આપે છે. આ વખતે પેલેસ્ટાઈન ગેરીલાના આગેવાનને કોઈ દેશના વડા જેટલું માન આપી, રાષ્ટ્રસંઘને સંબોધવાની તક આપી અને ગેરીલા દળને નિરીક્ષકનું સ્થાન આપ્યું. યુનેસ્કો—જેમાં સામાન્ય રીતે રાજકારણ લાવવામાં નથી આવતું—એ ઠરાવ કરી ઈઝરાઈલને અપાતી બધી સહાય બંધ કરી અને તેમાં ભાગ લેવા ન દીધો. રાષ્ટ્રસંઘની આ બેઠકના પ્રમુખ અલ્જીરિયાના પ્રતિનિધિ હતા. કહેવાય છે કે તેણે પક્ષપાતભર્યું વલણ દાખવ્યું અને ઈઝરાઈલના પ્રતિનિધિને એક જ વખત બોલવા દીધા.

આ બધાને પરિણામે એક નવું વાતાવરણ સર્જાયું છે, જેથી અમેરિકા અને પશ્ચિમી દેશો ખૂબ નારાજ થયા છે અને રાષ્ટ્રસંઘના ભાવિ વિષે શંકા પેદા થઈ છે. 'માન્ચેસ્ટર ગાર્ડિયન' લખે છે:

The one-sided voting and the Block politics in the Current Assembly has been especially noteworthy because in early years the General Assembly was an American preserve.

The tragedy is that some of the larger nations are taking the U.N. less and less seriously.

અમેરિકાના પ્રતિનિધિએ કડક શબ્દોમાં ગંભીર ચેતવણી આપી છે અને રાષ્ટ્રસંઘને અપાતો ફાળો અને સહાય પાછી ખેંચી લેવાની અથવા ઘણી ઓછી કરવાની ધમકી આપી છે.

આરબ રાજ્યોનું જોર તેલને કારણે બહુ વધ્યું છે અને ઈઝરાઈલવિરોધી વાતાવરણ ઘણું છે. ઈઝરાઈલને રાષ્ટ્રસંઘમાંથી દૂર કરે તો અમેરિકા શું કરે, તેના જવાબમાં અમેરિકન પ્રતિનિધિએ કહ્યું:

If the General Assembly were to suspend Isarael, there would be a great pressure for the U.S. to voluntarily suspend itself, walk out, and at a minimum reduce appropreations. I strongly sus.-pect we would not be alone.

ઝાઝી કીડીઓ સાપને તાણે એવું બન્યું છે. સાપ સમજી જાય તો સારું.

**ફરી સુખદ અનુભવ**

શ્રી હરિદાસ દામોદર આણંદજીની સ્વેચ્છાએ કરેલ ઉદાર સખાવતો વિષે મેં પહેલા લખ્યું છે. સાત વર્ષ પહેલાં, પાંચ લાખ રૂપિયા આપી, કચ્છના વિદ્યાર્થીઓ માટે સરદાર પટેલ શિક્ષણ ટ્રસ્ટ

કર્યું. બે વર્ષ પહેલાં, ઠક્કર બાપાના નામે, આદિવાસીઓ અને હરિજનો માટે બીજા પાંચ લાખનું ટ્રસ્ટ કર્યું. દિવાળી પહેલાં ૪-૫ દિવસે મારી પાસે આવ્યા. સાથે ગાંધીજીનો એક લેખ Poverty in Plenty લેતા આવ્યા. મને કહે, ચીમનભાઈ, આ વાંચો. બાપુએ સર્વોદયનું કહ્યું છે, આપણી મિલકતના આપણે ટ્રસ્ટી છીએ, તો બાપુના નામનું એક સર્વોદય ટ્રસ્ટ કરવું છે, તેને માટે રૂપિયા પાંચ લાખ આપવા છે, તુરત ટ્રસ્ટ કરી આપો. રજાના દિવસો હતા, જેમને ટ્રસ્ટી બનાવવાની ઈચ્છા હતી તે ભાઈઓ બહારગામ હતા. મેં કહ્યું, દિવાળી પછી કરશું. મને કહે, વિલંબ નથી કરવો. દિવાળી પહેલાં થાય તો મિલકતવેરામાં એટલી બચત થાય અને પરિગ્રહનો ભાર ઓછો થાય. તેમની ઉંમર ૮૦ વર્ષ ઉપર છે. ટ્રસ્ટી કોને બનાવવા, તો મને કહે, તમે અને તેમના નાના દીકરા ગોકલદાસભાઈ (મોટા દીકરા મથુરાદાસભાઈ અમેરિકા છે) બે જણા હાલ ટ્રસ્ટી થાવ અને તુરત ટ્રસ્ટ કરો. બે દિવસમાં ટ્રસ્ટ કરી નાખ્યું. મહાત્મા ગાંધી સર્વોદય ટ્રસ્ટ. પોતાનું નામ કયાંય ન રાખવું અને પોતે ટ્રસ્ટી પણ ન થવું. સામે આવીને કહેવું અને તત્કાળ કરી નાખવું. આ વખતે મને આગ્રહથી કહ્યું કે આ વાતને પ્રસિદ્ધિ ન આપશો. આ લખું છું તે તેમને ગમશે નહિ. તેમની પ્રસિદ્ધિ માટે નથી લખતો. તેમના દાખલાથી બીજાને પ્રેરણા મળે તે માટે જ લખું છું. મારું સદ્ભાગ્ય છે કે મારામાં તેમને ખૂબ વિશ્વાસ છે અને આવાં સત્કાર્યોમાં મને ભાગીદાર બનાવે છે. આ ટ્રસ્ટ માટે તેમની ભાવના છે કે ભૂમિહીનોને સરકાર જમીન આપે તો ટ્રસ્ટ તરફથી તેમને સાધનસામગ્રી પૂરી પાડીએ. આ ટ્રસ્ટમાં વિશેષ દાન આપવાની તેમની ભાવના છે.

૨૨-૧૨-'૭૪ **ચીમનલાલ ચકુભાઈ**

# ઘણા ઉપગ્રહો છોડયા, હવે થોડા પૂર્વગ્રહો છોડીએ

માર્શલ મેકલૂહાને એક મૌલિક મમરો મૂકયો છે. પાણીની શોધ કોણે કરી? મેકલૂહાન કહે છે કે પાણીની શોધ ગમે તેણે કરી હશે પણ માછલીએ તો નહીં જ. પાણીમાં રહીને માછલી એવી તો પાણીમય બની જાય છે કે તટસ્થતા ખતમ થાય છે. તટ પર ઊભા રહી પ્રવાહથી અળગા થઈ સાક્ષી બનવું એનું નામ તટસ્થતા. ટ્રાફિકનું અવલોકન ફૂટપાથ પર રહીને કરવું પડે છે. તટસ્થતા ખતમ થાય પછી શોધની કૂંપળો નથી ફૂટતી.

માણસ પૂર્વગ્રહો છોડવાને બદલે ઉપગ્રહો છોડયા કરે છે. એક હિંદુ માટે હિંદુત્વથી પર થઈ ચિંતન કરવાનું મુશ્કેલ બને છે. ભારતમાં જ રહેનારને સરહદી ઝઘડામાં ભારતનો વાંક હોઈ શકે એવું વિચારતાં ભારે મૂંઝારો થાય છે. નઈ તાલીમને રેંટિયા વિનાની કરવાના વિચારમાત્રથી કેટલાકને તકલીફ થાય છે. કાયામાં રહીએ છીએ તેથી આપણે સૌ કાયસ્થ છીએ પણ બધા કાયસ્થ સ્વસ્થ નથી હોતા. અસ્વસ્થતાના થોડા નમૂના જોઈ લઈએ.

એક આર્યસમાજી સજ્જન તક મળે એટલે ઈસ્લામની ધરાઈને ટીકા કરે. એક દિવસ મેં એમને કુરાને શરીફ વાંચતા જોયા. મારાથી રહેવાયું નહીં એટલે મેં પૂછયું, "જે ઈસ્લામને ભાંડવામાં તમે બાકી નથી રાખતા તે ધર્મનું પુસ્તક આટલું ધ્યાનપૂર્વક વાંચવાનું કારણ?" તેમણે ઠંડે કલેજે જવાબ આપ્યો: ઈસ્લામની ટીકા કરવા માટેનો મસાલો ભેગો કરવા માટે કુરાન વાંચતો હતો.

હું જ્ઞાતિએ પાટીદાર છું પણ અટક શાહ છે. ટ્રેનમાં મુસાફરી કરતી વખતે કયારેક કોઈ જૈન સાથે થઈ જાય છે. 'આપણા લોકો'ની વાતો શરૂ થાય પછી બીજી જ્ઞાતિઓની મર્યાદાઓની વાત ચાલે છે. વાતને અંતે હું કહું છું કે હું જૈન નથી. આમારી પ્રોબેશન પર ટકી રહેલી દોસ્તી ત્યાં પૂરી થાય છે. આપણી વિચિત્રતાઓ ઓછી નથી. સિતાર વગાડતી વખતે અંગૂઠો સિતારને અડકીને રહે કે છૂટો રહે એ બાબત પર પણ ગવૈયાઓના ખાનદાન અને નાખાનદાન એવા ભેદ પાડવામાં આવતા. સરદર્દ માટે એસ્પ્રો લેનારા અને એનાસિન લેનારાઓની બે નાત નથી પડતી એ જ આશ્ચર્ય છે. 'નમકહરામ' નામના ચિત્રમાં અમિતાભ બચ્ચન અને રાજેશ ખન્ના એ બેમાં કોણ ચઢે એ વાત પર મિત્રોને ઝઘડી પડતા જોયા છે.

યુદ્ધસમયે ગ્રેટ બ્રિટન જતા અમેરિકન સૈનિકોના કાફલાને એક સુંદર પુસ્તિકા ભેટ આપવામાં આવેલી, જેમાં તેમના બ્રિટિશ મહેમાનો તરફના વલણ માટે આ પ્રમાણે શિખામણ આપવામાં આવી હતી: બ્રિટિશરો સારી કૉફી બનાવી શકતા નથી અને તમે સારી ચા બનાવી શકતા નથી. આમ બંનેમાં તફાવત કયાં રહ્યો? એક સાચો પ્રસંગ યાદ આવે છે. મદ્રાસના બર્મા બજારમાં ટ્રાન્સિસ્ટર ખરીદવા જવાનું થયું. એ બજારમાં બધો પરદેશી (imported) માલ મળે અને લોકો મુગ્ધ ભાવે તે ખરીદે. એક દુકાનદારે મજાનું ટ્રાન્સિસ્ટર બતાવી કહ્યું: આ જાપાનીઝ માલ છે. મેં કહ્યું, 'મારે તો ભારતનું ટ્રાન્સિસ્ટર જોઈએ છે, જાપાનનું નહીં. દુકાનદારે એક હિંદુસ્તાની સ્મિત વેરીને કહ્યું: સાહેબ, સાચું કહું? આ ટ્રાન્સિસ્ટર દેશી બનાવટનું જ છે.

તાટસ્થ્ય મનની એક નિર્ભ્રાંત અવસ્થા છે. મા કેવી દેખાય છે તે જાણવા માટે બાળકે ગર્ભમાંથી બહાર આવવું પડે છે. વિચારવિકાસ માટે વસ્તુલક્ષિતા (objectivity) જરૂરી બને છે. લાળગ્રંથિઓમાંથી સતત ઝરતો લાળરસ આપણા ગળાને સુંવાળું રાખે છે. આ લાળરસને કોઈ એક ગ્લાસમાં એકઠો કરીને આપણને પીવાનું કહેવામાં આવે તો? વાસ્તવિકતા આવી કઠોર હોય છે. એકસ-રેના ફોટોગ્રાફમાં આપણી પાંસળીઓ કેવી લાગે છે? માણસ પોતાના મનનો આવો એકસ-રે લેવાનું રાખે તો? માણસ ઘરડો થાય ત્યારે દાંતનું ચોકઠું મોંમાંથી કાઢીને દાબડીમાં મૂકી શકે એટલું તાટસ્થ્ય કેળવે છે, પણ એ દાંત એના પોતાના નથી હોતા એટલે કોઈ એને સ્થિતપ્રજ્ઞ નથી કહેતું.

બહુમાળી મકાનને તેરમે માળે 1324 નંબરના કબૂતરખાનામાં 'સાતસો સ્કવેરફીટનું સુખ' ભોગવતો માણસ આકાશના ટુકડાને બારીના કદથી માપ્યા કરે છે. બારીને મોટી કરવાનો ઉપદેશ આપનારો પણ ચિતકમાં ખપે છે કારણ કે આપણું બેચેન વ્યકિતત્વ તાજા વિચારની નાની લહેરખીને પણ આવકારવા આતુર છે. પ્રકાશ માપવા માટેનો એકમ વિજ્ઞાને કેન્ડલ પાવર જ રાખ્યો છે ને? સૂર્યને મીણબત્તીના ગજથી માપવાની ગુસ્તાખી હવે કોઠે પડી ગઈ છે.

ગંગા વહે છે. માછલીઓ તરતી રહે છે. કેટલીક માછલીઓને તો પદ્મશ્રી પણ મળ્યો છે. એક ચીની કહેવત છે કે સમુદ્રમાં તોફાન થાય તેની અસર માછલીઓને નથી થતી.

આપણે માછલીઓ જેટલા પણ સ્વસ્થ છીએ ખરા! એક રીતે જોઈએ તો ભેંસ પણ સ્વસ્થ હોય છે. આપણે જોઈએ છે પ્રજ્ઞાવાન સ્વસ્થતા. **ડૉ. ગુણવંત શાહ**

## સુગમ સંગીત

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રીમતી જેસ્મીનબહેન દેસાઈ તથા મહેન્દ્રકુમાર ચાવડનો સુગમ સંગીતનો કાર્યક્રમ બુધવાર તા. ૧૫-૧-'૭૫ના રોજ સાંજના ૬ વાગ્યે સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં રાખવામાં આવ્યો છે. તો આ પ્રસંગે સંઘના સભ્યોને સમયસર ઉપસ્થિત થવા હાર્દિક નિમંત્રણ છે.

**ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ**
**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# ચૂંટણીમાં પડવું સર્વોદય કાર્યકરો માટે ઠીક નથી

બિહારમાં જયપ્રકાશજીએ એક જાહેર સભા સમક્ષ ઘોષણા કરી કે એક બાજુએ જનસંઘર્ષ અને છાત્રસંઘર્ષ સમિતિઓનાં દળો ગોઠવાયેલાં છે અને બીજી બાજુએ નાણાંની કોથળીથી મજબૂત બનેલો પક્ષ (કોંગ્રેસ) છે.

યુદ્ધ ફાટી નીકળે તે પહેલાં શંખ ફૂંકાય છે. આ તેવો જ એક શંખધ્વનિ માત્ર નથી, એનું મહત્ત્વ તેથી વધુ છે; એટલા માટે કે ગઈ તા. ૧૧-૧૨-'૭૩ના રોજ પવનાર (વર્ધા)માં વિનોબાજીએ તેમની પાસે સમાધાન માટે મળવા આવેલા સર્વ સેવા સંઘના પ્રતિનિધિમંડળને જે કહ્યું હતું તેનો જવાબ જયપ્રકાશજીની આ ઘોષણા દ્વારા અપાઈ જતો જણાય છે. ગાઝીપુર (ઉ.પ્ર.)ની બેઠકમાં સર્વ સેવા સંઘની કારોબારી આગામી ચૂંટણીમાં પડવા વિશે એકમત થઈ શકી નહોતી અને જે કોઈ નિર્ણય કરવો તે સર્વાનુમતિથી જ કરવો એવું સર્વ સેવા સંઘનું બંધારણ ફરમાવે છે, તેથી ગાઝીપુરમાં નિર્ણય ન થઈ શક્યો. ગયા જુલાઈમાં બિહાર આંદોલનમાં ભાગ લેવાઅંગે આવી જ મડાગાંઠ પડી ત્યારે વિનોબાજીએ તેમાંથી તોડ લાવી આપીને સર્વસેવા સંઘને "મહાવીરના આ વર્ષમાં" તૂટી પડતો બચાવ્યો હતો. તે પ્રમાણે જ કોઈ તોડ વિનોબાજી કાઢી આપશે, એવી આશાથી સંઘના પ્રમુખ શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢા અને પ્રબંધ સમિતિના સર્વશ્રી બંગ, જગન્નાથન, મનમોહન ચૌધરી, આર. કે. પાટિલ, નરેન્દ્ર દૂબે, નિર્મળા દેશપાંડે વગેરે તા. ૧૧મીએ વિનોબાજીને તેમના પરંધામ આશ્રમમાં જઈને મળ્યાં હતાં.

વિનોબાજી સાથેની ત્રણ દિવસની ચર્ચાને અંતે અધ્યક્ષ શ્રી. ઢઢ્ઢાએ અખબારી નિવેદન આપ્યું હતું. પરંતુ એ નિવેદનમાં વિનોબાજીએ જે ફેંસલો આપ્યો હતો તે જાહેર કરવામાં આવ્યો નહોતો. વિનોબાજીએ જાતે જે અખબારી નિવેદનનો મુસદ્દો શબ્દેશબ્દ ચકાસી-સુધારીને મંજૂર કર્યો હતો અને "તમે આ તો અખબારોને આપશો જ ને?" એમ વારંવાર એમના સ્વભાવ વિરુદ્ધ ઢઢ્ઢાજીને આગ્રહપૂર્વક પૂછ્યું હતું, તે નિવેદન આજ સુધી પ્રકટ કરાયું નથી. તે નિવેદનનો અક્ષરશઃ તરજૂમો "વિનોબાજીની સલાહ" એવા મથાળા નીચે આ લેખની સાથે જ અહીં પ્રકાશિત કરવામાં આવ્યો છે.

વિનોબાજી પાસે માર્ગદર્શન મેળવવા માટે ખાસ વર્ધા ગયેલા પ્રતિનિધિમંડળને વિનોબાજીએ આ સલાહ આપી અને છેવટે પૂછ્યું કે ચૂંટણી અંગે કામ કરવા માટે કેટલી છુટ્ટી લેશો?

ત્યારે સિદ્ધરાજજીએ તેનો જવાબ આપવાનું એમ કહીને ટાળ્યું કે જે. પી., દાદા (ધર્માધિકારી), નારાયણ (દેસાઈ), વગેરે મિત્રો સાથે સલાહ કરીશું, પછી કહીશું.

તો પણ વિનોબાજીએ કહ્યું, "પણ અહીં જેટલાં એકઠાં થયાં છો તેમનો પોતાનો શો મત છે? ધારો કે ઈલેકશનનું કરવું છે, તો દોઢ વર્ષનો સમય છે. તો ૧॥ વર્ષની રજા તો તમે લેશો જ એવો મારો ખ્યાલ છે. ૧॥ વર્ષની છુટ્ટી લેશો કે ૩-૪ મહિનાની?"

સિદ્ધરાજજી: "ઓછીવત્તી થઈ શકે."

મનમોહન: "ચૂંટણીમાં અમે પડીશું કે નહિ તે હજી નક્કી નથી. ચૂંટણી ક્યારે થશે? થશે કે નહિ? એ પણ નક્કી નથી. દરમિયાન ડિક્ટેટરશિપ પણ સ્થપાઈ જાય! અને સંભવ છે કે ચૂંટણી ન થાય."

વિનોબા: "મેં તો તમારો અંદાજ પૂછ્યો હતો. (રજા લેવા વિશે). બંધાઈ જવાની વાત નથી."

આમ વિનોબાજી પાસે ચૂંટણીમાં પડવા અંગે સલાહ મગાઈ. તેમણે સલાહ આપી કે એક અંગત કામ તરીકે ચૂંટણીનું કામ કરો છો, સર્વ સેવા સંઘ વતીથી નહિ, એમાં પડવું હોય તો પડો. બોલો, કેટલી રજા લેશો? તો સંઘના અધ્યક્ષ, માજી અધ્યક્ષ વગેરે રજા લેવા વિશે બંધાયા વિના ઊઠયા અને જયપ્રકાશજી પાસે પાછા ગયા.

* * *

જયપ્રકાશજીએ ચૂંટણીયુદ્ધ અંગે ફૂંકેલો શંખ વિનોબાજીની સલાહ પછી પાંચ દિવસે ફૂંકાયો છે. સર્વસેવા સંઘની કારોબારી ચૂંટણીમાં પડવાના નિર્ણય અંગે સર્વસંમતિ કરી શકી નથી. વિનોબાજીને અનુસરનારાં નિર્મળા દેશપાંડે, ચારુચંદ્ર ભંડારી, આર. કે. પાટિલ, ડૉ. પટનાયક, સુન્દરલાલ બહુગુણા, નરેન્દ્ર દૂબે વગેરે ઈલેકશનમાં સર્વ સેવા સંઘમાં રહીને પડવાની વાતને કદી સંમતિ નહિ આપે. કારણ કે વિનોબાજીએ તા. ૧૨ મેએ આ પ્રતિનિધિમંડળને અસંદિગ્ધ શબ્દોમાં કહી દીધું છે કે, "પહેલાં તમને જુલાઈમાં કહેલું કે પ્રયોગ કરો, જેમને એમાં જવું હોય તે જાય. પણ આજે જે હાલત છે, ઈલેકશનમાં પડવાની વાત છે તેમાં બાબા કદી સંમતિ આપશે નહિ. ત્યાં પરસ્પર વિરોધી પક્ષ થઈ ગયા છે. તમે કહેશો કે ડેમોક્રસી અમારી સાથે છે, એ કહેશે કે ડેમોક્રસી અમારી સાથે છે. બન્ને ડેમોક્રસીને નામે બોલશે. એક પક્ષ કહેશે કે પેલો ડેમોક્રસીનો તોડે છે. બીજો પક્ષ કહેશે કે પહેલો પક્ષ ડેમોક્રસીને તોડે છે. તો મારો જે વિચાર છે તે તમારી સામે સ્પષ્ટ કરી દીધો કે ઈલેકશનનો તમારો જે વિચાર છે તેમાં બાબા (વિનોબા) બિલકુલ સંમત નથી."

સિદ્ધરાજજીએ પૂછ્યું: "અમે જે લખીને આપ્યું તે ધ્યાનમાં લઈને જ આપે અભિપ્રાય આપ્યો હશે ને?"

વિનોબા: "જી હા, ડેમોક્રસીના દાવા કરનારા સામસામા ખડા છે. ત્યાં એક પક્ષે બે પાર્ટીઓ છે - કોંગ્રેસ અને સી. પી. આઈ., અને બીજે પક્ષે બાકી બધી એવી પાર્ટીઓ છે, જે વિસર્જન કરવા એકઠી થઈ છે."

આ તબક્કે નરેન્દ્રે પૂછ્યું કે "આપ ઈલેકશનમાં પડીએ તે પસંદ કરતા નથી, તો જેઓ તે કામમાં જવા માગતા હોય તેઓ શું કરે? સંઘની નીતિ શું હોય?"

વિનોબા: "મારો ખ્યાલ છે કે તેમણે સંઘ છોડવો જોઈએ."

ત્યારે કોઈકે મમરો મૂકયો: "અથવા જે બીજા લોકો છે તે સંઘ છોડી દે."

વિનોબા કહે: "એમ પણ થઈ શકે." બાબાએ પોતાનો ફેંસલો આપ્યો. "તમે ભલે ગમે તેટલો વહેલો - મોડો તમારો નિર્ણય કરો. તમારી મરજીની વાત છે. જો સર્વ સેવા સંઘના લોકો ઈલેકશનમાં પડતા હશે તો બાબા (વિનોબા) સર્વ સેવા સંઘ સાથેનો પોતાનો સંબંધ છોડી દેશે." આ વાત વિનોબાજીએ ફરીથી પણ ચોખ્ખા શબ્દોમાં કહીને ઘૂંટી આપી. સંઘ માટે આ એક બોમ્બશેલ જ થઈ પડ્યો.

સંઘ જો ચૂંટણીલક્ષી આંદોલનમાં સાથ ન આપે તો જયપ્રકાશજીએ તે દિવસે ગાઝીપુરમાં સર્વ સેવા સંઘ છોડવાનો પોતાનો નિર્ણય જણાવ્યો હતો.

સંઘ જો ચૂંટણીલક્ષી કામમાં પડે તો વિનોબાજીએ સંઘ સાથેનો સંબંધ પોતે છોડી દેશે એમ કહ્યું.

ગાંધીજીના મૃત્યુ પછી એમની બનાવેલી સંસ્થાઓ અને અન્ય ગાંધીસેવકોને સર્વ સેવા સંઘમાં વિનોબાજીએ એકઠા કરવા માંડયા. ૧૯૫૪માં હિન્દુસ્તાની તાલીમી સંઘ પણ છેવટે તેમાં ભળ્યો અને સર્વ સેવા સંઘ સંપૂર્ણ બન્યો. તે જ વર્ષે જયપ્રકાશજીએ વિનોબાજીની રાહબરીમાં ચાલતા ભૂદાન યજ્ઞ માટે જીવનદાન આપ્યું. આજે ૨૦ વર્ષ પછી સર્વ સેવા સંઘ સામે વિકટ પ્રશ્ન ખડો છેઃ ચૂંટણીમાં

નથી પડતા તો જયપ્રકાશજી તેમને છોડી જાય છે; પડે છે તો વિનોબાજી છોડી જાય છે.

* * *

વિનોબાજીએ ત્રીજે દિવસે સહેજ વધુ સૌમ્ય થઈને કહ્યું કે "આજે સવારે સહજ જ એક વિચાર મનમાં આવ્યો. મને એંશી વર્ષ થયાં. એંશીની ઉમ્મરે બુદ્ધ, નામદેવ, રવીન્દ્રનાથ, કાન્ટ અને વર્ડ્ઝવર્થ ગયા હતા. મારાં માતામહી પણ ૮૦મે ગયેલાં. હું પણ જાઉં તો તે મારો હક ગણાશે. જવાનું કર્તવ્ય છે એવું નથી, પણ હક્ક તો ખરો. બાકી જવું—ન જવું—લઈ જવું એ બધું ભગવાનના હાથમાં છે. પણ મારી—તમારી વચ્ચે એક જનરેશન ગેપ (પેઢીઓનો ગાળો) છે. તે સ્થિતિમાં શા માટે તોડવું. જિંદગીભર જેણે જોડવાનું કામ કર્યું, અને ગ્રંથ લખ્યા તે બધા જોડવાને માટે જ લખ્યા. તો હવે તોડવું શીદ ને?"

આમ કહીને વિનોબાજીએ સમાધાન મૂક્યું કે ચૂંટણીમાં પડવા માગનાર સર્વ સેવા સંઘ ભલે છોડી ન દે, પણ તેમાંથી છુટ્ટી લઈને ચૂંટણીમાં અંગત રીતે પડે. "પણ જતી વખતે તમે સાફ જાહેર કરશો કે સર્વ સેવા સંઘના સભ્ય તરીકે નહિ પણ વ્યકિતગત રીતે હું આ કામ કરું છું."

આ ત્રણ દિવસની ચર્ચાઓમાં કેટલાયે ઉગ્ર તેમ જ વિચાર-સ્ફોટક મુદ્દાઓ ઊઠયા અને એંશી વર્ષના વૃદ્ધ વિનોબાએ અસ્ત્રાની ધાર જેવી દાખલા - દલીલોથી પોતાનો વિચાર સ્ફૂર્તિપૂર્વક પ્રકટ કર્યો.

* * *

વિનોબાજીનો વિચાર આજે ઘણાને ગળે ઊતરતો નથી. એમને વહેમ પડે છે કે આ તો ઈંદિરાજીને બચાવવાના મોહવશ પક્ષપાત-પૂર્વક બોલે છે. વહેમનું આમ તો કોઈ ઓસડ નથી. પણ વિનોબાનો વિચાર વ્યાપક છે. હજારો વર્ષના કાલફલકને દષ્ટિમાં લઈને તેઓ વાત કરે છે. ઈંદિરા જીતે કે જયપ્રકાશ, તેમાં તેમને કશો અંગત રસ કે લોભ નથી.

તેમણે સર્વ સેવા સંઘના પ્રતિનિધિઓને જે કહ્યું તેમાંના કેટલાક મહત્ત્વના વિચારો અહીં સારવીને આપ્યા છે. હારજીતની સાંકડી દષ્ટિ કરતાં દેશહિત અને માનવ - ઈતિહાસના વિશાળતર દષ્ટિકોણમાં માનનારા લોકોને તેનાથી કદાચ કાંઈક પ્રકાશ મળશે.

"મારો મુખ્ય વિચાર એ છે કે પોલિટિક્સ ઈઝ આઉટડેટેડ. હા, ઘરમાં આગ લાગી હોય તો બુઝાવવા પૂરતું થોડું કાંઈ કરી લઈએ તે જુદી વાત થઈ. પણ આપણા આંદોલન (સર્વોદય) નો પાયો આધ્યાત્મિક જ હોવો જોઈએ. મહાવીરનો ૨૫૦૦મો નિર્વાણ ઉત્સવ ચાલી રહ્યો છે. તુલસીદાસની ૪૦૦મી જયંતી રશિયા સહિત દુનિયાના દેશોએ ઊજવી. વિચાર કરો: ૨૫૦૦ વર્ષ પછી આપણો નિર્વાણોત્સવ થશે? ૪૦૦ વર્ષ પછી સર્વ સેવા સંઘને કોઈ યાદ કરશે? સર્વ સેવા સંઘને તમે પાંચ વર્ષ પૂરતો ચલાવવા માગો છો કે હજાર વર્ષ સુધી? જો લાંબા કાળનો વિચાર કરતા હો તો એ પણ સમજો કે આ નાનો દેશ નથી, પંદર વિકસિત ભાષા, અનેક જાતિઓ વગેરેથી ઊભરાતો એ ખંડ જેવો દેશ છે. અહીં અધ્યાત્મથી જ એકતા અને અમરતા આવી શકે. તે વિના રાજકારણ જેવી પક્ષાપક્ષી ચલાવીએ તો બધું પડી ભાંગતાં વાર ન લાગે. આજે આવડા મોટા દેશમાં અહીંથી ત્યાં અબાધિત જઈએ છીએ, વિચારપ્રચાર વગેરે કરીએ છીએ તે આપણા પૂર્વજોની કમાઈ છે. પણ આપણે શું કરીશું? આ દેશ ટુકડેટુકડા થઈ જાય તેવું કરીશું? માટે આપણા આંદોલનનો આધાર આધ્યાત્મિક જોઈએ. એ આધાર તોડનારો નહિ, પણ જોડનારો હોવો જોઈએ.

"આજે શું થાય છે? વિદ્યાર્થી બંને બાજુ વહેંચાઈ રહ્યા છે. ત્યાં મદ્રાસમાં તમારા આંદોલન સામે જોરદાર દેખાવો થયા. મતલબ કે જોડવાને બદલે તોડવાનું કામ ચાલી રહ્યું છે."

* * *

આની સામે સિદ્ધરાજજીએ તર્ક પેશ કર્યો કે આધ્યાત્મિક બુનિયાદ હોવી જોઈએ, એ આપના વિચારમાં અમે માનીએ છીએ. પરંતુ અધ્યાત્મ અને અવિરોધી ભાવનાની સાથેસાથે સત્ય અને અભય પણ શામેલ છે. અન્યાયનો પ્રતિકાર પણ આધ્યાત્મિક ગુણોના વિકાસમાં સહાયક થાય છે. સત્ય અને અભયને છોડીને કેવળ અહિંસાની વાત આધ્યાત્મિક બની શકે શું?

વિનોબાજીએ જવાબમાં કહ્યું: "તેથી તો સત્ય અને અહિંસાને જોડવાની વાત મેં કહી દીધી. હવે 'અભય' નું શું? એ ભારે ભયંકર શબ્દ છે! જ્ઞાનેશ્વર મહારાજે અભયની વ્યાખ્યા કરી છે કે અભયવાળો કોઈથી ડરે નહિ અને અભયવાળાથી કોઈ ડરે નહિ. બાળક માથી બીતું નથી અને મા બાળકથી બીતી નથી. આપણે કોઈનાથી નથી બીતા એટલું પૂરતું નથી. આપણાથી પણ કોઈ ન બીએ, ત્યારે અભય સિદ્ધ થયો કહેવાય. ચંબલના બાગી (ડાકુ) હથિયારથી લેસ થઈને ફરે છે. તે કોઈથી ડરતા નથી. પણ બધા એમનાથી ડરે છે. તેને અભય નહિ કહેવાય."

"તમે હમણાં ઈલેકશન વગેરે કરી રહ્યાં છો. મારું તો સૂત્ર જ છે: ઈલેકશનમ્ વિલક્ષણમ્. 'સ્વરાજ્યશાસ્ત્ર' પુસ્તિકામાં મેં વર્ષો પર લખ્યું હતું કે ડેમોક્રસી (બહુસંખ્યાયતન) ડેરીના દૂધ જેવી એવરેજ હોય છે. તેમાં રામરાજ્ય જેવા ગુણ નથી હોતા, કે રાવણરાજ્ય જેવો દુર્ગુણ નથી હોતો. સારી ગાય અને ખરાબ ગાય બધાનું દૂધ ભેગું કરીને એવરેજ ટકાનું દૂધ બને તેવું ડેમોક્રસીનું રાજ સમાજના સારાં અને ખોટાંનું મળીને સરેરાશ રાજ્ય બને છે. તેથી મને ડેમોક્રસીનો બહુ લોભ નથી. હવે તમે જે અત્યારે કરો છો તે શું છે? એક બાજુ બધા વિરોધ પક્ષો તમારામાં મર્જ કરીને તમે તમારું રૂપ ઘડયું છે. તમે કહો છો કે સંઘર્ષ સમિતિ છે, પાર્ટી નથી. પણ ચૂંટણી થશે તે કાંઈ એકમતીથી તો થશે નહિ, બહુમતીથી જ થશે ને? ધારો કે તમને ૭૦ ટકા વોટ મળ્યા, પણ તમારી સામેવાળાને થોડા વોટ તો મળશે ને? આમ બે પક્ષ છે જ. હવે તમે જીત્યા તો તે પણ ડેરીનું સરેરાશ દૂધ જ રહેશે. તમે ધારો છો કે પછી બધું ઉત્તમ ચાલશે, એનાથી દુ:ખનિવારણ થઈ જશે, એ બધું હું માની શકતો નથી. આ બહુસંખ્યાયતનને બદલે સકલાયતન પદ્ધતિ નથી ઘડી શકતા ત્યાં સુધી આ એવરેજ તો એવરેજ જ રહેશે. માટે ગુજરાતીમાં ભગવાનને કહે છે ને—રણછોડરાય. તો રણ છોડીને ભાગી જાવ. એ જ ભગવાનની રીત છે.

પ્રો. બંગે કહ્યું: "સકલાયતન પદ્ધતિ ઉત્તમ છે. પણ એની તરફ જવા માટે અમારું બિહારવાળું હાફવે હાઉસ છે."

વિનોબા: "અર્થાત્ તમે ડેમોક્રસીને ઉત્તમ રસ્તો નથી માનતા, પણ ત્યાં પરસ્પર વિરોધી બે પક્ષ થઈ ગયા છે. બન્ને ડેમોક્રસીને નામે જ આરોપો કરશો અને દાવા કરશો. માટે મારો વિચાર કહી દીધો કે ઈલેકશનમાં પડવા અંગે હું બિલકુલ સંમત નથી."

સિદ્ધરાજજી પૂછે: "ઈલેકશનમાં ન પડવાનો અર્થ માત્ર ઊભા ન રહેવું એટલો જ છે કે બીજી વાતો પણ ખરી?"

વિનોબાજી: "તમે ઊભા તો રહેવાના જ નથી. પણ તમારી તરફથી તમારી જે સંઘર્ષ સમિતિઓ છે તેમના તરફથી લોકો ઊભા કરવામાં આવશે. મેં છાપામાં વાંચ્યું કે જે. પી.એ કહ્યું છે, સંઘર્ષ સમિતિ તરફથી જેને ઊભા કરાય તેને આંખો બંધ કરીને વોટ આપજો. તો મને થયું કે આંખો ખુલ્લી રાખીને કેમ વોટ ન આપે? કોંગ્રેસવાળા પણ આમ જ કહેતા હોય છે ને?

આ ચર્ચાઓને અંતે વિનોબાજીએ પોતાની સલાહ જાહેર કરતું નિવેદન સિદ્ધરાજજીને પ્રકાશિત કરવા આપ્યું. તે પ્રકાશિત ન થતાં, ભળતું જ નિવેદન કરાયું. તે પછી સાંજે વિનોબાજીએ નાતાલના દિવસથી એક વર્ષના મૌનપ્રવેશનો સંકલ્પ જાહેર કર્યો. તેમનું મૌન આધ્યાત્મિક છે, છતાં વ્યાવહારિક અર્થવિનાનું નથી. વિનોબાજીના સૌમ્યતર સત્યાગ્રહની સર્વ સેવા સંઘના ચૂંટણીવાદી અગ્રણીઓ પર અસર થશે? સમય જ જવાબ આપશે.

**પ્રબોધ ચોકસી**

'ગુજરાતમિત્ર'માંથી સાભાર

# જાહેર જીવનનાં કથળતાં ધોરણો

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં 'જાહેર જીવનનાં કથળતાં ધોરણો' એ વિશે શ્રી પુરુષોત્તમ માવળંકરે આપેલા વ્યાખ્યાનનો સારભાગ અહીં આપવામાં આવ્યો છે. ]

છેલ્લાં કેટલાંક વર્ષોથી લોકશાહીમાં પોતાની અનિવાર્યતા પુરવાર કરવાને બદલે રાજકીય પક્ષો ભારતમાં અંતરાય ઊભા કરી રહ્યા છે, અને એથી પક્ષો દૂર કરવાની વાત થાય છે, એ ઠીક નથી.

લોકશાહીની માત્રા ઘટે છે એનો એકમાત્ર અસરકારક ઈલાજ લોકશાહીનો dose પ્રજાને વધુ પીવડાવવો એ છે. જેનો ભૂતકાળ ગૌરવવંતો છે અને ભવિષ્યકાળ ઊજળો છે, પરંતુ વર્તમાનકાળ મુસીબતભર્યો હોવાને કારણે લોકશાહીને ભારતમાંથી દૂર કરવી છે એવું કહેવું ઠીક નથી.

આવશ્યક છે માટે એ સારું જ હોય એમ નથી. એમાં મંદવાડ, ગંદવાડ, ત્રુટિઓ પણ હોઈ શકે છે. માટે રાજકીય પક્ષોની અનિવાર્યતા હું સ્વીકારું છું; માટે જયપ્રકાશ નારાયણ અને વિનોબાજીના અપક્ષ લોકશાહીના ખ્યાલો સાથે હું સહમત નથી.

પક્ષોમાંનો રોગ છે એ દૂર કરવા યત્ન કરવો જોઈએ. એક તરફથી રાજકીય પક્ષોની નેતાગીરીની દાદાગીરીને મજબૂર કરી રહ્યા છીએ તો ય હું એની અનિવાર્યતા ઈચ્છું છું.

જાહેર જીવનમાં, વાસ્તવિકપણે જે રીતે ધોરણો કથળતાં જોઉં છું ત્યારે થાય છે કે રાષ્ટ્રીય પક્ષોય રાષ્ટ્રીય પ્રશ્નને પ્રાદેશિક વિચાર રાખીને વર્તતા હોય છે. આથી એક રીતે જીવન કથળતું રહ્યું છે. નર્મદાનો જ પ્રશ્ન લઈએ. મહારાષ્ટ્ર - કર્ણાટક સરહદે બેલગામનો પ્રશ્ન જોઈએ. એક જ પક્ષનાં બંને રાજ્યોનાં એકમો જુદા જુદા વિચાર ધરાવે છે. આપણી નેતાગીરીમાં પ્રાદેશિક મનોદશા ધરાવનારાઓ દેખાય છે. આપણે ત્યાં રાષ્ટ્રીય નેતાગીરી કમભાગ્યે જોવા મળતી નથી. સ્વરાજ્ય પછીનાં માંડ ૨૭ વર્ષ પછી ય આવી રાષ્ટ્રીય મનોવૃત્તિ જોવા પામતા નથી.

જાહેર જીવનમાં પડેલા બધા કેવળ રાજકારણીઓ જ છે એમ નથી. આપણે રાજકારણીઓને ખૂબ ખૂબ મહત્ત્વ આપીએ છીએ એ ઠીક નથી. અન્ય ક્ષેત્રમાં જાહેર જીવનમાંની નેતાગીરીનાં નામ બહુ બોલાતાં નથી. છાપાઓમાં અથડામણ ઊભી કરનારાઓનાં નામ વર્ચસ્વરૂપે આવે છે. આવી અથડામણો ઓછી કરનારાઓનાં નામ જોવા ય ન મળે!

આ રાજકીય જીવન નથી. એ પક્ષાપક્ષીનું, સત્તાકારણનું જીવન છે. ભારતનું રાજકીય જીવન, રાજકીય કે રાષ્ટ્રીય નહીં, પક્ષાપક્ષીથી તરબોળ રીતે ભરેલું છે. કથળતા ધોરણનું આ એક કારણ છે અને એની વેદના મને છે. આ માટેની ચીડ એટલા માટે છે કે આપણે જે ભદ્ર સમાજમાંથી આવીએ છીએ તેમાંના મોટા ભાગના આપણે તેની સંવેદનશીલતામાં તદ્દન બુઠ્ઠા થઈ ગયા છીએ. આંખ ખુલ્લી રાખીને ચાલીએ છીએ પણ દૃષ્ટિ બંધ રાખી છે અને એ રીતે જોઈએ છીએ. કડવા, કઠોર અભિપ્રેત જે રહસ્યો છે તેને બાથ ભીડવાની આપણી જાણે કે તૈયારી કે વૃત્તિ છે જ નહીં.

આથી સામાન્ય માણસને આની ચિંતા છે. પછી એ 'કશુંક' કરે અથવા એમની ધીરજનો અંત આવે અને કંઈક કરી બેસે તો એ સમજી શકાય એવું છે. હા, પણ એને માફ કદાચ કરી ન શકાય એ ખરું.

અને જેમ જેમ દિવસો પર દિવસો જાય છે એમ આ ધોરણો વધુ ને વધુ કથળતાં જાય છે અને આપણું રૂંવાડું ય ફરકતું નથી. જયપ્રકાશ નારાયણ કહે છે તેમ 'ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર થઈ ગયો છે.' પણ ભદ્ર સમાજના લોકો શિષ્ટ ન રહેતાં અશિષ્ટ થઈ ગયા છે એથી એ ભ્રષ્ટાચાર હવે અશિષ્ટાચાર થઈ ગયો છે.

ભારતમાં દરેક ક્ષેત્રે જે કંઈ ચાલે છે એની સામે પ્રબુદ્ધપણે ઊભા રહેવાની, આડંબર વગર, દંભ વગર ખડા રહેવાની આજે અભાવના અનુભવાય છે. આ એક વિષચક્ર છે. એમાં આપણે સૌ ઘેરાઈ ગયા છીએ.

આ માત્ર રાષ્ટ્રીય પડકાર નથી, એ અધ્યાત્મનોય પડકાર છે. સંપ્રદાય અને રૂઢિચુસ્તતાના અભેદ્ય કિલ્લાઓમાં આપણી આધ્યાત્મિકતાને આપણે પૂરી દીધી છે. એ અભેદ્ય દીવાલ તોડવી જ જોઈશે અને બહાર આવી જઈને અધ્યાત્મના મૂળને પકડવું પડશે. માટે જ દરેક વ્યકિતને પોતાના ગજા પ્રમાણે, ફાટેલા આભને સાંધવાનું જ કામ રહે છે. અધ્યાત્મથી રંગાઈને, આત્મિક જીવન પર આધાર રાખીને, કામ કરવું જોઈએ.

જાહેર જીવન એટલે શું? જીવનના વિવિધ પ્રશ્નો અને પડકારોને સમજવા માટે અને એને હલ કરવા માટે જે કોઈ વ્યકિત જાહેરમાં પ્રવૃત્તિ કરે એનું નામ જાહેર જીવન. માટે જાહેર જીવન એટલે માત્ર રાજકારણ નહીં.

જે માણસ સીધો કે સખણો રહેતો હોય તેની પીઠ તો થાબડવી જોઈએ. પરંતુ આજે આ થતું નથી. એક મૂળભૂત પ્રેરણા છે, આદર્શ છે, એનો હ્રાસ ન થાય એ જોવાની આપણી ફરજ છે. એમાં આપણી જીત થઈ કહેવાય. એકંદર સમાજમાં એની પ્રતિષ્ઠા કરાવવી જોઈએ. અને આવું કામ કરનારા આપણા સમાજમાં કેટલા? આ પણ એક કારણ છે. વેલને પોષણ આપવાનું ય કામ છે. ધોરણો સાચવી રાખવા માટે આ જરૂરી છે.

પણ આપણે શું કહીએ છીએ? એ તો ગાંડો છે. એ ક્યાં સુધી કરશે? આ સ્વાતંત્ર્ય સંગ્રામમાં કામ કરનારાઓને સ્વચ્છ રાખવાને બદલે તેમને પેન્શન આપવાની વાતો થાય છે. આ ઠીક નથી.

ટેકથી કામ કરનારા લોકોને પ્રજાનો ટેકો આવતી ચૂંટણીમાં મળે એનો કોઈ ભરોસો નથી. સમાજમાં એને પોષણ મળતું નથી. વાતાવરણથી એને બળ મળતું નથી. જાહેર જીવનની શુચિતા, એની સભ્યતા, સ્વસ્થતા, નીરોગી સમતુલા અને સ્વચ્છતા સભાનપણે જાળવવાં જોઈએ. સભાનપણે આનું સતત ભાન રાખે એને આપણે બિરદાવીએ છીએ ખરા કે? આ એક વાતાવરણનો પ્રશ્ન છે.

રાષ્ટ્રીય જીવન કરતાં એ ઘણું વ્યાપક છે. આજે જાહેર જીવનમાં આપણી દૃષ્ટિ સચિવાલય કે પ્રધાનોની કુટિરો પ્રતિ જ દોડે છે, પરંતુ અન્ય જીવન તરફ જતી જ નથી. રાજકારણીઓની ડખલ પણ ખૂબ વધી ગઈ છે. એની અસર ચોમેર વર્તાય છે. પરિણામે સાચું, સારું કામ જોવા મળતું નથી. ગુજરાતના એક સમાહર્તાએ તો આને અનુરૂપ એક જોડકણું રચી કાઢ્યું છે:

"કરતાહરતા કાર્યકર્તા,
સહી કરતા સમાહર્તા."

લોકશાહીમાં જાહેર જીવનનું મહત્ત્વ - અગત્ય સવિશેષ છે. જાહેર જીવન માટે વ્યકિતજીવનને અવકાશ હોવો જોઈએ. એમાં જાહેર જીવનની મોકળાશ આવી જ જાય છે. પરંતુ આવું સરમુખ-યારશાહીમાં ખાસ જોવા મળતું નથી. ત્યાં Yesmanship–Onemanshipને – હા જી હા કરનારાઓ એકહથ્થુ સત્તાધારીને - મુજરો ભરે છે.

લોકશાહીમાંનું જાહેર જીવન માત્ર - Collective - સામૂહિક જીવન નથી. એ Chemical Compound - રસાયનનું તત્ત્વ છે. એ સ્વરાજ્ય પહેલાં દેખાતું હતું. સ્વરાજ્ય પછી એ વધુ હોવું જોઈએ, પણ હકીકતમાં એમ નથી.

ધોરણો એટલે શું? એમાં નીતિમત્તાની વાત આવે છે. જોઈ

શકાય એવા માપદંડોની વાત છે. Ethical Values- નૈતિક મૂલ્યો-ની એમાં વાત છે. એ માપદંડ માન્ય અને પ્રમાણિત હોવો જરૂરી છે. એમાં એક પ્રકારનું વાજબીપણું આવે છે. એમાંથી એક પ્રકારનું નૈતિક પરિબળ પેદા થાય છે.

આજે તો માપદંડ માપદંડ જ રહ્યો નથી, તો પછી ધોરણ કેમ સાચવવું? ધોરણ સાચવનારા લોકો ધોરણ સાચવે છે અને પછી ધોરણ એ માણસને સાચવે છે.

આખા દેશની શોભા, ગૌરવનો જ્યાં સમુચ્ચય થવો જોઈએ એવી સંસદ પ્રત્યે શંકાનાં વાદળ આજે ઘેરાં થયાં છે. આ ખોટું છે. ત્યાં હમણાં જે થઈ ગયું એથી દુ:ખ થાય છે.

આ કથળતાં ધોરણો આજે ચોતરફ જોવા મળે છે. તેનો ખરાબ સ્પર્શ આપણને થાય છે. બીજાં ઘણાંખરાં ક્ષેત્રોમાં પણ આ જોવા મળે છે

વહીવટી ક્ષેત્ર, ન્યાયક્ષેત્ર આજે upright and independent છે એમ કહી શકાય તો ખૂબ જ ગમે. આ લોકશાહી માટે ભયંકર વસ્તુ છે. Performance of judiciary is more prominent and profound. એની છાયા સર્વથા આવી જાય છે.

શિક્ષણક્ષેત્રની વાત કરીએ તો શિક્ષકોનાં, વિદ્યાર્થીઓનાં ધોરણો કથળ્યાં છે. અધ્યાપકના અધ્યાપનનાં ધોરણો કથળી ગયાં છે. એ માત્ર વાત કરે છે, અભ્યાસ કરીને વકતવ્ય કરતા નથી. આચારમાં સુપાત્ર હોય તે આચાર્ય. પણ આવા આચાર્ય કેટલા?

આર્થિક ક્ષેત્રે, વેપારી ક્ષેત્રે, ધર્મધુરંધરોને ક્ષેત્રે, રમતગમતના ક્ષેત્રે, સમાજકલ્યાણને ક્ષેત્રે-બધાએ ભાન અને સમતુલા ગુમાવી છે. ધનવાન, રાજકારણીઓ તથા વહીવટકારણીઓ વચ્ચે એક પ્રકારનું unholy alliance - અપવિત્ર જોડાણ - છે. એથી આપણે હેરાન - પરેશાન છીએ. પણ એથી આપણે દબાયેલા ન રહીએ.

સત્તાધારી રાજકારણીઓ આજે Ventage position- મુખ્ય મહત્ત્વના સ્થાન-પર હોવાથી તેના પડઘા અને પ્રતિસાદ ઠેર ઠેર પડે છે. કારણ કે એમની પાસે ઘણી સત્તા છે. તો વળાંક આપવાની જવાબદારી કેવળ એમની જ નથી, આપણી સૌની છે એ સમજવું પડશે, આવું કરવું પડશે, તો જ ધોરણો - જાહેર જીવનમાંનાં ધોરણો - સાચવી શકાશે.

બીજો અસરકારક ઈલાજ લોકશિક્ષણ અને લોકમતનો છે. અને લોકશાહીમાં આનું ઘડતર કરી શકાય એમ છે. લોકશિક્ષણ અને લોકમત દ્વારા જાહેર જીવનનાં ધોરણો જાળવી રાખવા, કથળતાં ધોરણોને ઉગારી લેવા કશુંક નક્કર કરી શકાય એમ છે.

પુરુષોત્તમ માવળંકર

# વર્તણૂકની ટેક્નોલૉજીની નવી વાત

આપણું જીવન સતત સંઘર્ષથી ભરેલું છે. જે સમસ્યાઓ આવે તેને ઉકેલવાના આપણે શ્રેષ્ઠ રસ્તા પકડીએ છીએ. આપણે અમુક પ્રકારનું બળ હાંસલ કરીએ છીએ. એ બળ પૈસો હોઈ શકે. પણ માત્ર પૈસાથી સલામત થવાતું નથી. આપણે હવે વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો ઉપયોગ કરીએ છીએ. અહીં અંગત સમસ્યાઓની વાત કરતા નથી. સમષ્ટિની સમસ્યાઓની વાત છે.

વસતિવધારાને ડામવા આપણે સંતતિનિયમન અને નિરોધનો આશરો લઈએ છીએ. વિશ્વમાં દુષ્કાળ આવતો અટકાવવા નવાં બિયારણ કે પ્રોટીનવાળાં નવાં ખાદ્યો શોધીએ છીએ. (પેટ્રોલિયમમાંથી પ્રોટીન મેળવાય છે.) રોગને ડામવા માટે નવી ઔષધિઓ અને નવી ચિકિત્સાઓ શોધીએ છીએ. રહેણાક અને પ્રવાસ માટે પણ અવનવાં સાધનો શોધીએ છીએ. વાતાવરણને દૂષિત થતું અટકાવવા કચરાનો નિકાલ કરવાની નવી પદ્ધતિ ઘડીએ છીએ.

આ બધું કરીએ છીએ છતાં માનવ તેના ભાંડુઓ સાથે સુખ, શાંતિ અને સંતોષથી રહી શકે છે ખરો? ભારત કરતાં માથાદીઠ દસગણી આવક ધરાવતા યુરોપ અને અમેરિકાના લોકોના જીવન ઉપર એક નજર કરીશું તો માલૂમ પડશે કે બેરોજગારી ભથ્થું, સામાજિક સેવાઓ, ઈજનેરી ટેક્નોલૉજીએ પેદા કરેલી વિવિધ પ્રકારની અદ્યતન સગવડો અને તબીબી સંશોધનોની હારમાળા છતાં આ દેશોમાં બળાત્કાર, લૂંટફાટ, ખૂન અને સામાજિક અશાંતિનો પાર નથી. તાજેતરમાં જ બનેલા એકબે કિસ્સા આપણે જોઈએ:

* માનવે વીજળીની શોધ કરી અને પ્રકાશ તેમ જ બળતણની સમસ્યા ઉકેલી. પણ એ વીજળીના ટ્રાન્સમિશન ટાવરની હાલત કોઈ પણ માથાનો ફરેલો માનવી ખરાબ કરી શકે છે. અમેરિકાના પોર્ટલેન્ડ શહેરથી ૧૪૦ માઈલ દૂર ૭૦ ફૂટ ઊંચા વીજળીના સેંકડો ટ્રાન્સમિશન ટાવર નીચે એક ભણેલા - ગણેલા ગુંડાએ સુરંગો ગોઠવી દીધી હતી. લગભગ ચાર રાજ્યોને વિદ્યુત પૂરી પડતા વીજળીના આ ટાવર જો ઊડી જાય તો લાખો લોકો અંધારપટમાં છવાઈ જાય અને ટાઢથી ઠૂંઠવાઈ જાય. ગુંડાએ વીજળીઘરના સંચાલકોને ધમકી આપી કે મને રૂા. ૮૦ લાખ આપો, નહિતર ધરબેલી સુરંગો ચાંપી દઈશ. અધિકારીઓએ ૬,૮૦૦ ટાવર ઉપર હેલિકોપ્ટર ઉડાડીને સુરંગ કયાં ચંપાઈ છે તેનું સર્વેક્ષણ કરવું પડયું. આખા રાજ્યમાં ૬૨,૫૦૦ ટાવર છે. તેમાં કેટલાક ટાવર તપાસે? આવી ધમકી આપનારને પકડવા માટે રૂા. ૮ લાખનું ઈનામ કાઢવું પડયું. આ માનવી કદાચ મગજનો છટકેલો હોય કે સામાજિક દૃષ્ટિએ નાસીપાસ હોય. આ પ્રસંગ બતાવી આપે છે કે વીજળીની ગમે તેટલી ટેક્નોલૉજી વિકસાવો પણ એક માનવનો સમાજ સાથેનો સંબંધ તંદુરસ્ત રહે તેવી ટેક્નોલૉજી ન વિકસાવો તો વીજળીની તમામ ટેક્નોલૉજી નકામી થઈ શકે છે.

* મોટરકારને રસ્તામાં પેટ્રોલ પૂરું પાડવા અમેરિકામાં ઠેર ઠેર પેટ્રોલ પંપ હોય છે. અહીં એ જાણવું રસપ્રદ થશે કે આપણે જેને પેટ્રોલ સ્ટેશન કહીએ છીએ તેને અમેરિકામાં ગેસ સ્ટેશન કહે છે. આવા એક પેટ્રોલ પંપમાં મોટરકારોને બળતણની સગવડ આપતા એક વેપારીએ પોતાની કમરે પિસ્તોલ રાખવી પડતી. કારણ કે ઘણી વખત લૂંટારા આખા દિવસનો વકરો લૂંટી જતા. એક દિવસ પિસ્તોલ લઈને એક સોળ જ વર્ષની વ્યકિત લૂંટ ચલાવવા આવી. વેપારીનો ચૌદ વર્ષનો પુત્ર તે વ્યકિત સાથે બાખડયો. પુત્રને બચાવવા વેપારીએ પિસ્તોલમાંથી ગોળી છોડી, પણ તેની ગોળી લૂંટનારને વાગવાને બદલે તેના પુત્રને વાગી. લૂંટ ચલાવનાર વ્યકિત એક સોળ વર્ષની સ્વરૂપવાન યુવતી હતી! છૂટાછેડા લીધેલાં માબાપની તે પુત્રી હતી. પેટ્રોલિયમની ટેક્નોલૉજી વિકસાવી પણ લગ્નજીવનમાં સુમેળ સાધવાની ટેક્નોલૉજી વિકસી નથી એટલે એક સોળ જ વર્ષની છોકરી હથિયારધારી લૂંટારણ બની ગઈ.

આવા ઘણા દાખલા આપી શકાય. વિજ્ઞાનીઓ જ પોતાની શોધ કરીને પછી તે શોધ વિધ્વંસક હોય તો તેના ઉપર નિયમન રાખી શકતા નથી અને, તે શોધ જ્યારે શાસકોના હાથમાં ચાલી જાય ત્યારે લાખો લોકોના વિનાશ માટે વપરાય છે.

માનવીની વર્તણૂક અને તેના માનસને લગતી ટેક્નોલૉજી વિકસાવવી જોઈએ તેવો એક જોરદાર પ્રસ્તાવ અમેરિકાના વિખ્યાત માનસશાસ્ત્રી ડૉ. બી. એફ. સ્કિનરે મૂકયો છે. તાજેતરમાં જ તેમનું પુસ્તક "બિયોન્ડ ફ્રિડમ એન્ડ ડિગ્નિટી" પ્રગટ થયું છે તેમાં તેમણે "બિહેવિયર ટેક્નોલૉજી"ની નવી વાત કરી છે. ડૉ. સ્કિનરે કબૂતરોની વર્તણૂક અંગે ઘણા પ્રયોગો કર્યા છે. બાળકને એક યંત્ર દ્વારા ઉછેરવાની પ્રક્રિયા શોધી છે. તેમને અમેરિકાનો "રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર" પણ મળ્યો છે. ડૉ. સ્કિનરે કહ્યું છે કે-

"Twentyfive hundred years ago it might have been said that man understood himself as well as any other part of world. Today he is the thing he understands least .... There has been no comparable development of anything like a science of human behaviour. what we need is a technology of behavoiur."

ટૂંકમાં આનો સારાંશ કહીએ તો : અત્યારે માનવે જગતમાં જેટલાં પ્રકારનાં વિજ્ઞાન સમજવાં હોય તેટલાં સમજી લીધાં છે પણ માનવ પોતાની જાતને પહેલાં સમજતો હતો તેવો અત્યારે સમજી શકતો નથી. બીજા માનવ સાથે કેમ વર્તવું, તેની સાથે કેવો મીઠો સબંધ રાખવો તેની ટેક્નિક બતાવતું કોઈ વિજ્ઞાન હજી વિકસ્યું નથી. એવું વિજ્ઞાન કે ટેક્નોલોજી ન વિકસે ત્યાં સુધી માનવી તેણે સર્જેલી સગવડોને ભોગવી શકે નહિ. આપણે ગુજરાતી એક કહેવત વારંવાર બોલીએ છીએ "એક બળેલો સૌને બાળે" ડૉ. સ્કિનર તેમની ભાષામાં આ વાતને જુદી રીતે કહે છે.

"Where human behaviour begins, technology stops."

આવી ઉકિતને પલટાવી નાખવા આપણે માનવીને એવો સહિષ્ણુ, ઉદાર અને ત્યાગી બનાવવો જોઈએ અથવા આપણી વર્તણૂકને એવી ઉત્કૃષ્ટ બનાવવી જોઈએ કે પછી આધુનિક ટેક્નોલોજીની સગવડો અને ભૌતિક સિદ્ધિઓ ગૌણ બની જાય.

કાન્તિ ભટ્ટ

# સાહિત્યનો આનંદ

સાહિત્ય પ્રત્યે મને અનુરાગ છે, મને સાહિત્યના કોઈ પણ સ્વરૂપની કોઈ પણ સરસ કૃતિ વાંચતાં આનન્દ થાય છે. આનન્દ આપવાની શકિત સાહિત્ય ઉપરાંત અન્ય અસંખ્ય વસ્તુઓમાં પણ છે. પરન્તુ તે તે વસ્તુમાં રમમાણ રહેવાથી થતો આનન્દ અને સાહિત્યના સતત સંસર્ગમાં રહેવાથી થતો આનન્દ બંને એક જ નથી; એટલે કે એક પ્રકારનો નથી. સાહિત્યનો આનંદ સર્વથા ભિન્ન સ્વરૂપનો છે. ઉત્તમ ભોજન આરોગવાથી જીભને સ્વાદતૃપ્તિ થાય છે. સરસ સ્વાદિષ્ટ જમ્યા એવી સંતૃપ્તિ, દીર્ઘ કાળથી ઉત્તમ વાનીઓની ઝંખના કરતું મન પણ અનુભવે છે. પરન્તુ એ આનંદ ઈન્દ્રિય-ગ્રાહ્ય છે. વળી તે આનંદ તે દિવસ પૂરતો જ ટકે છે. બીજે દિવસે "ઓહો ગઈ કાલે તો શું સરસ જમ્યા! વાહ!" એવી આનંદ-પ્રેરક ક્ષણો કદાચ ઉદ્ભવે પરન્તુ કાળની દ્રષ્ટિએ એ આનન્દ અતિ મર્યાદિત છે. જ્યારે સાહિત્યની ઉત્તમ કૃતિનો આસ્વાદ, જેટલી ઉત્કટતાથી અનુભવ્યો હોય તે આસ્વાદની ઉત્કટતા કાલનિરપેક્ષ ટકી રહે છે. વીસ વર્ષ પૂર્વે વાંચેલું 'મેઘદૂત' ગમે તે સ્થળે અને ગમે તે સમયે, ગમે એટલાં વર્ષ પછી સ્મૃતિ પટ ઉપર ઊપસી આવતાં તેનો આનન્દ એવા ને એવા જ તાજા સ્વરૂપે અનુભવાય છે. હાથવગું હોય તો 'મેઘદૂત' તુરત જ વાંચવા બેસવાની વૃત્તિ પણ થાય. સાહિત્યનો આનન્દ સ્થળકાળ નિરપેક્ષ છે અને તે ક્ષણનો છતાં ક્ષણિક નથી, ચિરંતન છે.

હું સાહિત્યને અભિમુખ થાઉં છું ત્યારે આનન્દના સરોવરમાં તરતો હોવા છતાં, જીવનને સાવ વિસારીને સાહિત્યને અભિમુખ રહેતો નથી. સાહિત્ય પ્રત્યે મને અનુરાગ છે તેથી જીવન પ્રત્યે મને વૈરાગ્ય છે અથવા સાહિત્ય પ્રત્યે આસકત છું તેથી જીવન પ્રત્યે અનાસકત છું એવો અર્થ તારવવાનો નથી. મુખ્ય વસ્તુ જીવન છે. જે સર્વ કાંઈ છે તે જીવન જ છે; સાહિત્ય એ જીવનનું સર્વસ્વ નથી. સાહિત્ય જીવન માટે છે. જીવન આખું કેવળ સાહિત્ય માટે જ નથી. સાધ્ય છે જીવન; જીવનની કળા. સાહિત્ય એ જીવનકળા ખીલવવાનું એક સાધન છે. જીવન અને સાહિત્ય અંગે સાધ્ય સાધન ભેદ રહેવાનો જ. રહેવો જોઈએ. જીવન આખું સાહિત્યને સમર્પિત કરી દઈએ, સાહિત્યની ભકિત કરીએ તોયે જે કશાની લબ્ધિ થાય—આનંદની, રસાસ્વાદની, વિચાર બોધની—તે પછી પણ જીવન તો રહે જ છે. કારણ જીવન અત્યંત વિશાળ છે સાહિત્ય કરતાં પણ જીવનની વિશાળતા અને તેનું ઊંડાણ ઘણાં અધિક છે. સાહિત્યને જીવનથી એક અલગ પદાર્થ સમજીને સાહિત્ય પ્રત્યે મેં આસકિત કેળવી નથી. જીવન એ પ્રધાન વસ્તુ છે. સાહિત્ય એટલા પ્રમાણમાં ગૌણ છે.

આ દેખાય છે તે જગત, બ્રહ્મનો વિવર્ત છે. જગત જગત સ્વરૂપે સત્ છે કિન્તુ બ્રહ્મના સંદર્ભમાં તે અસત્ છે તેમ સાહિત્ય સાહિત્ય સ્વરૂપે સત્ હોવા છતાં સાહિત્ય એ અક્ષરબ્રહ્મ અથવા શબ્દબ્રહ્મનો વિવર્ત માત્ર છે, જેમ સંગીત એ નાદબ્રહ્મનો વિવર્ત છે' પરન્તુ વિવર્ત છતાં સાહિત્ય, બ્રહ્મના સંદર્ભમાં જગત મિથ્યા છે એ રીતે મિથ્યા નથી. વ્યાસ, વાલ્મીકિ કાલિદાસ, ભવભૂતિ કે શેક્સ્પિયરનાં પાત્રો જે 'કોલોસલ' પાત્રો છે તે કવિ કલ્પનાની નીપજ છતાં મિથ્યા વા નિર્જીવ પદાર્થો નથી. જીવતા માનવી કરતાં પણ વધારે જીવંત છે, વધારે સાચાં છે અને કોઈ પણ સહૃદયી ભાવક માટે સવિશેષ પ્રભાવક છે. આપણે આ જગતની માયાથી લિપ્ત છીએ. આ જગતની અસહ્ય વાસ્તવિકતાઓ આપણા ચિત્તમાં પરિતાપ જન્માવતી હોવા છતાં એની માયાથી અલિપ્ત રહી શકતા નથી, તે આપણી મનુષ્ય તરીકેની મર્યાદા છે. જગત સાથેના સંબંધ દરમિયાન થતી અનુભૂતિઓ હર્ષ અને શોક, આનન્દ અને વિષાદ, પ્રેમ અને તિરસ્કાર, મૈત્રી અને અમિત્રભાવ ઈત્યાદિ ભાવ-અભાવનાં અનેક દ્વંદ્વોથી પરિવૃત્ત છે. ત્યારે સાહિત્ય અને કલા આ બે જ એવાં ક્ષેત્રો છે જે કેવળ આનન્દનું પ્રદાન કરે છે.

એ આનન્દ વ્યવહારજગતના જેવો લૌકિક નથી. તે અલૌકિક છે. તે ઈન્દ્રિયગ્રાહય નથી. ઈન્દ્રિયાતીત છે. તે ક્ષણનો છતાં ક્ષણિક નથી, ચિરંતન છે. જાતને ઈન્વોલ્વ્ડ (involved) કર્યા વગર તાટસ્થ્ય જાળવીને પણ સાહિત્યકૃતિનો આસ્વાદ માણી શકાય છે. જાતનું આ non–involvement અથવા તાટસ્થ્ય તે નકરી ઉદાસીનતા અર્થાત્ indifference નથી. બે અસંસ્કારી જનોની લડવાડ તરફ આપણે બેધ્યાન અને ઉદાસીન રહીએ તે અર્થમાં આ તાટસ્થ્ય નથી. તખ્તા ઉપર ભજવાતા રામાયણના નાટકમાં સીતાનું અપહરણ થતું જોઈને આપણે સીતાને રાવણના હાથમાંથી છોડાવવા ધસી જતા નથી અથવા સીતાને ચેતાવતા પણ નથી, ત્યાં આપણે તટસ્થ છીએ કારણ આપણે જાણીએ છીએ કે આ નાટક છે અને નાટકની માયાવી સૃષ્ટિમાં જે કંઈ બને છે તેના તટસ્થ પણ સહૃદયી ભાવક છીએ. એ પણ ખરું કે સહૃદયતાને કારણે જ એ તાટસ્થ્ય ભાવાનુભૂતિના સંદર્ભમાં પૂર્ણપણે જળવાતું નથી. પાત્રગત સુખ, દુ:ખાદિ અથવા હર્ષશોકાદિ ભાવ ભાવક તરીકે આપણે પણ અનુભવીએ છીએ. ત્યાં આપણી ચેતના સમસંવેદનરૂપ બનીને સક્રિય થતાં ઘટનાનુસાર આપણું સંવેદનતંત્ર ભિન્ન ભિન્ન ભાવમાં ઝબકોળાય છે. વિસ્મયની વાત એ છે કે કરુણરસની અનુભૂતિ થવા છતાં અને હૃદય આર્દ્ર થવા છતાં આપણે પુન: પુન: તે રસના આસ્વાદ તરફ વળીએ છીએ.

નાટકનો કરુણપર્યવસાય ભાવક માટે સુખ અથવા આનન્દ-પર્યવસાય નીવડે છે તેનું કારણ એ છે કે કરુણરસમાં ભાવક પક્ષે સહાનુભૂતિ છે. સહાનુભૂતિમાં ભાવક પોતે પણ કંઈક આપે છે એવી લાગણી અનુભવે છે. આનન્દ એ હમેશાં દુ:ખનો વિરોધી નથી. તેમ સુખાનુભવમાં પણ હમેશાં આનંદ નથી હોતો. જ્યારે દુ:ખાનુભવમાં આનન્દનું અસ્તિત્વ હોય છે. પ્રિયતમા ખાતર દુ:ખ ભોગવતો હોવા છતાં રાષ્ટ્રને કાજે પ્રાણાર્પણ કરતો દેશાભિમાની માનવી આનન્દનો જ અનુભવ કરતો હોય છે. આ બાબતમાં આપણા પંડિત વિવેચક ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનું મંતવ્ય ધ્યાનાર્હ છે. તેઓ કહે છે કે "પર સુખનો પરિચય સુખકારક હોય તો પર દુ:ખનો સંવાદી અનુભવ

પણ દુ:ખકારક હોવો જોઈએ. કિન્તુ કલાનુભૂતિમાં તેમ નથી તે જોતાં સુખદુ:ખથી પર રહેલું તત્ત્વ કલાનુભવમાં હોવું જોઈએ અને એ જો આનન્દ હોય તો પણ તે ચિત્તને અનુકૂળ વેદના છે. એ આનન્દને pleasure કહેવાને બદલે પરનિવૃતિ અથવા વૃત્તિઓની તલ્લીનતા કહી શકીએ, પ્રસન્નતા કે મુદા નામ પણ એ સૂચવે છે."

કલાનુભૂતિ અંગે એક વિશિષ્ટતા એ છે કે કાવ્ય, નાટક વા વાઙ્‌મયની કોઈ પણ રચના સાથે આપણું તન્મયીભવન થતાં મમત્વભાવનો લોપ થતાં સમત્વભાગ જાગ્રત થાય છે તથા આત્મભાવ સર્વાત્મભાવમાં ઈષ્ટ પરિવર્તન સાધે છે. તેમ થતાં જે આનન્દાનુભવ થાય છે તે વૈયકિતક નથી હોતો પરન્તુ અવૈયકિતક હોય છે અથવા સાર્વજનીન હોય છે. કારણ નાટક નિહાળતો સમસ્ત પ્રેક્ષક–સમુદાય એક સમાનભાવ અનુભવે છે.

સાહિત્ય એ મનુષ્યજીવનનું સંપૂર્ણ દર્પણ નથી. જીવનનું તેની અખિલાઈમાં પ્રતિબિંબ નથી. જીવન એટલું બધું વિશાળ છે કે બીજું એવું જીવન જ તેનું પ્રતિબિંબ બની શકે. છતાં સાહિત્ય અંશત: જીવનનું પ્રતિબિંબ છે. મનુષ્ય વ્યવહારની સામગ્રી આ આંશિક પ્રતિબિંબનું ઘટક છે. તેમાં મનુષ્યની ભિન્નભિન્ન વૃત્તિઓ અને તેના સારાંનરસાં કાર્યો ઉપાદાન તરીકે આવે છે પરન્તુ એ સર્વ સૌન્દર્ય સિદ્ધ કરતાં કરતાં આવે છે. તે સાથે તે દ્વારા જીવન-મૂલ્યોનું સ્ફુરણ કે આકલન અથવા પ્રતીતિ પણ અનુભવાય છે. નીતિ બોધ કે કોઈ પણ પ્રકારનો સદ્‌બોધ એ સાહિત્ય સર્જનનું પ્રયોજન નથી. પરંતુ મૂલ્ય સ્થાપન એ સર્જનનું એક પ્રયોજન હોઈ શકે. મૂલ્યસ્થાપન એ સર્જનનું વિરોધી નથી. પ્રેમાનન્દના 'મામેરા' માં નરસિંહ મહેતાના જીવનની કરુણતા, કુંવરબાઈનો વલોપાત અને કુંવરબાઈની સાસુની દુષ્ટતાનું હૃદયંગમ આલેખન છે. પરન્તુ એ સર્વની સાથોસાથ નરસિંહ મહેતા સામાજિક અશ્રદ્ધા સામે પોતાની ઈશ્વરાસ્થા અને શ્રદ્ધા પરત્વે મુસ્તાક છે અને એની શ્રદ્ધા જ જીવન સંઘર્ષમાં એને ટકી રહેવાનું બળ આપી રહે છે એ વસ્તુ પણ ઊપસી આવે છે. પરંતુ આ સર્વ વસ્તુ પ્રેમાનન્દ રસ અને સૌંદર્ય સિદ્ધ કરતાં કરતાં નિપજાવે છે. પ્રેમાનંદ નરસિંહના સંસારની વાસ્તવિકતાનું યથાતથ આલેખન નથી કરતો. વાસ્તવિકતાઓ રૂપ ઉપાદાન સામગ્રીને સાહિત્યિક સ્પર્શ આપીને પ્રતિભાબળે તેમાં પ્રાણનો સંચાર કહીને, સૌન્દર્યથી રસીને તથા સૌન્દર્ય અને હાસ્ય, કરુણ ઈત્યાદિ રસમાં ઝબકોળીને તેનું ચિત્રણ કરતો હોવાથી તે આનન્દપ્રદ નીવડે છે. કવિનાં પાત્રો તે કોઈ એક વ્યકિત નથી હોતાં. વ્યકિત હોવા છતાં તે વૈશ્વિક સ્વરૂપ ધારણ કરતાં હોવાથી અર્થાત યુનિવર્સલાઈઝ્ડ થયાં હોવાથી તે આપણાં સમભાવ અને સહાનુકંપાને પાત્ર બની આપણા ચિત્ત પર પકડ જમાવે છે. સર્જકની સહાનુભૂતિ પણ સાહિત્યસ્વરૂપ પામે છે ત્યારે તે તેની પોતાની ન રહેતાં યુનિવર્સલમાં રૂપાંતરિત થાય છે. શેકસપિયરનો ઓથેલો કે ઈયાગો અથવા હેમલેટ કે લિયર અથવા વ્યાસજીનાં અર્જુન અને દ્રૌપદી કે વાલ્મીકિ, ભવભૂતિ કે તુલસીદાસનો રામ એ સર્વ વૈશ્વિક માનવી અથવા વિશ્વમાનવી સ્વરૂપે પ્રગટ થાય છે. તે આપણને એવી સમજણ આપે છે કે ભારતનો માનવી આફ્રિકા કે અમેરિકા અથવા રશિયાના માનવીથી માનવી તરીકે જરાય નિરાળો નથી. માનવી સર્વત્ર એક છે. એ સત્ય સૌન્દર્યથી રસાઈને પ્રગટ થતું હોવાથી આપણને તે પ્રભાવિત કરે છે સત્ય, શિવ અને સૌન્દર્ય ત્રણેની એકાકારતા સાહિત્યમાં સિદ્ધ થાય છે માટે તે રસાવહ બનીને આપણને લીન કરે છે, આનન્દ આપે છે અને ભિન્નભન્નિ અનેક રસોદ્‌ભુત લાગણીઓ અનુભવાયા પછી તે સર્વ ઉપશમમાં પરિણમે છે ત્યારે કેવળ આનન્દની જ લબ્ધિ થાય છે.

સંસારના પ્રત્યેક વ્યવહારમાં મનુષ્યનો પરિચય જાણે બદલાતો રહેતો હોય એવો અનુભવ ઘણીવાર થતો હોય છે. મોટે ભાગે મહોરાં ધારણ કરીને હરતો ફરતો માનવી એકદમ પરખાતો નથી. પરખાતો હોય છે ત્યારે એ પરખ સાચી હોવાનો વિશ્વાસ પ્રગટતો નથી. પરિણામે ઘણી ગૂંચવણો પેદા થતી હોય છે. સૌથી મોટી મુંઝવણ માનવી માનવી વચ્ચે સમજણનો અને લાગણીનો સેતુ રચાતો નથી એ છે. વ્યવહારમાં માનવીનો જે પ્રત્યક્ષ પરિચય થાય છે તેના કરતાં સાહિત્યની સૃષ્ટિ દ્વારા તે જાણે વિશેષ ભાવે વધુ સાચો થતો હોવાનું લાગે છે. વ્યાસજીનાં અર્જુન, યુધિષ્ઠિર, દ્રૌપદી, દુર્યોધન કે વાલ્મીકિનાં રામ, લક્ષ્મણ, સીતા, ઊર્મિલા, કૈકેયી અને મંથરા અથવા શેક્સપિયરના ઓથેલો, ઈયાગો અથવા હેમલેટ કે કાલિદાસનાં દુષ્યન્ત, શકુન્તલા અથવા ટાગોર અને શરદબાબુનાં પાત્રો દ્વારા મનુષ્યની અને તેની પ્રકૃતિની સાચી અને વિશેષભાવે ઓળખ થાય છે. પ્રતિબિંબ દ્વારા બિંબની આ ઓળખ આપણને વિસ્મય લોકમાં લઈ જાય છે. અને એ જ સાહિત્યનું એક મહત્ત્વનું અને સાહિત્ય તરીકે અનિવાર્ય એવું લક્ષણ છે. માણસને પામવાનું તો સમજ્યા, પરંતુ એથીયે વિશેષ સાહિત્યની સૃષ્ટિમાં સ્વને પામવાની વાત છે. સાહિત્ય દ્વારા સ્વને પામવાની ચાવી ઉપલબ્ધ થતી હોય તો એ કંઈક અલ્પ મહત્ત્વની વાત નથી.

કૃષ્ણવીર દીક્ષિત

# ચક્ષુદાન

## (ત્રણ અનુભૂતિ)

(૧) મુકતક

એમ તો આ આંખમાં કંઈ કેટલાં સ્વપ્નો હતાં!
હું તો હવે બસ માત્ર મારી આંખ આપી જાઉં છું!

□

(૨) દાનમાં દીધેલા ચક્ષુને :

દુનિયા તો તમારી સામે હશે એની એ જ –
હું નહીં હોઉં.
પછી ફૂલોને જોઈ તમે ઘેલા ઘેલા થશો?
કે કમળના પાન પર ઝાકળનું બિંદુ પાણીનું એક નિરર્થક ટીપું લાગશે?
વ્હેલી સવારે હિંદુસ્તાનનું છાપું વાંચી શકશો?
કે રસ્તા પર લોહીનું લાલ ખાબોચિયું જોઈ
કશું જ ન બન્યું હોય એમ પસાર થઈ જશો?
રવિવારની ફુરસદે કોઈ ચોપાનિયામાં 'વિપિન પરીખ' નામ વાંચતા--
તમને કશું પરિચિત લાગશે?
ક્યારેક ભરરસ્તે તમે અને રીટા સામસામા થઈ જાઓ –
તમે રીટાને ત્યારે ઓળખી શકશો?
–વિહ્‌વળ થશો?
તમે દાર્જીલિંગ કયારેક પાછા જાઓ
અને સૂરજના સ્પર્શે કાંચનજંઘા જ્યારે સળગી ઊઠે
ત્યારે
તમને હું યાદ આવીશ?

□

(૩) મુકતક :

'શ્રી જયપ્રકાશ નારયણે કરેલું ચક્ષુનું દાન!'
પછી
એની આંખો પ્હેરનાર હિંદુસ્તાનમાં કઈ રીતે જીવી શકશે?

વિપિન પરીખ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન : ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧

Regd. No. MH. By south 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક: ૧૮

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧૬ જાન્યુઆરી ૧૯૭૫ ગુરુવાર | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨ | છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## વિનોબાનું મૌન

૨૫ ડિસેમ્બર, ગીતા જયંતીને દિન – તે દિન ઈદ અને ઈશુનો જન્મ દિન પણ હતો – વિનોબાજીએ એક વર્ષનું મૌન આદર્યું. લખીને પણ પોતાના વિચારો નહિ જણાવે. જેમ બાપુ મૌનને દિન કરતાં, એવું પૂર્ણ મૌન લીધું. શ્રીમદ્ રાજચંદ્રનાં શબ્દોમાં કહીએ તો, સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને, બાહ્યાન્તર નિર્ગ્રન્થ થયા. વિનોબાજીએ આવું મૌન કેમ લીધું એવો સહજ પ્રશ્ન થાય. પ્રથમ વિચાર એમ આવે છે કે તેમને માટે આ સ્વાભાવિક ક્રમ છે. ભૂદાન–ગ્રામદાન માટે વર્ષો સુધી દેશના ચારે ખૂણા ઘૂમી વળ્યા પછી ક્ષેત્રસંન્યાસ લીધો. પછી સૂક્ષ્મમાં અને સૂક્ષ્મતરમાં પ્રવેશ કર્યો. હવે સૂક્ષ્મતમ પ્રવેશ કર્યો. અન્તરમુખ દષ્ટિ જેમ વધતી જાય તેમ બાહ્ય ઉપાધિઓ અને તેનું બંધન છૂટી જાય. ૮૦ વર્ષની ઉંમર છે. योगेनान्तेतनु त्यजाम् – યોગમાં દેહનો ત્યાગ થાય. જૈનોમાં અનશન કે સંલેખના વ્રત છે. જીવનની અંતિમ કોટી છે. દેહની બધી મમતા છૂટી જાય, બધી આસકિત વિલીન થાય. आत्मन्येवात्मना तुष्टः વિનોબા જ્ઞાનયોગી છે, ભકત છે, સંન્યાસી છે. કર્મયોગ આવી પડયો પણ તેને કદાચ ઉપાધિ માની હશે.

આ મૌનનું બીજું કારણ હોવાનો પણ સંભવ છે, જેનો નિર્દેશ 'ભૂમિપુત્ર'માં, શ્રી ચુનીભાઈ વૈદ્યે કર્યો છે. તેઓ લખે છે:

"દેશભરમાં આ તે કામોમાં લાગેલા સર્વોદય કાર્યકરોમાંથી કેટલાક, "તારે લીધે," "તારે પાપે" એમ દોષારોપણ કરશે. પરંતુ મોટા ભાગનાને આ મૌન પાયામાંથી હચમચાવી જશે, હૃદય અને ચિત્તની વ્યથા ઊપડશે અને હોઠો પર તાળું બનીને બેસશે. સહેવાશે, પણ સહજ નહિ હોય, રહેવાશે, પણ સ્વસ્થ નહિ હોય, એ પૂછશે નહિ પણ છિન્ન સંશય નહિ હોય.

"આજે સર્વોદય કાર્યકરો પરસ્પર દોષારોપણ કરવાને બદલે પ્રાર્થનામાં ઝૂકે. ઊંડે ઊંડે અંતરમાં ખોળે એવો આ પ્રસંગ છે."

આટલું કહી, "છેલ્લો કટોરો ઝેરનો તું પી જજે બાપુ", મેઘાણીની એ પંકિત તેમણે યાદ કરી છે.

અહીં સર્વોદય કાર્યકરોમાં જયપ્રકાશના આંદોલન વિષે જે તીવ્ર મતભેદ જાગ્યો છે તેનો ઉલ્લેખ છે.

બાપુને પણ કાંઈક એવું બનેલું. જીવનના અંતિમ સમયમાં નિકટતમ સાથીઓ સાથે મતભેદો થયા, તેમની ઈચ્છા વિરુદ્ધ દેશના ભાગલા થયા, હિંસાનો દાવાનળ ફાટી નીકળ્યો અને પોતાનું કર્યું કારવ્યું બધું જાણે ધૂળ મળતું હોય તેવી પરિસ્થિતિ પેદા થઈ. છેલ્લા મહિનાઓ ભારે વ્યથાના ગયા.

સર્વ સેવા સંઘ વિષે અને સર્વોદય આંદોલન વિષે પણ કાંઈક એવું જ બની રહ્યું છે. સર્વ સેવા સંઘ વિનોબાજીનું સર્જન છે. તેનું વિસર્જન થઈ રહ્યું છે એમ લાગે. જે માર્ગે આટલા વર્ષો કામ કર્યું તેનાથી તદ્દન ભિન્ન માર્ગે આંદોલનને સાથીઓ લઈ જાય છે એમ લાગે. તેમની સલાહ મોટા ભાગના સાથીઓને માન્ય નથી. વિનોબાજીએ કહ્યું છે કે જિંદગીભર તેમણે જોડવાનું કામ કર્યું, હવે તોડવાનું કામ થઈ રહ્યું છે. તેમણે કહ્યું છે કે બિહારમાં ભીમ-જરાસંઘ યુદ્ધ થવાનું છે. મહાભારતકાળમાં બિહારમાં જ આ યુદ્ધ થયું હતું. આ ચૂંટણીમાં એક બાજુ કૉંગ્રેસ અને સામ્યવાદીઓ અને બીજી બાજુ બીજા બધા પક્ષો જે. પી.ની પાછળ એકઠા થશે. "દેખ લો ઈસકા તમાશા ચંદ રોઝ."

આ બધું જે બની રહ્યું છે તેની વ્યથા તેમને મૌનમાં ખેંચી ગઈ હશે? નિકટતમ સાથીઓ સાંભળવા તૈયાર નથી. આ મૌન એ સાથીઓના દિલને હચમચાવશે? કાંઈક અંતરખોજ કરવાની પ્રેરણા કરશે? કે બાબાની સાઠે બુદ્ધિ નાઠી એવું માની પોતાના માર્ગે આગેકૂચ કરશે? વિનોબાજીનો આગ્રહ રહ્યો છે કે સર્વ સેવા સંઘની ભૂમિકા આધ્યાત્મિક રહેવી જોઈએ. તેમણે એક દખત કહ્યું હતું કે ૨૫૦૦ વર્ષ પછી ભગવાન મહાવીરને યાદ કરીએ છીએ, કારણકે તેમની ભૂમિકા આધ્યાત્મિક છે. સર્વસેવા સંઘને હજાર વર્ષ પછી પણ લોકો યાદ કરે એવું તેનું કાર્ય હોવું જોઈએ. જયપ્રકાશના આંદોલનમાં કોઈ આધ્યાત્મિક ભૂમિકા તો નથી; પણ ધીમે ધીમે નૈતિક ભૂમિકા પણ ઓછી થતી જાય છે, અને એક રાજકારણી આંદોલન રહે છે, જેમાં રાગ દ્વેષ, કલેશો, સંઘર્ષો વધતા રહે. કહેવાવાળા એમ કહે કે રાજકારણી આંદોલન તો એવું જ હોય.

વિનોબાજીનું મૌન બીજા ગહન પ્રશ્નો જગાવે છે.

'ભૂમિપુત્ર'ની પવનાર ડાયરીમાં લખ્યું છે, કે ગોકળભાઈ ભટ્ટ, શ્રીમન્નારાયણ વિગેરે રાજસ્થાનની શરાબબંધી અંગે વિનોબાજીને મળવા આવ્યા, ગોકુળભાઈને વિનોબાજીએ કહ્યું :–

"મારે તમને એક મહત્ત્વની વાત કરવાની છે. નર દેહનો ઉદ્દેશ શો? અહીંની સમસ્યા ઉકેલવી તે કે આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કરવો તે? અહીંની સમસ્યાઓ તો નિરંતર ચાલતી જ રહેવાની અને આ જન્મમાં આત્મસાક્ષાત્કાર ન થયો તો પુનર્જન્મ મનુષ્યનો જ મળશે તેનો ભરોસો નથી.

"આટલું કહી કાગળ મંગાવ્યો. તેમાં એક વર્તુળ દોર્યું. વર્તુળની વચ્ચે એક ચાંપ દોરી. નાના ભાગને બતાવીને કહે, 'ગયા જન્મમાં આટલું પુણ્ય કર્યું હશે તેથી આ નરદેહ મળ્યો.' પછી મોટો ભાગ બતાવીને કહે, "પણ આટલું પાપ ભોગવવાનું બાકી છે તેથી પુનર્જન્મ પશુનો મળી શકે છે. શંકરાચાર્યે કહ્યું છે, नर देहातिक्रमणात प्राप्तो पश्वादि देहानाम:, માટે આત્મસાક્ષાત્કાર કરવાનો સમય બાકી છે તે આ જન્મમાં કરવો જોઈએ. આપણો ઉદ્દેશ અહીંની સમસ્યા ઉકેલવાનો નથી, આપણો ઉદ્દેશ તો આત્મસાક્ષાત્કાર છે. આ ઉદ્દેશ સાધવો હોય તો રણછોડ થવું જોઈએ. શ્રીમન્નજી કહી દો કે મેં રણ છોડી દીધું. હવે શરાબબંધી અંગે તેમને જે કરવું હોય તે કરે. આપણે મુકત થઈ ગયા. હવે ધ્યાન

આત્મચિંતન, સાધના કરીશું. આવું જો તમે કરશો તો નરદેહ માટે ઘણું સારું થશે. આ મારો વિચાર છે."

આમાંથી બે ગહન પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

એક, સંસારની સમસ્યાઓનો ઉકેલ અને આત્મસાક્ષાત્કાર બન્ને સાથે શકય છે કે એક ને પામવા બીજાને છોડવું પડે? બીજું, અન્યાય અને અનિષ્ટ હોય તેને સહન કરવાં, કે તેનો પ્રતિકાર કરવો, રણ છોડી દેવું કે રણમાં રહી લડવું? તેમ કરતા આત્મ-સાક્ષાત્કાર શકય છે કે સંસારમાં ડૂબી જવાય છે?

આ ગહન પ્રશ્નોની ચર્ચા કરવાનો અહીં અવકાશ નથી. વિનોબાજીએ અનેક વખત કહ્યું છે કે તેઓ સત્યાગ્રહી કરતાં સત્યગ્રાહી છે. સંઘર્ષ કરતાં સમન્વયને આવકારે છે. તોડવા કરતાં જોડવાનું પસંદ કરે છે. ભગવાન મહાવીર અને સંત પુરુષોની મોટે ભાગે આ ભૂમિકા રહી છે. મહાવીરનો અનેકાન્તવાદ, અહિંસા, સંયમ આ ભૂમિકા છે. ક્રાઈસ્ટની લગભગ આ ભૂમિકા છે. Resist not evil એક ગાલે તમાચો મારે તો બીજો ધરજે. કોટ લઈ જાય તો ખમીસ પણ આપી દેજે. સંસારની સમસ્યાઓનું રણ છોડી દેવું? અનાસકત કર્મયોગની ભૂમિકા રણ છોડવાની નથી. ગાંધી ને વિનોબા બન્ને ગીતાભકત છે, બન્નેએ ગીતામાંથી પ્રેરણા મેળવી છે. અનાસકત કર્મયોગ જ્ઞાન અને સંન્યાસનો સમન્વય છે. અનાસકત કર્મયોગ શકય છે? સંસારની સમસ્યાઓના ઉકેલમાં પડેલ ખરેખર અનાસકત થઈ શકે? તેમ કરતાં રાગ, દ્વેષ અને કષાયમુકત થઈ શકાય? ગાંધીએ એ પ્રયોગ કરવા પ્રયત્ન કર્યો. પારમાર્થિક કાર્યો અને આત્મસાક્ષાત્કાર સહયોગી છે કે વિરોધી છે? ગાંધીજી સાધન-શુદ્ધિનો આગ્રહ રાખતા. સાધ્ય કરતાં પણ સાધનશુદ્ધિને વધારે મહત્ત્વ આપતા. અજાણપણે પણ સાધનશુદ્ધિ પ્રત્યે દુર્લક્ષ અને ગમે તે રીતે પરિણામ પ્રાપ્ત કરવા ઉપર લક્ષ ચોંટે.

હું એમ માનું છું કે દરેકની ભૂમિકા જુદી હોય છે. કારણકે દરેકની પ્રકૃતિ જુદી છે. અંતરજાગૃતિ હોય તો ઠોકર ખાતાં પણ ઉન્માર્ગે ન જાય. ક્રમિક વિકાસ માટે સદા અન્તરમુખ રહી, આત્મ-નિરીક્ષણ કરતાં રહેવું. અંતે એવી ભૂમિકા ઉપર કદાચ પહોંચાય કે જ્યારે બધી ઉપાધિ તજી દેવાની વૃત્તિ થાય. વિનોબાજી કદાચ એ ભૂમિકાએ પહોંચ્યા છે. તેમની ભૂમિકા હંમેશા આધ્યાત્મિક રહી છે.

ભૂદાન - ગ્રામદાન અને બીજા રચનાત્મક કાર્યો આ ભૂમકા ઉપર કર્યા છે. સર્વ સેવા સંઘને આ ભૂમિકા ઉપર રચ્યો છે. જય-પ્રકાશ તેમાં જોડાયા ત્યારે તેમને આ ભૂમિકા સ્વીકાર્ય છે એમ માની લીધું. જયપ્રકાશ રાજકારણના જીવ છે. પોતે બીજો માર્ગ લીધો, અથવા પોતાના મૂળ માર્ગે આવ્યા, તે સાથે સર્વ સેવા સંઘના અન્ય આગેવાનો પણ ખેંચાયા.

પારમાર્થિક કાર્ય અને આત્મસાક્ષાત્કાર વચ્ચે વિરોધ ન થાય, જો પૂરી તકેદારી અને વિવેક જળવાય તો. દેખીતી રીતે પારમાર્થિક હોય એવા કાર્યમાં પણ જો રાગદ્વેષ રહે અથવા વધે તો તે સાચું પારમાર્થિક કાર્ય નથી. રાજકારણમાં આવું વિશેષ બને છે. શુદ્ધ સેવાના કાર્યોમાં એટલું વિઘ્ન ન આવે. એવા કાર્યોમાં પણ મમતા અને મોહ બંધાય તો આધ્યાત્મિક પ્રગતિને રુંધે. દેખીતી રીતે અપરિગ્રહી રહે અને સત્તાસ્થાનની ઈચ્છા ન કરે તેથી જ માત્ર રાગદ્વેષથી મુકત થવાતું નથી. લંગોટીમાં પણ માયા ભરાય છે.

વિનોબાના મૌનથી ઘણા વિચારો આવે છે. તેને વિવાદનો વિષય બનાવવા કરતાં કાંઈક ચિન્તન થાય તે સારું છે.

૧૦–૧–૭૫. ચીમનલાલ ચકુભાઈ

# શ્રી લલિતનારાયણ મિશ્રનું મૃત્યુ

શ્રી મિશ્રાનું મૃત્યુ જે કરુણ સંજોગોમાં થયું તે આઘાત-જનક છે. શ્રી. મિશ્રા ઘણાં વિવાદાસ્પદ વ્યકિત હતા. પાર્લામેન્ટની છેલ્લી બેઠકમાં તેમની સામે વંટોળ જાગ્યો હતો. તેથી તેમના મૃત્યુના પ્રત્યાઘાતો પણ વ્યાપક અને ઘેરા પડયા છે. આ મૃત્યુ સંબંધે આક્ષેપો અને પ્રતિ–આક્ષેપોની ઝડી વરસે છે. તેમાં એમ લાગે કે આપણે બધી સાનભૂઝ ગુમાવી બેઠા છીએ. તે અંગે થતાં બધા નિવેદનો રાજકીય હેતુથી થાય છે એમ લાગે. જાણે કોઈને સત્ય જાણવાની પડી નથી. ઈન્દિરા ગાંધી, કોંગ્રેસ પ્રમુખ, શાસક પક્ષના અન્ય આગેવાનો, ડાંગે અને સામ્યવાદી બધા, દોષનો ટોપલો જય-પ્રકાશના આંદોલન ઉપર ઢોળે છે. જયપ્રકાશ, જનસંઘના આગે-વાનો, શાસક પક્ષના વિરોધીઓ દોષનો ટોપલો ઈન્દિરા ગાંધી ઉપર ઢોળે છે. પરસ્પરના આક્ષેપોમાં વિવેક અને મર્યાદા કોઈ પક્ષે રહ્યાં નથી. No holds are barred આ આક્ષેપો આધાર વિનાના છે અને પૂર્વગ્રહોનું પરિણામ છે અથવા પરિસ્થિતિનો રાજકીય લાભ ઉઠાવવાના હેતુથી એકબીજા પ્રત્યે થાય છે.

દુર્ભાગ્યે દેશના વાતાવરણમાં એટલી બધી ઉત્તેજના ભરી છે કે ગમે તેને વિશે ગમે તેવું માનવા આપણે તૈયાર થઈ ગયા છીયે.

ઈન્દિરા ગાંધી પણ આ પરિસ્થિતિ માટે કેટલેક અંશે જવાબ-દાર છે. એમણે ઉશ્કેરાટભર્યું જે પ્રવચન કર્યું, તેમનું પોતાનું ખૂન થવાનું છે એમ કહી જયપ્રકાશના આંદોલનને સર્વથા નીચી કક્ષાએ મૂકવાનો પ્રયત્ન કર્યો તેમાં વડા પ્રધાન તરીકે તેમની શોભા નથી. જયપ્રકાશનું નિવેદન, મિશ્રા અમારું નિશાન ન હતા– આ ગેરસમજણ ઊભી કરવામાં કારણભૂત બન્યું છે. હું સમજું છું ત્યાં સુધી જયપ્રકાશનો આશય એ હતો કે મિશ્રા સામે એમની એવી કોઈ ફરિયાદ ન હતી કે તેનું ખૂન કરવાનો વિચાર પણ થાય. તેમની કહેવાની મતલબ એમ ન હતી કે તેમનું નિશાન –ખૂન માટે–ઈન્દિરા ગાંધી છે. ઈન્દિરા ગાંધી જરૂર એમનું નિશાન છે–આ લડત ઈન્દિરા ગાંધી સામે છે. તેમને સત્તા ઉપરથી હટાવવા માટે છે, પણ તેમાં હિંસાની કોઈ કલ્પના નથી. દુર્ભાગ્યે કોંગ્રેસ પ્રમુખ બરુઆએ સીધી રીતે અને ઈન્દિરા ગાંધીએ આડકતરી રીતે, જયપ્રકાશના આ નિવેદનનો અનર્થ કર્યો.

ઈન્દિરા ગાંધીએ એટલું ઉશ્કેરાટભર્યું ભાષણ કર્યું તેનું એક કારણ એમ લાગે છે કે મિશ્રાના ખૂનનો લાભ લઈ જયપ્રકાશના આંદોલનને દાબી દેવા સખત પગલાં લેવા અને તેના બચાવ તરીકે પોતાનું ખૂન થવાનું છે એવું બહાનું આપી, તે માટે ભૂમિકા તૈયાર કરવી. ઈન્દિરા ગાંધી આવું કાંઈ પણ કરશે તો મોટી ભૂલ ખાશે. દમનથી આંદોલન દબાવાને બદલે તેને જોર મળે છે. ઈતિહાસ તેની સાક્ષી પૂરે છે, પણ સત્તાવાળાઓ બધા આંધળા હોય છે.

મિશ્રાના ખૂનને આવો કોઈ રાજકીય ઓપ ચડાવવાની જરૂર નથી. વધારે સંભવ એ લાગે છે કે ઉશ્કેરાયેલા કોઈ રેલવે કર્મચારી-ઓનું આ કૃત્ય હોય. રેલવે હડતાળને ભારે હાથે દાબી દીધી એટલું જ નહિ પણ ત્યાર પછી જે ઉદારતાથી કાર્ય લેવું જોઈતું હતું તે ન લીધું અને તેને બદલે વધારે દમનકારી પગલાં લીધાં જેને પરિણામે સંખ્યાબંધ રેલવે કર્મચારીઓ બેહાલ બન્યા. રેલવે મંત્રી તરીકે મિશ્રાની તેમાં જવાબદારી હતી તેથી ઉશ્કેરાયેલ કેટલીક વ્યકિતઓએ આ પગલું લીધું હોય તેમ માનવાને વધારે કારણ છે. મિશ્રા કોઈ એવી મહાન વ્યકિત ન હતા કે જેમના ખૂનથી રાજકીય ક્રાંતિ કે પલટો થઈ જાય. આ ખૂનને વધારેપડતું રાજકીય મહત્ત્વ આપી પ્રજાને ભરમાવવાની જરૂર નથી. રાજકીય ખૂનોની કોઈ પરંપરા શરૂ થઈ જશે એવું માની લેવાની જરૂર નથી. દેશના વાતાવરણમાં અને પ્રજા-માનસમાં હિંસા અને ઉત્તેજનાના બીજ જે વાવે છે તે પ્રજાની કુસેવા કરે છે અને તેનું પરિણામ સૌએ ભોગવવું પડશે. ઈન્દિરા

ગાંધી હોય કે જયપ્રકાશ હોય, વિચાર અને વાણીમાં ઉત્તેજના કરે તેવું કોઈ પણ પગલું, અંતે હિંસામાં જ પરિણમે. મિશ્રાના ખૂનથી આપણે એટલી ચેતવણી લઈએ તો મિશ્રાનો ભોગ લેવાયો તે અનિષ્ટ—માંથી કાંઈક ઈષ્ટ પરિણામ આવે. પણ તે ખૂનને નિમિત્ત બનાવી ઉત્તેજના ચાલુ રાખીશું તો પરિણામ ઘણું બુરું આવશે.

આ રાજકીય ખૂન નથી. હતાશામાંથી જન્મેલ પગલું છે. તેને મોટું સ્વરૂપ આપવાની જરૂર નથી. વધારે ઝેર ફેલાવવાની જરૂર નથી. અત્યંત ખેદ થાય છે કે દેશના આગેવાનો રાજકીય ખેંચાતાણીમાં તરણાને પકડી લાભ ઉઠાવવા પ્રયત્ન કરે છે.

૯-૧-'૭૫ ચીમનલાલ ચકુભાઈ

# ☆ પ્રકીર્ણ નોંધ ☆

## વિયેટનામ

વિયેટનામ યુદ્ધમાંથી આમેરિકા, લાજ અને લુગડા મૂકી માંડ છૂટું થયું. સમાધાન અને યુદ્ધવિરામ થયો ત્યારે એવી માન્યતા હતી કે જો સમાધાનના કરારની શરતોનું યથાર્થ રીતે પાલન થાય તો કાયમી શાન્તિ થાય, નહિતો યુદ્ધ ચાલુ રહેશે. સમાધાનની શરતો અનુસાર દક્ષિણ વિયેટનામમાં ચૂંટણી થવાની હતી અને ત્રિપક્ષી સરકારની રચના કરવાની હતી, પણ તે બન્યું નથી. પ્રેસિડન્ટ થીઉ અને ઉત્તર વિયેટનામની સરકાર કોઈએ સમાધાનનો અમલ કરવા પ્રમાણિક પ્રયત્ન કર્યો નથી. કેટલાક મહિના પ્રમાણમાં શાન્તિ રહી, પણ ત્યાર પછી બન્ને પક્ષે લડત ચાલુ રહી છે પણ તે મર્યાદિત હતી. છેલ્લા ૧૫ દિવસમાં વિયેટકોંગ અને ઉત્તર વિયેટનામના દળોએ મોટું આક્રમણ કરી એક મુખ્ય શહેરનો કબજો લીધો છે અને દક્ષિણ વિયેટનામના સૈન્યોને પીછેહઠ કરવી પડી છે. અમેરિકાનું સૈન્ય પાછું ખેંચી લેવાયું અને આર્થિક તેમ જ શસ્ત્ર સહાય ઓછી થતાં, દક્ષિણ વિયેટનામના લશ્કરની સ્થિતિ ઘણી કફોડી થઈ છે. આર્થિક અને શસ્ત્રની મોટી સહાય ન મળે તો દક્ષિણ વિયેટનામને ટકવું મુશ્કેલ છે. પ્રેસિડન્ટ થીઉના તંત્ર સામે તીવ્ર અસંતોષ અને વિરોધ છે. પ્રેસિડન્ટ થીઉને ઘણાં દમનકારી પગલાં લેવા પડ્યા છે. ઉત્તર વિયેટનામને ચીન અને રશિયાની આર્થિક અને શસ્ત્ર સહાય ચાલુ છે. ઉત્તર વિયેટનામની સરકારને ત્યાંની પ્રજાનો પૂરો સાથ છે. અમેરિકન કોંગ્રેસ અને અમેરિકન પ્રજા, દક્ષિણ વિયેટનામમાં ફરી સંડોવાવા તૈયાર નથી. પણ પ્રેસિડન્ટ ફોર્ડ અને કિસિન્જર વધારે સહાય આપવા તૈયાર થયા હોય તેવા અહેવાલો મળે છે.

ઉત્તર અને દક્ષિણ વિયેટનામની પ્રજા ૨૫ વર્ષથી અસહ્ય યાતનાઓ ભોગવતી આવી છે. મહાસત્તાઓએ પોતાના સ્વાર્થે દખલગીરી ન કરી હોત તો એક અથવા બીજી રીતે વિયેટનામની પ્રજાએ પોતાનો આખરી ફેંસલો કરી લીધો હોત. ચીન અને રશિયા સાથેની નીતિ અમેરિકાએ બદલાવી, પછી વિયેટનામમાં દરમિયાનગીરી કરવાનું અમેરિકાને કોઈ કારણ રહેતું નથી. દક્ષિણ—પૂર્વ એશિયાની પ્રજાને પોતાનું ભાવિ નક્કી કરવા દેવું જોઈએ. પ્રેસિડન્ટ થીઉને સત્તા ઉપર ટકાવી રાખવા તે દક્ષિણ વિયેટનામની પ્રજાનો ઘોર અન્યાય છે. કેમ્બોડીઆ, લાઓસ, વિયેટનામ, દરેક રાજ્યમાં મહાસત્તાઓએ આ પ્રજાની, પોતાના સ્વાર્થે ખાનાખરાબી કરી છે. એ દેશોની પ્રજાને સામ્યવાદી થવું હોય તો પણ તે નિર્ણય કરવાનો તે પ્રજાનો જ અધિકાર છે.

## આરબ રાજ્યો, અમેરિકા અને પશ્ચિમના દેશો

આરબ રાજ્યોએ તૈલાસ્ત્ર અજમાવ્યું ત્યારથી પશ્ચિમના દેશો અને અમેરિકામાં ઔદ્યોગિક અને આર્થિક કટોકટી પેદા થઈ છે. આરબ રાજ્યોએ આ બાબતમાં આશ્ચર્યજનક એકતા સાધી છે. અમેરિકા અને પશ્ચિમના દેશો આ આક્રમણનો સામનો કરવા એક થઈ શક્યા નથી. દરેક પોતાના સ્વાર્થ પ્રમાણે વર્તે છે. આરબ રાજ્યોનો ઈરાદો ઈઝરાઈલને નમાવવાનો અને અમેરિકા તરફથી તેને મળતી સહાય રોકવાનો છે. હવે એવી વાત આવે છે કે આરબ રાજ્યોની આ નીતિ ચાલુ રહેશે તો અમેરિકા બળજબરીથી તેલ વિસ્તારોનો કબજો લેશે. કિસિન્જરે એક અખબારી મુલાકાતમાં એમ કહ્યું કે આ અંતિમ પગલું હશે અને ખરેખર ગુંગળાવનારી સ્થિતિ ન થાય ત્યાં સુધી આવું કોઈ પગલું લેવાશે નહિ. પ્રેસિડન્ટ ફોર્ડે આ વિધાનનું સમર્થન કર્યું છે. ખરેખર ગૂંગળાવનારી સ્થિતિ—Actual Strangulation—કોને કહેવી એ તો તેમણે જ નક્કી કરવાનું રહે. આવું કોઈ પગલું લેવાય તો સંભવ છે કે આરબ રાજ્યો તેલક્ષેત્રોને ઉડાડી દેવાની વિનાશક નીતિ આદરે.

એ ખરું છે કે આરબ રાજ્યોએ ચાર - છ ગણાં ભાવ કરી દુનિયા સામે પિસ્તોલ ધરી છે. પોતાની ખનીજ સંપત્તિનો કેટલો લાભ ઉઠાવવો તે દરેક રાજ્યને નક્કી કરવાનો અધિકાર છે. આંતરરાષ્ટ્રીય સહકાર જ તેનો માર્ગ છે. વિકસીત અને સમૃદ્ધ દેશો પોતાના ઉત્પાદન અઢળક નફાથી વેચી અણવિકસીત અને વિકસતા દેશોને ગુંગળાવે અને લૂંટે તો ખનીજ સંપત્તિ અને કાચો માલ જેની પાસે હોય તેવા દેશોને આર્થિક લાભ ઉઠાવવાનો અધિકાર છે. અમેરિકા અથવા પશ્ચિમના દેશોને ન પોસાતું હોય તો તેલનો ઉપયોગ ઓછો કરે અથવા અન્ય પદાર્થો શોધે પણ બીજા દેશ ઉપર આક્રમણ કરવાનો કોઈ અધિકાર નથી. સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદમાંથી એશિયા આફ્રિકાના દેશો મુક્ત થયા છે. હવે આર્થિક સામ્રાજ્યવાદમાંથી પણ મુક્તિ મેળવવી રહી. આરબ રાજ્યોએ પણ, અણવિકસીત અને વિકસતા દેશો પ્રત્યેની પોતાની નીતિ બદલવી જોઈએ અને એવા રાજ્યોને લૂંટવા ન જોઈએ. તેલની કટોકટીથી દુનિયાની સંપત્તિમાં મોટું પરિવર્તન થઈ રહ્યું છે. શાન્તિમય માર્ગે તેનો ઉકેલ શોધવો જોઈએ. આપણા દેશને પણ આરબ રાજ્યોની આ નીતિ ભારે પડે છે, છતાં અમેરિકા આક્રમણ કરી બળજબરીથી તેલ વિસ્તારોનો કબજો લે તેનો વિરોધ કરવો રહ્યો. તેમ થાય તો અતિ સ્ફોટક સ્થિતિ સર્જાય.

## આપણાં વિદેશ સંબંધો

છેલ્લા કેટલાંક મહિનાઓમાં આપણા વિદેશ સંબંધોમાં આવકારદાયક ફેરફારો થયા છે.

આપણાં નજીકના પડોશીઓમાં સિક્કિમને અંતર્ગત કર્યા પછી, ભૂતાન સાથેના સંબંધો સુધાર્યા અને નેપાલ સાથે સુધારવા પ્રયત્નો થયા છે. લંકા સાથેના સંબંધો સુધર્યા છે. પાકિસ્તાનમાં, પ્રમુખ ભૂટ્ટોનું વલણ હજી સહાયભૂત નથી. બંગલા દેશમાં એક વર્ગ તરફથી ભારત વિરોધી વાતાવરણ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે પણ શેખ મુજીબુર રહેમાન છે ત્યાં સુધી બન્ને દેશોના સંબંધો એકંદરે સારા રહેશે. ઈરાન સાથે મૈત્રીભર્યા સંબંધો થયા તે એક સિદ્ધિ છે. તેને કારણે પાકિસ્તાન તરફનો ભય ઓછો થાય છે અને તે આર્થિક રીતે સહાયભૂત થશે. ઈઝરાઈલને અન્યાય કરીને પણ આરબ રાજ્યો સાથે આપણે સારા સંબંધો રાખવા સતત પ્રયાસ કર્યો છે. છતાં આરબ રાજ્યો તરફથી જોઈએ તેવો સહકાર મળ્યો નથી. પણ તે દિશામાં આપણા પ્રયત્નો સતત ચાલુ છે. પોર્ટુગલમાં સત્તાપલ્ટો થતાં, પોર્ટુગલે વાસ્તવિકતા સ્વીકારી છે. અમેરિકા સાથે સંબંધો વણસ્યા હતા તે સુધારવા સતત પ્રયત્નો છતાં તેમાં સફળતા મળી છે એમ ન કહેવાય. બન્ને પક્ષે અણવિશ્વાસ અને કાંઈક માન અને ગૌરવનો પ્રશ્ન રહે છે. આપણા દેશમાં પણ અમેરિકા અને રશિયા સાથે કેવાં સંબંધો રાખવા તે વિષે અમુક વર્ગોમાં દઢ પૂર્વગ્રહો છે અને પરિણામે તીવ્ર મતભેદ છે. ચીનનું વલણ રહસ્યમય રહ્યું છે. આપણી આસપાસ બીજા નાના રાજ્યો, મોરિસિયસ, માલદેવ ટાપુઓ, કુવૈત, દુબઈ વગેરે આરબ શેખો, આફ્રિકાના કેટલાક દેશો વગેરે સાથે પણ સંબંધો સુધરતા રહ્યા છે. એકંદરે વિદેશનીતિમાં ઠીક સફળતા મળી છે એમ લાગે છે.

૧૩-૧-૭૫

## શ્રી દીપચંદ સંઘવીનું અવસાન

શ્રી દીપચંદભાઈ લક્ષ્મીચંદનું તા. ૯-૧-૭૫ ને દિને અવસાન થયું તેથી અત્યંત ખેદ થાય છે. દીપચંદભાઈ મુંબઈ જૈન યુવક સંઘ સાથે વર્ષોથી ગાઢ રીતે સંકળાયેલ હતા અને તેની બધી પ્રવૃત્તિ—ઓમાં રસપૂર્વક ભાગ લેતા—તેવી જ રીતે સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ પ્રત્યે તેમને ઊંડી મમતા હતી. તેમની સાથે મારે વર્ષોથી પરિચય હતો. તેઓ નિખાલસ અને ઉદાર હતા. પોતે બધાં સારાં કામમાં દાન આપતા એટલું જ નહિ પણ બીજાઓ પાસેથી મેળવી આપતા. જૈન યુવક સંઘ અને સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહને તેમની આર્થિક સહાય સદા રહેતી. તેમનાં કુટુમ્બીજનો પ્રત્યે આપણા સૌની હમદર્દી છે. પરમાત્મા તેમના આત્માને ચિરશાન્તિ અર્પે એવી પ્રાર્થના છે.

ચીમનલાલ ચકુભાઈ

# ☆ સમણ સુત્તમ ☆

[ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ વર્ષ દરમિયાન ઘણાં ઉપયોગી કાર્યો થયા છે અને થઈ રહ્યા છે. પણ મારા નમ્ર મત મુજબ સૌથી શ્રેષ્ઠ કાર્ય, સર્વમાન્ય એવું જૈન ધર્મસાર પુસ્તક, પૂજ્ય વિનોબાજીની પ્રેરણાથી તૈયાર થયુ, તે છે. દરેક ધર્મને એવું એક પુસ્તક હોય છે જેમાં તે ધર્મનો સાર છે એમ કહેવાય. બાઈબલ, ગીતા, કુરાન, ધમ્મપદ વિગેરે એવા ગ્રન્થો છે. જૈન ધર્મનું એવું કોઈ પુસ્તક નથી. વર્ષોથી આવા પુસ્તકની બહુ માંગ રહી છે, પણ આપણે તૈયાર કરી ન શકયા. જૈનોમાં માન્યતાઓના મતભેદ છે તે કારણે પણ આવું સર્વમાન્ય પુસ્તક તૈયાર થઈ શકતું ન હતું. શ્વેતામ્બરો આગમોને ભગવાનની વાણી માને છે. દીગમ્બરો તે સ્વીકારતા નથી. કોઈ પણ પુસ્તક તૈયાર થાય તેમાં, માન્યતાભેદને કારણે સર્વમાન્ય થતું ન હતું.

પૂ. વિનોબાજીને જૈન ધર્મ અને ભગવાન મહાવીર પ્રત્યે અત્યંત આદર છે. તેમણે પોતે બાઈબલ – સાર, કુરાન–સાર, ભાગવત–સાર, જપજી, ધમ્મપદ વિગેરે ગ્રન્થો, દરેક ધર્મનો સાર આપતા, પ્રકટ કર્યા છે. જૈન ધર્મનું એવું કોઈ પુસ્તક નથી તે વાતની તેમને ચોંટ હતી. છેવટ તેમની પ્રેરણાથી એવું પુસ્તક તૈયાર થયું છે એ આપણું પરમ સદ્‌ભાગ્ય છે.

સૌ પ્રથમ, જિનેન્દ્રવર્ણીજીએ એવો એક ગ્રન્થ તૈયાર કર્યો. તેની હજાર નકલ છપાવી, બધા સંપ્રદાયના વિદ્વાન મુનિઓ, આચાર્યો અને અન્ય વિદ્વાનોને અભિપ્રાય અને સૂચના માટે, નકલો મોકલાવી, શ્રી રાધાકૃષ્ણ બજાજે કેટલાય મહિનાથી આ કામ માટે અથાગ પરિશ્રમ લીધો છે. ઘણા મુનિઓ, આચાર્યો અને વિદ્વાનોને મળ્યા અને તેમના સૂચનો અને અભિપ્રાયો મેળવ્યા. તેને પરિણામે સંશોધન, સમીક્ષા, અને પરામર્શ થયા. અને વર્ણીજીએ તૈયાર કરેલ ગ્રંથમાં ઘણાં ફેરફારો કર્યા.

ગ્રન્થનું નામ, પણ જૈન ધર્મ સાર ને બદલે 'જિણધમ્મં' એવું રાખ્યું.

પછી આ ગ્રન્થને અંતિમ સ્વરૂપ આપવા, નવેમ્બર મહિનામાં દિલ્હીમાં એક સંગીતિ (પરિષદ્) ભરી જેમાં વિદ્વાન મુનિઓ, આચાર્યો અને અન્ય વિદ્વાનો, લગભગ ૩૦૦ની સંખ્યામાં હાજર હતા. આચાર્ય તુલસી, મુનિ નથમલજી, વિદ્યાનંદજી, જનકવિજયજી, સુશીલકુમાર, [વર્ણીજી અને અન્ય વિદ્વાનોએ ત્રણ દિવસ ચર્ચા કરી. તેને પરિણામે, ગ્રન્થમાં બીજા ઘણા ફેરફારો થયા અને તેનું નામ પણ બદલાયું અને સમણસુત્તમ્ – શ્રમણ સૂકતમ્ એવું નામ રાખ્યું. પુરા સંશોધન અને વિચાર વિમર્શ પછી તૈયાર કરેલ આખરી પ્રત બધા મુનિઓએ સર્વસંમત] સ્વીકારી, પૂજ્ય વિનોબાજીને મોકલાવી. વિનોબાજી બે દિવસ બારીકાઈથી જોઈ ગયા અને પોતાની પ્રસન્નતા જાહેર કરી.

ગ્રન્થમાં ૭૫૬ ગાથાઓ છે. ચાર ખંડ છે:–૧ જ્યોતિ કી ઔર, ૨. મોક્ષ માર્ગ; ૩. તત્ત્વદર્શન, ૪. સ્યાદ્વાદ.

દરેક ગાથા મૂળ પ્રાકૃતમાં અને તેની સંસ્કૃત છાયા એક તરફ અને સામે પાને તેનો હિન્દી અનુવાદ આપવામાં આવશે. ગ્રન્થના લગભગ ૩૫૦ પૃષ્ટ થશે.

મહાવીર જયન્તીને દિન ગ્રન્થનું પ્રકાશન અને ઉદ્‌ઘાટન દેશનાં મુખ્ય શહેરોમાં થશે.

ગ્રન્થનો અનુવાદ દેશની અન્ય ભાષાઓમાં અને અંગ્રેજીમાં કરવામાં આવશે. ગુજરાતી અને મરાઠી તાત્કાલિક પ્રકટ કરવા ઈરાદો છે. ગ્રન્થની કીમત રૂપિયા પંદર રહેશે. કાચા પૂંઠાથી કીંમત દસ રૂપિયા – વધારે નકલો લેનારને ઓછી કીંમતે મળશે. અગાઉથી વધારે નકલો લેનારને ઓછી કીંમતે મળશે અગાઉથી ગ્રાહક થાય તેને ઓછી કીંમતે મળશે. અત્યારે દસ હજાર નકલો છપાશે. હું આશા રાખું છું કે 'પ્રબુદ્ધજીવન'ના વાચકો તાત્કાલિક ગ્રાહક થશે.

અંતિમ પ્રત જોયા પછી પૂજ્ય વિનોબાજી અતિ પ્રસન્ન થયા અને પોતે એક વર્ષનું મૌન આદર્યું તે દિવસે આશીર્વચન કહ્યાં તે અહીં આપું છું:

૧૦–૧–૭૫ **ચીમનલાલ ચકુભાઈ**

મારા જીવનમાં મને અનેક સમાધાન પ્રાપ્ત થયાં છે. એમાં આખરી અંતિમ સમાધાન, જે કદાચ સર્વોત્તમ સમાધાન છે, આ વર્ષે પ્રાપ્ત થયું. મેં કેટલીયે વખત જૈનોને વિનંતિ કરી હતી કે, જેમ વૈદિક ધર્મનો સાર ગીતામાં સાતસો શ્લોકોમાં મળી ગયો છે, બૌદ્ધોનો ધમ્મપદમાં મળી ગયો છે. જેના કારણે અઢી હજાર વર્ષ પછી પણ બુદ્ધનો ધર્મ લોકો જાણી શકે છે, એવુંજ જૈનોનું પણ હોવું જોઈએ. આ જૈનો માટે મુશ્કેલ વાત હતી, એટલા માટે કે એમના અનેક પંથ છે. અને ગ્રંથ પણ અનેક છે. જેવા બાઈબલ છે કે કુરાન છે, ગમે તેટલું મોટું હોય પણ એક જ છે. પરંતુ જૈનોમાં શ્વેતામ્બર અને દિગમ્બર એ બે છે, એ સિવાય તેરાપંથી, સ્થાનકવાસી એવા ચાર મુખ્ય પંથ તથા બીજા પણ પંથ છે. અને ગ્રંથ તો વીસ - પચીસ છે. હું વારંવાર એમને કહેતો રહ્યો કે આપ બધા લોકો, મુનિઓ સાથે મળીને ચર્ચા કરો અને જૈનોનો એક ઉત્તમ, સર્વમાન્ય ધર્મસાર રજૂ કરો. આખરે વર્ણીજી નામનો એક 'બેવકૂફ' નીકળ્યો અને બાબાની વાત એને ગમી ગઈ. તેઓ અધ્યયનશીલ છે, એમણે ઘણી મહેનત કરી જૈન પરિભાષાનો એક શબ્દકોશ પણ લખ્યો છે. એમણે 'જૈનધર્મ સાર' નામનું એક પુસ્તક પ્રગટ કર્યુ એની હજાર નકલો કાઢી અને જૈન સમાજમાં વિદ્વાનોને અને જૈન સમાજની બહારના વિદ્વાનોને પણ મોકલ્યું. વિદ્વાનોના સૂચનો પરથી કેટલીક ગાથાઓ દૂર કરવી, કેટલીક ઉમેરવી, એ બધું કરીને 'જિણધમ્મં' પુસ્તક પ્રગટ કર્યુ. પછી એના પર ચર્ચા કરવા માટે બાબાના આગ્રહથી એક સંગીતિ બની જેમાં મુનિઓ, આચાર્યો અને બીજા વિદ્વાન, શ્રાવકો મળીને લગભગ ત્રણસો લોકો એકત્ર થયા. સારી એવી ચર્ચા કર્યા પછી એનું નામ પણ બદલ્યું, રૂપ પણ બદલ્યું, આખરે સર્વાનુમતે 'શ્રામણ સુકતમ્' – જેને અર્ધ માગધીમાં 'સમણ સુત્તં' કહે છે, બન્યુ. એમાં ૭૬૫ ગાથાઓ છે. ૭નો આંકડો જૈનોને બહુ પ્રિય છે. ૭ને ૧૦૮નો ગુણકાર કરો તો ૭૫૬ થાય છે. સર્વ સંમતિથી આટલી ગાથાઓ લીધી અને નક્કી કર્યું કે ચૈત્ર શુદ ૧૩ના વર્ધમાન જયંતી આવશે, જે આ વર્ષે ૨૪ એપ્રિલે આવે છે, એ દિવસે આ ગ્રંથ અત્યંત શુદ્ધ રીતે પ્રગટ કરવામાં આવશે. જયંતીના દિવસે જૈન ધર્મસાર, જેનું નામ 'સમણસુત્તં' છે. આખાય ભારતમાં ઉપલબ્ધ થશે. અને ભવિષ્યમાં જ્યાં સુધી જૈન ધર્મ મોજુદ છે ત્યાં સુધી સમસ્ત જૈનો અને બીજા ધર્મના લોકો પણ, જ્યાં સુધી એમના ધર્મ–વૈદિક, બુદ્ધ, વગેરે જીવંત રહેશે ત્યાં સુધી 'જૈન ધર્મ સાર' વાંચતા રહેશે. એક ઘણું મોટું કાર્ય થયું છે જે હજાર પંદરસો વર્ષથી થયું ન હતું. એનું નિમિત્ત માત્ર બાબા બન્યા, પરંતુ બાબાને પૂરો વિશ્વાસ છે કે આ ભગવાન મહાવીરની કૃપા છે.

હું કબુલ કરું છું કે મારા પર ગીતાની ભારે ઊંડી અસર છે. એ ગીતાને બાદ કરતાં, મહાવીરથી વધારે કોઈની અસર મારા ચિત્ત પર નથી. એનું કારણ એ છે કે, મહાવીરે જે આજ્ઞા આપી છે એ બાબાને પૂર્ણ માન્ય છે. આજ્ઞા એ છે કે સત્યગ્રાહી બનો. આજ જ્યાં જે ઉન્નત થયા એ સત્યાગ્રહી હોય છે. બાબાને પણ વ્યકિતગત સત્યાગ્રહી તરીકે ગાંધીજીએ રજૂ કર્યા હતા, પરંતુ બાબા જાણતા હતા કે એ કોણ છે, એ સત્યાગ્રહી નહિ સત્યગ્રાહી છે. પ્રત્યેક માનવી પાસે સત્યનો અંશ હોય છે એટલે માનવજન્મ સાર્થક થાય છે. તો બધા ધર્મોમાં, બધા પંથોમાં, બધા માનવોમાં સત્યનો જે અંશ છે, એને ગ્રહણ કરવો જોઈએ. આપણે સત્ય-આગ્રહી બનવું જોઈએ. આ જે ઉપદેશ છે ભગવાન મહાવીરનો, બાબા પર ગીતા પછી, એની અસર છે. ગીતા પછી કહ્યું, પરંતુ જ્યારે વિચારું છું, તો મને બંનેમાં તફાવત જ નથી દેખાતો.

**–વિનોબાજી**

# ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ

## ★ એક પત્ર ★

[છ વર્ષ પહેલાં ભારત જૈન મહામંડળે ભગવાન મહાવીરનો ૨૫૦૦મો નિર્વાણ મહોત્સવ કરવાનો નિર્ણય કર્યો. તે વખતે એટલી કલ્પના ન હતી કે દેશભરમાં અને વિદેશોમાં આટલા મોટા પાયા ઉપર આ ઉત્સવ ઉજવાશે. પ્રથમ, શ્રી કસ્તુરભાઈ લાલભાઈના પ્રમુખપદે મુંબઈમાં નિર્વાણ મહોત્સવ સમિતિની સ્થાપના કરી, ત્યાર બાદ સરકારને વિનંતિ કરી, રાષ્ટ્રીય સમિતિની રચના થઈ અને પછી દરેક રાજ્યમાં સમિતિઓ થઈ. કેન્દ્ર અને રાજ્ય સરકારોનો પૂરો સહયોગ રહ્યો છે. ગામે ગામના જૈન સંઘોએ ઉત્સાહપૂર્વક કામ ઉપાડી લીધું. દેશમાં, આસામ, નાગાલેન્ડ અને કાશ્મીરથી માંડી કન્યાકુમારી સુધી અને કલકત્તાથી કચ્છ સુધી અપૂર્વ જાગૃતિ સાથે ઉત્સવો થયા. ઘણું સાહિત્ય પ્રકટ થયું છે. ભગવાન મહાવીરના જીવન અને ઉપદેશ વિષે તેમ જ જૈન ધર્મ વિષે લોકભોગ્ય અને સંશોધનાત્મક સાહિત્ય અનેક સંસ્થાઓ અને વ્યકિતઓએ, બધી ભાષાઓમાં, પ્રકટ કર્યું છે. તે સાથે બહુજનકલ્યાણના ઘણાં કામો થયાં છે, જેની સાથે ભગવાન મહાવીરનું નામ જોડાયું છે. આ બધાની માહિતી આપતો 'જૈન જગત'નો વિશેષાંક ટુંક સમયમાં બહાર પડશે. આ કાર્ય હજી વર્ષભર ચાલવાનું છે.

તેના ઉદાહરણરૂપ એક પત્ર અહીં પ્રકટ થાય છે. પત્રના લેખિકા સુમતિબહેન શાહ સોલાપુરના અગ્રગણ્ય સામાજિક કાર્યકર છે. તેમની સેવાઓની કદર કરી સરકારે તેમને પદ્મશ્રીની પદવી આપી છે. સોલાપુરમાં શ્રાવિકાશ્રમ અને મહિલા વિદ્યાપીઠના અધ્યક્ષા છે, મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્ય હતાં.

છ વર્ષની મહેનત સફળ થઈ તેની હું કૃતાર્થતા અનુભવું છું.

—ચીમનલાલ]

સોલાપુર,

૩-૧-૧૯૭૫

શ્રી ચીમનલાલ ચકુભાઈ,
ભારત જૈન મહામંડળ,
મુંબઈ.

આપનું સ્વાસ્થ્ય સારું હશે. આપે મહાવીર નિર્વાણ મહોત્સવ-સમિતિની સ્થાપના કરી, તેથી સંપૂર્ણ ભારતમાં, પ્રાન્તિય, કેન્દ્રિય તથા જિલ્લા કક્ષાએ, બહુ વ્યવસ્થિત રૂપમાં કાર્ય થઈ રહ્યું છે. આપના આ પ્રયત્નથી લોકોમાં જાગ્રતિ, નવચેતના તથા ઉત્સાહ પેદા થયો છે. બીજા મતના લોકોને પણ મહાવીરના અસ્તિત્વનું કાંઈક જ્ઞાન થયું છે. મોટા ભાગના લોકો મહાવીર અને બુદ્ધમાં ભેદ કરતા ન હતા. હવે જાણ થઈ કે ભગવાન મહાવીર અને બુદ્ધ બે ભિન્ન ભિન્ન વ્યકિત છે. બન્ને ધર્મ અલગ છે. લોકો એને (જૈન ધર્મને) હિન્દુ ધર્મની એક શાખા માનતા હતા. આ માન્યતા નષ્ટ થઈ ગઈ છે. આ કાર્ય માટે જૈનસમાજ આપનો સદા ઋણી રહેશે.

દિલ્હીમાં સાધુ અને આચાર્યગણ એકત્રિત થયા તેનું સર્વશ્રેય આપને છે. આપના પ્રયત્નથી લોકોને જૈન સમાજના અસ્તિત્વનું જ્ઞાન થયું છે.

સોલાપુરમાં પણ કાર્ય સરસ રીતે ચાલી રહ્યું છે. આ બધા કાર્યની જવાબદારી જિલ્લા અધિકારી અને મારી ઉપર છે. તેથી હું અહીં ખૂબ કામમાં રહું છું. અહીં મરાઠી ભાષામાં 'પૂર્ણાર્ધ્ય' ગ્રન્થ છપાય છે. આ કામ ડૉ. એ. એન. ઉપાધ્યેના નિર્દેશનમાં થઈ રહ્યું છે. હું તેની સંપાદિકા છું. છાપવાનો શુભ આરંભ શ્રી વી. એસ. પાગે (વિધાન સભાના અધ્યક્ષ) ને હસ્તે થયો. મરાઠી ભાષાનો આ અનોખો ગ્રન્થ થશે. સોલાપુર જિલ્લા સમિતિ તરફથી સાંસ્કૃતિક કેન્દ્ર, આરોગ્ય કેન્દ્ર એવી અનેક યોજનાઓ બની રહી છે. સોલાપુરમાં બધું કામ ખૂબ ઉત્સાહથી અને વ્યવસ્થિત રીતે થઈ રહ્યું છે.

આપ સોલાપુર ક્યારે આવશો?

[હિન્દીનો અનુવાદ]

સુમતિબાઈ શાહ

# એક પ્રશ્નોત્તરી

[સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાત દ્વારા મેળવનાર: ચંપકલાલ મહેતા]

**(૧) 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે આપનું લક્ષ્ય જણાવશો?**

તંત્રીએ જાતને વફાદાર રહી પોતાને ખરું લાગે તે કશા ભય વિના લખવું જોઈએ ને ભૂલ લાગે તે સ્વીકારવી જોઈએ. વિચારધન હોય તો ભાષા આપમેળે પ્રકટે છે. હકીકતોમાં સાવચેતી રાખવી, અતિશયોકિત ત્યજી ભાષા પર સંયમ રાખવો એ તંત્રીનું સાચું લક્ષણ છે. એ રીતે તંત્રી તરીકે ગાંધીજી મારા આદર્શ છે.

**(૨) જૈન દર્શનની વ્યાપક વિશિષ્ટતા કઈ છે?**

અહિંસા, અનેકાન્ત અને અપરિગ્રહ એ એની વિશેષતા, સર્વ પ્રકારનો સંયમ એનો પાયો, તપ એનું સાધન, અને આંતરશુદ્ધિ તથા આત્મદર્શન એ એનું ધ્યેય છે. એ બુદ્ધિગમ્ય અને વાસ્તવવાદી છે. આત્મા પોતે પોતાનો મિત્ર ને શત્રુ છે. સ્વપુરુષાર્થથી મુકિત મળે છે. કીટકથી મનુષ્ય સુધીના સર્વજીવને સમાન ગણી તે પ્રત્યે વૈમનસ્ય છોડી મૈત્રીભાવ રાખવાનો સિદ્ધાંત તેમાં છે, ને એમાંથી અહિંસા, અપરિગ્રહ ને સંયમ પ્રકટે છે.

**(૩) આપણા રાષ્ટ્રની આર્થિક પરિસ્થિતિ કઈ રીતે સુધરે?**

હું અર્થશાસ્ત્રી તો નથી, પણ અર્થશાસ્ત્રીઓની મતિ મૂંઝાય ત્યાં સામાન્યજનની સાદી બુદ્ધિ કદાચ માર્ગ જોઈ શકે. કોઈ પણ ભોગે ધનપ્રાપ્તિની લાલસા એ અનિષ્ટનું મૂળ છે. જીવનની જરૂરિયાતોને અમર્યાદિત વધારવી ને ભોગોપભોગની તીવ્ર અભિલાષા એનું બીજું કારણ છે. વ્યવહારમાં સામાન્ય પ્રામાણિકતા આવશ્યક હોવી ઘટે. અર્થરચના વિકેન્દ્રિત રાખીને પરાવલંબન ત્યજવું. વસ્તીવધારો અને કામચોરી અટકાવવી.

**(૪) આપના સોલિસિટરના વ્યવસાયમાં કેવા ગુણો જોઈએ?**

કદી ખોટી સલાહ ન આપવી કે કંઈ ખોટું કરવા ઉત્તેજન ન આપવું. ખંતથી કામ કરવું અને વ્યવસાયના કામ સિવાય અસીલ સાથે બીજું કોઈ કામ ન પાડવું. વકાલતમાં પ્રામાણિકતા ન સચવાય એ માન્યતા ખોટી છે.

**(૫) જીવન અંગેનો આપનો દષ્ટિકોણ કેવો છે?**

જીવન એ અંદર-બહારનો એક સતત સંઘર્ષ છે. એમાંથી જ સાચી શાંતિ મળે છે. દુનિયાને સુધારવાની આકાંક્ષા રાખવાને બદલે જાતને સુધારવા મથવું. નિરાશ થયા વિના સન્માર્ગે પુરુષાર્થ જારી રાખવો.

**(૬) આપનું પ્રિય વાચન? જીવનઘડતરમાં કોઈનો મુખ્ય ફાળો?**

તત્ત્વજ્ઞાનના વાંચન પ્રત્યે મારી રુચિ રહી છે. પ્લેટો, ટોલ્સ્ટોય, ગાંધીજી, સ્વાઈત્ઝર વગેરેનું વાચન મને ગમે છે. મારા જીવનમાં અનેક વ્યકિતઓના વિચારોની અસર છે, પણ અંતિમ નિર્ણય મારો રહ્યો છે.

**(૭) જગતભરની ધર્મભાવનામાં થતી વિકૃતિ કેમ અટકાવાય?**

વર્તમાનમાં વિજ્ઞાને આપેલાં સાધનોથી પરિગ્રહ લાલસા ને ભોગાભિલાષા વધી છે, પણ માણસને તેથી થતી હાનિનું ભાન પણ થતું જાય છે. પરિગ્રહપરિમાણ ને સંયમ ધર્મનો પાયો છે. આચારવિચારમાં પૂર્ણ સમાનતા શકય નથી. વિચાર, વાણી ને વર્તનની એકતા ઘણો પુરુષાર્થ માગે છે. અહંકાર અને દંભ ત્યજી સાચી નમ્રતા કેળવવાથી એમાં સહાય થાય છે.

ચીમનલાલ ચકુભાઈ

['કુમાર' માસિક માંથી સાભાર]

# સંઘના આજીવન સભ્યો

સંઘના આજીવન સભ્યો વધારવા અંગેના કાર્યાલયના પ્રયત્નો સતત ચાલી રહ્યા છે અને એને સારી ગણી શકાય એવી સફળતા મળતી રહી છે, પરંતુ આના માટે સંઘના સભ્યો પણ દિલથી પ્રયત્ન કરે તો 'ઝાઝા હાથ રળિયામણાં' બને, અને એ કારણે ઘણા ટૂંકા સમયમાં આપણા લક્ષ્યાંકને પહોંચી શકાય. આ અમારી અપિલ સંઘના દરેક સભ્ય તેમ જ આજીવન સભ્યો ધ્યાન પર લે એવી અમારી આગ્રહભરી વિનંતી છે. આપણા ૫૦૦ ના લક્ષ્યાંકને પહોંચવા માટે હવે ફકત ૯૨ નામો જ ખૂટે છે.

તા. ૧-૧૦-૭૪ ના અંક સુધીમાં ૩૫૦ નામો પ્રગટ થઈ ગયાં છે. નવાં નામો નીચે પ્રમાણે છે.

૩૫૧ શ્રી રસિકલાલ રતિલાલ શ્રોફ
૩૫૨ શ્રી નવિનચંદ્ર કેશવલાલ કાપડિયા
૩૫૩ શ્રી પ્રાગજી વેલજી શાહ
૩૫૪ શ્રી આણંદજી ત્રિભોવન સંઘવી
૩૫૫ શ્રી દેવજી એ. પટેલ
૩૫૬ શ્રી બાબુભાઈ વી. મોદી
૩૫૭ શ્રી સરસ્વતીબેન રંગરાજ મહેતા
૩૫૮ શ્રી ફતેહલાલ મગનલાલ ઝવેરી
૩૫૯ શ્રી નરેન્દ્ર જમનાદાસ ઠક્કર
૩૬૦ શ્રી મહેન્દ્ર મણિલાલ શાહ
૩૬૧ શ્રી ભગવાનદાસ નાગરદાસ સંઘવી
૩૬૨ શ્રી આર. એન. ગોસલિયા
૩૬૩ શ્રી રતિલાલ મગનલાલ શાહ
૩૬૪ શ્રી રતનચંદ ચુનીલાલ ઝવેરી
૩૬૫ શ્રી નગીનદાસ એન. દોશી
૩૬૬ શ્રી કલ્યાણજી આસારીઆ
૩૬૭ શ્રી શશીકાંત કેશવલાલ
૩૬૮ શ્રી યોગેન શીવલાલ લાઠીઆ
૩૬૯ શ્રી જશવંતલાલ નાનાલાલ સંઘવી
૩૭૦ શ્રી ધીરજલાલ રતિલાલ શાહ
૩૭૧ શ્રી જયંતિલાલ ચીમનલાલ શાહ
૩૭૨ શ્રી લવણપ્રસાદ શાહ
૩૭૩ શ્રીમતી મંદાકીનિ જ. નાણાવટી
૩૭૪ શ્રી દાનાભાઈ ખીમજી પટેલ
૩૭૫ શ્રી અભેરાજ એચ. બલદોટા
૩૭૬ શ્રી સી. યુ. શાહ
૩૭૭ શ્રી મોહનલાલ ડી. શાહ
૩૭૮ શ્રી મુગટલાલ કેશવલાલ શાહ
૩૭૯ શ્રી ચંપકલાલ મણિલાલ અજમેરા
૩૮૦ શ્રી કાંતિલાલ મૂળચંદ ધીયા
૩૮૧ શ્રી રસિક યુ. અજમેરા
૩૮૨ શ્રી હસમુખલાલ ચીમનલાલ શાહ
૩૮૩ શ્રી અરવિંદભાઈ ચીમનલાલ શાહ
૩૮૪ શ્રી યશવંતભાઈ દાદભાવાલા
૩૮૫ શ્રી પોપટલાલ વી. સોલંકી
૩૮૬ શ્રી હસમુખભાઈ એસ. દોઢીવાલા
૩૮૭ શ્રી ધીરજલાલ મોહનલાલ શાહ
૩૮૮ શ્રી શરદચંદ્ર રસિકલાલ શેઠ
૩૮૯ શ્રી નવનીતલાલ ચીમનલાલ શેઠ
૩૯૦ શ્રી ભૂપેન્દ્ર કે. દોશી
૩૯૧ શ્રી પી. મૂળજી જૈન
૩૯૨ શ્રી મહેન્દ્ર કાંતિલાલ શાહ
૩૯૩ શ્રી વી. એલ. શાહ
૩૯૪ શ્રીમતી નિર્મળા લક્ષ્મીચંદ મેઘાણી
૩૯૫ શ્રી એમ. કે. નીસર
૩૯૬ શ્રી કાનજી ઉમરશી
૩૯૭ શ્રીમતી ચંપાબેન ચીમનલાલ શાહ
૩૯૮ શ્રીમતી રતીકાન્તા મદનલાલ શાહ
૩૯૯ શ્રી ભીખુભાઈ સાંકરચંદ વસા
૪૦૦ શ્રીમતી સુશિલાબેન કાપડિયા
૪૦૧ શ્રી વિનોદ વ્રજલાલ શેઠ
૪૦૨ શ્રી નરેન્દ્ર કાંતિલાલ શાહ
૪૦૩ શ્રી પ્રગ્નેશ કાંતિલાલ દેસાઈ
૪૦૪ શ્રી પ્રતાપભાઈ ગાંધી. સોલિસિટર
૪૦૫ શ્રી બિપીન વી. ગોસલિયા
૪૦૬ શ્રી બી. સી. સંઘવી
૪૦૭ ડૉ. હસમુખરાય મોતીચંદ શાહ
૪૦૮ શ્રી કે. એમ. ગજ્જર

**ચીમનલાલ જે. શાહ**
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

# ☆ સંઘ-સમાચાર ☆

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે નીચેનાં ત્રણ વ્યાખ્યાનો યોજવામાં આવ્યાં છે. રસ ધરાવતા સભ્યોને તેમાં ભાગ લેવા નિમંત્રણ છે.

## શ્રી એસ. એમ. જોશીનું પ્રવચન

રાજકીય નેતા શ્રી એસ. એમ જોષી "રાજકીય સાંપ્રત પ્રવાહો" એ વિષય ઉપર તા. ૧૮-૧-'૭૫ શનિવારના રોજ સાંજના ૬ વાગ્યે સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં જાહેર વાર્તાલાપ આપશે.

## આંતર શુદ્ધિ

પ્રસિદ્ધ વકતા ગણિવર્ય પદ્મસાગરજી મ. સા. નું જાહેર પ્રવચન. તા. ૨-૨-૭૫ રવિવારના રોજ સવારના ૯-૩૦ વાગ્યે, ચોપાટી ઉપર આવેલા ભારતીય વિદ્યાભવનના સભાગૃહમાં.

## આફ્રિકાના અનુભવો

ડૉ. રમણલાલ શાહ તથા પ્રો. તારાબહેન શાહ તા. ૩-૨-૭૫ સોમવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે, સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં. 'આફ્રિકાના અમારા અનુભવો' એ વિષય ઉપર વાર્તાલાપ કરશે.

## વૈદ્યકીય રાહત

૬૫૦ શ્રી મનુભાઈ ગુલાબચંદ કાપડિયા
૧૦૧ શ્રી ચંપકલાલ ડી. શાહ તરફથી તેમના પુત્ર સિદ્ધાર્થના લગ્ન પ્રસંગે.
૧૦૦ એક સદ્‌ગૃહસ્થ
———
૮૫૧

આ ખાતામાં ઉપરની ત્રણ રકમો મળી છે. તેનો સાભાર સ્વીકાર કરીએ છીએ.

## સંઘના સભ્યોને વિજ્ઞપ્તિ

૧૯૭૪ નું વર્ષ પૂરું થયું છે. થોડાક જ સભ્યોનાં લવાજમો બાકી રહ્યા છે. દરેકને પત્રદ્વારા તેની જાણ કરવામાં આવી છે, તો લવાજમ સત્વર મોકલી આપવા વિનંતી છે.

૧૯૭૫ના વર્ષના લવાજમો પણ સત્વર મોકલી આપવા સભ્યોને અનુરોધ કરવામાં આવે છે. દરેક વર્ષનું લવાજમ રૂા. ૧૨-૦૦ મોકલવાનું છે, તેની નોંધ લેવા વિનંતી.

**ચીમનલાલ જે. શાહ**
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

## કાઢી નાંખવાના પુસ્તકો

સંઘના શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયમાંથી લગભગ ૯૦૦ પુસ્તકો કાઢી નાંખવાનાં છે. એમાંના ઘણાં પુસ્તકોની હાલત સારી છે, અને ખરીદનારને રુચે એટલી નજીવી કિંમતે આ પુસ્તકો મળી શકશે.

જેમને ખરીદવામાં રસ હોય તેમને પુસ્તકોની આખી યાદી બતાવવામાં આવશે. આ માટે રવિવાર સિવાયના દિવસોમાં સવારના ૧૧-૩૦ થી સાંજના ૫-૩૦ સુધીના સમયમાં કાર્યાલયની મુલાકાત લેવા વિનંતી છે.

**શાન્તિલાલ દેવજી નન્દુ**
મંત્રી, મ. મો. શાહ
સ. વા. પુસ્તકાલય

# ☆ સાર્ત્ર અને રાજકારણ: "હું ચૂંટણીમાં મત આપતો નથી" ☆

'પ્રબુદ્ધ જીવન' માં આપણે બર્ટ્રાન્ડ રસેલની એક અમેરિકન પત્રકારે મુલાકાત લીધી તે જોઈ હતી. હવે નોબેલ પારિતોષિકને ફગાવી દેનારા જ્યાઁ પોલ સાર્ત્રની ફ્રાંસના 'લા - એક્ચુઅલ' નામના મેગેઝિનના એક પ્રતિનિધિએ મુલાકાત લીધી હતી. એમાં એમણે જે વિચારો રજૂ કર્યા છે એ સાથે ઘણા સંમત નહિ પણ થાય પરન્તુ તે મુલાકાત દ્વારા આપણે સાર્ત્રના વ્યકિતત્વનું એક પાસું જોઈ શકીશું.

દસેક વર્ષ પહેલાં એક પત્રકારે સાર્ત્રને પૂછ્યું, "તમે જે આદર્શ કે વિચારસરણી પકડો છો તેને વળગી રહો છો?" ત્યારે જવાબમાં સાર્ત્રે કહ્યું હતું."અરે ભાઈ વળગવાની કયાં વાત કરો છો, કેટલીક વિચારસરણી એવી છે કે, તેમાંથી છૂટતાં જ આખો ભવ ચાલ્યો જાય છે. મને મારા આદર્શવાદમાંથી છૂટતાં પૂરા ત્રીસ વર્ષ લાગ્યા હતા. સાર્ત્રની આ વિચારસરણી ફિલસુફીના ક્ષેત્ર અંગેની હતી. તેના રાજકીય વિચારો બાબતમાં પણ લગભગ તેવું જ બન્યું. ૬૭ વર્ષના શ્રી સાર્ત્રએ અસ્તિત્વવાદને તિલાંજલિ આપી છે. છતાં તેને ઘણા લોકો અસ્તિત્વવાદી માને છે. "આ જગતમાં માનવી એકલો છે. સમુદ્ર જેવા વિશાળ માનવ સમુદાયમાં ઈશ્વરે તેને એકલો છોડયો છે અને એકલા જ સંયોગો સામે ઝઝુમવાનું હોય છે." એવું કહેનારા શ્રી સાર્ત્ર હવે આવા અસ્તિત્વવાદી રહ્યા નથી. જો કે બીજા વિશ્વયુદ્ધમાં તેઓ ફ્રાંસની ઉપર જર્મન કબજો આવ્યો ત્યારે એકલે હાથે ઝઝૂમ્યા હતા પણ તે પછી સામુહિક આંદોલનને સ્વીકારીને તેઓ "ફ્રેન્ચ કોમ્યુનિસ્ટ પાર્ટી" માં જોડાયા હતા. હંગેરી ઉપર રશિયાનું આક્રમણ થયું ત્યારે ૧૯૫૬ માં તેમણે સામ્યવાદી પક્ષને છોડી દીધો હતો. પણ પાછા અસ્તિત્વવાદી બનવાને બદલે તે માર્કસવાદી રહ્યા હતા. છેલ્લે હવે છ વર્ષથી માઓવાદી વર્તમાન-પત્રોનું સંચાલન કરે છે અને ફ્રાંન્સના ક્રાંતિકારી યુવાનો 'લા કોઝ'દ પીપલ" અને 'લિબરેશન' નામના બે સામયિકો ખૂબ જ રસપૂર્વક વાંચે છે. કારણ કે, આ બે પત્રોને પગભર કરવા સાર્ત્ર પોતે ફેરિયા બનીને શેરીમાં છાપાં વેચતા હતા. આગ ઝરતા લખાણો લખીને અલ્જિરીયાને મુકત કરવા ફ્રાંન્સના સત્તાવાળાને પડકારતા હતા. વિયેટ-નામના યુદ્ધમાંથી ખસી જવા અમેરિકનોને આગ્રહ કરતા હતા. ફ્રાન્સ સરકારે 'લા કોઝ'દ પીપલ" નામના વર્તમાનપત્રને એક વખત તો ગેરકાયદેસર પણ ઠરાવ્યું હતું.

સાર્ત્ર તેમના અખ્તરંગી સ્વભાવ માટે જાણીતા છે. રૂઢિચુસ્ત વ્યકિતને આંચકા આપે તેવા વિચારોને રજૂ કરતા હોય છે. ફ્રેન્ચ મેગેઝિનના રિપોર્ટરે જે પ્રશ્નો પૂછ્યા હતા, તેમાંના ચાર પ્રશ્નો જેના જવાબો સાર્ત્રના અખ્તરંગી સ્વભાવનાં દર્શન કરાવે છે, તે અહીં આપ્યા છે:

**સવાલ:** ગાંજા અને ચરસનો ઉપયોગ યુરોપ - અમેરિકામાં વધી ગયો છે તે વિષે આપનો શું મત છે?

સાર્ત્ર: વ્યકિતગત દષ્ટિએ આ સવાલ મારે માટે બહુ મહત્વનો નથી. મેં પણ ગાંજો પીધો છે. ગાંજો કે ચરસ પીવાથી એક પ્રકારની શિથિલતાનો અનુભવ થાય છે. ઉપરાંત થોડી ઝણઝણાટી થાય છે. પણ તે મર્યાદિત છે. મેં કહ્યું તેમ તે દરેક વ્યકિતનો પ્રશ્ન છે. સરકારે તેમાં દખલ કરવી ન જોઈએ. દરેક વ્યકિત પોતાને મન ફાવે તેમ કરવાને માટે સ્વતંત્ર છે. કોઈ પણ માણસ આત્મહત્યા કરે તેમાં સરકારે શું કામ આડે આવવું જોઈએ? હું તો માત્ર એટલું જ કહેવા માગું છું કે તમે ક્રાંતિ કરતા હો અને ગાંજો ચરસ પીવાથી તમારી સંગઠન શકિત નબળી બનતી હોય તો કોઈ પ્રશ્ન ઊભો થાય છે. એટલે જે લોકો માત્ર ગાંજો કે ચરસ પીને પ્રમાદી બની રહેવા ઈચ્છે અને તે વાતને જ 'મુકિત' કે 'સ્વતંત્રતા' કહેતા હોય તો હું તેમની સાથે કદાચ મળતો ન થાઉં.

**સવાલ:** માઓવાદીઓ કાઉન્ટર કલ્ચરની વાતો કરે છે એ વિષે થોડું સમજાવશો?

**સાર્ત્ર:** ક્રાન્તિ થયા પછી સમાજને અમુક માર્ગે જવું પડે છે. અર્થતંત્રને વિકસાવવાની રૂઢિગત વાતને ત્યજવી જોઈએ ક્રાન્તિકારી સમાજ માત્ર વિકાસલક્ષી ન હોવો જોઈએ એટલે કે વધુ ને વધુ માલો પેદા કરનારો સમાજ ન ખપે. સસ્તો અને વધુ માલ પેદા કરવાનો કોઈ અર્થ નથી. ઊલટાનું મોજશોખના માલનું ઉત્પાદન ઘટાડવું જોઈએ. ઘાતક ચીજો તો પેદા ન થવી જોઈએ માત્ર જરૂરીયાતો સંતોષવા જ માલો પેદા કરીને વાતાવરણ બગાડવું ન જોઈએ નફો અને દુર્વ્યય ઘટવા જોઈએ. અર્થતંત્રનું ધ્યેય બદલાવું જોઈએ. અને સંપત્તિની સમાન વહેંચણી થવી જોઈએ. માત્ર સમાજવાદમાં જ આ વસ્તુ શકય બને.

**સવાલ:** ક્રાન્તિનો વિરોધ કરનારા માટે તમે મોતની સજાની હિમાયત કરો છો તે વાત સાચી છે!

**સાર્ત્ર:** હા, જે દેશમાં શોષણ કરનારા અને હિત ધરાવતા લોકો સત્તા ઉપરથી ફેંકાઈ ગયા પછી ક્રાન્તિને કચડવાનો પ્રયાસ કરતા હોય કે ક્રાન્તિનો વિરોધ કરતા હોય તેમને પકડીને ફાંસીએ લટકાવી દેવા જોઈએ. મને એ લોકો પ્રત્યે અંગત રીતે વાંધો નથી પણ સમગ્ર સમાજનું ભલું કરનારી ક્રાન્તિનો વિરોધ કરનારા કલ્યાણમય વસ્તુના વિરોધી હોઈ જગતે તે લોકોથી છૂટવા માટે તેનું અસ્તિત્વ મીટાવી દેવું જોઈએ. તેમને જેલમાં મુકો તો પાછા છૂટીને તેમની અધમ પ્રવૃતિ શરૂ કરી દે છે એટલે તેમને તો ફાંસી જ આપવી જોઈએ.

**સવાલ:** ચૂંટણીઓ વિષે તમારો શું મત છે. તમે મતાધિકારનો ઉપયોગ કરો છો?

**સાર્ત્ર:** હું છેલ્લા ઘણા વર્ષોથી મત આપવા માટે જતો જ નથી. પુખ્ત વયના માટેના મતાધિકારને કારણે જગતના મુડીવાદીઓએ કામદારોમાં ભાગલા પડાવ્યા છે. આવા મતાધિકારથી કામદારોની એકતા છિન્ન ભિન્ન થાય છે. તમે એકલા જઈને મત આપી આવો. તમને તો ઉમેદવાર જાણતો પણ નથી. તમારો મત મળ્યા પછી તે મન ફાવે તેમ વર્તે છ. ૧૯૫૬ માં મેં ગે-મોલેટને મત આપ્યો હતો. ગે મોલેટે અલ્જિરિયામાં શાંતિ આણવાનું વચન આપ્યું હતું. પણ પછી તે ફરી બેઠો. હું તો કંઈ કરી શકયો નહિ. પણ જો મતદાર મંડળો એક પ્રતિનિધિ ચૂંટતા હોય અને પછી તે પ્રતિનિધિ પોતાના મતદાર મંડળો જે શરતો મૂકે તે શરતો સ્વીકારનારા ઉમેદવારને ચૂંટે તો ઉમેદવાર પછીથી ફરી બેસે તો પ્રતિનિધિ દ્વારા તે ઉમેદવારને પાછો બોલાવી શકાય છે. એટલે આવું ન થાય ત્યાં સુધી હું મત આપવામાં માનતો નથી. એવી લોકશાહી બનાવટી અને ભ્રામક છે. જ્યાં મતદાર લાચાર બનીને બેસી રહે છે.

કાંતિ ભટ્ટ

## સર્વોદય કાર્યકરોને વિનોબાજીની સલાહ

'પ્રબુદ્ધ જીવન'ના ગયા અંકમાં પ્રબોધ ચોકસીના પ્રગટ થયેલા લેખમાં "સર્વોદય કાર્યકરોને વિનોબાજીની સલાહ" અંગેનો એક ફકરો છપાવો રહી ગયો હતો, જે નીચે આપવામાં આવ્યો છે:

'સર્વ સેવા સંઘના પ્રતિનિધિમંડળની સામે આચાર્ય વિનોબાજીએ કહ્યું કે સર્વ સેવાસંઘની નિષ્પક્ષતાની નીતિ છે એટલે ચૂંટણીમાં ભાગ લેવો ઠીક નથી. હાલમાં જ શ્રી જયપ્રકાશ નારાયણે પ્રધાન મંત્રીના પડકારનો સ્વીકાર કરીને બિહારના સવાલનો ફેંસલો ચૂંટણીમાં થશે, એવું માન્ય કર્યું હતું. આ સંદર્ભમાં વિનોબાજીએ સર્વ સેવાસંઘના સભ્યો તથા સમસ્ત લોકસેવકોને સલાહ આપી કે 'જેમ કોઈ સભ્ય એના દીકરાનાં લગ્ન માટે છૂટ્ટી (રજા) લઈને ઘેર જાય અને વ્યકિતગત કામ કરે છે, તે જ રીતે સર્વ સેવાસંઘના જે કાર્યકર્તા બિહાર આંદોલન તથા અન્ય પ્રાંતોમાં ચાલતાં તે જ પ્રકારનાં આંદોલનોમાં ભાગ લેવા માગતા હોય તેઓ સર્વ સેવા સંઘમાંથી છૂટ્ટી (રજા) લઈને જઈ શકે છે.'

# આપણે સત્યને સમજીએ

"આ જગતનું સાક્ષાત સત્ય કયું છે?" - આવો કોઈ મને પ્રશ્ન કરે તો હું કહું: "જો તમને સાક્ષાત સત્ય સ્વીકારવાનું મન થાય તો, સર્વ પ્રથમ તમે પૂર્વ દિશા તરફ દષ્ટિ કરો!"

ખરું, પૂછો તો, સત્ય સ્વીકારવું અને સત્ય બોલવું એ આ યુગની અઘરી સાધના છે.

મંદિરો, મસ્જિદો અને ગિરિજાઘરોના ગગનગામી મહાલયોમાં ઈશ્વર કે ખુદાના અસ્તિત્વ પ્રત્યે શંકા જન્મવાનું મને જો કોઈ કારણ મળ્યું હોય તો, ત્યાં મેં સત્યના આચરણ કરતાં માનવીય વ્યવહારને વધુ પ્રચલિત થતો જોયો છે!

આ મંદિરો અને મસ્જિદો, સત્ય યા ઈશ્વરના પ્રતીકો છે એવું સ્વીકારી લઈએ તો ત્યાં સત્યની પૂજા, પ્રાર્થના, આરતી કે ઘંટારવ; એ કાળોથી પડી ગયેલી પ્રથા છે: મને હવે એવું લાગે છે, કે ઈશ્વરને આરાધવાના કોઈક નવી શ્રદ્ધા અને ચેતનાના વિચારો વહેતા મૂકવા જોઈએ - કારણ, યુગોની આ પ્રથાઓથી સત્ય કે ઈશ્વરપ્રાપ્તિ કઈ રીતે શકય છે, એ કળવું ખરેખર મુશ્કેલ લાગે છે! પરંપરાથી ચાલી આવતી પ્રથા એ સત્ય છે એવું કેમ સમજાય?

મૌન અવસ્થાના અંતર રવમાં જે મહાશકિત છે, એ મંદિરોના ભયંકર ઘંટારાવથી ધ્રૂજતી મંદિરોની દીવાલોના કંપમાં થતી આરતી, પ્રાર્થના કે ભકિતમાં છે ખરી?

આપણે આ પ્રથાઓનું આચરણ કાળોથી એટલા માટે કરતા આવ્યા છીએ કે 'અહીં ઈશ્વરનું મંદિર છે.' 'અહીં ખુદાનો દરબાર છે' એવો દંભ કરીએ છીએ; જેથી જગતના માનવીઓ એ તરફ દોરાય - પણ કર્મનિષ્ઠ માનવી આ પ્રથામય કોલાહલથી દોરાય ખરો?

ઈશ્વર પ્રતિ કોઈને આ રીતે દોરવા કરતાં, માનવીય શ્રદ્ધાગુણથી માનવી માનવી તરફ દોરાય એવું આચરણ મંદિરોના કોલાહલ કરતાં વધુ શ્રેષ્ઠ અને શ્રેય છે ...માનવી માનવી વચ્ચેનું અંતર એ આ યુગનું મોટામાં મોટું અસત્ય છે!

પરોક્ષ કે પ્રત્યક્ષ દૈવી શકિતનું અસ્તિત્વ મેળવવું કઠિન છે, પણ એ એને સહેલું લાગે છે, જેને એ મેળવવું છે!

માણસ અને ઈશ્વર વચ્ચે સત્યનું સાન્નિધ્ય હોય તો, એ બે વચ્ચે તણખલા જેટલું પણ અંતર નથી: ને બંને વચ્ચે સત્ય નથી તો, વચ્ચે એક અગમ્ય કાળ પથરાયેલો પડયો છે!

જ્યાં સુધી માનવીયતાનો સ્વીકાર થતો નથી - સમજાતો નથી ત્યાં સુધી સત્ય સાથેનો કોઈ સંબંધ અસ્તિત્વમાં આવતો નથી. સત્ય અને ઈશ્વરમાં ભેદ જેવું કાંઈ નથી.

જ્યારે ઈશ્વરના અસ્તિત્વ વિશે પ્રશ્ન કરવામાં આવ્યો છે ત્યારે જવાબ મળે છે કે "ધરતી પર 'સત્ય' છે એ ઈશ્વર છે: ઈશ્વર એ સત્ય છે."

આ વાત સદીઓથી કહેવાય છે: પરાપૂર્વથી આ વાત ચાલી આવે છે. પરંપરાથી ચાલી આવતી વાતમાં સત્ય હોવું જોઈએ - કારણ કે આત્મલક્ષી જીવોએ જ આ વાતનો સ્વીકાર કર્યો છે.

અને એટલા માટે જ 'સત્ય' ઈશ્વર જેટલું અગમ્ય અને દુર્લભ છે.

*   *   *

જીવનના અસહ્ય સંત્રાસ - વ્યથા અને વેદના, ભય અને કંપથી જીવવા કરતાં સત્ય જેવા મૃત્યુ સાથે સ્વેચ્છાએ મળી જવું એને જો પાપ કહેવાતું હોય તો, જીવનની આગમાં દાઝ્યા કરી, પળે પળ આક્રંદ કરી, મન, દેહ અને આત્મદુ:ખ સહ્યા કરવું એ શું પુણ્ય છે? આમાં સત્ય શું છે? એવું કોઈ મને પૂછે તો, હું કહું કે મૃત્યુ એ શ્રેષ્ઠ ઉપાય છે: પરંતુ મૃત્યુ મેળવવું અને આવવું એના વિશેનો ભેદ એ સત્ય અને અસત્યને સમજવા બરાબર છે.

બ્રહ્મમાં એકાકાર બની જવું એ મૃત્યુ નથી, જીવન છે: આ દેહનો આકાર બદલવો એ મૃત્યુ ભલે કહેવાતું હોય પણ વાસ્તવમાં જીવનના પરિવર્તનની પરંપરાનું એ એક સત્ય છે! આ સત્ય સ્વીકારીએ તો કોઈ કાળે પાપ નહીં, પુણ્ય જ છે.

ધરતી, આકાશ અને સાગર ઘણાં વિશાળ છે - એના કયા ખૂણામાં સત્ય છે એવા નિરર્થક મતમતાંતરોમાં સમય ગાળશો નહીં, સત્ય ત્યાં છે જ્યાં તમે એને સ્વીકારો છો.

મૂરઝાઈ ગયેલા ફૂલમાં, કરચલીઓ પડી ગયેલાં કોઈ વૃદ્ધના ચહેરામાં, ઉગતા ફૂલની મહેકમાં કે પર્વતની ટોચમાં કે નદીના વહેતા નીરમાં કે પછી ઘૂઘવતા સાગરમાં ય સત્ય મળે છે: આવા ખોટાં ભ્રમ ઊભા કરવાની જરૂર નથી: અનિવાર્યપણે સમજવું હોય તો, એટલું જ સમજી જાવ કે આપણા શ્વાસમાં જ સત્ય છે.

જડ, ચેતન અને સ્થિતિસ્થાપક - પ્રત્યેક જગ્યાએ સત્ય છે એ સર્વવિદિત છે - પરંતુ જો સત્યને જોવું હશે તો! જો જોવું હોય તો, બધે સત્ય છે -

કોઈ મહાપ્રપાતમાં જીવન ફૂલની જેમ તરે છે અને મખમલની શૈયા પર એવા જ જીવન મૃત્યુને મળે છે:

મહાકાળ જેવો સાગર, કયારેક જીવન બની શકે છે અને ખળ ખળ વહેતા નાના ઝરણાનું એક બુંદ મૃત્યુશય્યા બની જાય છે.

ભડભડતી આગમાં ફૂલની કોમળતા ચિરંજીવ હોય છે, ચાંદનીની શીતળતા ભયંકર આગ બની શકે છે!

પહાડની ટોચ પરથી પડી જતાં જીવનને પ્રકૃતિની ખોળાધરી ઝીલી લ્યે છે અને ધરતીનો નાનો એવો ખાડો મૃત્યુનું કારણ બની શકે છે!

શું આ બધી અગમ્યતા આપણને સત્ય તરફ દોરવા પ્રેરણારૂપ નથી?

ઘણી વખત આપણે આપણામાં હોતા નથી - અને આપણામાંની ગહનતામાં કોઈ અગમ્યતાનો આભાસ થાય છે, ત્યારે કશુંક હશે એનો સ્વીકાર કરવો એ સત્ય તરફ દોરાવાનો એક અનંત માર્ગ ખુલો કરે છે!

હું મારામાં હું જ છું - એવું અજ્ઞાન જેણે જાળવ્યું છે, એનું અસ્તિત્વ એમનામાંથી મટી ગયું છે: એ એ નથી રહેતું... આવું વિચારનાર, પોતે પોતાને માટે ભયરૂપ બની જાય છે!

અને હવે પૂર્વ દિશા તરફ વળીએ:

સૂર્ય એ સત્યનું સાક્ષાત સ્મારક છે. આપણે એને જોઈ શકીએ છીએ, સ્પર્શી શકીએ છીએ છતાં એના અસ્તિત્વને બાંધી શકતાં નથી - સત્ય પણ આવું જ છે...

ગુણવંત ભટ્ટ

# ગીત અનોખું એક ગાવું છે

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રા. હરિભાઈ કોઠારીએ 'ગીત અનોખું એક ગાવું છે' એ વિશે આપેલા પ્રવચનનો સારભાગ અહીં આપવામાં આવ્યો છે.]

સૂતેલા સમાજને ઉઠાડે તેનું નામ જ ગીત. માનવ પ્રવૃત્તિને જગાડનારું, નવજીવનને જગાડનારું હોય તેવું આ ગીત. એ પુરુષાર્થને પ્રેરે એવું ગીત હોવું જોઈએ. આ એક અનોખું ગીત છે.

આજનો માણસ અઘોરીની પેઠે સૂતો છે છતાં જાગતો હોવાનો ડોળ કરે છે. આવો આભાસ ખડો થાય છે. એક પ્રકારનું વાતાવરણ બગડતું જાય છે, કલુષિત થતું જાય છે. સંબંધો કથળતા જાય છે. કંઈક કરવું છે કે, કંઈક પણ કરવું પડશે એમ કહેવાથી કશું થતું નથી. થવાનું નથી. મારે કંઈક કરવું જોઈએ. એવી ભાવના સાથે કાર્ય કરવાનું છે. આ માટે આ ગીતે પ્રેરણાપાન કરાવવાનું છે.

સાહિત્યે માનવીના દિલ સુધી પહોંચવું જોઈએ. આ ઝડપના યુગમાં (age of speed) ગતિ જરૂર છે. પણ તે પગની છે. દિલની નથી. એમાં પ્રવાસ જરૂર થાય છે. પણ એથી યાત્રા થતી નથી. માનવી સ્વાર્થને છોડીને અનંત તરફ જતો નથી. એ જડ બનતો જાય છે. ભોગના રંગ સિવાય કોઈ રંગ જોવાય નહીં, સ્વાર્થની ગંધ સિવાય કોઈ ગંધ લેવાય નહીં એવા ખ્યાલો જડ થતાં જાય છે.

આ જ સારું અને આ જ ખરાબ એવા પ્રમેયો જડ થતા જાય છે. એ સિવાય કશું જોવાતું નથી. વિસરાતું નથી. આજે આપણે ભ્રાંત થયા છીએ, દિશાશૂન્ય થઈ ગયા છીએ.

આજે સજ્જનતા કોઈને જોઈતી નથી એવું આજે સમાજમાં જોવા મળે છે. માણસ વધુ ને વધુ દંભી થઈ ગયો છે. અને એ જ જાણે સંસ્કારિતા છે એવું સમજાય છે. પ્રત્યેકને સારું દેખાવું છે પણ સારા થવું નથી. કારણ કે એમાં મહેનત કરવી પડતી નથી. બધું Make upથી થાય છે એમાં જીવનની તપશ્ચર્યાનો કોઈ ઓપ નથી.

વાણીને અંદરથી આવવાની તક મળવી જોઈએ. વાણી અને પાણી વચ્ચે સંબંધ છે. પાણી પોતાની સપાટી જાળવી રાખે છે. વાણીનું એવું છે જેટલી વિચારમાં ગહનતા, ગંભીરાઈ હશે એટલી વાણીમાં સરળતા આવે છે. અધરું કહી દેવું બહુ સહેલું છે. જીવનમાં આવું લાવવા માટે સાહિત્યની પૂજા થવી જોઈએ. આવો સાહિત્યકાર ભગવાનનો પૂજારી છે આવા સાહિત્યમાંથી ઈશ્વરાભિમુખ થઈ શકાય છે એનાથી માનવી જાગૃત થશે અને એ સૂતેલા માનવીને જગાડશે.

માણસ લાચાર ન રહે, એના જીવનમાંથી લાચારી જવી જોઈએ. એ પોતાની અસ્મિતા ખોઈ બેઠો છે ભોગની અપેક્ષા રાખીને આપણે નિસ્તેજ થઈ જવાના કેમકે ભોગમાં પરાધીનતા છે. ભોગમાં જેટલા લીન થશે એટલા વધુ ને વધુ પરાધીન થવાશે તેથી માનવીમાં રહેલી 'આંતરશકિત જગાવવી જોઈશે. ગીતકાર રડે નહીં તો એનું કાવ્ય ગીત બની જાય છે

વાલ્મિકી રડયા હતા પણ એમાં દલિત દિલ રડતું હતું. શોકમાં શ્લોક પેદા થયો હતો. અર્જુન રડયો અને આપણને ગીતા સાંપડી પણ આવા રૂદન સ્વાર્થી, દંભી હોતા નથી. એમાંથી ચિંતન-સાહિત્ય સાંપડે છે એમાંથી જીવનનો વિધાયક અભિગમ સાંપડે છે.

કવિ પોતાની વેદનાઓને અંદર સંતાડી અને બીજાને પ્રસન્નતા આપે છે. સમાજને રડતું ગીત ખપતું નથી. ગીતમાં પ્રસન્ન ગીતતત્ત્વ હોવું જોઈએ. ભોગવાદી જીવન ભાવ–જીવનનો મહિમા સમજે એવું ગીતમાં હોવું જોઈએ.

માનવી પાસે ચેતના, જાગૃતિ હોવી જોઈએ. એમાં જડતા ન હોવી જોઈએ. આપણાં જ્ઞાનમાં પણ આજે જડતા આવી ગઈ છે. આપણાં પ્રત્યેક કામમાં ઊંડાણનો અભાવ છે. સમજદારી આજે જોઈએ છે. લશ્કરની શિસ્ત અને મંદિરના ભાવને મિશ્રિત કરીને સમાજમાં લાવીએ તો ખૂબ સારું થશે; પરંતુ એમાં સમજદારી જોઈએ, જડતા નહીં.

ઘરનું નામ એટલે થોડી ઘણી અવ્યવસ્થા. એ ઘર છે. દુકાન નથી. દુકાનમાં વ્યવસ્થા હોવી જરૂરી છે. રોજ રોજની વ્યવસ્થાથી માનવીને કંટાળો આવે છે એથી સ્તો શાંતિ મેળવવા એ ઘરે જાય છે, ક્ષોભ ખંખેરવા ઘરે જાય છે.

કેટલાક કહે છે કે ઘર તો વ્યવસ્થાની શોભા છે. આવું નથી. જો એવું હોય તો ઘરમાં જડતા આવી જાય. જડતા આવે તો સ્વભાવિકપણે સામે વિરોધ આવવાનો, તો લશ્કરની શિસ્ત જરૂર લાવીએ, પણ એમાં ભાવના સાથે સમજદારી લાવવી જોઈશે. આવું થાય તો પરિણામે સ્વીકૃતિ આવે છે.

મંદિરના ભાવ સાથે એક પ્રકારનું વેવલાપણું છે એને ખંખેરી કાઢવું જોઈએ. આ વેવલાપણાને પરિણામે અનેક મુશ્કેલીઓ સર્જાય છે તો આ બન્નેનું સમજદારીપૂર્વકનું મિશ્રણ થાય, અને એ સમાજમાં લવાય તો એથી સમજદારીની શિસ્ત લાવી શકયાનો સંતોષ થાય એમ છે.

જડત્વમાં ચેતના જાગે એનું નામ ગીત. ગમે તે લખવું એ વાણીનો વિલાસ છે. જાત જાતનો વિષય લઈને લખી શકાય પણ એ શબ્દાડંબર છે. શબ્દો પર પ્રભુત્વ હોય તો આમ તેમ ફેરવીને ગોઠવી લખી શકાય પણ એ ગીત નથી.

જીવનમાં ભાવ ત્યારે જ પ્રગટે જ્યારે જીવનમાં ઊંડાણ પ્રગટે છે. પણ આજે આ દેખાતું નથી. આપણે આ ખોયું છે. વ્યવહારમાં આજે માણસ અતિકુશળ થયો છે. વ્યવહાર આચરે છે. વાણીમાં ય ઊંડાણ દેખાતું નથી અને ચોપાસ પછી દંભ દેખાય છે.

It is man that matters, not materials. વસ્તુનું નહીં, પણ માનવીનું મહત્ત્વ છે. ગ્રંથોમાં ઘણું છે. પણ એમાંથી માણસમાં કેટલું આવ્યું? માણસમાં પણ કંઈક હોવું જોઈએ. ગ્રંથનો અભ્યાસ થવો જોઈએ. આજે માણસ ઊંડાણ ખોઈ બેઠો છે. ઉપનિષદોમાં કહે છે તેમ આંખની આંખથી જોવું જોઈએ, કાનના કાનથી સાંભળવું જોઈએ, નાકના નાકથી સુઘવું જોઈએ. જ્યાં મન હોય ત્યાં માનવી હોય છે. જ્યાં તેનું માત્ર શરીર હોય છે ત્યાં નહીં. સાંભળવું એય કળા છે. વિશ્વ ખોવાઈ ગયું છે. અને તે સાંભળવામાં લીન થઈ જાય એટલે તો એને શ્રવણ કહે છે.

માણસ સંયમી થવો જોઈએ. એના પર કોઈક પ્રકારના Checks હોવા જોઈએ. પણ એને એના ફુરસદના સમયે સાચી રીતે સમજી શકાય છે. કારણ કે, એની કુદરતી વાતો ત્યારે જાણવા મળે છે.

પ્રત્યેક ઠેકાણે આ જોઈએ છીએ. કામ પણ મન દઈને કરીએ તો એ રમત બની જાય છે. અધુરું - અધૂરું કરીએ તો એ કામ જ રહે છે. પછી એમાં કંટાળો આવી જાય તો એમાં પછી મજા રહેતી નથી.

લોકોની કાર્યનિષ્ઠા આજે ઓછી થઈ છે. એથી તો આજે રાષ્ટ્ર-નીચે જતું થયું છે. જેટલું મહેનતાણું લઈએ એથી ઓછું થાય જ કેમ? આવી નિષ્ઠા, પ્રામાણિકતા હોવી જોઈએ. આવી કાર્યનિષ્ઠા આવે તો રાષ્ટ્ર ખરેખર ઊંચે જાય. જાપાનમાંના આના અનેક પ્રસંગો સાંભળવા વાંચવા મળ્યા જ છે ને.

આત્મ નિરીક્ષણ પ્રેરતું ન હોય તો તે ગીત નકામું છે. એમાં શૌર્ય, પ્રેરણા પ્રગટ થવા જોઈએ. જીવનમાં બધી વાત સાથે રાખીને જીવવું જોઈએ, નહીં તો સમાજ પાંગળો થઈ જાય. બધાં અંગોને જીવનમાં સ્થાન છે. પણ, હા, એમાં વિવેક હોઈ શકે છે. નહીં તો પછી અન્યાય થઈ જાય છે. તેથી જ બધા ભાવોથી સભર એવું ગીત હોવું જોઈએ કે જેથી જીવન ભાવમય બને અને આપણે જાગૃત બનીએ.

પ્રા. હરિભાઈ કોઠારી

# નાવમેં નદિયાં ડૂબ જાય

ગામને પાદરે ઝાડ પર એક લાલ ટપાલપેટી લટકી રહી છે આ પેટી છે તો નાનકડી પણ કામ આપે છે એક વિશાળ સંસ્થા જેટલું. ગામલોકોને દુનિયા પર રહેતી કોઈ પણ વ્યકિત સાથે જોડવાની ક્ષમતા એ પેટીમાં રહેલી છે. એક સામાન્ય જણાતા ગામડિયાને એ પેટી એક આંતરરાષ્ટ્રીય નાગરિક બનાવી દે છે. કયારેક એવું લાગે છે કે દુનિયા આખી એક મોટું ગામડું બની ગઈ છે. એક મજાક યાદ આવે છે. એક અમેરિકનને પૂછવામાં આવે છે કે તે પોતાની જાતને અમેરિકન શા માટે કહેવડાવે છે. જવાબ મળે છે: હું અમેરિકામાં જન્મ્યો માટે. પ્રશ્ન પૂછનાર કહે છે: શું બિલાડીનાં બચ્ચાં ઓવનમાં જન્મે તેથી તેમને બિસ્કિટ કહીશું?

ઈંગ્લેંડનો વેલ્સ પ્રદેશ ભારે રળિયામણો. આઈરિશ સમુદ્રને કાંઠે આવેલાં છૂટાછવાયાં ગામડાં અને છૂટાંછવાયાં અનેક ઘર. આવું એક ગામ તે પેનરીનડાયડ્રેથ. ગામથી થોડે દૂર એક મજાની નદી. નદીને કિનારે એક નિર્જન ટેકરી પર નાનો બંગલો. બર્ટ્રાંડ રસેલનું આ ઘર. એકલું અટૂલું છતાંય આખી દુનિયા સાથે જોડાયેલું આ ઘર. આવા એક ઘરની કલ્પના કરો.

ઘરમાં એક નાનોઅમથો ઓરડો. ખૂણામાં એક ટ્રાન્સીસ્ટર પડ્યું છે. ટ્રાન્સીસ્ટર રૂમને કેવડો મોટો બનાવી મૂકે છે તે વિચારવા જેવું છે. ટેબલ પર પડેલો ટેલિફોન માણસના અસ્તિત્વના શબ્દતત્ત્વને વિશ્વગામી બનાવી દે છે. રૂમમાં ટેલિવિઝન દ્વારા આખી દુનિયા ઠલવાતી રહે છે. રસોડામાં મૂકેલું રેફ્રિજરેટર એટલે નાનકડો ધ્રુવ પ્રદેશ કે બીજું કંઈ? એસ્કિમો લોકોને રેફ્રિજરેટરનું આકર્ષણ હોય ખરું? રણનો રહેવાસી ડ્રોઈંગરૂમને સજાવવા કેક્ટસ ફ્લાવર વાપરે ખરો? બાથરૂમનો શાવર વરસાદને એક ઘરેલું ઘટના બનાવી મૂકે છે. નદી અને સમુદ્ર પ્રત્યેના આનુવંશિક પ્રેમને કારણે માણસ ટબ વસાવતો હશે? બારીબારણાં બંધ કરીને એ પવનના સુસવાટા માણવા પંખો ચાલુ કરે છે. પંખો માતરિશ્વાનો સેલ્સ એજંટ છે.

ટૂંકમાં આપણો રૂમ મોટો ને મોટો જ થતો જાય છે. દીવાલો તૂટતી જ જાય છે. વિશ્વાત્માની તમામ લીલા રૂમમાં વિસ્તરતી જાય છે. ઈશોપનિષદમાં બ્રહ્મની નિ:સીમ વિશાળતા સૂચવવા માટે પર્યંગાત શબ્દ વપરાયો છે. 'બ્રહ્મ' શબ્દ 'બૃહત્' પરથી આવ્યો છે. વિરાટ દર્શન માટે પણ અર્જુનની જિજ્ઞાસા અને ઋજુતા જોઈએ. એમ કહેવાય છે કે સત્તરમી સદીના ખ્રિસ્તી સંત બંધુ લોરેન્સને આત્મસાક્ષાત્કારની ઝાંખી સૌ પ્રથમ એક વૃક્ષને જોઈને થયેલી. આપણે ક્યારેય વૃક્ષને જોઈએ છીએ ખરા? આપણામાંથી ઘણાખરા લાકડું જોઈએ છીએ; વૃક્ષ નહીં.

એક મિત્રને થોડા દિવસ પર મેં કહ્યું: અમેરિકનોએ હવે એવું મશીન શોધ્યું છે જેમાં ત્રણ પૂળી ઘાસ મૂકીને થોડીવારે ચકલી ખોલો તો અડધો લીટર દૂધ નીકળે. મિત્રે વાત સાચી માની લીધી અને ભારે આશ્ચર્યમાં પડી ગયો. થોડી વારે એક ભેંસ આવતી હતી તે બતાવી મેં કહ્યું: મેં જે મશીનની વાત કરી હતી તે સામે આવી રહ્યું છે. મિત્રનું આશ્ચર્ય ગાયબ થઈ ગયું. ભેંસ એટલે મામુલી ચીજ કારણ કે એ રોજની ઘટના છે. સાયબરનેટિક્સનો પિતા નોર્બર્ટ વાઈનર કોઈ પણ પ્રાણીને સાયબરનેટિક્સના ઉત્તમ નમૂના તરીકે ઓળખાવે છે.

એક પુસ્તક બહાર પડ્યું છે જેનું નામ છે, Cosmic Prison જીવનને એક કોસ્મિક કેદખાના તરીકે જોવાનો લેખક પ્રયત્ન કરે છે. પ્રશ્ન એ છે કે જીવન એ કોસ્મિક કેદખાનું છે કે પછી કોસ્મિક પ્રયોગશાળા? સામાન્ય માણસ પણ ત્રણચાર મહિનાની માંદગી ભોગવે અને મોતને આવતું જુએ ત્યારે મૂઠી ઊંચેરો બની રહે છે. જીવન નામની ઘટના અંગે તેનું ચિંતન સંવેદનશીલ બની રહે છે. પેલો રૂમ વિશાળ થતો જાય છે. દીવાલોને અતિક્રમીને વિરાટને માણવાની શરૂઆત થાય છે. એચ. જી. વેલ્સ આ વાતને ચોટદાર રીતે રજૂ કરે છે. માણસ જીવન વિશે થોડુંક સમજતો ત્યારે થાય છે જ્યારે મૃત્યુ નામની નર્સ આવીને કહે છે: મારા નાનકડા બાળ; તારાં રમકડાં હવે બાજુએ મૂક; તારો સુવાનો સમય થઈ ગયો છે.

જીવનની પતીજ આપણને મૃત્યુ દ્વારા પડે છે. સૂર્યના અસ્તિત્વ પર અંધારું ચાર ચાંદ લગાવે છે. આપણો નાનો અમથો રૂમ કેવડો મોટો છે? અને આ વિશાળ રૂમને જોનારી આંખ કેવડી નાની? વિરાટદર્શન કરીને બેભાન થયેલા અર્જુનની આંખ વિરાટ નહોતી એ જ આપણું આશ્વાસન છે.

ધુમ્મસને જોઈ બધાંને કવિતા નથી સૂઝતી. ગામની ટપાલપેટી અને પાદર પરની દેરીના હનુમાન; બંનેનો રંગ સરખો છે તે એક અકસ્માત હોય તોય તેમ માનવાનું મન નથી થતું. બંનેનો સ્વભાવ છે—વિશાળતા.

ડૉ. ગુણવંત શાહ

# ચિંતન કણિકા....

## રાષ્ટ્રીય એકતાનું ચણતર

રાષ્ટ્રીય એકતાનું ચણતર કાંઈ ઈંટ અને ચૂના વડે કરી શકાય નહિ; એ તો માણસોના દિલ અને દિમાગમાં શાંતિપૂર્વક પાંગરવી જોઈએ. આ માટેની પ્રક્રિયા કેળવણીની પ્રક્રિયા જ હોઈ શકે. એ કદાચ ધીમી પ્રક્રિયા હશે, પણ એ અવિરત ને અચૂક પ્રક્રિયા છે. એ એક શાશ્વત ચીજ છે. કેળવણી એ માત્ર માહિતી કે ઔદ્યોગિક તાલીમ જ આપવાની નથી, પણ એણે આપણને સંવેદનો ઝીલવાની તાલીમ આપવાની છે અને સદવર્તનની ટેવો પાડવાની છે. માનવજાત એક અને અવિભાજ્ય છે તેમ જ આપણે સૌ ભાંડુઓ છીએ એવી માન્યતામાંથી જ સદાચારનો ધર્મ પાંગરી શકે અને આચારના વ્યવહારુ નિયમો વિકસી શકે.

ડૉ. રાધાકૃષ્ણન

□

## આવી આસ્થા રાખીએ

દુનિયાની તવારીખ પર નજર નાખીએ તો જણાય છે કે મોટી મોટી આપત્તિઓના ગાળા દુનિયાની સામે આવ્યા અને દરેક જમાનામાં લોકોને એમ જ લાગ્યું કે એમનો જમાનો આખી દુનિયાના ઈતિહાસનો સૌથી ખતરનાક જમાનો છે. તો પણ દુનિયા તો ટકી રહી, ટકી રહી એટલું જ નહિ, પણ અનેક દિશાઓમાં આગળ પણ વધી.

તો આજના જમાનામાં જીવતા આપણે લોકો પણ, આ સમયના ખરાબ અને દુ:ખદાયક પાસાને જ વધુ મહત્ત્વ આપતાં હોઈએ અને આ બુરાઈ અને દુ:ખના થર નીચે કદાચ કોઈ સારી વસ્તુઓ સળવળી રહી હોય તે ન સમજીએ, તેમ બને એવો સંભવ છે. એના અંકુર ફૂટે અને માણસને આગળ ધપાવે.

એવી આસ્થા રાખવી એ સારું છે; કોઈ એવું લંગર હોય જે આપણને બહુ દૂર વહી જવા ન દે, ભૂલા પડતાં અટકાવે, એ સારું છે.

જવાહરલાલ નેહરુ

* * *

## મહાવીર નિર્વાણ મહોત્સવ: આકાશવાણીના કાર્યક્રમો

ભગવાન મહાવીર ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ અંગે આકાશવાણી મુંબઈ 'એ' પરથી નીચેના કાર્યક્રમો રજૂ કરશે:

તા. ૨૯-૧-૭૫ ના રોજ રાત્રે ૮-૪૫ વાગ્યે 'ભગવાન મહાવીરનો કર્મવાદ' એ વિષય પર પ્રા. ડૉ. રમણલાલ શાહ ગુજરાતીમાં વાર્તાલાપ આપશે. અને એ જ દિવસે રાત્રે ૯-૩૦ વાગ્યે પ્રાગજી ડોસાનું ગુજરાતી નાટક 'મહાસતી ચંદનબાળા' રજૂ થશે.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧

Regd. No. MH. by South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક : ૧૯

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧ ફેબ્રુઆરી ૧૯૭૫, શનિવાર
શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## ★ પ્રકાશ બુઝાઈ ગયો છે ★

[તા૦ ૩૦ મી જાન્યુઆરી ગાંધીજીની પૂણ્યતિથિ ૧૯૪૮ ના જાન્યુઆરીની ૩૦મીએ જવાહરલાલ નેહરુએ કરેલું વાયુપ્રવચન અહીં આપવામાં આવે છે.]

મિત્રો અને સાથીઓ, આપણા જીવનમાંથી પ્રકાશ અદૃશ્ય થયો છે અને સર્વત્ર અંધકાર છવાયો છે. મને ખબર નથી કે તમને શું કહેવું અને કેવી રીતે કહેવું. આપણા પ્યારા નેતા, જેને આપણે બાપુ કહેતા તે રાષ્ટ્રપિતા, હવે આપણી વચ્ચે નથી. કદાચ આમ કહેવામાં હું ખોટો છું. આમ છતાં, આ ઘણાં વર્ષો સુધી આપણે એમને જોયા છે તેવા ફરી જોઈશું નહિ. આપણે સલાહ માટે એમની પાસે દોડી જશું નહિ અને તેમનું આશ્વાસન પામીશું નહિ. મારા એકલા માટે જ નહિ, આ દેશના લાખો કરોડો લોકો માટે આ એક દારુણ ફટકો છે. હું કે અન્ય કોઈ આપને જે બીજી કોઈ સલાહ આપી શકીએ તે વડે એ ઘાને હળવો બનાવવાનું કઠિન છે.

પ્રકાશ બુઝાઈ ગયો છે એમ મેં કહ્યું, અને છતાં હું ખોટો છું. કારણ આ દેશમાં ઝળહળી ઊઠેલી એ કોઈ સામાન્ય જ્યોતિ ન હતી. આ અનેક વર્ષો સુધી આ દેશને અજવાળનાર એ પ્રકાશ ઘણાં વધુ વર્ષો સુધી આ દેશને અજવાળશે અને હજાર વર્ષ પછી પણ એ પ્રકાશ આ દેશમાં જોઈ શકાશે અને જગત એ જોશે અને અગણિત હૃદયોને એ શાતા આપશે. કારણ એ પ્રકાશ સમકાલીન વર્તમાન કરતાં કંઈક વિશેષનું પ્રતીક હતો. જીવંત અને શાશ્વત સભ્યોનો એ પ્રતિનિધિ હતો. આપણને સન્માર્ગે દોરતો, ભૂલભર્યા માર્ગથી પાછાં વાળતો એ આ પ્રાચીન રાષ્ટ્રને સ્વાતંત્ર્ય બક્ષી ગયો.

એમને માટે હજી આટલું બધું કરવાનુ પડયુ હતું ત્યારે જ આ સઘળું થયું. આપણે કદી એવું વિચારી પણ શકયા નથી કે તેઓ બિનજરૂરી હતા કે તેમનું જીવનકાર્ય પૂરું થયું છે. પણ હવે, ખાસ કરીને આટલી બધી મુશ્કેલીઓ આપણી સામે પડી છે ત્યારે, તેમનું આપણી વચ્ચે ન હોવું એ ખૂબ જ અસહ્ય એવો ઘા છે.

એક પાગલે એમના જીવનનો અંત આણ્યો છે, કારણ જેણે એ કર્યું તેને હું કેવળ પાગલ જ કહી શકું છું. અને છતાં આ દેશમાં છેલ્લાં થોડાં વર્ષો અને મહિનાઓમાં ઘણું બધું ઝેર પ્રસરેલું છે અને આ ઝેરની લોકોના મન પર અસર થયેલી છે. આપણે આ ઝેરનો સામનો કરવાનો છે, એને નષ્ટ કરવાનું છે. આપણને ઘેરી રહેલાં સર્વ જોખમોનો પણ આપણે સામનો કરવાનો છે. પાગલપણે કે ખરાબ રીતે નહિ, પણ આપણા પ્રિય ગુરુએ તેમનો સામનો કરવાનું આપણને શીખવ્યું છે તે રીતે.

અત્યારે સૌપ્રથમ એ યાદ રાખવાનું છે કે કોપાવિષ્ટ બનીને આપણાંમાંના કોઈએ ગેરવર્તન કરવાનું નથી. આપણને ઘેરી રહેલાં સર્વ જોખમોનો સામનો કરવા નિરધારિત બનીને, આપણા મહાન ગુરુ અને મહાન નેતાએ આપેલા આદેશને પાર પાડવા કૃતનિશ્ચયી બનીને, અને હું માનું છું તેમ, એમનો આત્મા આપણને અવલોકી રહ્યો છે અને નિહાળી રહ્યો છે. અને આપણે કોઈ ક્ષુદ્ર વર્તાવ કે કોઈ હિંસાને માર્ગે વળ્યાં છીએ એ જોઈને એમના આત્માને જે દુઃખ થશે તેવું બીજા કશાથી નહિ થાય એ વસ્તુ સ્મરણમાં રાખીને આપણે એક બળવાન અને કૃતનિશ્ચયી પ્રજા તરીકે વર્તવાનું છે.

એટલે આપણે એ ન કરવું જોઈએ, પણ તેનો અર્થ એ નથી કે આપણે નિર્બળ રહેવું. ઊલટાનું આપણે બળ અને એકતા સાધીને આપણી સામેની મુશ્કેલીઓનો સામનો કરવો જોઈએ. આપણે સંગઠિત બની રહેવું જોઈએ. અને આ મહાન સંકટને સમયે આપણાં બધાં ક્ષુલ્લક વિવાદો, સંઘર્ષો અને મુશ્કેલીઓનો અંત આણવો જોઈએ. એક મહાન આફત અને જીવનની મહાન બાબતોને યાદ કરવાનું અને જે વિષે બહુ રચ્યાપચ્યા રહીએ છીએ તે નાની વસ્તુઓને વિસારી દેવાનું આપણે માટે પ્રતીક બની રહે છે. ગાંધીજીએ એમના મૃત્યુ દ્વારા જીવનની મહાન વસ્તુઓનું, જીવંત સત્યનું આપણને સ્મરણ કરાવ્યું છે. અને આપણે જો તે યાદ રાખીશું તો ભારત કલ્યાણમાર્ગે હશે...

કેટલાક મિત્રોનું એવું સૂચન હતું કે મહાત્માજીના દેહને થોડા દિવસ જાળવી રાખવો, જેથી લાખો લોકો એમને છેલ્લી વંદના કરી શકે. પણ એમણે વારંવાર એવી ઈચ્છા દર્શાવી હતી કે આવું કશું કરવું ન જોઈએ. દેહને ઔષધો પૂરી જાળવી રાખવા સામે તેમનો મોટો વિરોધ હતો અને તેથી બીજાઓની ગમે તેટલી બીજી ઈચ્છા છતાં આ બાબતમાં એમની ઈચ્છાને અનુસરવાનું અમે ઠરાવ્યું છે.

જવાહરલાલ નેહરુ

## આવા માણસને કદાચ મૃત્યુ મળે....

કોઈ પણ સુધારો શરૂઆતમાં ગમે તેટલો અસંભવિત લાગતો હોય તો પણ એ કરવા માટે એક સાચો માણસ બસ છે. આ વાત અચંબો પમાડે એવી છે, તેમ છતાં સાચી છે. સંભવ છે કે આવા માણસને બદલામાં હાંસી, તિરસ્કાર અને મૃત્યુ જ મળે, અને ઘણી વાર એવું બને છે પણ ખરું. એ માણસ ખતમ થઈ જાય તો પણ એણે આદરેલા સુધારા ટકી રહે છે અને આગળ વધે છે. તે પોતાના લોહી વડે એ સુધારા ચિરંજીવ બનાવતો જાય છે. એટલે હું ઈચ્છું છું કે, કાર્યકર્તાઓ તાકાત વગરની સંખ્યાનો વિચાર કરવા કરતાં થોડા નિષ્ઠાવાન લોકોની તાકાતનો વિચાર કરતા થાય. વિસ્તાર કરતાં ઊંડાણની વધારે જરૂર છે. જો આપણે પાયો મજબૂત નાખીશું તો ભાવિ પ્રજા એના ઉપર સંગીન ઈમારત બાંધી શકશે. પણ પાયો જો રેતી પર ચણેલો હશે તો એને ફરીથી નાખવા માટે એ રેતી ખોદી કાઢવા સિવાય ભાવિ પ્રજા પાસે બીજું કામ રહેશે નહીં.

–ગાંધીજી

# જનતા ઉમેદવાર

ગુજરાતમાં ચૂંટણી ક્યારે થશે તે હજી નક્કી નથી. પણ ટૂંક સમયમાં ચૂંટણી થશે એ ધોરણે રાજકીય પક્ષો તૈયારી કરી રહ્યા છે. કેટલાક લોકો હજી એમ માને છે કે ચૂંટણી નહિ થાય અથવા વિધાન સભાની ચૂંટણી લોકસભાની ચૂંટણી સાથે જ થશે. મોરારજીભાઈએ જાહેર કર્યું છે કે ચૂંટણી મુલતવી રાખવામાં આવશે તો સત્યાગ્રહ કરવો પડશે. હું પણ માનું છું કે ચૂંટણી મુલતવી રહેવી ન જોઈએ. ગુજરાતમાં દુષ્કાળ છે. રાષ્ટ્રપતિ શાસનને કારણે દુષ્કાળને પહોંચી વળવા જે ખંત અને લાગણીથી કામ થવું જોઈએ તે નથી થતું અને નહિ થાય એવું લોકોને લાગે છે. મને પણ દુષ્કાળ રાહતના કામનો જે થોડો અનુભવ છે તે ઉપરથી એમ લાગે છે કે અમલદારો, ગમે તેટલી ભાવના હોય તો પણ, કેન્દ્ર ઉપર એટલું દબાણ લાવી શકે નહિ અને પ્રજાને દાદ-ફરિયાદ રજૂ કરવાની એટલી તક મળે નહિ. બે વર્ષ પહેલા દુષ્કાળ હતો ત્યારે ઘનશ્યામભાઈની સરકારે જે સરસ કામ કર્યું, તેનાં કરતાં આ વર્ષે વધારે વિકટ દુષ્કાળ હોવા છતાં, કામ બહુ ઢીલું અને જીવ વિનાનું છે. ગવર્નર અથવા તેમના સલાહકારોની ટીકા કરવા આ નથી લખતો.

ગુજરાતના આંદોલને વિધાનસભા વિસર્જન કરાવી એક "સિદ્ધિ" પ્રાપ્ત કરી અને ક્રાન્તિનો નવો માર્ગ બતાવ્યો; હવે ચૂંટણી થવાની છે ત્યારે આ નવા માર્ગને સાર્થક બનાવવાની તક આવી છે. તાજેતરમાં શ્રી જયપ્રકાશ નારાયણે ગુજરાતનો પ્રવાસ કર્યો ત્યારે સ્વાભાવિક એવી માન્યતા હતી, કે તેઓ માર્ગદર્શન આપશે, આગેવાની લેશે, અને એમનાં આંદોલનનું ધ્યેય પ્રાપ્ત કરવાની તક આવી છે ત્યારે તેને આવકારશે. પણ તેમણે તો જાહેર કર્યું કે ગુજરાતની ચૂંટણી સાથે તેમને કાંઈ સંબંધ નથી. કોઈ માર્ગદર્શન આપવાને બદલે, તેમની સૂચના પ્રમાણે વિધાનસભાના વિસર્જન પછી, એક વર્ષ કોલેજો છોડી નવનિર્માણનું કામ કરવાનું હતું તે વિદ્યાર્થીઓએ ન કર્યું તે માટે તેમને ઠપકો આપ્યો. ઈન્દિરા ગાંધીનો પડકાર બિહાર પૂરતો જ તેમણે ઝીલ્યો છે એમ કહી ગુજરાતની ચૂંટણી માટે હાથ ધોઈ નાંખ્યા. આ વલણ કાંઈક વિચિત્ર લાગે છે, પણ તેની ચર્ચા નિરર્થક છે. પણ ગુજરાતમાં કેટલાક મિત્રો પૂજ્ય રવિશંકર મહારાજની આગેવાની નીચે, જયપ્રકાશે ચીંધેલ માર્ગે આગામી ચૂંટણી માટે તૈયારી કરે છે. લોકસ્વરાજ આંદોલન મારફત લોકશકિત સંગઠનનો પ્રચાર શરૂ થયો છે. આગામી ચૂંટણીમાં જનતા ઉમેદવારો ખડા કરવા એ મુખ્ય ધ્યેય છે. આ કામમાં મુખ્ય એવા શ્રી ઉમાશંકર જોશી, શ્રી ભોગીલાલ ગાંધી, શ્રી મનુભાઈ પંચોલી, શ્રી ઈશ્વર પેટલીકર વિગેરે સન્નિષ્ઠ કાર્યકરો છે. તેમના તરફથી તાજેતરમાં, જનતા ઉમેદવારો કેવી રીતે પસંદ કરવા, ચૂંટણીમાં તેમને કેવી રીતે સફળ બનાવવા, આવા ઉમેદવારોની પસંદગીનું ધોરણ શું હોવું જોઈએ, આ બાબતો વિષે તેમનું નિવેદન અને કેટલુંક સાહિત્ય બહાર પડ્યું છે. અહીં તેની સમીક્ષા કરું છું તે કોઈ ટીકા કરવાને ઈરાદે નહિ પણ સમજવા માટે અને કદાચ એ મિત્રો પણ આ બાબતમાં વધારે વિચાર કરે એ હેતુથી લખું છું. આ મિત્રોની શુભ ભાવના વિષે મને પૂરો વિશ્વાસ છે અને તેમનું કાર્ય સફળ થાય તેમ હું ઈચ્છું છું. ગુજરાતને સ્થિર અને સ્વચ્છ રાજતંત્ર મળે એ ખૂબ આવકારપાત્ર છે, અત્યંત જરૂરનું છે. પણ જનતા ઉમેદવારોની આ પદ્ધતિ આ ધ્યેયને સફળ કરવા કેટલી અસરકારક થાય તે વિચારવાનું છે.

તેમનાં નિવેદનમાં જણાવ્યું છે કે લોકોની ઈચ્છા અનુસાર વિધાનસભામાં લોકપ્રહરી (વોચ ડોગ્ઝ) તરીકે ફરજ બજાવી શકે તેવા જનતા ઉમેદવારોને વિજય અપાવવા નિર્ણય કર્યો છે. આનો અર્થ એમ સમજવો કે જનતા ઉમેદવારો બહુમતિમાં ચૂંટી, રાજતંત્ર રચે એવી કલ્પના કે શકયતા નથી પણ કેટલાક લાયક માણસો લોકશાહી પ્રહરી તરીકે હોય તો સારું, એટલી જ કલ્પના છે? તો પછી નવું સ્વચ્છ તંત્ર કેમ આવે?

નિવેદનમાં વિશેષ જણાવ્યું છે કે દેશ કટોકટીમાં ફસાયો છે તેના મૂળમાં કેન્દ્ર સરકારની મૂલગત ગલત દૃષ્ટિ, ગેરનીતિ-રીતિ, તથા ભ્રષ્ટ વહીવટ જવાબદાર છે, દેશ બે મોરચે વહેંચાઈ ગયો છે, એક બાજુ, ભ્રષ્ટ અને આપખુદ શાસન અને તેનો મળતિયો સામ્યવાદી (સી. પી. આઈ.) પક્ષ અને બીજી બાજુ જયપ્રકાશજીના માર્ગદર્શન નીચેના લોકઆંદોલનના વિજય માટે મથનારાઓ; ટૂંકમાં સરકારી મંચ સામે જનતાનો મોરચો. આમાં જયપ્રકાશજીની લોકનીતિનો વિજય ઈચ્છનારા સૌ પક્ષોનો સમાવેશ થાય છે ત્યાર પછી નિવેદનમાં કેટલાક નક્કર સૂચનો કર્યાં છે જે આ પ્રમાણે છે:

૧. જનતાએ ઊભો કરેલો ઉમેદવાર ઊભો રહે ત્યાં જનતાએ અને જનતા મોરચામાં જોડાયેલ પક્ષોએ પોતાની બધી શકિત લગાડીને તેને વિજય અપાવવાનો ધર્મ અદા કરવો જોઈએ.

૨. જ્યાં જનતા ઉમેદવાર ઊભો ન હોય અને જનતા મોરચામાં માનનારા પક્ષોનો પ્રતનિધિ ઊભો હોય, ત્યાં તેણે પણ પ્રજાના અપેક્ષિત ધોરણોનો સ્વીકાર કરેલો હોવો જોઈએ અને લોકોએ તેને જીતાડવા માટે પોતાની બધી શકિત કામે લગાડવી જોઈએ.

૩. જ્યાં જનતા ઉમેદવાર ઉભો ન હોય ત્યાં જનતા મોરચામાં માનનારા પક્ષોએ અંદર અંદર સમજીને પરસ્પરનું બળ તૂટે નહિ એ રીતનો ચૂંટણી વ્યૂહ ગોઠવવો જોઈએ.

આવા વ્યૂહાત્મક મુદ્દાઓનો અમલ કરવામાં સમસ્ત પ્રજા અને સંબંધિત પક્ષો બે-કાળજી રહેશે તો તેનો લાભ "શાસક પક્ષ" ને જ જવાનો છે. તેથી ભ્રષ્ટાચારી શાસન સામે સ્વચ્છ શાસનની તક પ્રાપ્ત થઈ છે તેમાં સૌ પોતાની ફરજ બજાવશે એવી આકાંક્ષા વ્યકત કરી છે.

આ નિવેદન ઉપરથી કેટલાક મુદ્દાઓ ફલિત થાય છે તે હવે તપાસીએ. વર્તમાન ભ્રષ્ટ શાસક પક્ષને હટાવી સ્વચ્છ શાસન લાવવા માટે આ ભવ્ય વ્યૂહ છે એમ લોકઆંદોલન માને છે. આ જનતા મોરચામાં બીજા રાજકીય પક્ષોનો સાથ લેવાશે. જનતા ઉમેદવાર ન હોય ત્યાં બીજા રાજકીય પક્ષોના પ્રતિનિધિને ટેકો આપવામાં આવશે. આવા રાજકીય પક્ષોએ અંદર અંદર સમજીને હરીફાઈ ન થાય એવો ચૂંટણીવ્યૂહ ગોઠવવો. શાસક પક્ષ અને જમણેરી સામ્યવાદી પક્ષ સિવાય બીજા રાજકીય પક્ષો, જનસંઘ, ડાબેરી સામ્યવાદી પક્ષ, સંયુકત સમાજવાદી, ભાલોદ (?) કીમલોપ (?) જનતા મોરચામાં જોડાઈ શકે.

આ વ્યૂહની પાયાની માન્યતા એવી છે કે દેશની રાજકીય, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને નૈતિક કટોકટી માટે (તેમના નિવેદનના આ શબ્દો છે) ભ્રષ્ટાચારી શાસક પક્ષ જવાબદાર છે. પરિણામે, શાસક પક્ષના દરેક ઉમેદવારને હરાવવો જોઈએ, શાસક પક્ષમાં હોય તે પ્રમાણિક નથી; ભ્રષ્ટાચારી છે તેમ માની લેવું—પછી તે રતુભાઈ અદાણી હોય કે ઘનશ્યામભાઈ ઓઝા હોય— સામે, બીજા રાજકીય પક્ષનો ઉમેદવાર, જાણીતો ભ્રષ્ટાચારી ન હોય તો (જાણીતો ભ્રષ્ટાચારી કોને કહેવો?) જનતા ઉમેદવાર ન હોય ત્યાં, તેને ટેકો આપવો. ગુજરાતના પ્રવાસ દરમ્યાન, જયપ્રકાશને પૂછવામાં આવ્યું કે ચીમનભાઈ પટેલનો વિરોધ કરવો કે નહિ. શરૂઆતમાં જવાબ ટાળ્યો, પછી કહેવું પડ્યું કે તેમને ટેકો ન અપાય.

કીમલોપના બીજા કોઈ સભ્યને ટેકો અપાય કે બધા ભ્રષ્ટાચારી ગણવા?

રાજકીય પક્ષનો ઉમેદવાર, જનસંઘનો હોય કે ડાબેરી સામ્યવાદી, પોતાના પક્ષની નીતિને વરેલો હશે. આ બધા પક્ષોની નીતિ, લોક આંદોલન અને જનતા મોરચાને માન્ય છે? માત્ર જાણીતો ભ્રષ્ટાચારી ન હોય એટલું જ બસ છે? જનતા ઉમેદવારો બધાને એક ચોક્કસ નીતિ હશે? જો એમ હોય—અને હજી સુધી એવું કાંઈ જાહેર થયું નથી, તેમ એવું કાંઈ હોવાનો સંભવ નથી—તો તે પણ એક રાજકીય પક્ષ જ બને છે. જનતા ઉમેદવારોની આવી ચોક્કસ નીતિ જો કોઈ હોય તો – બીજા રાજકીય પક્ષોના ઉમેદવારો સ્વીકારે તેવો નિયમ રહેશે? તો એનો અર્થ એ થાય કે એવા રાજકીય પક્ષના ઉમેદવારે, પોતાનો પક્ષ છોડી, જનતા મોરચાના નવા પક્ષમાં જોડાવું જોઈએ. એવી કોઈ કલ્પના હોય તેમ જણાતું નથી. કારણ કે નિવેદનમાં કહ્યું છે કે જ્યાં પક્ષની કામગીરી સારી હશે ત્યાં તો તે પક્ષના પ્રતિનિધિને જનતા સહેજે આવકારશે. કયા પક્ષની કામગીરી સારી છે?

ગુજરાતમાં વિરોધી પક્ષો પરસ્પર સમજૂતી કરી ચૂંટણીવ્યૂહ રચે તે માટે પ્રયત્ન, ખાસ કરી જનસંઘે કર્યો, પણ નિષ્ફળ ગયો. સંસ્થા કૉંગ્રેસે કોઈ પણ રાજકીય પક્ષ સાથે સમજૂતી કરવાની ના પાડી. સંસ્થા કૉંગ્રેસના ઉમેદવારોને આ લોકઆંદોલનના જનતા મોરચાનો ટેકો રહેશે?

હવે જનતા ઉમેદવારની પસંદગીની યોજના તપાસીએ. તે વિષે આ પ્રમાણે કહ્યું છે:

**"આગામી ચૂંટણીના સંદર્ભમાં**

**લોક ઉમેદવારની પસંદગીની સર્વસાધારણ ઈષ્ટ પદ્ધતિ:**

(ક) આગામી ચૂંટણીઓ માટે **મતદાર મંડળોની સ્થાપના** કરવાના હેતુથી જે-તે મતદાર વિભાગના કાર્યકર્તાઓએ પ્રજાનો સંપર્ક સાધવો. તેમાંના રચનાત્મક કાર્યકરો, શિક્ષકો - અધ્યાપકો અને વિદ્યાર્થીઓ તથા અન્ય નાગરિકોમાંથી **કાર્યકારી સમિતિની** રચના કરવી.

(ખ) ચૂંટણીની જાહેરાત થયા પછી જુદા જુદા પક્ષો કે વ્યકિતગત નામો બોલાતાં થાય ત્યારે **સ્થાનિક સમિતિએ**, જેમને માટે પ્રજામાં **ભ્રષ્ટાચારી** હોવાની વ્યાપક લાગણી હોય તેમનાં નામ પાછાં ખેંચાવવા માટે, સ્થાનિક પ્રતિનિધિમંડળ દ્વારા **નૈતિક અને સામાજિક દબાણ આણવું.**

(ગ) આ સમિતિએ પોતાના મતદાર વિભાગમાં ચૂંટણી માટે સંમેલન બોલાવીને ઉમેદવાર માટેની અપેક્ષાઓ (આચાર સંહિતા) અને જનતાઢંઢેરાના ધોરણે, લોકોની નજરમાં યોગ્ય ઠરેલા પ્રતિનિધિઓનાં નામ સૂચવવાં.

(ઘ) મતદાર વિભાગોની આ સમિતિઓના સભ્યોમાં બને તો જિલ્લા સમિતિની યા તાલુકા સમિતિની રચના કરવી. આ સમિતિએ પોતાના પ્રદેશની બેઠકો માટે, મતદાર વિભાગોની સમિતિઓ તરફથી સૂચવાયેલાં નામોમાંથી આખરી નિર્ણય કરવો. (ધોરણો માટેની વિગતો આ સાથે પ્રગટ કરી છે. જનતા ઢંઢેરો હવે પછી)

**નોંધ:**

ચૂંટણી અંગે એક વાત સ્પષ્ટ સમજી લઈએ કે આપણા સંગઠન તરફથી કોઈ ઉમેદવારોની નિમણૂંક થવાની નથી. દરેક મતદાર વિભાગના લોકો અને કાર્યકરો તેમને યોગ્ય લાગે તેવા ઉમેદવારો સૂચવે: જાહેર કરેલાં ધોરણો અને જનતા ઢંઢેરોને- સ્વીકારનારા ઉમેદવારો **જિલ્લા અગર તાલુકા કક્ષાએ નક્કી થાય** તે જ ઈષ્ટ છે. **સંગઠનના સ્થાનિક કાર્યકરો તે કામમાં** પોતાની બધી જ મદદ કરશે."

આનું થોડું પૃથક્કરણ કરીએ. લોકસંગઠન તરફથી કોઈ ઉમેદવારની નિમણૂંક થવાની નથી. જિલ્લા અને તાલુકા કક્ષાએ નક્કી થશે. એમાં કલ્પના એ છે કે, ગ્રામસભાઓ અને મહોલ્લા સભાઓ રચાશે, આવી સભાઓ પ્રતિનિધિઓ ચૂંટશે. આવા પ્રતિનિધિઓનું એક મંડળ (ઈલિકટોરલ કૉલેજ) થશે જે ઉમેદવારની પસંદગી કરશે. આવી કોઈ વ્યવસ્થા થઈ છે? આ ભગીરથ કાર્ય છે. દરેક મતદાર વિભાગમાં—ગુજરાતમાં ૧૮૨-આવી વ્યવસ્થા કરવાની રહે. આવું કાંઈ થાય તો આવકારદાયક છે. બીજા રાજકીય પક્ષો પણ જ્યાં પોતાના ઉમેદવારો ઊભા રાખવાના છે ત્યાં આવી વ્યવસ્થા વ્યવહારિક અથવા શકય છે? સંસ્થા કૉંગ્રેસ કે જનસંઘના ઉમેદવાર સામે જનતા ઉમેદવાર ઊભો રહેશે? આ પક્ષોનો જનતા મોરચાને ટેકો લેવો છે! પરિણામ કદાચ એમ આવે કે કેટલેક સ્થળે કેટલીક વગદાર વ્યકિતઓ ભેગી થઈ, કોઈ ઉમેદવાર ખડો કરે અને જનતા ઉમેદવારને નામે લોકોને ભરમાવે. નામ બહુ લોભામણું છે. મતદાર વિભાગોમાંથી ઊભા કરેલા જનતા ઉમેદવારોને લોક આંદોલનના આગેવાનોની સંમતિ લેવાની રહેશે? કોઈ વરિષ્ટ મંડળ છે? આવા કોઈ વરિષ્ટ મંડળની કોઈ ઉમેદવારને મહોર મળી જાય એટલે તે લાયક અને તેથી જનતાનો ઉમેદવાર નક્કી થયો અને પ્રજાએ તે મતદાર વિભાગમાં બીજા બધા ઉમેદવારોનો વિરોધ કરવો રહ્યો. આ એક નવો રાજકીય પક્ષ નહિ તો બીજું શું? બીજા બધા ઉમેદવારોને ભ્રષ્ટાચારી અથવા નાલાયક ગણવા.

લોક ઉમેદવારની પસંદગીની પદ્ધતિમાં (કલમ - બ-) કહ્યું છે. કે ચૂંટણીની જાહેરાત થયા પછી જુદા જુદા પક્ષો કે વ્યક્તિગત નામો બોલાતા થાય ત્યારે સ્થાનિક સમિતિએ જેમને માટે પ્રજામાં ભ્રષ્ટાચારી હોવાની વ્યાપક લાગણી હોય (ભ્રષ્ટાચારી હોય કે નહિ, વ્યાપક લાગણી હોય) તેમનાં નામ પાછા ખેંચાવવા માટે સ્થાનિક પ્રતિનિધિમંડળ દ્વારા નૈતિક અને સામાજિક દબાણ લાવવું. આ નૈતિક અને સામાજિક દબાણ કેવું હશે તે વિધાન સભ્યોને રાજીનામાં અપાવવા જે દબાણો થયા તેના અનુભવ ઉપરથી કલ્પી શકીએ. આને લોકશાહી કહેવી!

હવે લાયક ઉમેદવાર માટેનાં ધોરણો તપાસીએ. તે વિષે કહ્યું છે:

**લાયક ઉમેદવાર માટેનાં ધોરણો**

૧. એણે નિ:સ્વાર્થભાવે લોકકલ્યાણનાં કામ કર્યાં હોય અને કરે એવો હોય; તે પોતાનાં હિત કે પ્રતિષ્ઠા માટે નહીં પણ સેવા કરવા માટે જ ઉમેદવારી કરતો હશે.

૨. એ કોઈ પણ પ્રકારનો ભ્રષ્ટાચાર કરતો નહીં હોય કે **ભ્રષ્ટાચાર સાંખી લેતો નહીં હોય.**

૩. એ જ્ઞાતિ - જ્ઞાતિ અને વર્ગ - વર્ગ વચ્ચે વેરઝેર પેદા નહીં કરતો હોય. એ સગાંવહાલાં, નાતીલાં કે મળતિયાંઓનું ખેંચતો નહીં હોય. અને મત મેળવવા માટે સીધી કે આડકતરી રીતે લાંચરુશ્વત આપતો નહીં હોય.

૪. એનો ચૂંટણીપ્રચાર ગરીબ દેશને પરવડે એવો સાદો મને સંયમી હશે.

૫. **એ લોકઉમેદવાર તરીકે ચૂંટાયા પછી કોઈ પક્ષમાં જોડાશે નહીં.**

૬. ચૂંટાઈ આવ્યા પછી પોતાના સ્થાનનો ઉપયોગ પોતાના કે સગાંના સ્વાર્થ માટે નહીં કરે અને **પોતાની આવક—જાવક તથા મિલકતનો હિસાબ વર્ષે વર્ષે પ્રજા સમક્ષ** મૂકતો રહેશે. એ વારંવાર પોતાના મતદાર મંડળ આગળ પોતાના કાર્યનો અહેવાલ રજૂ કરતો રહેશે.

૭. **એ કોઈ પક્ષનો સભ્ય હશે** તો પણ લોકો તરફની એની વફાદારીને પહેલી ગણશે, અને તે માટે જરૂર પડયે પક્ષને અને ચૂંટાયેલ પદને સુદ્ધાં છોડશે.

૮. એનું બધું વર્તન લોકશાહી, બિનસાંપ્રદાયિકતા તથા આર્થિક, સામાજિક ન્યાયને પોષનારું હશે.

ઘણું ઉત્તમ ધોરણ છે. પસંદ કરાયેલ ઉમેદવારમાં આ બધા લક્ષણો છે એવું કોણ નક્કી કરશે? સ્થાનિક સમિતિ? એ ભ્રષ્ટાચાર કરતો નહીં હોય એટલું જ નહીં ભ્રષ્ટાચાર સાંખશે પણ નહીં. અત્યારે દરેક ક્ષેત્રમાં વ્યાપક ભ્રષ્ટાચાર છે. ત્યાં આવો ઉમેદવાર સત્યાગ્રહ કરશે? આવો ઉમેદવાર કોઈ પક્ષમાં જોડાશે નહિ. આવા ઉમેદવારોનો કોઈ પક્ષ રચાશે કે બધા રેતીના કણ કણ જેવા રહેશે? શું કરશે? લોકપ્રહરી જ થશે? તો રાજતંત્ર તો બીજાએ રચ્યું હશે? પછી તે

કીમલોપ હોય, જનસંઘ હોય, સંસ્થા કોંગ્રેસ હોય કે ડાબેરી સામ્યવાદી હોય કે બધા ભેગા મળીને હોય. લોકપ્રહરીનું કામ, ભ્રષ્ટાચાર ન થવા દેવો એટલું જ કે, બીજું કાંઈ હશે? રાજકીય પક્ષોની નીતિનો વિરોધ હશે, હોય તો કયા ધોરણે?

ધારાસભાનો ઉમેદવાર પ્રમાણિક હોય એટલું જ બસ નથી. ધારાસભાનું શું કામ છે, તેમાં બુદ્ધિપૂર્વક, કુશળતાથી ભાગ લઈ શકે અને પોતાનો ફાળો આપી શકે તે પણ જરૂરનું છે. કેટલાય સામાજિક કાર્યકર્તાઓ પ્રમાણિક છે. પણ તેથી તે બધા ધારાસભાના સભ્ય થવાને લાયક છે તેમ માની લેવું તે ભૂલ છે. મને યાદ છે, અકબરભાઈ ચાવડા લોકસભાના સભ્ય થયા. કોઈ દિવસ લોકસભામાં બોલ્યા હોય એવું મને યાદ નથી. તેમનું કામ ખોરંભે પડયું અને લોકસભામાં કાંઈ અસરકારક ફાળો આપ્યો હોય તેવું બન્યું નથી.

જનતા ઉમેદવારની આવી વાતોમાં ત્રણ મુદ્દા સમાયેલા છે. એક, ઉમેદવાર કોઈ રાજકીય પક્ષ તરફથી નહિ પણ જનતાએ પસંદ કરેલા હોવા જોઈએ. બીજું તે ભ્રષ્ટાચારી હોવો ન જોઈએ. ત્રીજું ચૂંટાયા પછી, પોતાના મતદાર વિભાગ સાથે સતત સંપર્ક રહેવો જોઈએ.

પહેલો મુદ્દો વાસ્તવિક નથી. તેની પાછળ પક્ષવિહીન લોકશાહીની કલ્પના છે. સંસદીય લોકશાહીમાં પક્ષો અનિવાર્ય છે. જયપ્રકાશે પોતે પણ કહ્યું છે કે પક્ષવિહીન લોકશાહીની વાત તેઓ હવે કરતા નથી. તેમના આંદોલનને ટેકો આપવાવાળા રાજકીય પક્ષો અને કેટલાક સર્વોદયવાળા પણ એ વાત સ્વીકારતા નથી. જયારે અપક્ષ જનતા ઉમેદવારમાં આ જ વાત સમાયેલી છે. ચોક્કસ નીતિ અને કાર્યક્રમને વરેલ રાજકીય પક્ષથી જ સંસદીય લોકશાહી તંત્ર ચાલે. થોડા અપક્ષ ઉમેદવારો હોય તો ઠીક છે પણ તે મધમાખ પેઠે ચટકા ભરવાનું કામ કરી શકે, લોકપ્રહરી થાય, તંત્ર રચી કે ચલાવી ન શકે. અત્યાર સુધી જયપ્રકાશે ચોક્કસ સામાજિક આર્થિક નીતિ જાહેર કરવાનું ટાળ્યું છે. કારણ કે, આંદોલનમાં તેમને બધા વિરોધી પક્ષો અને તત્ત્વો - પીલુ મોદી અને ચરણસીંહથી માંડી જયોતિ બસુ સુધી - નો સાથ લેવો છે. હવે કહ્યું છે કે તેમણે, ચોક્કસ કાર્યક્રમ ઘડી કાઢયો છે અને ટૂંક સમયમાં જાહેર કરશે. તેમ થશે ત્યારે આવા કાર્યક્રમને વરેલ એક રાજકીય પક્ષ ઊભો થશે.

બીજા અને ત્રીજા મુદ્દા વિષે કોઈ મતભેદ ન હોય, પાયાની વાત એ છે કે રાજકીય પક્ષોએ લોકોને મોટે ભાગે માન્ય હોય એવા ઉમેદવારો પસંદ કરવા જોઈએ. આ માટે રાજકીય પક્ષોનો ગાઢ લોકસંપર્ક જોઈએ. બ્રિટન અને અમેરિકામાં મુખ્ય રાજકીય પક્ષો અને તેના ઉમેદવારોનો આવો સંપર્ક છે. આપણા દેશમાં આવું બને તે માટે જાગૃત લોકમત અને તે માટે લોકશિક્ષણની જરૂર છે. જનતા મોરચા અને અપક્ષ જનતા ઉમેદવારો લોકશાહીને દઢ કરવાને બદલે નિર્બળ બનાવે.

આ બાબત મેં કાંઈક વિસ્તારથી લખ્યું છે, ઘણું કહેવાનું રહે છે. મુખ્ય મુદ્દાઓનો નિર્દેશ જ કર્યો છે. નિવેદનમાં કહ્યું છે કે, જયપ્રકાશે આવા લોકઆંદોલન અને જનતા મોરચાની વાતનું સમર્થન કર્યું છે અને વધુમાં વધુ જનતા ઉમેદવારોને ઊભા કરવાના ઉપાયને રામબાણ લેખ્યો છે. વિચાર કરશું તો જણાશે કે વાસ્તવિકતાથી આ બધું કેટલું દૂર છે. લોકોના મનમાં વધારે ગૂંચવાડો પેદા થશે. શાસક પક્ષમાં ઘણો ભ્રષ્ટાચાર છે અને બહુ સડો સાફ કરવાનો છે. પણ બીજા રાજકીય પક્ષોને અને પ્રજાના બધા વર્ગોને વર્તમાન પરિસ્થિતિની જવાબદારીમાંથી મુકત ગણશું તો મોટી ભૂલ કરી બેસીશું. આ મિત્રોના સદ્ભાવપ્રેર્યા પ્રયત્નોથી થોડાક લોકપ્રહરીઓ–તે પણ ધારાસભાના કામ માટે કુશળ હોય તો– ધારાસભામાં મોકલી શકીએ તો ખોટું નથી પણ તેથી કોઈ ક્રાન્તિ કરી નાખી એવા ભ્રમમાં ન રહીએ તો સારું.

ગુજરાતનું આંદોલન આટલા માટે જ કર્યું હતું?

૨૬–૧–૭૫ ચીમનલાલ ચકુભાઈ

## પ્રકીર્ણ નોંધ

**પ્રજાસત્તાક દિન**

૨૬ જાનેવારીને દિને આપણો દેશ સાર્વભૌમ લોકશાહી પ્રજાસત્તાક રાજ્ય બન્યો. આપણે ઘડેલ નવું બંધારણ અમલમાં આવ્યું, દેશના ઈતિહાસમાં સૌથી મહાન બનાવ હતો. દેશના ભાગલા પડયા છતાં, કાશ્મીરથી કન્યાકુમારી અને કલકત્તાથી કચ્છ એટલો વિશાળ દેશ, ઈતિહાસમાં કોઈ સમયે નહોતું બન્યું તેમ, એક તંત્ર નીચે, અખંડ અને અવિભાજ્ય બન્યો. બંધારણમાં માત્ર રાજતંત્ર કેમ રચવું અને ચલાવવું એટલું જ નથી, પણ ભાવિ સમાજના નવનિર્માણનું સ્પષ્ટ ચિત્ર છે. દેશના દરેક માનવીને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય મળે, વિચાર અને વાણીની સ્વતંત્રતા મળે, દરેકને સમાન તક અને સ્થાન મળે, અને પ્રજાની એકતા અને માનવીનું ગૌરવ કરી, ભ્રાતૃભાવ વધે એવું સ્વપ્ન બંધારણના આમુખમાં મૂકયું છે. ૨૫ વર્ષ થયા. આ સ્વપ્ન કેટલું સાકાર થયું છે? અત્યારે નિરાશા અને અશ્રદ્ધાએ આપણને ઘેરી લીધા છે. ભાવિ અંધકારમય લાગે છે. ખરી રીતે, આપણી નિર્બળતાઓનું આ પ્રતિબિમ્બ છે. બીજા વિશ્વયુદ્ધ પછી એશિયા અને આફ્રિકાના જે દેશો સ્વતંત્ર થયા તેમાં આપણા દેશની પ્રગતિ નોંધપાત્ર છે. રાજકીય અને આર્થિક કટોકટી આપણા દેશમાં જ છે એમ નથી, દુનિયાના સમૃદ્ધ દેશો પણ કટોકટીમાં સપડાયા છે. લોકશાહી તંત્ર હોવાથી, આપણી ત્રુટીઓ, મુકતપણે, કાંઈક અતિશયોકિતથી પણ, પ્રકટ થાય છે. અનાજનું અને ઔદ્યોગિક ઉત્પાદન પચીસ વર્ષમાં બમણું થયું છે. પણ વસતિ વધારો અને ફુગાવો તથા મોંઘવારી ખાઈ જાય છે. આપણી કટોકટી આર્થિક અને રાજકીય કરતાં, નૈતિક અને અણવિશ્વાસની વધારે છે. કોઈ એક વર્ગ ઉપર દોષારોપણ કરી જવાબદારીમાંથી છૂટી શકીએ તેમ નથી. બધા જ પોતાનો સ્વાર્થ સાધવામાં પડયા છે. સદીઓની ગુલામી ભોગવ્યા પછી ત્યાગ અને બલિદાન વિના કોઈ પ્રજા ઊંચે આવી ન શકે. આપણી આકાંક્ષાઓને આપણે આસમાને ચડાવી છે. સંયમ ગુમાવી બેઠા છીએ. ભગીરથ પુરુષાર્થ કરીએ તો ભાવિ અચૂક ઉજજવળ છે. વર્તમાન નિરાશા અને નૈતિક અવમૂલ્યનમાંથી પ્રજાને ખેંચી બહાર લાવે એવી આગેવાની દેખાતી નથી. પરસ્પરનો આદર ગુમાવી બેઠા છીએ અને એકબીજાને તોડી પાડવાની વૃત્તિ જોર કરે છે. સંભવ છે કે, પરિસ્થિતિ સુધરે તે પહેલા પ્રજાએ કદાચ વધારે યાતનાઓમાંથી પસાર થવું પડે. ખરી રીતે ૨૫ વર્ષનો સમય, પ્રજાના ઈતિહાસમાં અલ્પકાળ છે. આપણો દેશ, માનવશકિત, બુદ્ધિમત્તા ભૌતિક સાધનો, બધામાં સમૃદ્ધ છે. પ્રજામાં ઉત્તેજના અને નિરાશાનું વાતાવરણ ફેલાવવું દેશની કુસેવા છે. વાતાવરણ પલટાવી પ્રજામાં શ્રદ્ધાના બળનો સંચાર કરવો અશકય નથી. પરિસ્થિતિ વધારે વણસે તે પહેલાં, દેશના બુદ્ધિમાન વર્ગને આવી સદ્બુદ્ધિ સૂઝે તો પ્રજાનો સાથ મળશે તેમાં શંકા નથી.

• •

**બંગલા દેશ**

શેખ મુજીબુર રહેમાને સંસદીય લોકશાહીને તિલાંજલિ આપી, સર્વસત્તા ધારણ કરી છે. બંગલા દેશને સ્વતંત્રતા મળી તે સાથે મહાન્ મુસીબતોનો સામનો કરવાનો હતો. તે જાણીતું હતું. તેમાં મોટો પડકાર હતો. યુદ્ધથી ભારે વિનાશ થયો હતો. ભીષણ ગરીબાઈ તો હતી જ. દુષ્કાળ અને વાવાઝોડાએ તેમાં ઉમેરો કર્યો. પણ માનવસર્જિત કારણોએ વર્તમાન પરિસ્થિતિમાં ઓછો ભાગ ભજવ્યો નથી. રાજવ્યવસ્થાનો બિન–અનુભવ અને અણઆવડત, આંતરિક વિખવાદો, સ્વાર્થ અને ભ્રષ્ટાચાર, આ બધા કારણે કાયદો અને વ્યવસ્થા ભાંગી પડયા, રાજકીય ખૂનો અને લૂંટફાટ મોટા પાયા

ઉપર થયા. દાણચોરી, ફુગાવો, મોંઘવારી અનહદ વધી પડયા. વિદેશી સહાય સારા પ્રમાણમાં મળી પણ બધું હોમાઈ ગયું. શેખ મુજીબુર પ્રત્યે હજી મોટા ભાગના લોકોને વિશ્વાસ છે. પણ તેમની કાર્યકુશળતા પુરવાર થવી બાકી છે. બંધારણમાં ફેરફાર કરી વ્યાપક સત્તા પ્રાપ્ત કરી છે. કદાચ વર્તમાન સંજોગોમાં તે અનિવાર્ય હશે. કાયદો અને વ્યવસ્થા તૂટી પડયા હોય ત્યારે લોકશાહી બહુ સહાયભૂત ન થાય. સખત હાથે કામ લેવું પડે. પણ ટૂંક સમયમાં તેનું અસરકારક પરિણામ લાવી ન શકે તો પ્રજા ઉપર ભારે જુલમ અને અત્યાચાર જ થાય. અસામાજિક તત્ત્વોને ડામવા સાથે, આમ વર્ગની આર્થિક પરિસ્થિતિ થોડી પણ સુધરે નહિ તો સર્વસત્તા લીધી સાર્થક ન લેખાય. એશિયા અને આફ્રિકાના ઘણાં દેશોમાં લોકશાહીના દીવા બુઝાતા જાય છે. બંગલા દેશ પણ તેનો ભોગ બન્યું. નિર્બળ પડોશી આપણે માટે જોખમ છે. ત્યાંના વાતાવરણનો પડઘો આપણા દેશ ઉપર ખાસ કરી, બંગાળ, આસામ અને તેની આસપાસના પ્રદેશોમાં પડયા વિના ન રહે, આપણા દેશમાં પણ આવું કાંઈક થવા અસંભવ નથી એવી અફવાઓ ફેલાય અથવા ઈરાદાપૂર્વક ફેલાવવામાં આવે તેથી ખૂબ સાવચેત રહેવાની જરૂર છે.

## જબલપુરની પેટા ચૂંટણી

સામાન્ય રીતે, પેટા ચૂંટણીઓ જનમતનો વ્યાપક પડઘો પાડતી નથી હોતી. સ્થાનિક સંજોગો ઉપર આધાર રાખે છે. પેટાચૂંટણીઓમાં લોકો કાંઈક ઉદાસીન હોય છે અને મતદાન ઓછું થાય છે. વળી, સત્તાધારી પક્ષ સામે લોકોને સદા અસંતોષ હોય છે, તે વ્યકત કરવાની એક તક મળે છે. એટલે પેટાચૂંટણીમાં શાસક પક્ષનો ઉમેદવાર હારી જાય તેથી બહુ મોટો ખ્યાલ ન બંધાય, પણ જબલપુરની લોકસભાની પેટાચૂંટણી જુદા પ્રકારની હતી અને તેનું પરિણામ વધારે વિચારણા માગી લે છે. જબલપુર કોંગ્રેસનો અજેય ગઢ ગણાય. શેઠ ગોવિન્દદાસે લગભગ ૫૦ વર્ષ આ મતદાર વિભાગને કોંગ્રેસ તરફી રાખ્યો હતો. આ વિભાગમાં લગભગ ૮ ધારાસભાની બેઠકો છે. તેમાં પણ મોટે ભાગે કોંગ્રેસના ઉમેદવારો વિજયી બનતા. શેઠ ગોવિન્દદાસના અવસાનથી ખાલી પડેલ આ બેઠક માટે તેમના પૌત્રને કોંગ્રેસ ઉમેદવાર તરીકે ઊભા કર્યા હતા. તેમની સામે એક પ્રમાણમાં અજાણ યુવક કાર્યકર્તા ઊભા હતા. બન્ને ૩૦ થી ઓછી ઉંમરના છે. શેઠ ગોવિન્દદાસના પૌત્રને પિતામહની અને તેમના કુટુંબની પ્રતિષ્ઠા તથા સાધનોનો ટેકો હતો. કોંગ્રેસે મોટા પ્રમાણમાં ખર્ચ કર્યો હતો. મુખ્યમંત્રી પી. સી. શેઠીએ પ્રતિષ્ઠાની બેઠક ગણી હતી. અને હેલીકોપ્ટરમાં ઘૂમીવળ્યા હતા. હરીફ ઉમેદવારને આવા કોઈ લાભ ન હતા. આ ઉમેદવારને વિરોધી પક્ષોનો ટેકો હતો પણ તે બહુ સબળ ન ગણાય. ચૂંટણી ખર્ચ માટે તેણે જનતામાંથી ફાળો ઉઘરાવ્યો હતો. મોટી બહુમતિથી– કોઈની ધારણામાં ન હોય તેવો - આ ઉમેદવારનો વિજય થયો. કોંગ્રેસને મોટો આંચકો લાગે તેવો બનાવ છે. દરેક વિભાગમાં– હરીફ ઉમેદવારને મોટી બહુમતિ મળી.

આ ચૂંટણીથી કેટલાક મુદ્દાઓ વિચારવા જેવા છે. શાસક પક્ષ અને તેના ઉમેદવાર પાસે પૈસા અને સાધનોની ખામી ન હતી. હરીફ ઉમેદવાર અજાણ્યો અને પ્રમાણમાં સાધનરહિત હતો. પૈસા અને સત્તાથી જ ચૂંટણી જીતાય છે. તે માન્યતા અને તેવી ફરિયાદ ખોટા ઠરે છે.

બીજું પ્રજાના વ્યાપક અસંતોષનું માપ મળે છે. એમ કહેવામાં આવે છે કે, આ અસંતોષ માત્ર શહેરી વિસ્તારોમાં જ છે. ગ્રામ જનતા શાસક પક્ષ સાથે છે. આ માન્યતા પણ ખોટી ઠરે છે.

વિશેષમાં મુખ્ય મંત્રી શેઠી અને અન્ય પ્રધાનો મોટા રસાલા તથા અમલદારો સાથે ધામધૂમથી ફરે તે સહાયભૂત થવાને બદલે પ્રજામાં અણગમો પેદા કરે છે. ખાસ કરીને હેલિકોપ્ટરનો ઉપયોગ- કોના ખર્ચે? પ્રજાનો મિજાજ જુદો છે તે શાસક પક્ષે સમજી લેવું રહ્યું.

લોકસભાની ચૂંટણી વહેલી કરવાનો કોઈ વિચાર હોય તો પણ આ પરિણામ ફેરવિચારણા કરાવશે.

## મૂર્ખાઈનું પ્રદર્શન

બિહારના મુખ્ય મંત્રી શ્રી અબ્દલ ગફુરે દિલ્હીમાં જાહેર કર્યું કે, જયપ્રકાશ નારાયણ ફરી બિહારમાં આંદોલન શરૂ કરશે તો સખત પગલાં લેવાશે અને તેમની ધરપકડ પણ થાય. શ્રી ગફુરે કહ્યું કે, ઘણો સમય તેમણે ચલાવી લીધું છે, આંદોલન હિંસક થતું જાય છે. એને લોકોનો ટેકો નથી અને હવે ચલાવી નહિ લેવાય. લોકો પ્રત્યે તેમણે પોતાની ફરજ અદા કરવાની છે. કોઈ પગલા લેવા હોય તો પણ આવી જાહેરાતની બડાશ શા માટે અને તે પણ દિલ્હીમાં? તેમણે કહ્યું કે, આ તેમનો પોતાનો નિર્ણય છે. કેન્દ્ર સરકાર કે વરિષ્ઠ મંડળનો આદેશ નથી. આવા પગલાં લેવાની પોતે હિંમત કરી શકે છે, અને દઢતાથી સત્તારૂઢ છે એવું બતાવવા આમ કરવું પડયું? આંદોલનને લોકોનો ટેકો નથી તો સખત પગલાં શા માટે? આંદોલનમાં ઉત્તેજના છે અને તેથી હિંસક બનાવો બને છે તે ખરું પણ જયપ્રકાશે આંદોલનને હિંસક માર્ગે જતાં રોકવા પ્રયત્નો કર્યા છે તે પણ હકીકત છે. જયપ્રકાશ જાણે છે કે, આંદોલન હિંસક થાય તો દમન કરવાનું કારણ મળે અને તેથી હિંસક બનાવો અને તોફાનો અટકાવવા તેમનો પ્રયત્ન છે.

હકીકતમાં, દમનથી આંદોલનને તેજી મળે છે. મોટે ભાગે શાન્તિમય રહે ત્યાં સુધી તેને અવકાશ આપવો ડહાપણભર્યું છે. લોકોનો ટેકો છે કે નહિ તે વિવાદનો વિષય છે. મિટીંગોમાં હાજરી લોકોના ટેકાની નિશાની હોય તો ઘણો ટેકો છે. પણ કોઈ નક્કર પગલાં લેવાયા નથી. નાકરની લડત માટે હાકલ કરી પણ કાંઈ થયું નહિ. સમાન્તર ધારાસભા અને સરકાર રચવાનું જાહેર કર્યું કાંઈ થયું નથી. પોલીસ અને સરકારી કર્મચારીઓને લાલચ અને ધમકી આપી નોકરી છોડવા કહ્યું. એકપણ પોલીસ કે સરકારી કર્મચારીએ રાજીનામું આપ્યું નથી. વિરોધ પક્ષો આંદોલનને ટેકો આપવાનું કહે છે તેના મોટા ભાગના સભ્યોએ પણ ધારાસભામાંથી રાજીનામાં આપ્યા નથી. જયપ્રકાશ આંદોલનને હવે કેવું સ્વરૂપ આપે છે તે જોવાનું. ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાતનો પ્રવાસ કર્યો. બધે લોકોની મોટી સંખ્યા હાજરી રહી. કેટલેક ઠેકાણે સારી થેલી અર્પણ થઈ. પણ નક્કર સૂચનો અને કાર્યક્રમને અભાવે કયાંય આંદોલન થાય એવી શકયતા જણાતી નથી. જયપ્રકાશે હવે જાહેર કર્યું છે કે, પ્રવાસ નહિ કરે અને બિહાર ઉપર બધી શકિત લગાડશે. સરકારે કોઈ ઉતાવળું પગલું ભરવા કરતાં ધીરજથી જોવું. અંતે જયપ્રકાશ લોકોના અસંતોષને વાચા આપે છે. વિરોધ પક્ષોમાં તેમની કક્ષાનો કોઈ આગેવાન નથી એટલે લોકો તેમના પ્રત્યે આશાથી જુએ છે. દમનકારી પગલાં લેવાને બદલે અસંતોષના કારણો દૂર કરવાના પ્રયત્ન થાય તે વધારે જરૂરનું છે. શાસક પક્ષની સામે કોઈ આંદોલન કે વિરોધ કરતાં તેની આંતરિક નિર્બળતાઓ વધારે ભયનું કારણ છે. ઈન્દિરા ગાંધી જમણેરી સામ્યવાદીઓ ઉપર વધારે આધાર રાખતા થતા જણાય છે. શાસક પક્ષમાં આ બાબત તીવ્ર મતભેદ છે. જમણેરી સામ્યવાદીઓ હવે ખુલ્લી રીતે કેન્દ્રમાં કેરળ જેવી મિશ્ર સરકારની હિમાયત કરે છે. આવી જ રીતે ચલાવવાનું હોય તો ગમે તેટલા દમનકારી પગલાં લે તો પણ લોકોનો અસંતોષ અને

આંદોલન દબાશે નહિ. કોંગ્રેસના જૂના સનિન્નષ્ઠ કાર્યકરોમાં ભારે અસંતોષ છે. શાસક કોંગ્રેસમાં જે નવા તત્ત્વો દાખલ થયા છે તે તકવાદી અને નિષ્ઠા વિનાનાં છે. ઈન્દિરા ગાંધીએ ગફુરને આવી સલાહ કે આદેશ આપ્યા હોય તો એ માર્ગ ખોટો છે એમ કહેવું પડે. ગફુર પોતાના મનથી આવું કરતાં હોય તો ગફુરને વહેલા દૂર કરે તેમાં શાસક પક્ષનું હિત છે. આંદોલન સામે દમનકારી પગલાં લેવા કરતાં શાસક પક્ષનો સડો સાફ કરવો તે જ માર્ગ છે.

૩૦-૧-૭૫ ચીમનલાલ ચકુભાઈ

# બ્રેઝનેવની બીમારી ને રશિયન યહૂદીઓ

રશિયામાં કોઈ સરળ બનાવ હોય તેને પણ પશ્ચિમના રાષ્ટ્રો રહસ્યમયી બનાવી દે છે. રશિયન સામ્યવાદી પક્ષના સૂત્રધાર શ્રી બ્રેઝનેવની હાલની બીમારી માત્ર શારીરિક બિમારી નથી પણ તેમનું ઝડપથી અવમૂલ્યાંકન થઈ રહ્યું છે તેવી ગંધ પશ્ચિમના રાજકારણી-ઓને આવે છે. આઅંગે એક બહુ જ રમૂજી અને સાચો દાખલો ભૂતકાળમાં બની ગયો છે તે અત્યારે યાદ કરવા જેવો છે. પશ્ચિમના દેશોના રાજદૂતો ક્રુશ્ચેવ વિષે અવનવી વાતો કરતા હતા. એક વખત કેનેડાના રશિયા ખાતેના એલચી તેમના મિત્રને મળવા જતા હતા. રસ્તામાં તેમણે જોયું અગર તો તેમને ભાસ થયો કે શ્રી ક્રુશ્ચેવ એક નાનકડી વોલ્ગા કારમાં બેસીને ક્રેમલીન (રાજધાનીની બેઠક) તરફ જઈ રહ્યા છે. કેનેડીયન તો દંગ થઈ ગયો, ક્રુશ્ચેવ જેવા સત્તાધીશ આ ખડખડપાંચમ મોટરકારમાં સાવ એકલા અટુલા અને રક્ષકો વગર જઈ રહ્યા છે એટલે જરૂર દાળમાં કંઈક કાળું હશે અને ક્રુશ્ચેવને કે. જી. બી. એ ઉથલાવી પાડયા હશે. કેનેડીયન રાજદૂતે આ વાત તેના બ્રિટિશ રાજદૂત મિત્રને કરી.

હકીકતમાં તે સમયે ખરેખર ક્રુશ્ચેવ ઊંડા પાણીમાં ઉતરી ગયા હતા અને તેમને ઉથલાવવાની ઘડીઓ ગણાતી હતી. પરંતુ કેનેડીયન રાજદૂતે જે વોલ્ગા કાર જોઈ હતી તેમાં બેઠેલા ક્રુશ્ચેવ એ તો કેનેડીયન રાજદૂતના મનનું જ ભૂત હતું. એ પ્રકારે શ્રી બ્રેઝનેવની બીમારીએ દેશે દેશના રાજકીય નિરીક્ષકોના મનમાં એક ભૂત ઉભું કર્યું છે. પણ એ સાથે આ વાત પણ સાચી છે કે શ્રી બ્રેઝનેવ બે મોટા મુદ્દામાં નિષ્ફળ ગયેલા દેખાય છે એટલે તેમને મનના સંતાપને કારણે તે બીમાર પડયા હોય અને એવું પણ બને કે તેમના સાથીદારોમાં તે અળખામણા બન્યા હોય. આપણે આ લેખમાં તો શ્રી બ્રેઝનેવની બે સમસ્યાઓમાંથી એક સમસ્યા જ મહત્ત્વની છે. એમ કહેવાય છે કે ઈજીપ્તના પ્રમુખ સાદત સાથે સંબંધમાં શ્રી બ્રેઝનેવ થાપ ખાઈ ગયા છે અને એ સમસ્યા રશિયાને મુંઝવે છે. બીજી સમસ્યા રશિયાના યહૂદીઓની છે. આપણે એ યહૂદીઓની સમસ્યાને જોઈએ કારણ કે તેમાં માનવતાની વાત આવે છે.

૧૯૭૨ માં રશિયા અને અમેરિકા વચ્ચે જે વેપાર કરાર થયા હતા. ને કરારને તાજેતરમાં રશિયાને તિલાંજલિ આપી છે. કારણ કે અમેરિકન કોંગ્રેસમાં માગણી થઈ છે કે વેપાર કરાર પ્રમાણે અમેરિકાએ રશિયાને આર્થિક સહાય તો જ આપવી જો રશિયા તેના યહૂદીઓ સહિતના તમામ નાગરિકોને પરદેશમાં જવાની મુકતપણે છૂટ આપે. શ્રી બ્રેઝનેવ રશિયન યહૂદીઓની બાબતમાં થોડા ઉદાર થયા હતા પણ તેમના બીજા સાથીદારો યહૂદીઓ પ્રત્યે કડક થવા માગે છે.

પાકિસ્તાન રચાયું ત્યારે પણ એવા કરોડો મુસ્લિમો હતા જે ભારતમાં જ રહેવા માગતા હતા એવી રીતે રશિયામાં ત્રાસ અને બંધનની બધી વાતો છતાં ત્યાં એવા ઘણા યહૂદીઓ છે જે રશિયા છોડીને જવા માગતા નથી! એટલે બ્રેઝનેવની ઉદારતા કે તેમના સાથીદારોની કડકાઈ યહૂદીઓને બે પ્રકારે ભીંસી રહી છે.

દાખલા તરીકે ઘણા વર્ષ પહેલા રશિયાએ નિયમ કર્યો હતો કે તેનો કોઈ પણ નાગરિક રાષ્ટ્રીયતા બદલી ન શકે. આને કારણે યહૂદીઓને મુંઝવણ ઉભી થઈ અને જગત ભરમાં લોકોએ બૂમરાણ મચાવી કે રશિયામાં યહૂદીઓને કચડવામાં આવે છે એટલે રશિયાએ મુંઝાઈને યહૂદીઓને આ નિયમમાંથી બાકાત રખાીને ઈઝરાયલ જવાની છૂટ આપી.

આનું એક પરિણામ એ આવ્યું કે રશિયાના બીજા નાગરિકોમાં અસંતોષ વધ્યો અને યહૂદીઓ પ્રત્યે રશિયાના લોકો નફરતથી જોવા લાગ્યા. કારણ કે યહૂદીઓ એક પ્રકારની પસંદગીયુકત સગવડ ભોગવતા હતા!

બીજો એક દાખલો જોઈએ. રશિયાએ યહૂદીઓને વિદેશ જવાની છૂટ આપવાનો કાયદો કર્યો તેની સાથે એક "ડિપારચર ટેક્સ" એટલે કે હિજરત - વેરો પણ નાંખ્યો. તે વેરો નાંખવામાં રશિયાની દલીલ એમ હતી કે કોઈ પણ યહૂદી નાગરિકને અમે મફત કેળવણી અને ઉચ્ચ તાલીમ આપીને હોશિયાર બનાવીએ અને પછી તે પરદેશ ચાલ્યો જાય તો તેમાં રશિયાને શું લાભ? એક ગ્રેજ્યુએટ પાછળ રશિયન સરકારને રૂ. ૩૦૦૦૦ નો ખર્ચ થાય પછી તેનો લાભ રાષ્ટ્રને જ મળવો જોઈએ. એટલે કેળવાયેલો યહૂદી બહાર જાય તો તેના ઉપર હિજરતવેરો લાગુ કર્યો. (રશિયાના આ હિજરતવેરાની ભારત સરકારે પણ નોંધ લેવા જેવી છે) આ વેરાને કારણે અમેરિકામાં ભારે ઉહાપોહ થયો. હવે ત્યારે રશિયાને અમેરિકા સાથેના સંબંધો સુધારવા હતા એટલે છેવટે આ હીજરતવેરો નાબૂદ પણ થયો.

હિજરતવેરો પાછો ખેંચાતા યહૂદીઓની હીજરત સરળ બની. પણ તે પગલું ય બુમરંગ જેવું ઠગારૂં નીવડયું. રશિયાની યુનિવર્સિટીઓ, સંશોધન શાખાઓ, પ્રયોગશાળાઓ અને રશિયન સરકારનાં કોર્પોરેશનોમાં જ્યાં યહૂદી - નિષ્ણાતોનું ઘણું પ્રભુત્વ હતું ત્યાં હવે કોઈ નવા યહૂદી નિષ્ણાતને રાખવા કોઈ સંસ્થા તૈયાર થતી નહોતી.

હજી વધુ જટીલ અને સાથે રમૂજી વાત એ બની કે રશિયા-અમેરિકા વચ્ચેનો "પ્રેમ" વધ્યો તેની સાથે રશિયાએ વધુ સંખ્યામાં યહૂદીઓને જવાની છૂટ આપી છતાં ઘણા યહૂદી મધ્યપૂર્વમાં ઉકળતો ચરૂ જોઈને ઈઝરાયલ જવા રાજી નથી! ઉપરાંત જે યહૂદીઓ રશિયા છોડીને ઈઝરાયલ ગયા છે તેમણે રશિયા ખાતે તેમના મિત્રોને લખેલા કાગળો ઉપરથી તારણ નીકળે છે કે ઈઝરાયલમાં આવીને તેઓ હજી ઠરીને ઠામ થયા નથી અને ઈઝરાયલના યહૂદી સાથે ભળી શકતા નથી. રશિયાના યહૂદીઓ વિષેની ઉપરના પ્રકારની મુંઝવણોની વાત કોઈ રશિયન પ્રચારકે વહેતી મૂકી નથી. રશિયા વિષે વાંકુ બોલવાનો એક પણ મોકો ન છોડનારા અમેરિકાના એક સામયિકે જ યહૂદીઓની આ બેહુદી હાલતનો ચિતાર આપ્યો છે.

કોઈ પણ દેશમાં રહેતી લઘુમતી કોમ માટે જ્યારે બીજા દેશમાં જવાનો વિકલ્પ હોય ત્યારે લઘુમતિમાં રહીને જ આનંદ માનવામાં કેટલી આફત છે તે રશિયાના યહૂદીઓના દાખલા ઉપરથી સમજાશે.

કાંતિ ભટ્ટ.

# પરિપૂર્ણતા

હે માનવ, તું ત્હારી અંદર રહેલ એ જ્યોતિને શોધી કાઢ, શોધી જ કાઢ. તારું સાચું સ્વરૂપ જ એ છે. એના વગર સમસ્ત સંસાર ફીકકો છે, ફીકકો છે, નિરસ છે, શુષ્ક છે. એ જ્યોતિમાં નિર્ભયતા છે, આનંદ છે, પ્રેમ છે. વિશ્વના સર્વે રસો એમાં જ આવેલા છે.

હે જ્યોતિ, તું અમારો સંપૂર્ણ સ્વીકાર કર, સ્વીકાર કર. એમાં જ અમારી પરિપૂર્ણતા છે.

દામિની જરીવાલા

# ભગવાન મહાવીરના પાંચ સિદ્ધાંતો

ભગવાન મહાવીરના પાંચ સિદ્ધાંતો એટલે અહિંસા, અનેકાન્ત, અપરિગ્રહ, સંયમ અને તપ. બીજી રીતે કહીએ તો પાંચ વ્રતો, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. બન્નેનો ભાવ અને હેતુ એક જ છે. આ પાંચ સિદ્ધાંતો અથવા પાંચ વ્રતો એટલે મહાવીરનો આચારધર્મ, જેને સમ્યક્ ચારિત્ર કહીએ. જૈનધર્મ મુખ્યત્વે ચારિત્રધર્મ છે. સમ્યક્ ચારિત્ર સાથે સમ્યક્ દર્શન અને સમ્યક્ જ્ઞાન, આ રત્નત્રયી મોક્ષમાર્ગ છે. સમ્યક્ ચારિત્રને એક જ શબ્દમાં કહેવું હોય તો સંયમધર્મ. સર્વ પ્રકારનો સંયમ. અહિંસા એટલે હિંસાનો સંયમ, અનેકાન્ત એટલે વિચાર અને વાણીનો સંયમ, અપરિગ્રહ એટલે પરિગ્રહ પરિમાણ, પરિગ્રહનો સંયમ; તપ અથવા બ્રહ્મચર્ય એટલે ભોગોપભોગનો સંયમ; સત્ય એટલે અસત્યનો સંયમ. વિચાર, વાણી અને વર્તન સર્વમાં સંયમ. બીજી રીતે કહીએ તો વિવેક, જેને જૈન પરિભાષામાં જતના અથવા યતના કહે છે. આ બધાનો સાર એ છે કે માણસનું જીવન પ્રમાદરહિત હોવું જોઈએ, વિચારમય અને જાગ્રત. અપ્રમત્ત ભાવ હોય ત્યારે માણસ સારાસારનો વિવેક કરે છે. એક વિવેકગુણમાં બધા સદ્ગુણ સમાઈ જાય છે. ગુણોની એકતા છે. Unity of Virtues એક ગુણનું પૂરું આચરણ થાય તો બધા ગુણ આવી મળે છે. એક દર્ગુણ પેસે તો બીજા દુર્ગુણોને નોતરે છે. તેથી ભગવાને કહ્યું છે કે માણસે એક ક્ષણ પણ પ્રમાદ ન કરવો.

આવા સમ્યક્ ચારિત્રનો પાયો અથવા આધાર, બે પ્રકારના છે: જ્ઞાન-દર્શન અને અનુભવ. ભગવાન મહાવીરે એક પૂર્ણ જીવનદર્શન આપ્યું છે. તે સાથે આધ્યાત્મિક જીવનની અનુભવવાણી કહી છે. જ્ઞાનદર્શનથી વિચારતાં, જીવ શું છે, જગત શું છે, વગેરે તાત્ત્વિક પ્રશ્નો થાય છે. મહાવીરનું જીવનદર્શન આત્માવાદી અને મોક્ષગામી છે. આત્મા છે, તે નિત્ય છે. તેને કર્મની વળગણો છે. તેને કારણે જન્મ-મરણના ફેરા છે, તેમાંથી મુક્તિ છે, તે મુક્તિનો માર્ગ છે, તે માર્ગ એટલે ચારિત્રધર્મ, જેને કારણે કર્મની નિર્જરા અથવા ક્ષય થાય છે અને શુદ્ધ આત્મસ્વરૂપનું જ્ઞાન થાય છે.

મેં કહ્યું તેમ, ચારિત્રધર્મનો બીજો પાયો અનુભવ છે. તત્ત્વજ્ઞાનીઓ દર્શનશાસ્ત્ર રચે છે, તર્ક અને બુદ્ધિથી જીવનના રહસ્યનો તાગ પામવા પ્રયત્ન કરે છે. સંતપુરુષો અનુભવની વાણી કહે છે. આધ્યાત્મિક સાક્ષાત્કારથી સનાતન સત્યો બતાવે છે.

દરેક માણસ, દરેક જીવ, સુખ અને શાન્તિ ઈચ્છે છે. મનુષ્ય વિચારવંત પ્રાણી છે. તેને સ્મૃતિ છે તેથી ભૂતકાળનો વિચાર કરે છે, બુદ્ધિ છે તેથી વર્તમાનનો વિચાર કરે છે, કલ્પના છે તેથી ભવિષ્યનો વિચાર કરી શકે છે. મહાવીરના ધર્મનો પાયાનો સિદ્ધાંત છે કે મનુષ્ય પોતે પોતાના સુખદુઃખનો કર્તા છે, તેનો ભોક્તા છે, તેનો વિકર્તા છે. માણસ પોતે પોતાનો મિત્ર છે, પોતાનો શત્રુ છે. આ કર્મનો સિદ્ધાંત છે, પુરુષાર્થનો સિદ્ધાંત છે.

સુખને ઝંખતો માણસ, સાચા સુખને તજી, ઝાંઝવાના જળ પેઠે, ખોટા સુખ પાછળ દોડે છે અને અંતે દુઃખી થાય છે. સાચા સુખનાં ત્રણ મુખ્ય લક્ષણો છે. સાચું સુખ પોતાને સુખ આપે અને બીજાને પણ સુખ આપે. બીજાને દુઃખી કરી પોતે મેળવેલ સુખ સાચું સુખ નથી. બીજા પણ એમ જ કરે તો સૌ દુઃખી થાય. સાચું સુખ, સાચા આનંદ પેઠે જેમ વહેંચીએ તેમ વધે છે. બીજું, સાચું સુખ સદા સુખ જ રહે, કોઈ વખત દુઃખમાં ન પરિણમે. જે સુખ થોડા સમય પછી દુઃખમાં પરિણમે, પોતાને માટે કે બીજા માટે, તે સાચું સુખ નથી. તે ક્ષણિક છે. સુખનો આભાસ છે. દારૂ પીવાથી ક્ષણિક સુખ લાગે, અંતે હાનિકારક થાય. ત્રીજું સાચું સુખ સ્વાવલંબી છે. પરાવલંબી સુખ સાચું સુખ નથી. બાહ્ય સાધનો અથવા અન્યના આધારે પ્રાપ્ત થતું સુખ દીર્ઘકાળ ટકે નહિ. તેમાં પરાધીનતા છે અને તુલસીદાસે કહ્યું, છે તેમ, પરાધીન સપને સુખ નાહિ. સાચું સુખ અંતરમાં છે. તે હોય તો ચિરકાળ ટકે છે. અંતરની શાન્તિ ન હોય તો બહારથી દેખાતી સાહ્યબી, બોજારૂપ છે.

ભગવાન મહાવીરે જે ચારિત્રધર્મ બતાવ્યો છે તે આવા સાચા સુખનો માર્ગ છે. સર્વને હિતકારી છે. એ માર્ગ અનુભવની વાણી છે, માત્ર તર્ક નથી. જાતે અનુભવે અને આચરણમાં મૂકે તેને આ માર્ગની યથાર્થતા સમજાય. ઓછી વિપરીત અનુભવ કરી જુએ અને દુઃખી થાય ત્યારે ફરી સાચા માર્ગે આવવાનું મન થશે. માણસ સ્વતંત્ર છે, જે માર્ગે જવું હોય તે માર્ગે જાય. પણ ભગવાને કહ્યું છે, સાચું સુખ અને શાન્તિ જોઈતાં હોય તો આ જ માર્ગ છે, બીજો કોઈ નથી. નાન્ય: પન્થા:

હવે આ પાંચે સિદ્ધાંતો અથવા વ્રતો થોડી વિગતથી વિચારીએ.

પ્રથમ અહિંસાનો વિચાર કરીએ. મહાવીરે અહિંસાને પરમ ધર્મ કહ્યો છે. હિંસાને બધા પાપનું અને દુઃખનું મૂળ માન્યું છે. અહિંસામાંથી બીજા બધા સિદ્ધાંતો અથવા વ્રતો આપોઆપ ફલિત થાય છે. જૈન ધર્મ જેટલો અહિંસાનો સૂક્ષ્મ વિચાર બીજા કોઈ ધર્મમાં નથી. માત્ર બાહ્ય વર્તમાનમાં જ નહિ પણ વિચાર અને વાણીમાં પણ અહિંસા. વિચારમાં હિંસા ભરી હોય તો વાણીમાં આવે અને વાણીમાં હિંસા હોય તો વર્તનમાં આવે. હિંસાનું મૂળ માણસનું મન છે. War is born in the hearts of men. વિશેષમાં, મહાવીરની અહિંસા મનુષ્ય પૂરતી સીમિત નથી, પણ પ્રાણીમાત્રને આવરી લે છે. પુનર્જન્મના સિદ્ધાંતને માનતા હોઈએ તો જીવ આજે એક યોનિમાં છે, કાલે બીજી યોનિમાં હોય. આજે કીડી કિટક છે, કાલે મનુષ્ય હોય. પોતાના માની લીધેલા સુખ માટે બીજા મનુષ્યને તો શું પણ મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિને પણ દુઃખ આપવાનો મનુષ્યને અધિકાર નથી. જૈન ધર્મ જીવનની એકતા— Unity of Lifeમાં માને છે. સર્વ જીવને, નાના કે મોટાને, સમાન માને છે, સર્વ પ્રત્યે સમાન આદર રાખે છે. મનુષ્યેતર પ્રાણિસૃષ્ટિ પ્રત્યે જે વ્યક્તિ ક્રૂરતા કરે તે મનુષ્ય પ્રત્યે પણ ક્રૂર થાય. ક્રૂરતા માત્ર બાહ્ય આચારણ નથી, અંતરનું લક્ષણ છે. જેના અંતરમાં ક્રૂરતા છે તે મનુષ્ય પ્રત્યે પણ ક્રૂર થતાં અચકાશે નહિ. અંતરમાં કરુણા હોય તો બધાં પ્રાણી પ્રત્યે વહે. અહિંસા માટે ભગવાને કહ્યું છે:

(૧) જ્ઞાની હોવાનો સાર એ છે કે કોઈ જીવની હિંસા ન કરવી.

(૨) તું જેને મારવા ઈચ્છે છે તે બીજો કોઈ નહિ પણ તારા જેવું જ ચેતનવાળું પ્રાણી છે; તેથી ખરેખર તે તું પોતે જ છે.

(૩) સર્વ પ્રાણીને પોતાનું જીવન પ્યારું છે; સર્વને સુખ ગમે છે, કોઈને દુઃખ ગમતું નથી. વધ બધાને અપ્રિય છે. સૌ જીવવા ઈચ્છે છે. તેથી કોઈ પ્રાણીની હિંસા ન કરવી.

(૪) દુનિયામાં સર્વ પ્રાણીઓ પ્રત્યે, પછી તે શત્રુ હોય કે મિત્ર, સમભાવથી વર્તવું એનું નામ અહિંસા છે.

(૫) સર્વ જીવો પ્રત્યે સંયમપૂર્વકનું વર્તન કરવું તેમાં નિપુણ-તેજસ્વી અહિંસા છે. સર્વ ધર્મસ્થાનોમાં ભગવાને આવી અહિંસાને પ્રથમ સ્થાન આપ્યું છે.

બીજો સિદ્ધાંત અનેકાન્ત, અહિંસાનું બીજું સ્વરૂપ છે. અનેકાન્ત એટલે વિચારની અહિંસા. હું કહું છું તે જ સત્ય છે એવા મતાગ્રહ કે દુરાગ્રહમાં હિંસા છે. બીજાના

કથનમાં પણ સત્યનો અંશ હોય એવી ઉદાર દષ્ટિ એટલે અનેકાન્ત. ભૌતિક જગતમાં આઈન્સ્ટાઈને સાપેક્ષવાદ શોધ્યો. આધ્યાત્મિક જગતમાં મહાવીરે સાપેક્ષ દષ્ટિ બતાવી. વિનોબાજીએ કહ્યું છે કે અનેકાન્ત દષ્ટિ મહાવીરની જગતને વિશિષ્ટ દેન છે. છાશમાંથી માખણ કાઢવા વલોણું કરવું પડે છે તેમ સત્ય શોધવા વિચારનું વલોણું કરવું અનેકાન્ત છે. અનેકાન્તમાં સહિષ્ણુતા છે, સહઅસ્તિત્વની ભાવના છે, સમતા ભાવ છે, સમન્વય દષ્ટિ છે. અનેકાન્તના એકબે દાખલા આપું. ભગવાનને પૂછયું, નિદ્રા સારી કે જાગૃતિ? ભગવાને જવાબ આપ્યો, પાપી માનવોની નિદ્રા સારી, ધર્માત્માઓની જાગૃતિ સારી. વળી કોઈએ ભગવાનને પૂછયું, સબળ અને સાવધાન હોવું સારું કે દુર્બળ અને આળસુ હોવું સારું? ભગવાને કહ્યું, અધર્મી આત્માએ દુર્બળ અને આળસુ હોવું સારું, કે જેથી પાપપ્રવૃત્તિ ઓછી કરશે. ધર્મશીલ વ્યકિતએ સબળ અને સાવધાન હોવું સારું, જેથી ધર્માચરણમાં અગ્રસ્થાને રહે.

બધી વસ્તુને સાપેક્ષ ભાવે વિચારવી અને દરેક સ્થિતિમાં રહેલ સત્યનો અંશ જોવો તેનું નામ અનેકાન્ત-વસ્તુ નિત્ય છે, અનિત્ય પણ છે. દ્રવ્યથી નિત્ય છે, પર્યાયે અનિત્ય છે.

**ત્રીજો સિદ્ધાંત અપરિગ્રહ.** પરિગ્રહ પાપનું મૂળ છે. પરિગ્રહ એટલે માત્ર વસ્તુની પ્રાપ્તિ કે સંગ્રહ જ નહિ. પરિગ્રહ એટલે વસ્તુમાં મૂર્છા અથવા આસકિત. સમૃદ્ધિ છતાં આસકિત ન હોય તો અપરિગ્રહ છે; દરિદ્રતા હોય છતાં પરિગ્રહલાલસા હોય તો પરિગ્રહી છે. પણ તેનો અર્થ એમ નથી કે પરિગ્રહ વધારવો અને મૂર્છા કે આસકિત નથી એવો દાવો કરવો. મોટે ભાગે આ ભ્રમણા હોય છે. લોભ કે તૃષ્ણાને કોઈ સીમા નથી અને આત્મવંચના અતિ સૂક્ષ્મપણે માણસ કરી શકે છે. વર્તમાન જગતની યાતનાઓનું મુખ્ય કારણ અસીમ પરિગ્રહ છે, વ્યકિતનો કે દેશનો. ફરજિયાત પરિગ્રહ–વિસર્જન એટલે સામ્યવાદ. સ્વેચ્છાએ પરિગ્રહ–પરિમાણ એટલે મહાવીરનો અપરિગ્રહ અથવા ગાંધીની ટ્રસ્ટીશિપની ભાવના, દુનિયાએ આ માર્ગે ગયા વિના છૂટકો જ નથી. અહિંસાની દષ્ટિએ જોઈએ તો પરિગ્રહ પ્રાપ્ત કરવા હિંસા કરવી પડે છે, પ્રાપ્ત કરેલ પરિગ્રહને સંઘરી રાખવા પણ હિંસા કરવી પડે છે. સીધી રીતે વ્યકિતની હિંસા ન હોય તો પણ સામાજિક અથવા રાજકીય હિંસા હોય. હિંસાના આશ્રય વિના પરિગ્રહ ટકતો નથી. મનુષ્યના શોષણથી પરિગ્રહ પ્રાપ્ત થાય છે. રાજ્યના લશ્કર કે પોલીસથી તેનું રક્ષણ થાય છે, મનુષ્ય એમ માને છે કે પરિગ્રહથી તેને સુખ મળે છે. વાસ્તવમાં પરિગ્રહ જ તેના બંધનું કારણ બને છે, તેને બાહ્ય વસ્તુઓનો ગુલામ બનાવે છે. મહાવીરે પરિગ્રહ વિષે કહ્યું છે:

(૧) વસ્તુ પ્રત્યે મમત્વ રાખવું એ જ પરિગ્રહ છે.

(૨) પ્રમત્ત માણસ ધનથી ન આ લોકમાં પોતાની રક્ષા કરી શકે, ન પરલોકમાં.

(૩) વિશ્વમાં સર્વ પ્રાણીઓ માટે પરિગ્રહ જેવું કોઈ બન્ધન નથી, કોઈ જાળ નથી.

(૪) જેમ ભમરો પુષ્પમાંથી રસ ચૂસે છે પણ પુષ્પનો નાશ કરતો નથી તેમ શ્રેયાર્થી મનુષ્ય પોતાની વ્યાવહારિક પ્રવૃત્તિમાં બીજાને ઓછામાં ઓછો કલેશ આપે કે પીડા કરે.

**મહાવીરનો ચોથો સિદ્ધાંત સંયમ.** સંયમ, મહાવીરે પ્રરૂપેલ ધર્મનો પાયો છે. વિચાર, વાણી અને વર્તન બધામાં સંયમ એટલે વિવેક, સુખનો માર્ગ છે. ભોગોપભોગ અંતે દુ:ખ પરિણામી છે. નદીનો પ્રવાહ વહેવા માટે તેને કાંઠા જોઈએ તેમ જીવનપ્રવાહ વહેવા સંયમ જોઈએ. બહારથી લાદેલાં બંધનો નિરુપયોગી અને હાનિકારક નીવડે છે. સ્વેચ્છાએ સ્વીકારેલ સંયમ સ્વસ્થતા અને પ્રસન્નતા અર્પે છે. અદમ્ય વાસનાઓ જીવનને વેડફી નાખે છે. સ્વપુરુષાર્થથી તેને કાબૂમાં રાખી પોતાની જીવનનૌકાનું સુકાન પોતાના હસ્તક રાખવું તેમાં મનુષ્યનું શ્રેય છે. મહાવીરે કહ્યું છે:

૧. હે પુરુષ, તું પોતે પોતાનો નિગ્રહ કર; સ્વયં નિગ્રહથી તું બધાં દુ:ખોમાંથી મુકિત પામીશ.

૨. આત્મા દુર્દમ્ય છે માટે તેનું દમન કરવું જોઈએ. તેનું દમન કરવાવાળા આ લોક અને પરલોકમાં સુખી થાય છે.

૩. દુરાચારમાં પ્રવૃત્ત આત્મા જેટલું પોતાનું અનિષ્ટ કરે છે. તેટલું ગળું કાપવાવાળો દુશ્મન પણ નથી કરતો.

૪. વાસનાઓ, તૃષ્ણાઓ ભારે શલ્યરૂપ છે; ઝેર જેવી છે, ભયંકર સર્પ જેવી છે. જે વાસનાઓને વશ પડી કામભોગોને ઝંખ્યા કરે છે તે છેવટ દુર્દશાને પામે છે.

૫. કામભોગો ક્ષણમાત્ર સુખ આપનારા છે અને દીર્ઘકાળ દુ:ખ આપનારા છે. કામભોગોને મેળવતાં અને ભોગવતાં દુ:ખ વધારેમાં વધારે છે, સુખ નજીવું છે. કામભોગો આત્માની સ્વતંત્રતાના શત્રુ છે, અનર્થની ખાણ છે.

**મહાવીરનો પાંચમો સિદ્ધાંત તપ છે.** તપ સંયમનું બીજું સ્વરૂપ છે; સંયમનું સાધન છે. દેહની વધારે પડતી આળપંપાળ આત્મવિકાસની બાધક છે. તપનો અગ્નિ કર્મ નિર્જરાનું સાધન છે. બાહ્ય તપ, માત્ર દેહકષ્ટ, કરતાં આભ્યંતર તપ ઉપર મહાવીરે ભાર મૂકયો છે. તપ અંતરશુદ્ધિ માટે છે. જૈન ધર્મની દષ્ટિ ચિત્તશુદ્ધિપ્રધાન છે. તેથી પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન વગેરે આભ્યંતર તપ વધારે ફળદાયી છે.

મહાવીરે કહ્યું છે કે આવો ચારિત્રધર્મ, અહિંસા, સંયમ અને તપનો, જીવનમાં ઉત્કૃષ્ટ મંગળ છે, જેનું મન સદા ધર્મમાં છે, તેને દેવો પણ નમન કરે છે.

(આકાશવાણીના સૌજન્યથી: ૧૮–૧૨–૭૪) **ચીમનલાલ ચકુભાઈ**

## જૈનધર્મ પરિચય પુસ્તકમાલા

શ્રી ભારત જૈન મહામંડળ તરફથી ભગવાન શ્રી મહાવીરની ૨૫મી નિર્વાણ શતાબ્દીના ઉપલક્ષ્યમાં જૈન ધર્મ પરિચય પુસ્તકમાલાની ૧૨ પુસ્તિકાઓ પ્રગટ થઈ છે. જેનું આખા સેટનું મૂલ્ય રૂા. ૯, છે. પ્રસ્તુત સેટ પ્રત્યેક જૈને પોતાના અંગત પુસ્તકાલયમાં વસાવવા યોગ્ય છે.

પુસ્તિકાઓ હિંદી ભાષામાં છે અને અનુક્રમે નીચેના વિષયો પર છે.

ભગવાન મહાવીર, અનેકાન્ત દર્શન, જૈન સંસ્કૃતિનું વ્યાપક રૂપ, સાહિત્ય અને સિદ્ધાંત, મહાન જૈનાચાર્ય, ચોવિશતીર્થંકર, ધ્યાન અને કાર્યોત્સર્ગ, મહામંત્ર નવકાર, નવતત્ત્વ, મહાવીરવાણી, મહાવીર, માર્કસ અને ગાંધી, અને આહારશુદ્ધિ.

આ ઉપરાંત ભગવાન મહાવીર ઉપદેશ આચાર માર્ગની શ્રી રીષભદાસ રાંકા લિખિત ગુજરાતી આવૃત્તિ પણ પ્રગટ થઈ છે, જેનું મૂલ્ય રૂપિયા ૪, છે.

પ્રસ્તુત પુસ્તકો સંઘના કાર્યાલયમાંથી મળી શકશે.

**ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ**
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## ૧૯૭૫ નાં લવાજમો

૧૯૭૫નું વર્ષ શરૂ થઈ ગયું હોઈ લવાજમના રૂા. ૧૨. કાર્યાલય ઉપર મોકલી આપવા આથી સંઘના સભ્યોને વિનંતિ કરવામાં આવે છે.

વર્ષના પ્રથમ માસમાં જે સભ્યોના લવાજમો ન આવે તેમને "પ્રબુદ્ધ જીવન" મોકલવાનું બંધ કરવું એવો જે નિયમ કરવામાં આવ્યો છે તેની નોંધ લેવા વિનંતિ છે.

**ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ**
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# સાંપ્રત રાજકીય પ્રવાહો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે તા.૧૮-૧-૭૫ શનિવારના રોજ સાંજના સમયે સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં, શ્રી ચીમનલાલ ચકભાઈ શાહના પ્રમુખપણા નીચે, પીઢ સમાજવાદી નેતા શ્રી એસ. એમ. જોષીનું "સાંપ્રત રાજકીય પ્રવાહો" એ વિષય ઉપર એક જાહેર પ્રવચન યોજવામાં આવ્યું હતું.

પ્રથમ શ્રી એસ.એમ. જોષીને, સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે આવકાર આપ્યો હતો. ત્યાર બાદ પ્રવચન શરૂ કર્યું હતું, તેનો સાર નીચે આપવામાં આવે છે.

તેમણે જણાવ્યું કે, ગાંધીજી હંમેશાં રચનાત્મક કાર્ય કરતાં હતા. તેમણે વિદેશી વસ્તુનો બહિષ્કાર જાહેર કર્યો એટલે પરદેશી વસ્તુઓની હોળી કરાવતા હતા. એ ગરીબોને વહેંચી ન દેતા. જ્યારે આજે આપણી સરકાર દાણચોરીનાં માલને જપ્ત કર્યા પછી સહકારી સ્ટોરોદ્વારા તેને વેચે છે. આ કેટલું વિચિત્ર ગણાય.

વળી ગાંધીજીએ સ્વદેશી અને અસ્પૃશ્યતા નિવારણની ઝુંબેશમાં પોતાની જાત ઘસી નાંખી. જ્યારે આપણી સરકાર આજે કાયદાનો ખડકલો કરે છે પરંતુ તેનો અમલ ખૂબ જ ઢીલો થાય છે. એક એવો પ્રસંગ પણ સાંભળ્યો છે કે ૧૯૪૮ માં કરેલા-કાયદાનો અમલ ૧૯૬૮ સુધી થયો નહોતો.

ઘણા કહે છે કે, "જયપ્રકાશજીનો કોઈ પ્રોગ્રામ જ નથી." પણ જયપ્રકાશજી ખોટા વચનો આપીને નાગરિકોને ભરમાવવામાં માનતા નથી - એ એમ નથી કહેતા કે, કેપીટાલીસ્ટોને હું દૂર કરીશ, કેમકે એ શકય જ નથી. આમ ઈન્દિરાજીએ ગરીબી હઠાવવાની વાત-નો પ્રચાર કરીને લોકોને આંજી દીધા હતા, એ વાત પણ શકય નહોતી જ.

આજે મોટે ભાગે કાયદાઓનું રાજ્ય ચાલી રહ્યું છે. ફકત કાયદાઓ પસાર કરવાથી સમાજ સુધરતો નથી. જ્યાં સુધી લોકમત કેળવીને લોકોની સમજ પાકી કરવામાં નહિ આવે ત્યાં સુધી કોઈ સુધારાના પરિણામો દેખાશે નહિ. આજે દારૂબંધીનો કાયદો હોવા છતાં લોકો તેનો કેવો અને કેટલો અમલ કરે છે તે આપણી નજર સમક્ષનો જ દાખલો છે.

આજે આખી હુકમત ભ્રષ્ટ છે, આપણે લોકો પણ ભ્રષ્ટ છીએ, સમાજ પણ ભ્રષ્ટ થઈ ગયો છે અને આ રીતે ભ્રષ્ટાચાર ફાલી ફૂલી રહ્યો છે. ત્યારે સમાજની એ ફરજ બની રહે છે કે, ભ્રષ્ટાચારને તેણે રોકવો જોઈએ. આમાં રાજ્ય પાસે સત્તા હોવાથી તેની જવાબદારી સૌથી મોટી છે.

આજે કોઈ પણ પક્ષના કાર્યકરની એવી વૃત્તિ જોવા નહિ મળે કે ફકત તે પ્રજાના ઉત્કર્ષ માટે જ કામ કરવાને લગતી હોય, આજે નૈતિકતા કોઈનામાં રહી નથી.

અગાઉ કાર્યકરની ભૂલ થતી હતી અને જાહેરમાં આવતી તો તે કબૂલ કરીને તેનો પ્રશ્ચાતાપ કરતો હતો. જ્યારે આજે ભૂલને છાવરવામાં આવે છે અને એવા કામ માટે પણ ગૌરવ લેવામાં આવે છે.

ભ્રષ્ટાચાર વિષે આપણા રાજકારણી લોકો કહે છે કે એ તો બીજા દેશોમાં પણ ચાલે છે. આ કેવી વાત છે! સારી વસ્તુનો દાખલો લઈ શકાય, પરંતુ આવો દાખલો આપીને આપીને આપણે શું ભ્રષ્ટાચારને હજુ વધારવા માગીએ છીએ?

આજે લાગવગ ધરાવતી અને અરસપરસને કામ કરી આપે એવી વ્યકિતઓને ચૂંટવામાં આવે છે. સાચો માણસ તો એક બાજુ રહી જાય છે.

ગાંધીજીના યુગમાં મલબારહીલ તરફ કોઈ નજર સરખી નહોતું કરતું. આજના મજૂરની દષ્ટિ પણ મલબારહીલ પર ચોંટેલી રહે છે. આજનું મુંબઈ એ આપણા દેશની નહિ પરંતુ પરદેશની તસ્વીર હોય એવું લાગે છે.

હમણા રેલવેની હડતાળ હતી ત્યારે સમાધાનની વાટાઘાટોમાટે જ્યોર્જ ફરનાન્ડીઝને જેલમાં મળવા જવાની પરવાનગી પણ ન આપી. બિહારમાં નેતાઓને જવાનો પ્રતિબંધ કરવામાં આવે છે. આ શું લોકશાહી છે?

ઈન્દિરાજીની બહુમતી નહોતી ત્યારે હાથ મજબૂત કરવાની વાત કરતા હતા અને લોકોએ તેમને બહુમતી આપી તો શું કર્યું? અને આમ છતાં હવે મીડટર્મ ઈલેકશનની વાત કેમ કરવામાં આવી રહી છે!

સી.પી.આઈ.વાળા અમને કહે છે કે, તમો લોકશાહીને સમાપ્ત કરવાના છો.

શ્રી જયપ્રકાશ આજ સુધી કોઈ ચૂંટણીમાં ઊભા રહ્યા નથી, અને ઊભા રહેવાના પણ નથી. એ તો રાષ્ટ્રના હિત માટેની ઝુંબેશ ચલાવી રહ્યા છે. ખરી રીતે તેઓ સરકારનું કામ કરી રહ્યા છે, ઈન્દિરાજીએ તેમનો સહયોગ લેવો જોઈએ.

આ આંદોલન કંઈ જયપ્રકાશજીએ શરૂ કર્યું નથી. જનતાના અવાજને ફકત તેઓ ટેકો આપીને માર્ગદર્શન આપી રહ્યા છે. આ તો દેશ માટે એક નવો અધ્યાય શરૂ થયો છે. શું જયપ્રકાશ લોકતંત્રના વિરોધી છે? જયપ્રકાશની મિટિંગ તોડનાર કોઈને ઈન્દિરાજીએ ઠપકો આપતા સાંભળ્યા છે? જ્યારે વિરોધ પક્ષની મિટિંગ તોડવાના પ્રયત્નનો જયપ્રકાશે પોતાની મિટિંગમાં સખ્ત વિરોધ કર્યો હતો.

એમ કહેવામાં આવે છે કે, જયપ્રકાશજીએ આઝાદી પહેલા હિંસામાં ભાગ લીધો હતો. તો તેમને મારો પ્રશ્ન છે કે, "વસંતરાવ, પાટીલ, અને ચવ્હાણ કોણ છે? કોમ્યુનિસ્ટો કોણ છે?"

કોંગ્રેસ પ્રમુખ જેવી વ્યકિત પણ કેવા નિવેદનો કરે છે? રજની પટેલે મહાત્મા ગાંધીને શું કયારેય નેતા માન્યા હતા? માટે લોકોએ કોમ્યુનિસ્ટોની ચાલ સમજવી જોઈએ.

ઈન્દિરા ગાંધીને હઠાવશો તો દેશનું શું થશે આમ લોકો પૂછે છે. પરંતુ અમારો એવો કોઈ ઈરાદો નથી. આતો પ્રક્રિયા શરૂ થઈ છે. આ પ્રક્રિયામાં જો તેમને હઠવું પડે તો એમ પણ બને.

આપણું લોકતંત્ર શું આવા ભ્રષ્ટાચારથી ચાલશે? જયપ્રકાશે એક મૌલિક સવાલ ઊભો કર્યો છે, આજે તેઓ દેશની મોટી સેવા કરી રહ્યા છે.

"પોલિટિકલ અને ઈકોનોમિક" સિસ્ટમ આજે નિષ્ફળ ગઈ છે. એક પગલું પણ સાચું હોય તો આખી પરિસ્થિતિને બદલી શકાય છે. બાપુનો એ સિદ્ધાંત હતો. સ્વદેશી વિના આપણા દેશનો પ્રશ્ન ઉકલવાનો નથી. આજની આર્થિક નીતિ નિષ્ફળ ગઈ છે માટે હવે નીચેથી ગામડાથી શરૂઆત કરવી જોઈએ. ગામડાઓને સ્વાવલંબી બનાવવા જોઈએ - બે વર્ષ સુધી જો ગામડાઓનું અનાજ ત્યાં જ રહે તો હેરવણી ફેરવણીના ખર્ચમાં કેટલો ફાયદો થાય?

ક્રાંતિ વ્યકિતના પુરુષાર્થથી નહિ પણ સમાજના પુરુષાર્થથી થાય છે. રાજકારણીઓની માફક જયપ્રકાશ લોકોને ખોટાં વચનો આપતાં નથી.

વિરોધીઓને સાફ કરવા એ શું 'પાર્લમિન્ટરી ડેમોક્રેસી છે.'?

બિહારમાં ભયંકર ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. ત્યાંની ધારાસભાના ૩૧૮ સભ્યોમાંથી ૫૦ જ સારા છે. નવી રચનામાં ૩૧૮ માંથી ૧૫૦ સારા મળશે તો પણ અમારું આંદોલન સફળ થયું ગણાશે.

બિહારનો વિદ્યાર્થી તો આજે માઈક પર આવીને એમ કહે છે કે, જયપ્રકાશજીમાં ખરેખર અમને ગાંધીજીના દર્શન થઈ રહ્યા છે.

આજે રાષ્ટ્રની સાંપ્રત પરિસ્થિતિ અંધાધૂંધીભરી છે. સત્તાવીશ વર્ષની આઝાદી બાદ આર્થિક, રાજકીય, સામાજિક વ્યવસ્થા નિષ્ફળ પુરવાર થઈ છે. નૈતિક મૂલ્યો અને ભાવના ભૂંસતા ચાલ્યા છે. ત્યારે જયપ્રકાશજીનું આંદોલન ક્ષિતિજ પર નવા અધ્યાયના મંગલાચરણ કરે છે.

અંતે સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે શ્રી જોષીનો આભાર માનતાં કહ્યું કે, તેમના મંતવ્યોમાં મતભેદને અવકાશ રહે છે ખરો, પરંતુ તે વિચાર માગી લે તેવા છે.

સંકલન: શાંતિલાલ ટી. શેઠ

# ☆ વિદ્વાન અને જ્ઞાની ☆

"વિદ્વાન" અને "જ્ઞાની" આ બંને વચ્ચે અર્થની દૃષ્ટિએ તાત્ત્વિક ભેદ ખરો? શિષ્યે ગુરુને પૂછયું.

થોડોક વિચાર કર્યા પછી ગુરુએ કહ્યું: "જે અર્થમાં કવિ અક્ષયદાસ અથવા અખાને જ્ઞાની તરીકે ઓળખાવી શકાય તે અર્થમાં સ્વ. નરસિંહરાવ, આચાર્ય આનન્દશંકર કે શ્રી વિષ્ણુપ્રસાદ કે શ્રી ઉમાશંકરને જ્ઞાની તરીકે ન ઓળખાવી શકાય. નરસિંહરાવ ભાષાશાસ્ત્રના સમર્થ વિદ્વાન ખરા. આચાર્ય આનન્દશંકર આપણા સન્માન્ય ફિલસૂફ, અને કાવ્યશાસ્ત્ર, ધર્મ તથા તત્ત્વજ્ઞાનના મહા વિદ્વાન ખરા. શ્રી વિષ્ણુપ્રસાદ વિવેચન શાસ્ત્રના પ્રખર વિદ્વાન કહેવાય જ. કવિ ઉમાશંકરને સાહિત્યના અસાધારણ વિદ્વાન જરૂર કહી શકાય. પરન્તુ આ ચારેય વિદ્વાનોને અથવા મહાવિદ્વાનોને જે અર્થમાં અખાને જ્ઞાની તરીકે ઓળખવાનું ઉચિત લેખીએ તે અર્થમાં, - ચારેય જ્ઞાનવાન હોવા છતાં, જ્ઞાની તરીકે ઓળખાવવા તે દુ:સાહસ અથવા અવિવેક લેખાય. અખો અને આ ચારેય વિદ્વાનો વચ્ચે 'વિદ્વાન' અને 'જ્ઞાની' આ બે શબ્દોના અર્થ સંદર્ભે જે તાત્ત્વિક ભેદ છે તે લક્ષ્યાર્થને અનુલક્ષે છે. ઉક્ત ચારેય વિદ્વાનોના પુરુષાર્થનું લક્ષ્ય, પોતપોતાના વિષયના સમગ્ર તત્ત્વને, તેના હાર્દને તેના પ્રાણને તેમ વળી વિષય સમસ્તને સર્વગ્રાહી દૃષ્ટિએ પામવાનું અને આત્મસાત કરવાનું હતું. પ્રતિભાવાન હોવાને કારણે ચારેયનો પુરુષાર્થ ઘણી સારી રીતે ફળ્યો. તેઓ તે તે વિષયના સિદ્ધ નિષ્ણાત થયા. અખાનું લક્ષ્ય જીવ, જગત, માયા, ઈશ્વર, બ્રહ્મ આ સર્વને તેના તત્ત્વાર્થમાં સમજી સ્વને પામી પિંડ અને બ્રહ્માંડ વચ્ચેના અભેદનો સાક્ષાત્કાર કરવાનૂ અર્થાત્, બ્રહ્મ જિજ્ઞાસાથી બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાનું હતું. વેદાંતી અને કવિ અખો જ્ઞાનમાર્ગે બ્રહ્મ સાક્ષાત્કાર કરવા મથ્યો તે જોતાં જ્ઞાન પણ અખા માટે કેવળ એક સાધન હતું. સાધ્ય બ્રહ્મજ્ઞાન પ્રાપ્તિ ખરું પરન્તુ તે દ્વારા બ્રહ્મનો સાક્ષાત્કાર કરી, બ્રહ્માનન્દની લબ્ધિનું હતું. અખાનું જ્ઞાનવૃક્ષ તેની સ્વાત્માનુભૂતિની ભોંયમાં ઊગ્યું, વિકસ્યું અને વિસ્તર્યું. તે થકી તેના જે અક્ષયરસની અને તજજન્ય આનન્દની અનુભૂતિ પોતાને થઈ તેને તેણે કવિતા સ્વરૂપે અભિવ્યકિત આપી.

જ્ઞાની એટલે કે જ્ઞાનવાળું, એ વિશેષણ છે. તેમાં મૂળ ધાતુ 'જ્ઞા' છે. 'જ્ઞા' એટલે જાણવું. વિદ્વાન એ પણ વિશેષણ છે. તેનો મૂળ ધાતુ "વિદ્" છે. "વિદ્" એ ધાતુ પણ જાણવું એ અર્થનો જ વાચક અથવા બોધક છે. જ્ઞાની અથવા જ્ઞાનિન એ શબ્દનો અર્થ આપ્ટેના સંસ્કૃત કોશમાં આ પ્રમાણે આપવામાં આવ્યો છે: 'ઈન્ટેલિજન્ટ' 'વાઈઝ', 'એન એસ્ટ્રૅાલોજર' 'એ ફોરચ્યુન ટેલર,' 'એ સેઈજ', "વન પઝેઝડ ઑફ ટ્રૂ ઓર સ્પિરિચ્યુઅલ નૉલેજ." વિદ્વાન એ તત્સમ શબ્દ વિદ્વસ્‌નું પહેલી વિભકિતનું એક વચનનું રૂપ છે. આપ્ટેના કોશમાં આ શબ્દનો અર્થ આ પ્રમાણે આપવામાં આવ્યો છે. "વાઈઝ', "લર્નેડ', 'લર્નેડ ઑર વાઈઝ મૅન', 'સ્કૉલર'. વિદ્વજ્જન એટલે "એ સેઈજ" એવો અર્થ પણ આપવામાં આવ્યો છે. સેઈજ એટલે ઋષિ. આપ્ટેના કોશમાં ઋષિનો અર્થ મંત્રદ્રષ્ટા એવો આપવામાં આવ્યો છે.

આપ્ટેના કોશમાં 'જ્ઞા' ના જે અર્થ આપવામાં આવ્યા છે તે ધ્યાનમાં લેવા જેવા છે. તે અર્થો આ મુજબ છે: 'ટુ નો (ઈન ઓલ સેન્સિસ) ટુ લર્ન, ટુ બિકમ એકવેઈન્ટેડ વિથ, ટુ બી અવેર ઓફ, ટુ બી ફેમીલિયર ઓર કોન્વરઝન્ટ વિથ, ટુ ફાઈન્ડ આઉટ, એસર્ટ, ઈન્વેસ્ટિગેઈટ, ટુ કોમ્પ્રીહેન્ડ, અન્ડરસ્ટેન્ડ, ટુ ફીલ, ટુ એકસપીરિયન્સ ટુ ટેસ્ટ, ટુ નો ધ ટ્રૂ કેરેકટર ઓફ, ટુ રેકગ્નાઈઝ, ટુ રિગાર્ડ, ટુ કન્સીડર, ટુ એકટ, ટુ એનગેજ ઈન, ટુ એકનોલેજ, ટુ એપ્રૂવ, ટુ એલાવ, ટુ રેકગનાઈઝ એઝ વન્સ ઓન, ટુ ટેઈક પઝેશન ઓફ, ટુ એનાઉન્સ, ટુ ઈન્ફોર્મ, ટુ રિકવેસ્ટ, ટુ શાર્પન, ટુ સેટિસફાય, ટુ ઈમ્મોલેઈટ, ટુ કિલ, ટુ ડિઝાયર, ટુ નો.

'વિદ્', ધાતુના પણ આ જ પ્રમાણે અર્થો આપવામાં આવ્યા છે.

સાર્થ ગુજરાતી જોડણી કોશમાં 'જ્ઞાની' એટલે 'જ્ઞાનવાળું' અને 'વિદ્વાન' એટલે 'જ્ઞાનવાન' 'પંડિત' તથા 'જ્ઞાની' એ પ્રમાણે અર્થો આપવામાં આવ્યા છે. વિદ્યોપાસનાને પરિણામે પ્રાપ્ત થતી વિદ્વત્તા એ પણ જ્ઞાની અથવા પાંડિત્યની જ વાચક છે અને જ્ઞાનોપાસનાની પરિણતી રૂપ જ્ઞાન એ પણ પાંડિત્યનું વાચક છે. એ રીતે વિદ્વાન અને જ્ઞાની બંને શબ્દોની અભિધા સમાન છે. બંનેના મૂળ અર્થો એક સરખા છે. પરન્તુ વિદ્વાન અને જ્ઞાની બંનેની જ્ઞાનભિમુખતા અને ઉપાસના પરત્વે અભિગમભેદ સંભવી શકે છે. અને અભિગમભેદે પરિણામભેદ પણ પ્રવર્તી શકે છે. કોઈ પણ નિરક્ષર મનુષ્ય જીવનભર નિરક્ષર રહીને વિદ્વત્તા મેળવી શકતો નથી. તેમ ગુરુનું પદ્ધતિસર માર્ગદર્શન મેળવ્યા વગર વિદ્યા અને વિદ્વત્તા પ્રાપ્ત થઈ શકતી નથી. કોઈ પણ એક વિદ્યામાં અસાધારણ સિદ્ધિ મેળવી ચૂકેલો મનુષ્ય સમાજમાં વિદ્વાન તરીકે પ્રતિષ્ઠા પામે છે. ઘણી બધી વિદ્યાઓમાં નિપુણતા અને અને સિદ્ધિ મેળવનાર મહા વિદ્વાન લેખાય અને અને તે સર્વત્ર પૂજાય. પરન્તુ વિદ્વત્તા એ વિદ્યાની એકાંગી ઉપાસનાનું પરિણામ પણ સંભવી શકે છે. મનુષ્યને વિતૃષ્ણ કરવાનો, વિદ્વત્તાનો ગુણવિશેષ હોવાનું નિશ્ચિતપણે કહી શકાય નહીં. વિદ્વત્તાના સહજ પરિણામલેખે તેવી અપેક્ષા પણ રાખી શકાય નહીં. ત્યારે જ્ઞાની જેમ જેમ જ્ઞાનની ક્ષિતિજ એક પછી એક વટાવતો જાય છે, ને જેમ જેમ એ વધારે ને વધારે આત્મજ્ઞ થતો જાય છે. તેમ તેમ એને નિરાકાંક્ષ, નિરભિલાષ, નિર્મોહ, અને વિતૃષ્ણ થવાનો અવકાશ વિશેષ રહે છે. વિદ્વત્તા અહંકારની જનની બની શકે. જ્ઞાન, જો સાચા સદ્‌ગુરુ પાસેથી પ્રાપ્ત થયું હોય, અને અંતરમાં ઊતર્યું હોય, તે પ્રત્યયાત્મક અને શ્રદ્ધાવિધાયક નીવડયું હોય તો તે મેળવનાર જ્ઞાની ઉત્તરોત્તર વિનમ્ર થતો જાય છે. તેના અહમ્‌નું વિગલન થતાં, તેનો આત્મભાવ સર્વાત્મભાવમાં વિસ્તરતાં વિસ્તરતાં, દઢ થતાં થતાં, તે વિશ્વાત્મૈકયની ભાવનાને સિદ્ધ કરી શકે છે.

જ્ઞાનીની કોટિએ પહોંચવા મથતો મનુષ્ય "બીઈંગ" માંથી "બિકમિંગ" એટલે કે હોવામાંથી થવાની અર્થાત અનંત રીતે અપૂર્ણ એવા મનુષ્યમાંથી પૂર્ણ માનવીની કોટિએ પહોંચવાની પ્રક્રિયામાંથી પસાર થતાં થતાં કંઈક નિર્બળતાઓમાંથી મુકત થતો જાય છે અને કંઈક ક્ષુદ્રતાઓને અતિક્રમતો અતિક્રમતો મહત્તાના બિન્દુ ઉપર સ્થિર થાય છે. જ્ઞાન એને માટે વિલાસ નથી. એના અંતરની અનિવાર્ય જરૂરિયાત છે. "નહિ જ્ઞાનેન સદ્રશમ્, પવિત્ર વિહ વિદ્યતે" એ એને માટે શ્રદ્ધાનું સૂત્ર બની રહે છે. એટલે જ ખરો જ્ઞાની ઉત્તરોત્તર યોગીની અને યોગીમાંથી મહાયોગીની અથવા પરમયોગીની અવસ્થાએ પહોંચી પૂર્ણ મનુષ્યની કોટિએ પહોંચી શકે છે. વિદ્વાન કેવળ બહિર્મુખ રહે, અંતર્મુખ થાય જ નહીં એમ બને અથવા બની શકે. જ્ઞાની માટે અંતર્મુખ થવું અનિવાર્ય છે. અંતર્મુખ થયા વિના જ્ઞાનીની આગળ ગતિ કે પ્રગતિ શકય નથી. ખરો જ્ઞાની અંતર્મુખ હોય જ. સ્વાનુભૂતિની ભોંયમાં ઊગતું ને વિસ્તરતું જ્ઞાનવૃક્ષ આત્મપ્રત્યય ખીલવે નહીં તો એ જ્ઞાનવૃક્ષ વૃથા છે. આત્મપ્રત્યયના પાયા ઉપર જ શ્રદ્ધાની ઈમારતનું સંવિધાન શકય છે કોઈ પણ એક વિદ્યાની વા અનેક વિદ્યાની ઉપાસના કર્યા પછી મનુષ્ય જ્ઞાની બની શકે છે. તે સાથે કોઈ પણ વિદ્યાની ઉપાસના ન કરી હોય તેવો મનુષ્ય પણ જ્ઞાની બની શકે છે.

સંત કબીર એનું જ્વલન્ત ઉદાહરણ છે. સંત કબીર સામાન્ય વણકર હતા. તેમણે શાસ્ત્ર ગ્રંથોનું અધ્યયન કર્યું ન હતું. પરંતુ તેમની અંતર્દષ્ટિ ઊઘડી ગઈ હતી અને જીવનદર્શન પ્રાપ્ત થતાં તેઓ જ્ઞાની થઈ શકયા હતા. જ્ઞાનની ભૂખ અંતરમાં પ્રદીપ્ત થતી હોય છે. જ્ઞાનપ્રદીપ પણ અંતરમાં પ્રગટે છે અને આત્માને અજવાળે છે. વિદ્વત્તા એ વિદ્યાનું સંચિત જળ છે. જેટલી ઉપાસના કરો તેટલી તે વધે. તે ઉત્તરોત્તર સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ અવસ્થાઓને પામી શકે. કિન્તુ તો એ એને પૂર્ણ વિદ્વાન અથવા પ્રપૂર્ણ વિદ્વાન કહેવાનું મુશ્કેલ બની જાય. કોઈ પણ ગમે તેટલો પ્રતિભાશાલી અને ગમે તેટલો શકિતશાળી મનુષ્ય પણ અનેક વિદ્યાઓના મહાસાગરો ખૂંદ્યા પછી પણ એને માટે ઘણી વિદ્યાઓના પ્રદેશો અવશિષ્ટ રહેતા જ હોય છે. સકલ વિદ્યાઓની સિદ્ધિ માટે એક મનુષ્ય જન્મ પર્યાપ્ત નથી જ. પરન્તુ એક જ જન્મમાં મનુષ્ય પૂર્ણ જ્ઞાનીની કક્ષાએ પહોંચી શકે છે: અખો, કબીર, નરસિંહ મહેતા, તુલસીદાસ, તુકારામ, જ્ઞાનેશ્વર, રામકૃષ્ણ પરમહંસ અને અન્ય અનેક સંતો જ્ઞાની, મહાજ્ઞાની અથવા પરમજ્ઞાનીની કોટિએ પહોંચ્યા હતા. તેમને વિદ્વાન તરીકે ન ઓળખો તો એ તેથી તેમની મહત્તા કોઈ રીતે ઘટતી નથી.

કૃષ્ણવીર દીક્ષિત

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક : ૨૦

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧૬ ફેબ્રુઆરી ૧૯૭૫, રવિવાર
શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## વરગીઝ કેસ

હિન્દસ્તાન ટાઈમ્સના તંત્રી શ્રી વરગીઝને, તે પત્રના માલિકો બિરલાએ કાયદેસરની છ મહિનાની નોટિસ આપી છૂટા કર્યા છે, છ મહિનાની મુદત ફેબ્રુઆરીની ૨૮મી તારીખે પૂરી થાય છે. મિ. વરગીઝને નોટીસ મળ્યા પછી, તેમની અને શ્રી. કે.કે.બિરલાની વચ્ચે લાંબો પત્રવ્યવહાર થયો છે. તે પત્રવ્યવહાર અપ્રકટ છે. એમ સાંભળ્યું છે કે, મી. બીરલાએ તે પત્રવ્યવહાર પ્રકટ કરવાની મી. વરગીઝને મનાઈ કરી છે. મિ. વરગીઝને છૂટા કરવા માટે મિ. બિરલાએ કોઈ કારણો આપ્યા નથી.

"હિન્દુસ્તાન ટાઈમ્સ" દેશનું એક અગ્રગણ્ય રાષ્ટ્રીય પત્ર છે. મિ. વરગીઝ ખ્યાતનામ અને અનુભવી પત્રકાર છે તેથી આ બનાવ ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

પત્રકારો અને પત્રકાર મંડળોએ તથા રાજકીય પક્ષોએ આ પ્રશ્ન ઉપાડી લીધો છે. રાજ્યસભામાં અને પત્રકાર મંડળો તરફથી એવો આક્ષેપ થયો છે કે સરકારના દબાણથી મી. બિરલાએ આ પગલું ભર્યું છે. સરકાર વતી માહિતીમંત્રી શ્રી. ગુજરાલે અને ખુદ ઈન્દિરા ગાંધીએ આ આક્ષેપનો ભારપૂર્વક ઈન્કાર કર્યો છે. મી. બિરલાએ પણ આવા કોઈ દબાણનો ઈનકાર કર્યો છે. જાણીતા વિદેશી વર્તમાનપત્રોમાં પણ આ પ્રશ્નની ચર્ચા થઈ છે. મિ. વરગીઝ તેમના તંત્રીલેખોમાં અને બીજી રીતે સરકારની ઘણી આકરી ટીકા કરે છે. સરકારનું કોઈ દબાણ હોય કે નહિ, પણ એમ કહેવામાં આવે છે કે, બિરલાનું વિશાળ ઔદ્યોગિક સામ્રાજ્ય જોતાં અને તેમના આર્થિક હિતો જોતાં સરકાર સાથે અથડામણમાં આવવું તેમને પોસાય નહિ તેથી મી. વરગીઝને છૂટા કર્યા છે.

આ પ્રશ્નને વર્તમાનપત્રની સ્વતંત્રતાનો પ્રશ્ન બનાવ્યો છે. તે સાથે તંત્રીની સ્વતંત્રતાનો પ્રશ્ન ઊભો કર્યો છે. વર્તમાનપત્રનાં માલેકો તંત્રીની સ્વતંત્રતામાં દખલગીરી કરી ન શકે અને તંત્રી સ્વતંત્ર ન હોય તો વર્તમાનપત્રની સ્વતંત્રતા જોખમાય છે એવી દલીલ થાય છે. બિરલાનું આ પગલું જો સરકારના દબાણથી હોય તો સરકાર, વર્તમાન પત્રની સ્વતંત્રતા પર આક્રમણ કરે છે એવું ભારપૂર્વક કહેવાય છે. લોકશાહીમાં વર્તમાનપત્રની સ્વતંત્રતા પાયાની વસ્તુ છે, તેથી આ પ્રશ્ન અતિ મહત્ત્વનો થઈપડયો છે.

સરકાર વતી જવાબ આપતા શ્રી ગુજરાલે કહ્યું કે, સરકાર વર્તમાનપત્રોની સ્વતંત્રતામાં પૂર્ણપણે માને છે અને તે સ્વતંત્રતા ઉપર કોઈ બંધન કે અંકુશ લાવવા ઈચ્છતી નથી એટલું જ નહિ પણ તેમણે કહ્યું કે, સરકાર, તંત્રીની સ્વતંત્રતામાં પણ માને છે. અને વર્તમાનપત્રના માલેકો તંત્રીની સ્વતંત્રતામાં કોઈ દખલગીરી ન કરે તેવો પ્રબંધ કરવા સરકાર ઈંતેજાર છે. તેમણે વિશેષમાં કહ્યું કે, આ પહેલા બિરલાએ પાંચ તંત્રીઓને છૂટા કર્યા છે. તેમના આર્થિક હિતો જોખમાય અને તેનું પૂરું સમર્થન ન કરે એવો કોઈ તંત્રી બિરલાને પોસાતો નથી. ગુજરાલે આડકતરી રીતે બિરલા ઉપર આરોપ મૂકયો છે, તેમાં તેમનો હેતુ છે. ઉદ્યોગપતિઓ વર્તમાનપત્રોના માલેક હોવા ન જોઈએ અને વર્તમાનપત્રોની સ્વતંત્રતા માટે ઉદ્યોગપતિ હોવું અને વર્તમાનપત્રોની માલેકી–બન્ને સાથે ન રાખવા (delink industry and newspapers) એવી સરકારની નીતિ છે, અને તે માટે સરકાર ઘટતાં પગલાં લેવા કેટલાય વખતથી જાહેરાત કરતી રહી છે. સરકારને વર્તમાનપત્રોની સ્વતંત્રતાની વધારે પડી છે કે ઉદ્યોગપતિઓના હાથમાં વર્તમાનપત્રો રહેવા ન દેવા એ વાતની વધારે પડી છે. (અને તે માટે કેટલાક હેતુઓ છે) તેની ચર્ચામાં અહીં ન ઊતરું, પત્રકારો, સરકારની સાફ દાનત હોય તે વાત સ્વીકારતા નથી અને સરકારી દબાણથી બિરલાએ આ પગલું લીધું છે એમ કહે છે.

૧૯૬૫ માં સરકારે કાયદો કરી પ્રેસ કાઉન્સિલની રચના કરી છે. સુપ્રીમ કોર્ટના એક નિવૃત ન્યાયાધિશ તેના અધ્યક્ષ છે. તેમાં પત્રકારો, વર્તમાનપત્રોના માલેકો, તંત્રીઓ, પાર્લમિન્ટના સભ્યો વિગેરે મળી ૨૭ સભ્યો છે. પ્રેસ કાઉન્સિલનો મુખ્ય હેતુ વર્તમાન પત્રોની સ્વતંત્રતાની રક્ષા કરવી અને વર્તમાનપત્રોનું ધોરણ જાળવવું અને ઊંચે લાવવું તથા વર્તમાનપત્રો માટે આચારસંહિતા રચવી, એવા ઉદ્દેશો છે. આવી બાબતોમાં પ્રેસ કાઉન્સિલને કોઈ ફરીયાદ કરવામાં આવે તો તેની તપાસ કરી કાઉન્સીલ, દોષીત વર્તમાનપત્ર અથવા તંત્રી કે પત્રકારને ચેતવણી આપે, ઠપકો આપે, અથવા તેનું વર્તન વખોડી કાઢે.

The council may warn, admonish, or censure the newspaper, the news agency, the editor or the journalist or disapprove the conduct of the editor or jounalist, as the case may be.

મી. વરગીઝને છૂટા કર્યા તે બાબત તેમણે પોતે કોઈ ફરિયાદ કરી નથી તેમ બીજા કોઈ કાયદેસરનાં પગલાં લીધાં નથી, પણ કેટલાક પત્રકારો અને પત્રકાર મંડળો તથા હિન્દુસ્તાન ટાઈમ્સના કર્મચારીઓ વતી પ્રેસ કાઉન્સિલને ફરિયાદો કરવામાં આવી છે. પ્રેસ કાઉન્સિલે તપાસ હાથ ધરી છે. મી. બિરલાનો જવાબ માગ્યો. જવાબમાં મી. બિરલાએ જણાવ્યું છે કે આવી ફરિયાદોની તપાસ કરવાનો પ્રેસ કાઉન્સિલને અધિકાર નથી. કોઈ વર્તમાનપત્ર કે તંત્રી કે બીજા કોઈ પત્રકાર સામે, વર્તમાનપત્રનું ઉચ્ચ ધોરણ જાળવી રાખ્યું ન હોય તેવી ફરિયાદ જ પ્રેસ કાઉન્સિલ સાંભળી શકે. વર્તમાનપત્રના માલેક અને તંત્રી કે બીજા કોઈ પત્રકાર વચ્ચે કોઈ તકરાર હોય તે સાંભળવાનો પ્રેસ કાઉન્સિલને અધિકાર નથી. તંત્રી કે પત્રકાર કાયદેસર પગલા લઈ શકે છે. આવી તકરારને વર્તમાનપત્રની સ્વતંત્રતા કે પત્રકારત્વના ઉચ્ચ ધોરણ સાથે કોઈ સંબંધ નથી. કોઈ તંત્રી કે પત્રકાર કે અન્ય કર્મચારીને રાખવા કે છૂટા કરવા, સંચાલકોનો અધિકાર છે. તેવું પગલું ગેરકાયદેસર હોય તો તંત્રી કે

પત્રકાર કાયદેસર પગલાં લઈ શકે છે. પ્રેસ કાઉન્સિલ ઔદ્યોગિક અદાલત નથી. તેમ છતાં પ્રેસ કાઉન્સિલે તપાસ કરવાનો નિર્ણય કર્યો. તેથી મી. બિરલાએ દિલ્હી હાઈકોર્ટમાં રીટ પીટીશન કરી પ્રેસ કાઉન્સિલને તપાસ કરતા અટકાવવા મનાઈ હૂકમ માગ્યો છે. હાઈકોર્ટે વચગાળાનો હુકમ એટલો કર્યો છે કે પ્રેસ કાઉન્સિલ તપાસ ચાલુ રાખે પણ રીટ પીટીશનનો નિકાલ ન થાય ત્યાં સુધી કોઈ નિર્ણય જાહેર ન કરે અને ત્યાં સુધી મી. વરગીઝ તંત્રી તરીકે ચાલુ રહે.

આ કેસમાં ઘણા મહત્ત્વના મુદ્દાઓ સમાયા છે. તેને રાજકીય સ્વરૂપ અપાયું છે તેથી વધારે વિવાદાસ્પદ બન્યો છે. કેટલાય તંત્રીઓને વર્તમાનપત્રોના માલિકોએ છૂટા કર્યા છે. તેમાં વર્તમાનપત્રની સ્વતંત્રતા અથવા તંત્રીની સ્વતંત્રતાનો મુદ્દો કોઈએ ઉઠાવ્યો નથી. કાયદામાં એટલી જ જોગવાઈ છે કે તંત્રીને છૂટા કરવા છ મહિનાની નોટિસ આપવી પડે. મી. વરગીઝે શાસનની આકરી ટીકા કરી છે તેથી તેમને છૂટા કરવામાં આવે છે માટે વર્તમાનપત્રની સ્વતંત્રતા અને તંત્રીની સ્વતંત્રતા જોખમાય છે એવો આરોપ મૂકાયો છે. પત્રકાર તરીકે મી. વરગીઝની લાયકાત વિષે મતભેદ નથી. મી. બિરલાએ વરગીઝને છૂટા કરવાના કોઈ કારણો આપ્યા નથી, કારણો આપવાની કોઈ ફરજ નથી. તેમના પત્રવ્યવારમાં શું છે તે જાણ્યું નથી. આ પત્રવ્યવહાર ખાનગી રીતે પ્રેસ કાઉન્સિલ અને હાઈ કોર્ટને અપાયો છે.

આ કેસ વર્તમાનપત્રો, તેના સંચાલકો અને તંત્રીઓ, કદાચ બીજા પત્રકારો માટે પણ, મહત્ત્વના મુદ્દાઓ ઉપસ્થિત કરે છે. દિલ્હી હાઈકોર્ટ એમ ઠરાવે છે કે આ બાબત પ્રેસ કાઉન્સિલના હકુમતની બહાર છે તો વાતનો ત્યાંથી અંત આવે છે. હાઈકોર્ટ પાસે પ્રેસ કાઉન્સિલના અધિકાર પૂરતો જ મુદ્દો છે. પ્રેસ કાઉન્સિલને અધિકાર છે એમ ઠરાવે તો પ્રેસ કાઉન્સિલનો નિર્ણય ઘણો અગત્યનો થઈ પડે. પ્રેસ કાઉન્સિલ વરગીઝને તંત્રી તરીકે ચાલુ રાખવા હુકમ કરી શકતી નથી. વધુમાં વધુ બિરલાને ચેતવણી આપે, ઠપકો આપે અથવા તેના પગલાને વખોડી કાઢે. પ્રેસ કાઉન્સિલનો નિર્ણય બિરલાને બધનકર્તા નથી. પ્રેસ કાઉન્સિલ એવો અભિપ્રાય વ્યકત કરે કે સરકારના દબાણથી બિરલાએ આ પગલું ભર્યું છે તો સરકારની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચે. બિરલાએ પોતાના આર્થિક હિતોના રક્ષણ માટે અથવા મનસ્વીપણે આવું પગલું લીધું છે એવો અભિપ્રાય આપે તો બિરલાની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચે. કદાચ, વરગીઝે પછી કોઈ કાયદેસરના પગલાં લેવા હોય તો આવો અભિપ્રાય તેને મદદરૂપ થાય. પ્રેસ કાઉન્સિલને કરેલી ફરિયાદો વરગીઝને તંત્રી તરીકે ચાલુ રખાવાના ઈરાદા કરતાં સરકાર અથવા બિરલાને ઉઘાડા પાડવાનો એમાં ઈરાદો વધારે હોય તેમ લાગે છે.

આ બાબત પ્રેસ કાઉન્સિલ સમક્ષ હોવાથી તેની વિગતથી ચર્ચા નથી કરતો. પણ મુખ્ય મુદ્દાઓનો સંક્ષેપમાં નિર્દેશ કરું છું.

વર્તમાનપત્રની સ્વતંત્રતા અને તંત્રીની સ્વતંત્રતા બે જુદી વસ્તુ છે. તંત્રીની બદલી કરવાથી વર્તમાનપત્રની સ્વતંત્રતા જોખમાતી નથી. સરકારી દખલગીરી કે નિયંત્રણ હોય તો વર્તમાનપત્રની સ્વતંત્રતા જોખમાય છે. તંત્રીની સ્વતંત્રતાને મર્યાદા છે. પત્રના સંચાલકોને પત્રની નીતિ નક્કી કરવાનો અધિકાર છે. તે નીતિની મર્યાદામાં રહી તંત્રીએ પત્રનું સંચાલન કરવાનું રહે છે. તંત્રીના રોજેરોજના કામમાં દખલગીરી ન કરાય, તંત્રીનું સ્થાન ઘણું અગત્યનું છે. એક સમય એવો હતો કે પત્રની પ્રતિષ્ઠા, કોણ તંત્રી છે તેના ઉપર આધાર રાખતી. અત્યારે કયા પત્રનો કોણ તંત્રી છે તે જાણવાની કોઈ પરવા કરતું નથી. કેટલાક પત્રના માલેકોને ચોક્કસ નીતિ હોતી નથી. વર્તમાનપત્ર ધંધાદારી રીતે ચલાવે અને વધુમાં વધુ નફો મેળવવો એટલું જ ધ્યેય હોય. રાજકીય પક્ષોના પત્રોને ચોક્કસ નીતિ હોય છે. પોતાના પક્ષની નીતિના પ્રચાર અર્થે પત્રો ચલાવતા હોય છે. ઉદ્યોગપતિ પોતાના હિતો જુએ તે સ્વાભાવિક છે. કેટલાક વર્તમાનપત્રો પબ્લીક ટ્રસ્ટ હોય છે અને રાષ્ટ્રહિતની દષ્ટિ જ તેની નીતિ હોય છે. આ શ્રેષ્ઠ માર્ગ છે. તેમાં પણ સ્પષ્ટ નીતિ છે. પત્રની નીતિ ઉપર સંચાલકનો કોઈ કાબુ ન હોય તો આર્થિક જોખમ ખેડી પત્ર ચલાવવું શા માટે? અથવા કોઈ તંત્રી, પત્રના માલેકની નીતિ વિરુદ્ધ પત્ર ચલાવે તો માલેક કેમ નિભાવી લે? તંત્રીને પણ પોતાની મોટી જવાબાદારી છે. તેની વફાદારી સમગ્રપણે પ્રજા પ્રત્યે હોવી જોઈએ. કોઈ માલેક રાષ્ટ્રહિત વિરુદ્ધ પ્રચાર કરવા ઈચ્છે અને તંત્રીના અંતરાત્માને તે ન રુચે તો તેણે છુટા થવું જોઈએ. તંત્રી લોકશિક્ષક છે. વર્તમાનપત્રો લોકમત ઘડવામાં બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. કાયદાની મર્યાદામાં રહી, દરેક નાગરિકને પોતાના મતપ્રચારનો અધિકાર છે. વર્તમાનપત્રમાં બે મુખ્ય બાબત રહેલી છે: સમાચાર અને અભિપ્રાય. સમાચારની બાબતમાં પૂરી તટસ્થતા અને પ્રમાણિકતા હોવી જોઈએ. ખોટા અથવા વિકૃત સમાચાર આપી ન શકાય. અભિપ્રાય જુદી બાબત છે. વાચકે અભિપ્રાય સ્વીકારવો કે નહિ તેની મરજીની વાત છે. કોઈ તંત્રીને ફરજિયાત પત્રના માલેક ઉપર લાદી ન શકાય. તંત્રી અને માલેક વચ્ચે પરસ્પર વિશ્વાસ હોવો જોઈએ. માલેકની સ્વતંત્રતા તે પણ વર્તમાનપત્રની સ્વતંત્રતાનું અંગ છે. બિરલાએ સરકારના દબાણથી કે પોતાના હિતોની દષ્ટિથી સ્વેચ્છાએ આ પગલું લીધું હોય. સરકારના દબાણથી કર્યુ હોય તો ખોટું છે અને વર્તમાનપત્રની સ્વતંત્રતાને બાધક છે એમ કહી શકાય. ગમે તે કારણ હોય, પણ પત્રના માલેકોની નીતિ કે ઈચ્છા વિરુદ્ધ પત્રનું સંચાલન ફરજિયાત કરાવવું તેમાં વર્તમાનપત્રની સ્વતંત્રતા નથી. આવા ઘણા મહત્વના મુદ્દાઓ આ કેસમાં સમાયેલ છે. વરગીઝ–બીરલા પત્રવ્યવહાર પ્રકટ થાય તો સાચી હકીકતો બહાર આવે અને આ વિવાદ ઉપર વધારે પ્રકાશ પડે. દિલ્હી હાઈકોર્ટ અને પ્રેસ કાઉન્સિલના નિર્ણયો પછી વિશેષ વિચારવાનું પ્રાપ્ત થશે.

૧૪-૨-'૭૫ **ચીમનલાલ ચકુભાઈ.**

## વિપશ્યના સાધના શિબિર

વિપશ્યના સાધના એ ચિત્ત શુદ્ધિકરણની સાધના છે. ભારતમાં જુદે જુદે સ્થળે શ્રી સત્યનારાયણ ગોએન્કા આ વિપશ્યના સાધના શિબિરો યોજે છે. એમણે આ સાધના બ્રહ્મદેશમાં પ્રાપ્ત કરી હતી અને હવે સાધના શિબિરોમાં તેઓ એનો અભ્યાસ કરાવે છે. એમના સાન્નિધ્યમાં તા. ૧૫-૨-૭૫ થી તા. ૭-૩-૭૫ સુધી એમ દસ-દસ દિવસની બે શિબિરો કચ્છમાં અંજાર તાલુકામાં નિગામ ગામે યોજવામાં આવી છે. આમાંની એક શિબિર તા. ૧૫ મીએ શરૂ થઈ હશે. જેમને આ વિપશ્યના સાધના શિબિરમાં જોડાવામાં રસ હોય એમણે કચ્છના શિબિરોના પ્રવેશપત્રો તેમ જ અન્ય માહિતી માટે ડૉ. જી. સાવલા, વાણિયાવાડ, ભૂજ-કચ્છ (ફોન : ૩૩૭, ૪૭૮) એ, સરનામે સંપર્ક સાધવાનુ જણાવવામાં આવે છે.

## કેન્દ્રનું અંદાજપત્ર

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે બુધવાર તા. ૫ મી માર્ચના રોજ સાંજના ૬ વાગ્યે સંઘના પરમાનંદ કાપડિયા સભાગૃહમાં, ભારત સરકારના ચાલુ વર્ષના અંદાજપત્ર પર 'કોમર્સ રિસર્ચ બ્યૂરો'ના વડા અને જાણીતા અર્થશાસ્ત્રી ડૉ. નરોત્તમભાઈ શાહનું એક જાહેર પ્રવચન રાખવામાં આવ્યું છે.**

**આ પ્રવચન સમયસર જ, સાંજના ૬ વાગ્યે શરૂ થશે તો આ સમય પહેલાં આપની જગ્યા લઈ લેવા નમ્ર વિનંતી.**

**ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ**
**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.**

# ☆ પ્રકીર્ણ નોંધ ☆

## ભારત, પાકિસ્તાન અને અમેરિકા

ભારત અને અમેરિકાના સંબંધો વર્ષોથી અનિશ્ચિત અને કેટલેક દરજ્જે તંગ રહ્યા છે. નેહરુના સમયમાં પણ આ સ્થિતિ હતી. અમેરિકાએ આપણને બહુ મોટા પ્રમાણમાં આર્થિક સહાય આપી છે. બન્ને લોકશાહી દેશો છે, છતાં અમેરિકાની સહાય આપવાની રીતમાં કાંઈક એવું તત્ત્વ રહ્યું છે જે આપણને ખટકે છે. સહાય આપવામાં ઉદારતા અને સરલતા કરતાં ઉપકાર અને મોટપની લાગણી વધારે હોય છે. આપણા તરફથી વધારે પડતી આભારની અપેક્ષા રાખતા હોય છે અને તેવું ન દેખાય ત્યારે સખત અણગમો બતાવે છે. ખાસ કરી અમેરિકાની વિદેશનીતિને આપણે ટેકો આપીએ એવી અપેક્ષા રાખે છે, જે આપણે માટે હમેશાં શક્ય નથી. રશિયા સાથેના આપણા સંબંધો વધારે ગાઢ રહ્યા છે તે પણ તંગ વાતાવરણનું એક કારણ છે. રશિયાની અને આપણી વિદેશનીતિ પરસ્પર સમજૂતી અને સહકારની રહી છે. વિયેટનામ અને મધ્યપૂર્વમાં અમેરિકાની નીતિ સાથે આપણે સહમત થઈ શકયા નથી, બલ્કે તેનો વિરોધ કે ટીકા કરી છે. અમેરિકાએ દક્ષિણ વિયેટનામને મદદ કરી, લશ્કર મોકલ્યું તેનો આપણે વિરોધ કર્યો હતો. અમેરિકા ઈઝરાઈલને ટેકો આપે છે, આપણે આરબોને ટેકો આપીએ છીએ. પેલેસ્ટાઈન મુક્તિદળને ટેકો આપ્યો. ૧૯૬૨માં ચીની આક્રમણ સમયે અમેરિકાએ તાત્કાલિક અને મોટા પ્રમાણમાં સહાય કરી, કારણકે ત્યારે અમેરિકા અને ચીન પરસ્પર વિરોધી હતા. હવે પરિસ્થિતિ બદલાઈ છે. અમેરિકાએ ચીન સાથે સંબંધો સુધાર્યા છે. આપણા પ્રત્યે ચીનનું વલણ વિરોધી છે. રશિયા અને ચીન વચ્ચે તીવ્ર સંઘર્ષ છે. રશિયા સાથે આપણા સંબંધો સારા છે. દુર્ભાગ્યે, અમેરિકા લોકશાહી દેશ હોવા છતાં, દુનિયામાં પ્રત્યાઘાતી અને લોકશાહીવિરોધી બળોને ટેકો આપતું રહ્યું છે. દક્ષિણ કોરિયા, દક્ષિણ વિયેટનામ, ગ્રીસ, તૂર્કી, પોર્ટુગલ, દક્ષિણ આફ્રિકા, પાકિસ્તાન, દરેક સ્થળે લશ્કરી અમલ અથવા લોકશાહી વિરોધી દળોને અમેરિકાનો ટેકો રહ્યો છે. આપણને દબાયેલા રાખવા પાકિસ્તાનને મોટા પ્રમાણમાં શસ્ત્રસહાય કરે છે. તે સાથે આપણને પણ અન્ન અને બીજી આર્થિક સહાય આપતા રહે છે. પણ પાકિસ્તાનને આપણી સામે કાયમ ધરે છે. બંગલા દેશના યુદ્ધ વખતે સ્પષ્ટપણે, પાકિસ્તાન તરફી વલણ અપનાવ્યું. તે સમયે રશિયાની પૂરી સહાય ન હોત તો આપણી ઘણી કફોડી સ્થિતિ થાત. પાકિસ્તાનને લશ્કરી સહાય અપાય છે તેનો ભારત સામે ઉપયોગ નહિ થાય એવી વખતોવખત ખાતરી આપી છતાં ૧૯૬૫માં અને ૧૯૭૦માં એવો ઉપયોગ થયો અને અમેરિકા અટકાવી ન શક્યું. પાકિસ્તાનને શસ્ત્રો આપવા ઉપર પ્રતિબંધ મૂક્યો. હવે પ્રતિબંધ ઉઠાવી લેશે અને શસ્ત્રસહાય, આપણા વિરોધ છતાં, ફરીથી શરૂ કરશે એમ લગભગ નિશ્ચિત લાગે છે.

દરેક દેશની વિદેશનીતિ પરિસ્થિતિ પ્રમાણે પલટાતી રહે છે. તેમાં કાયમી મિત્ર કે શત્રુ હોતા નથી. પોતાના દેશના માની લીધેલા હિત પ્રમાણે નીતિ પલટાતી રહે છે. કોઈ મોટો દેશ—ભારત જેવો બીજા કોઈ દેશની તાબેદારી કે અગ્રતા સ્વીકારે નહિ. અમેરિકા અને બીજા મોટા દેશો, રશિયા, ફ્રાન્સ, બ્રિટન વગેરે પોતાના સ્વાર્થે અબજો ડૉલરના શસ્ત્રો દુનિયાના દેશોને પૂરા પાડે છે. અત્યારે મધ્યપૂર્વમાં શસ્ત્રો પૂરાં પાડવાની હરીફાઈ ચાલી છે. ઈજિપ્ત અરેબિયા, ઈરાન, ઈરાક વિગેરે દેશો મોટા પ્રમાણમાં શસ્ત્રો ખડકી રહ્યા છે. પાકિસ્તાનને પણ અમેરિકા આ રમતનું એક પ્યાદું બનાવે તેમાં આશ્ચર્ય નથી. ઈરાન અને બીજા આરબ રાજ્યો સાથેના આપણા સંબંધો સુધર્યા છે. તાજેતરમાં ઈન્દિરા ગાંધી ઈરાકની મુલાકાત લઈ આવ્યાં. ઈરાકને રશિયાની મોટી સહાય છે. ઈરાક અને ઈરાન વચ્ચે સરહદી કરારો છે. આપણે બન્ને સાથે સારું રાખવું છે.

પાકિસ્તાન સાથે સંબંધો સુધારવા 'સિમલા કરાર' કર્યા હવે અમેરિકા તેમાં કાંઈક વિઘ્નો ઊભાં કરે છે. પાકિસ્તાનની આંતરિક સ્થિતિ વિકટ છે. સરહદ પ્રાન્ત અને બલૂચિસ્તાનમાં લગભગ બળવો થયો છે અને ભુતોએ સર્વસત્તા હાથ કરી, સરમુખત્યારી ધારણ કરી છે. પાકિસ્તાન પાસે વધારે પડતાં શસ્ત્રો હોય તે આપણે માટે ચિંતાનું કારણ છે. પણ તેનો અર્થ એટલો જ કે સાવચેતી રાખવી પડશે અને લશ્કરી ખર્ચ વધતું રહેશે. વધારે પડતી ચિંતાનું કારણ નથી.

## બ્રિટનના કન્ઝર્વેટિવ પક્ષની નેતાગીરી

બ્રિટનના કન્ઝર્વેટિવ પક્ષમાં અદ્દ્ભુત ઘટના બની છે. ડિસેમ્બર ૧૯૭૪ની ચૂંટણીમાં આ પક્ષ હારી ગયો ત્યારથી તેના નેતા શ્રી હીથ સામે ભારે અસંતોષ અને વિરોધનું વાતાવરણ થયું. શ્રી હીથે રાજીનામું આપવું જોઈએ એવી જોરદાર માગણી થઈ. હીથે મક્કમતાથી આ માગણીનો અસ્વીકાર કર્યો અને જરૂર પડયે નેતાપદ માટે લડી લેવાનો નિર્ણય જાહેર કર્યો. કન્ઝર્વેટિવ પક્ષમાં નેતાપદ માટે તીવ્ર આંતરિક રસાકસી થાય એવું બને છે. પણ પોતાના મતભેદો બહાર આવવા ન દે. આગેવાનો અંદર અંદર સમજી લે અને મોટા ભાગના સભ્યો આગેવાનોના નિર્ણયને સ્વીકારી લે એવું બનતું આવ્યું છે. કન્ઝર્વેટિવ પક્ષ અમીર ઉમરાવોનો અને ધનિકોનો પક્ષ ગણાય. શિસ્તમાં ખૂબ માનવાવાળા. ઉઘાડી લડત કરે નહિ. શ્રી હીથ મધ્યમ વર્ગના માણસ. પોતાની શક્તિથી નેતા બન્યા. હીથ સામે આરોપ હતો કે તે બહુ અતડા છે. પ્રમાણિક અને શક્તિશાળી છતાં પ્રતિભા નથી અને પક્ષની ઈમેજ પ્રજામાં સબળ રીતે ઉઠાવી શક્યા નહિ.

મુખ્ય વિરોધ એ હતો કે, ૧૯૬૬થી ૧૯૭૪ના આઠ વર્ષના ગાળામાં ચાર ચૂંટણીઓ થઈ તેમાં ત્રણમાં કન્ઝર્વેટિવ પક્ષ હારી ગયો. જે નેતા ચૂંટણીમાં પક્ષને જીત અપાવી ન શકે તે લાંબો સમય ટકે નહિ. ચૂંટણીમાં છેવટ તો દેશનું સુકાન કોના હાથમાં સોંપવું છે તે નક્કી કરવાનું હોય છે. શ્રી હીથ કે શ્રી વિલ્સન. એ નક્કી થાય એટલે તેમના પક્ષના ઉમેદવારોને જીત મળે, કોઈ પણ પક્ષના સામાન્ય સભ્યો પોતાની જીત માટે નેતાની પ્રતિભા ઉપર આધાર રાખે છે. ૧૯૭૦માં શ્રી વિલ્સનને હરાવી હીથે વિજય મેળવ્યો. પણ ફેબ્રુઆરી ૧૯૭૪માં મજૂર યુનિયનો—ખાસ કોલસાના ખાણિયાઓના સબળ યુનિયન-સામે સંઘર્ષ નોતર્યો અને ચૂંટણી કરાવી હારી ગયા. તેમાં મજુર પક્ષને સ્પષ્ટ બહુમતિ ન મળી છતાં લઘુમતી સરકાર રચી. તે લાંબો વખત ટકે તેમ ન હતું. ડિસેમ્બરમાં ફરી ચૂંટણી થઈ તેમાં મજૂર પક્ષને સ્પષ્ટ બહુમતી મળી. હીથે નેતા તરીકે રાજીનામું ન આપ્યું એટલે સામાન્ય સભ્યોનો વિરોધ વધ્યો. કન્ઝર્વેટિવ પક્ષને નેતાની ચૂંટણી માટે ખાસ નિયમો ન હતા, તે ઘડવા પડયા. બહુ અટપટા નિયમો કર્યા. જરૂર પડયે ત્રણ વખત બેલેટથી મતદાન કરવું પડે એવા નિયમો કર્યા. પક્ષના પાર્લામેંટના સભ્યોને જ મતદાનનો અધિકાર. અત્યારે પક્ષના ૨૭૬ સભ્યો છે. પ્રથમ મતદાનમાં કોઈ ઉમેદવારને કુલ સભ્યોની સ્પષ્ટ બહુમતી - ૧૩૯ મત મળે તો તે જીતે. પ્રથમ મતદાનમાં હીથની સામે મિસિસ માર્ગરિટ થેચર હરીફ હતાં. કન્ઝર્વેટિવ પક્ષની નેતાગીરી માટે કોઈ સ્ત્રી-સભ્ય ઊભાં રહે તે એક

આશ્ચર્ય હતું. ઘણી તીવ્ર રસાકસી થઈ. 'ગાર્ડીયન' અને 'ઈકોનોમિસ્ટ' જેવાં આગેવાન પત્રોએ હીથની જોરદાર હિમાયત કરી. પાર્લામેન્ટના સભ્ય સિવાયના પક્ષના બીજા આગેવાનોએ હીથની જબરી તરફદારી કરી. ૪થી ફેબ્રુઆરીએ મતદાન હતું. તે દિવસના 'માન્ચેસ્ટર ગાર્ડિયન'માં પહેલે પાને મોટા અક્ષરે મથાળું હતું, Buoyant Heath looks set for a clear lead. પરિણામ અણધાર્યું આવ્યું. મિસિસ થેચરને ૧૩૦ મત મળ્યા. હીથને ૧૧૯. મિસિસ થેચરને સ્પષ્ટ બહુમતી મળી ન હોવાથી, બીજું મતદાન થયું. તેમાં હીથ ખસી ગયા અને શ્રી વ્હાઈટલો મુખ્ય હરીફ બન્યા. વ્હાઈટલોનું નામ પહેલેથી બોલાતું હતું, પણ હીથ પ્રત્યેની વફાદારીને કારણે પહેલા મતદાનમાં તેઓ ઊભા ન રહ્યાં. હીથ હારી જતાં તેમનો માર્ગ મોકળો થયો. માન્યતા એવી હતી કે જે હીથના વિરોધી હતા તે વ્હાઈટલોને આવકારશે. પરિણામ આશ્ચર્યજનક આવ્યું. મિસિસ થેચરને ૧૪૬ મત મળ્યા. વ્હાઈટલોને ૭૯. ત્રીજા મતદાનની જરૂર ન રહી. કન્ઝર્વેટીવ પક્ષના સામાન્ય સભ્યોનો આગેવાનો સામે આ બળવો છે. જુના બધા ફેંકી દીધા.

પક્ષના નેતાની આવી ચૂંટણીમાં ઘણા બોધપાઠ રહ્યા છે તેથી મેં વિગતથી લખ્યું છે. લોકશાહીમાં રાજકીય પક્ષોનો વહીવટ પણ લોકશાહી ધોરણે થવો જોઈએ તે જરૂરનું છે. To maintain Democracy political parties must also function democratically in their internal affairs. સાધારણ રીતે સામાન્ય સભ્યોને પોતાનો મત વ્યકત કરવાની તક મળતી નથી. એટલું ખરું કે પક્ષનો નિર્ણય બધા સભ્યોએ માન્ય રાખવો જોઈએ. પણ તે નિર્ણય થતાં પહેલાં મુકત ચર્ચાવિચારણા પક્ષમાં થવી જોઈએ, જે મોટે ભાગે નથી થતી. એકહથ્થુ સત્તા સામે જે વિરોધ છે તે આ કારણે છે. કન્ઝર્વેટિવ પક્ષના નેતાની પસંદગીમાં સામાન્ય સભ્યોએ પોતાનો અધિકાર અસરકારક રીતે અજમાવ્યો, તેવી જ રીતે પક્ષની નીતિ ઘડવામાં પણ લોકશાહી ધોરણે કામ થવું જોઈએ. મોટે ભાગે આગેવાનો સામાન્ય સભ્યોને દબાવી દે છે.

નેતા તરીકે એક સ્ત્રીને પસંદ કરી તે નવો ચીલો છે. મિસિસ થેચરની હિંમતને પણ ધન્યવાદ છે. આ કારણે કન્ઝર્વેટિવ પક્ષમાં કાયમી પક્ષાપક્ષી રહેશે કે આ નિર્ણય બધા સભ્યો સહર્ષ સ્વીકારશે એ જોવાનું રહે છે. મીસીસ થેચર કન્ઝર્વેટીવમાં પણ જમણેરી ગણાય છે. મીસીસ થેચર પણ મધ્યમ વર્ગના છે. તેમના પિતાશ્રી કરીયાણાના વેપારી છે. કન્ઝર્વેટીવ પક્ષની કાયાપલટ થાય છે.

આપણે માટે આ બનાવમાં ઘણાં બોધપાઠ છે.

**વિદેશ શિક્ષણસહાય**

આપણા વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ લેવા માટે સરકાર અને ઘણાં ટ્રસ્ટો અને વ્યકિતઓ આર્થિક સહાય કરે છે. હું બે સંસ્થાઓમાં છું. તેના તરફથી વાર્ષિક ૫૦થી ૬૦ હજાર રૂપિયાની સહાય કરીએ છીએ. મોટા ભાગના વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ પૂરો થતાં મળેલ રકમ ભરપાઈ કરી દે છે. હવે એક નવો પ્રશ્ન ઊભો થયો છે. આમાંના ઘણા વિદ્યાર્થીઓ વિદેશમાં, ખાસ કરી અમેરિકામાં સ્થાયી વસવાટ કરે છે. અભ્યાસ પૂરો કરી ભારતમાં આવે ત્યારે પોતાના ફોટા સાથે જાહેરાત આવે કે ટૂંક સમય માટે આવ્યા છે. કેટલાક લખે કે ગ્રીન કાર્ડ ધરાવે છે. મતલબ કે લગ્ન કરવા આવે અને કન્યાને લઈ પાછા જાય. કેટલાક ૫-૭ વરસે કદાચ ભારત આવે છે. કેટલાક કાયમી ત્યાં સ્થિર થઈ જાય છે. તેમની દલીલ એ હોય છે કે તેમના અભ્યાસના પ્રમાણમાં તેમને લાયક નોકરી મળતી નથી. પગાર બહુ ઓછો મળે છે, જેમાં તેમનો ખર્ચ પૂરો ન થાય. જ્યારે વિદેશમાં બહુ સારી આવક થાય છે. આ દલીલમાં તથ્ય છે, પણ તેને હું સ્વીકારતો નથી. આપણા વિદ્યાર્થીઓને આપણે આર્થિક સહાય કરીએ છીએ, એ આશાએ કે તેમના જ્ઞાનનો લાભ તેમના સમાજને અને દેશને મળશે. જો તેમને કાયમ ગુમાવવાના જ હોય તો શા માટે સહાય કરવી? આ પ્રશ્ન વ્યાપક પણ છે. બુદ્ધિશાળી લોકો, વૈજ્ઞાનિકો, ડોક્ટરો, એન્જિનિયરો દેશ છોડી જાય છે. તેમના અભ્યાસ પાછળ સરકાર અને સમાજ લાખો રૂપિયાનું ખર્ચ કરે છે. તે બધાનો નિરર્થક વ્યય થાય તો દેશને નુકસાન છે. સરકારી કક્ષાએ આની વિચારણા થઈ રહી છે. વ્યાપક પ્રશ્નની ચર્ચામાં અહીં ઊતરવો નથી, પણ જે ટ્રસ્ટો આવી સહાય કરે છે તેની સમક્ષ આ પ્રશ્ન આવ્યો છે. તેની મર્યાદિત વિચારણા અહીં કરું છું.

મારો દઢ મત છે કે માત્ર પૈસા કમાવા માટે વતન, સગાંસંબંધીઓ અને સમાજને છોડી વિદેશ વસવાટ કરવો તે વાજબી નથી. અહીં હાડમારીઓ છે, પણ જીવવું તોય અહીં અને મરવું તોય અહીં. ઘરને આગ લાગી હોય અને કુટુંબીઓ તેમાં ફસાયા હોય ત્યારે પોતાના બચાવનો જ વિચાર કરવો એ મોટો સ્વાર્થ છે. આ દેશના કરોડો માણસો જે યાતનાઓ વેઠે છે તેના ભાગીદાર થવું અને રહેવું તે જ ફરજ છે. આવા શિક્ષિતોને યોગ્ય નોકરી મળતાં વખત લાગે, પોતાની લાયકાતને યોગ્ય આવક ન હોય, એવી લાખો શિક્ષિતોની સ્થિતિ છે. જે હોય તે અને જે મળે તે સ્વીકારી સ્વજનોની સાથે સુખદુ:ખના ભાગી થવું એ જ સાચો માર્ગ છે.

બીજી હકીકત વિચારવા જેવી છે અને વિશેષ મહત્ત્વની છે. જે ભારતીઓ આ રીતે વિદેશમાં વસે છે તે કોઈ દિવસ તે સમાજના અંગ થવાના નહિ. સદા વિદેશી રહેશે. પોતાના સંસ્કાર ગુમાવશે. તેમની બીજી કે ત્રીજી પેઢી ભારતને ઓળખશે પણ નહિ. They will be denationalised and yet will remain foreigners in foreign land. જૈન કે હિંદુ હશે તો પણ છેવટે માંસાહારી અને દારૂ પીતાં થશે. પોતાનો ધર્મ વીસરશે. પૈસો મળશે તેમ ખરચ થશે. અંતે સુખી થવાના નહિ.

અમારી સંસ્થામાં એવો સવાલ થયો હતો કે જે વિદ્યાર્થીને સહાય કરીએ તેની લેખિત બાંયધરી લેવી કે અભ્યાસ પૂરો કરી દેશ પાછા આવશે. બાંયધરી ન પાળે તો શું? અમુક રકમ સંસ્થાને આપે એવી પણ સૂચના થઈ.

પણ આ વાત ગૌણ છે. મુખ્ય વાત વિદેશ-વસવાટ કરી શું લાભ મળવાનો તે વિચારવાનું છે.

થોડા દિવસ પહેલાં સંયુકત જૈન વિદ્યાર્થીગૃહમાં એક પરિસંવાદ ગોઠવાયો હતો. તેમાં સ્થાનિક કૉલેજના એક પ્રોફેસર એક વકતા હતા. સાત વરસ જર્મની રહ્યા હતા. એમનું વ્યાખ્યાન આ દેશ સામે તહોમતનામા જેવું હતું, અને પોતે કાયમ માટે દેશ છોડી વિદેશ વસવાના છે એમ કહ્યું. હજાર બારસો રૂપિયા જેવો પગાર મળતો હશે. દુ:ખી કે ગરીબ ન હતા, પણ જે મોટા ખ્યાલો એમના મગજમાં ભરાઈ ગયા હતા તેથી આ દેશમાં રહેવા જેવું નથી એમ માન્યું. પોતાના વિદ્યાર્થીઓને પણ એમ જ કહેતા હશે. પ્રેસિડન્ટ કેનેડીએ કહ્યું હતું, Do not ask what the country has done for you but ask what you have done for the country.

ચીમનલાલ ચકુભાઈ

## 'પ્રબુદ્ધ જીવન' વિશે
## શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો અભિપ્રાય

"પ્રબુદ્ધ જીવન'નું કાર્ય બહુ સુંદર ચાલે છે. ખરેખર આ વસ્તુ અભિનંદનીય છે. તત્ત્વવિદ્યા અને ધર્મચિન્તનનું શુદ્ધ તર્કની ભૂમિકા રાખતું છતાં સમદષ્ટિની ભાવનાવાળું આવું કોઈ સામયિક ગુજરાતમાં નથી. એમાં તંત્રીનું પારદર્શક અને ગુણસમૃદ્ધ વ્યકિતત્વ પણ આકર્ષક રીતે ચમકે છે. હૃદયથી તો હું 'સંઘ'નો આજીવન સભ્ય છું."

[ડૉ. રમણલાલ ચી. શાહ પરના અંગત પત્રમાંથી]

# ઈશ્વર કેવા હશે?

શિવભદ્ર રાજા રાજ્યનું તંત્ર ચલાવવામાં સારો રસ લેતો. એને થતું કે મારે શિરે જે જવાબદારી આવી છે તે ઉત્તમ રીતે બજાવવી જોઈએ. સાથેસાથે તે એ પણ સમજતો કે ઉત્તમ વહીવટ કરીને સંતોષ માની લેવો તે બરાબર નથી. એટલે પોતે રાજ્ય નિષ્ઠાપૂર્વક કરતો હતો છતાં એને ઊંડે ઊંડે કશી ઊણપ વર્તાયા કરતી. એક દિવસ ઝરૂખામાં બેઠાં બેઠાં ગંગા નદીના ઊછળતા જળપ્રવાહને તે જોતો હતો ત્યારે એને વિચાર આવ્યો કે વિશ્વની આવી અદ્ભુત લીલાનો સર્જનાર કેવો હશે? સુષુપ્ત વિચાર એક વખત તેના મનમાં જાગૃત થયો પછી તેની બેચેની વધી ગઈ. એની પાસે પ્રસ્તુત પ્રશ્નનો કોઈ ઉત્તર નહોતો. એટલે એણે સલાહકારોને કહી રાખ્યું કે કોઈ પ્રતિભાશાળી સાધુ, સંત, તપસ્વી, સંન્યાસી નગરમાં આવે તો હું એને મળી શકું તેવી વ્યવસ્થા કરજો. નગરમાં ક્યારેક ક્યારેક પ્રતિભાવંત સાધુ - સંતો આવતા ત્યારે રાજા તેમને મળી શકે તેવી વ્યવસ્થા થતી. રાજા આવી વ્યક્તિઓનો ઉચિત આદરસત્કાર કરતો અને એક જ પ્રશ્ન પૂછતો: ઈશ્વર કેવો હશે, તે કહેશો? એના ચિત્તને સમાધાન થાય તેવો ઉત્તર આપનાર કોઈ મળતું નહીં. એ પોતે ય સમજતો હતો કે આ પ્રશ્નનો ઉત્તર મુશ્કેલ છે. છતાં કોઈ વીરલો પુરુષ આવી ચડશે ત્યારે ઉત્તર મળી જશે એવી અપેક્ષાએ તે સાધુ-સંતોનો આદરસત્કાર કર્યા કરતો.

એમાં એક દિવસ એક યુવાન અને તેજસ્વી સંન્યાસી રાજાના દરબારમાં આવી પહોંચ્યા. રાજાએ સિંહાસન પરથી ઊભા થઈ તેમને ભાવભીનો આવકાર આપ્યો. એમનાં ચરણોનું પ્રક્ષાલન કર્યું. સંન્યાસી આસન પર બેઠા; થોડી વાર બંને વચ્ચે વાતચીત થઈ, પછી એણે લાંબા કાળથી પોતાને મૂંઝવતો પ્રશ્ન સંન્યાસીને પૂછયો.

સંન્યાસીએ કહ્યું: મહારાજ, તમારો પ્રશ્ન ખૂબ મુશ્કેલ અને વિચાર માગી લે તેવો છે. એટલે તમે મને બે દિવસ વિચારવાનો સમય આપો. હું શહેરથી પશ્ચિમે આવેલા તપોવનમાં ચાતુર્માસ ગાળવાનો છું. બે દિવસ પછી તમે ગમે ત્યારે આવજો. એટલું કહી સંન્યાસીએ તપોવનની વાટ પકડી. બે દિવસ પછી રાજા તપોવનમાં પહોંચી ગયો અને સંન્યાસીને મળ્યો.

સંન્યાસીએ કહ્યું: ઈશ્વર કેવા છે તે જાણવાની આપની લગનીની હું કદર કરું છું, પણ મને હજી ઉત્તર મળતો નથી. એમ કરો, થોડા દિવસ પછી ફરી આવો.

ત્યાર પછી રાજા દશેક વાર સંન્યાસી પાસે જઈ આવ્યો. દર વખતે સંન્યાસી કહેતા, ફરી આવજો, મારી મથામણ ચાલુ છે. એમ કરતાં કરતાં ચાતુર્માસ પૂરો થવા આવ્યો. બેસતા વર્ષે સંન્યાસી તપોવનમાંથી નિર્ગમન કરવાના હતા. રાજાને થયું કે સંન્યાસી જતા રહેશે પછી પ્રશ્નનો ખરો ઉત્તર આપનાર કોણ જાણે ક્યારેય મળશે. એટલે દિવાળીને દિવસે જ તે તપોવનમાં પહોંચી ગયો અને સંન્યાસીને કહ્યું કે આપ જતાં પહેલાં મને ખૂબ જ મૂંઝવતી ગૂંચ ઉકેલતા જાવ.

સંન્યાસીએ કહ્યું: મહારાજ, તમારી ગૂંચ ઊકલે એમાં મને પણ આનંદ થાય. પણ મારી મૂંઝવણનો ય પાર નથી. જેમ જેમ પરમાત્માની વિભૂતિનો હું વિચાર કરતો જાઉં છું તેમ તેમ એ વિભૂતિ વિશેષ ને વિશેષ વ્યાપક બનતી જાય છે. એની ભવ્યતા દિનપ્રતિદિન વધુ ને વધુ પ્રગટ થતી જાય છે. આ સ્થિતિમાં પરમાત્મા ખરેખર કેવા છે તે શી રીતે કહી શકું? હું રહ્યો મર્યાદિત શક્તિવાળો, અને સમગ્ર બ્રહ્માંડનું સંચાલન કરનાર એ પરમ વિભુ છે અમર્યાદિત શક્તિવાળા. વળી એ અનંત છે, અમાપ છે, અતુલ છે. તેને મારી નાનીશી બુદ્ધિ શી રીતે માપી શકે? વેદો - ઉપનિષદોએ પરમાત્માની વિભૂતિનું વર્ણન, 'તે આ નથી, તે આ નથી,' એમ કર્યું છે. એટલે તમારા પ્રશ્નનો શો ઉત્તર આપવો એ મને સમજાતું નથી. આ પ્રશ્નનો ઉત્તર દરેક વ્યક્તિએ પોતાની મેળે શોધવાનો હોય છે. કોઈ સાથે ચર્ચા કરવાથી આ પ્રશ્નનું સમાધાન થાય એમ મને લાગતું નથી. આ અનુભવનો જ વિષય છે. વ્યક્તિએ પોતે જ અનુભવ કરવાનો હોય છે. કોઈએ કરેલા વર્ણન ઉપરથી તમને ઈશ્વરના રૂપની પ્રતીતિ નહીં થાય. તમારા આંતરિક બંધારણ પ્રમાણે જ તમે એ વિરાટ તત્ત્વનો અનુભવ કરી શકશો.

સંન્યાસી આટલું કહી આગળ બોલવા જતા હતા તે પહેલાં જ રાજાએ કહ્યું: આ બાહ્ય જગતમાં ઈશ્વરને જોવાની ઘણા સમયથી મથામણ કરી રહ્યો છું. અનંત અવકાશમાં આદિકાળથી પ્રકાશી રહેલા તારાગણો, આકાશને આંબતી પર્વતમાળાઓ, પૃથ્વીને વીંટી વળતા અને ઘુઘવાટા કરતા સાગરો, અન્નપૂર્ણાસમી નદીઓ, શીતળ છાંયો આપતાં વૃક્ષો, જગતને સૌંદર્યથી મઢી દેતાં પુષ્પો, અને પૃથ્વીને ધબકતી રાખતાં જીવ-પ્રાણી માત્રમાં ઈશ્વરના સ્વરૂપને જોવાને મેં પ્રયત્ન કર્યો છે. આ સમગ્ર લીલા એનું સર્જન છે, અને અણુએ અણુમાં એ વ્યાપક છે, એવું હું સંતપુરુષો પાસેથી સાંભળતો આવ્યો છું, છતાં કોણ જાણે કેમ મારા ચિત્તને સમાધાન થતું નથી. મને આ બધું સતત કાળના મુખમાં જતું લાગે છે. જેનું નામ છે તેનો નાશ છે, અથવા એ મૂળ સ્વરૂપે ટકી રહેતું નથી, એવું લાગે છે, એટલે નજર સામે જે દેખાય છે તેમાં ઊંડી આસ્થા બેસતી નથી. બીજાને શું થતું હશે તે હું જાણતો નથી, પણ મારી આવી મનોદશા છે. આમાં મારે શું કરવું?

તમારી મૂંઝવણ સમજી શકાય તેવી છે, સંન્યાસીએ કહ્યું. તમારી મનઃસ્થિતિ જાણ્યા પછી મને લાગે છે કે તમે ઈશ્વરની બહાર શોધ કરવી રહેવા દો. એ જેમ બ્રહ્માંડમાં વ્યાપક છે, તેમ તમારા પિંડના અણુએ અણુમાં વ્યાપક છે. તમારું એકે એક રજકણ એ મહાન વિભૂતિનો પ્રસાદ છે. એટલે તમે પિંડને ઓળખો; એમાં સ્ફુરિત થતા પ્રત્યેક આંદોલનને ઓળખો. આપણે પોતે જ ઊભી કરેલી અહંકારની દીવાલ એના સ્વરૂપનો આપણને પરિચય થવા દેતી નથી. મોટા ભાગના લોકો એ અહંકારની દીવાલને તોડવામાં જિંદગી વિતાવી દે છે. તોડનારને ખ્યાલ નથી રહેતો કે પોતે જાગૃત અવસ્થા દરમ્યાન દીવાલની જેટલી ઈંટો તોડે છે તેના કરતાં વધુ ચણતર અભાન અવસ્થા દરમ્યાન થઈ જતું હોય છે. છતાં તોડફોડ ચાલ્યા કરે છે. આપણે 'હું'ને કેન્દ્રમાં રાખીને બધું કરીએ છીએ, એટલે આસક્તિની ગાંઠ વિશેષ ગંઠાતી જાય છે. તમે તો અંગ્રેજી ભાષાથી પરિચિત છો. અંગ્રેજીમાં 'હું' ને 'આઈ' કહે છે, અને તે લખીએ છીએ ત્યારે તેને ઊભી લાકડી જેવો – I – આકાર આપીએ છીએ. આપણો 'હું' આવો અક્કડ રહેશે ત્યાં સુધી એમાં કશું ઊગશે નહીં. કઠક જમીનમાં શું ઊગે, ભલા! એમાં કશું ઉપયોગી થાય તેવું ઉગાડવું હોય તો જમીનને પહેલાં પોચી પાડવી પડે છે, ખેડવી પડે છે. જમીન પહોળી પડે છે ત્યારે જ તે બીને સંઘરી શકે છે, અને પકવી શકે છે, અને બીની લીલાનો વિસ્તાર આપણે જોઈ શકીએ છીએ. તેમ આપણે પ્રથમ પોચા પડવું પડશે. તમને પરમાત્માને જોવાનો તલસાટ છે એ શુભ સંકેત છે. તમારા કલ્યાણ માટે પરમાત્માને પ્રાર્થના કરું છું.

આટલું બોલી સંન્યાસી શાંત થઈ ગયા. રાજા ઊંડા વિચારમાં પડી ગયો. તેને થયું: સંન્યાસીની વાત સાચી છે. ઈશ્વર કેવા છે, એવો પ્રશ્ન ઘણા સાધુ-સંતોને પૂછયો. કોઈ પાસેથી સંતોષકારક ઉત્તર ન મળ્યો. સંન્યાસી બહાર ફાંફાં ન મારવાની વાત કહે છે તે

સાચી છે. બહાર કયાં કશું સ્થિર અને શાશ્વત છે? બધું ગતિમાં છે. કાળનો ઘસારો બધાને લાગે છે. તો આ જે નાશવંત છે, સ્થૂળ છે, પલટાતું રહે છે, તેમની સાથે માથું અફળાવ્યા કરવાનો શો અર્થ? ગરબડ – ગોટાળો અંદર જ છે; સાફસૂફી અંદર જ કરવાની છે. એ કરી શકું તો સ્વ-સ્વરૂપાનુસંધાન થઈ શકે. અનુભવેય એમ કહે છે કે બહારના પ્રપંચમાં ઊંડા ઊતરવાથી અંદરની ધાર બુઠ્ઠી બનતી જાય છે, આંતરિક શકિત ક્ષીણ થતી જાય છે, સંવેદનાઓને લૂણો લાગતો જાય છે. એટલે હવે તો આ સંન્યાસી કહે છે તેમ જ કરું. તેણે સંન્યાસીને પ્રણામ કર્યા, તેમનો આભાર માન્યો અને તપોવનમાંથી વિદાય થયો.

પછી પણ એના દરબારમાં સાધુ-સંતોની અવરજવર રહેતી. તે પહેલાંની જેમ જ સૌની આગતાસ્વાગતા કરતો. એમની વાતો ધ્યાનથી સાંભળતો. ન સમજાય ત્યાં પ્રશ્નોય કરતો. પણ ઈશ્વર કેવો છે, એ પ્રશ્ન ત્યાર પછી તેણે કોઈનેય પૂછયો નહીં. એના મનમાં સ્પષ્ટ થઈ ગયું હતું કે 'સ્વ' માંથી 'સર્વ'ની સ્થિતિ હાંસલ કરવા બહારનો કોઈ સાથીદાર ખપમાં આવતો નથી. એક અને અદ્વિતીય એવા પરમ તત્ત્વની પ્રાપ્તિ માટે માણસે એકલાએ જ પાંખો ફફડાવી ઊડવાનું હોય છે. પછી માણસ જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ, ભકિતમાર્ગ, યોગમાર્ગ, એમ ગમે તે માર્ગ લઈ પ્રયાણ કરે. જે માટે સૌ મથી રહ્યું છે તે એ વિવાદનો વિષય નથી, કારણ કે અંતર કપાઈ ગયા પછી સાધન છૂટી જાય છે, કેવળ સાધ્ય રહે છે. **કાન્તિલાલ કાલાણી**

## ☆ ઉપનિષદો ☆

**[ગત પર્યુષણ વ્યાખ્યાન માળામાં આપેલા વ્યાખ્યાનનો સાર].**

કોઈ દિવસ ન હતી એટલી આજે ઉપનિષદ યુગની જરૂરિયાત છે. જ્યાં જોઈએ ત્યાં બસ માનવીને હારમાં ઊભેલો જ જોઈએ છીએ. એમાંથી બચવા માટે, આજે ઉપનિષદ યુગ આવવો જોઈએ.

વૈદિક સાહિત્યના ત્રણ વિભાગો છે એમ જૈન સાહિત્યમાં ય ત્રણ વિભાગો છે. જો કે બે બંને વચ્ચે કયાંય તફાવત જોવા મળતો નથી.

ઉપનિષદની જ વાત કરીએ તો કુલ ૧૦૮ ઉપનિષદમાંથી ૧૧ જેટલાં મુખ્ય ઉપનિષદો છે. એ ઉપનિષદોની રચના એક સાથે થઈ છે. ત્રણેક હજાર વર્ષ પહેલાં એ શરૂ થઈ પણ એ પછી પણ એ ચાલુ રહી જ હતી.

ઉપનિષદોમાં ભારોભાર જ્ઞાન ભર્યું છે. એમાં પ્રકૃતિ, પુરુષ, પરમાત્માની વાત વણાઈ છે – સુંદર રીતે, ભવ્ય રીતે.

એક જ દૃષ્ટાંત લઈએ. આદિ શંકરાચાર્યે અર્ધા જ શ્લોકના ચરણમાં બધું જ કહી દીધું – બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે. આમાં ઉપનિષદનો સાર આવી જાય છે.

ઉપનિષદ એટલે શું? આપણે સંસારીઓ સંસારમાંના બધા અનર્થોને શાંત કરનારું કોઈ તત્ત્વ હોય તો તે ઉપનિષદનું જ્ઞાન છે. જ્યાં સુધી અંતઃમુખ ન થઈએ ત્યાં સુધી બધું નકામું છે. અંતરના દોષો જે સમજી શકતો નથી એને માટે આ જ્ઞાન નકામું છે.

શરીરમાં બધાં શત્રુઓ બેઠેલા હોય એ બધાંનો નાશ કરવાનો હોય છે. રામલીલા દરમિયાન રાવણનું પૂતળું બાળીએ છીએ એ રીતે. આ જો કે બાહ્યાચાર છે. પરંતુ શરીરમાંનો રાવણ જ્યાં સુધી નાશ ન પામે ત્યાં સુધી અંતરના રામને ઓળખી શકાતા નથી. ઉપનિષદમાં આ રીતે અંદરમાંનું અજ્ઞાન અને અંધારું દૂર કરવા ભારોભાર જ્ઞાન અને પ્રકાશ ભર્યાં છે.

આજની ભૌતિક આપત્તિઓ માટે આશ્વાસન પણ ઉપનિષદ પઠન દ્વારા મળી શકે છે.

પહેલું ઉપનિષદ્ છે – ઈશ ઉપનિષદ. "ઈશા વાસ્યમ્ ઈદમ્ સર્વમ્...." આજે સર્વત્ર જે મારામારી દેખાય છે તે ધન માટેની છે. જગતમાં જે કંઈ જડ-ચેતન છે તે બધું ઈશ્વરથી ભરપૂર છે. ઈશ્વરને ઓળખવો તો છે પણ કેમ ઓળખવો?

પ્રધાન કે મોટા માણસને મળવું હોય, તેમની મુલાકાતે જવું હોય તો ય મહેનત કરવી પડે છે. પહેલેથી વ્યવસ્થા કરવી પડે છે. તો પછી ઈશ્વર એથી ય કયાંય મોટો છે. એને મેળવવા માટે તો મહેનત, વધુ પ્રયાસ કરવા જ જોઈએ. માટે આખા જગતને તું ઓળખ, એનો પ્રયાસ કર કેમકે એ બ્રહ્મ છે.

તૈતરિય ઉપનિષદની વાત છે. – ભૃગુને થયું કે મારે કંઈક મેળવવું જોઈએ. કંઈક મેળવવા માટે હૃદયની શુદ્ધિની જરૂર પડે છે. પરિણામે ભૃગુએ સ્વાભ્યાસ આદર્યો અને તેને હૃદયમાં ઊમળકો જાગ્યો. એને થયું કે ગુરુ વગર જ્ઞાન મળે એમ નથી. પોતાના પિતા વરુણ પાસે જઈને એણે કહ્યું કે મને કંઈક ઉપદેશ આપો. બ્રહ્મ શું છે તે કહો.

વરુણને વિચાર આવ્યો કે આ બાળક બ્રહ્મ માટે તલસી રહ્યો છે તો તેની ઈચ્છા પૂરી કરવી જોઈએ. એને એવો માર્ગ મોકળો કરી આપવો જોઈએ કે જેથી જાતે પુરુષાર્થ કરીને તે બ્રહ્મને સમજી શકે. પરિણામે વરુણે ભૃગુને ચકાસી જોયો.

તેના વિચારોને આવકારી પિતા-વરુણે પુત્ર – ભૃગુને કહ્યું કે તારી બુદ્ધિ સરસ થઈ છે. તું તપ કરીને એ મેળવ. "ત" અને "પ"ની વાત છે. આખા જીવનને ચરિતાર્થ કરનારા, ઉદ્ધાર કરનારા આ બંને અક્ષરો છે.

ભૃગુએ તપ આદર્યું. તપના અનેક અર્થ છે પણ જ્યાં સુધી હૃદયની એકતા સાધી ન હોય, ત્યાં સુધી પરમાત્માને પામવાની મુરાદો અધુરી રહે છે. એથી ભૃગુએ આત્મજ્ઞાનથી શુદ્ધિ કરી.

બ્રહ્મમાંથી 'હ' દૂર કરો તો ભ્રમ આવે. ભ્રમ દૂર કરીએ તો બ્રહ્મ મળે. આ બ્રહ્મને પામવા તપ અને પુરુષાર્થ ભૃગુએ આદર્યા. અનેક વર્ષોના તપ બાદ તેની બુદ્ધિમાં તેને પ્રાદુર્ભાવ થતો લાગ્યો કે અન્નતત્ત્વ એ જ બ્રહ્મ છે.

ભૃગુએ વરુણને આ જણાવ્યું કહ્યું કે: "અન્નમ્ બ્રહ્મ." પણ પિતાને પુરુષાર્થ કરી આગળ વધવા જણાવ્યું.

વિચારનો પ્રાદુર્ભાવ થયો હતો. આ પણ એક મોટી વાત છે. સદાચાર અને સદ્વિચારનું સદ્મિલન અને ધર્મ મળે છે. અંતે એને લાગ્યું કે આખું જગત જીવે છે. બધામાં પ્રાણ છે. બધામાં પ્રાણ શકિત ન હોય તો બધા ચેતન જીવી ન શકે. માટે પ્રાણ એ જ બ્રહ્મ.

વરુણ પાસે આવી પુત્રે કહ્યું: "પ્રાણ: બ્રહ્મ:". વરુણને આમાં ઊણપ દેખાઈ. અધુરાપણું લાગ્યું એથી ફરી વાર પ્રયાસ કરવા કહ્યું. ભૃગુ પરિણામે ફરીવાર પ્રયાસ કરવા લાગ્યો. બહુ જ કઠિનતા સાથે આરાધના આરંભી હતી. વર્ષો પછી એને લાગ્યું કે શરીરમાં બધી ઈન્દ્રિયો છે. એનો સંબંધ મન સાથે છે. મનની સત્તા બુદ્ધિ સાથે અને બુદ્ધિની સત્તા આત્મા સાથે છે. માટે મન એ જ બ્રહ્મ.

આવું વિચારી, એ વરુણ પાસે આવ્યો અને કહ્યું: "મનો: બ્રહ્મ:" – સોપાન તરફ આગળ વધવાનું જણાવી, વરુણે તેને વધુ પ્રયાસ કરવા કહ્યું. ફરી આરાધના અને તપ શરૂ થયા. ભૃગુ દેહ, મન, પ્રાણમાં ડૂબી ગયો હતો. મોં પર તેજની આભા પ્રકાશી હતી. વરુણને એનો સંતોષ હતો અને તેના સફળ થવામાં વરુણને શ્રદ્ધા બેઠી.

ભૃગુએ વધુ એક પ્રયાસ કર્યો. એની બુદ્ધિમાં એને પ્રકાશ દેખાયો. પ્રકાશ થયો કે આ બધું વિજ્ઞાન છે. માટે બ્રહ્મ એ વિજ્ઞાન. પિતાને જણાવ્યું વિજ્ઞાન એ જ બ્રહ્મ છે.

વરુણને કયાંક ઊણપ દેખાઈ. એથી વધુ એક પ્રયાસ કરવા કહ્યું. ભૃગુએ પિતાના શબ્દોને વધુ એક વાર માથે ચડાવ્યા અને

વધુ એક પ્રયાસ શરૂ કર્યો. તપ-આરાધના આદર્યા. ગુરુના શબ્દોમાં વિશ્વાસ તો હતો જ અને પછી હૃદયની અંદર આનંદ પ્રગટયો. એનું આખું શરીર આનંદમય બની ગયું. એથી એને થયું કે આનંદ એ જ બ્રહ્મ છે. પિતા પાસે જઈ એણે વાત કરી. વરુણે કહ્યું કે બેટા તારી વાત તદ્દન સાચી છે આનંદ એ બ્રહ્મ છે.

આપણે જે આનંદ ભોગવીએ છીએ તે ભૌતિક આનંદ છે. જ્યારે ભૃગુને મળેલો આનંદ આત્મિક છે. અને આવા આનંદથી ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે.

આ ઉપનિષદોમાં આપણાં સંસારને સંબોધીને મુકવામાં આવ્યું છે કે જેથી આપણને લાભ થાય. આત્માને જોવો જોઈએ અને પછી આત્મજ્ઞાન લાધે છે. આનું જ્ઞાન બજારમાં કયાંય મળતું નથી, એ માટે તો પ્રયાસ, યત્ન કરવા જોઈએ.

આજના વિદ્યાર્થીઓને, આવતી કાલના દેશના, સમાજના ઘડવૈયા હોવાને નાતે, બીજી વાત કહેવી છે તે આ છે.

એક વખત પ્રજાપતિ પાસે દેવો, મનુષ્યો અને અસૂરો સૃષ્ટિ સર્જાઈ એ પહેલાં ગયા હતા. તેઓ ત્યાં અભ્યાસ કરતા હતા. આત્મસાધના પહેલા ચિત્તશુદ્ધિ ખૂબ આવશ્યક છે. નહીં તો અભ્યાસ થઈ શકતો નથી.

ત્રણેયે પ્રજાપતિને ઉપદેશ આપવા વિનવ્યા. પ્રજાપતિને કહે કે હવે અમે જઈ રહ્યા છીએ કંઈક ભાથું આપો. પહેલાં દેવો આવ્યા, પ્રજાપતિ કહે: હું તમને એક અક્ષર કહું છું - 'દ' એ ખુશ થયા અને ચાલ્યા ગયા. પ્રજાપતિએ એમને પાછા બોલાવ્યા અને પૂછયું કે શું સમજ્યા છો? આથી દેવોએ કહ્યું દ. દામ્યત "ઈન્દ્રિયોનું દમન" કરો એવું અમે સમજ્યા છીએ.

પછી મનુષ્ય આવ્યો. પ્રજાપતિએ એમને ય એ જ 'દ' નો સંદેશ ફરી આપ્યો. માણસ માટે પુષ્કળ સંપત્તિ હોય તેથી તેનો ઉપયોગ કરવાનો એમાં અર્થ રહ્યો છે: 'દ' दत्त આપીએ તે વધે છે માટે દાન કરવાનો આમાં આદેશ હતો.

છેવટે અસૂરો આવ્યા. એમને ય પ્રજાપતિએ એ જ ઉપદેશ 'દ' નો કહ્યો. તામસી વૃતિના અસૂરોને પ્રજાપતિએ કહ્યુ 'દ' અને એ સમજ્યા 'दयध्वम्' કે તમે દયા કરો.

જગતમાં દયા એ પરમેશ્વરને ઓળખવાનું એક ઉત્તમ સાધન છે.

—નર્મદાશંકર શાસ્ત્રી

## ❀ આંતરશુદ્ધિ ❀

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે તા. ૨-૨-૭૫ રવિવારના રોજ સવારના ભાગમાં ભારતીય વિદ્યાભવનમાં મુનિશ્રી પદ્મસાગરજી મહારાજનું 'આંતરશુદ્ધિ' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

શરૂઆતમાં સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે મુનિશ્રીને સંઘ વતી આવકાર આપ્યો હતો. ત્યાર બાદ ડૉ. રમણલાલ શાહે મુનિશ્રીનો પરિચય આપતાં કહ્યું હતું કે, "પ. પૂ. પદ્મસાગરજી ગણિવર્ય ગૃહસ્થપણામાં બંગાળમાં અજિમગંજના વતની હતા. તેમણે યોગનિષ્ઠ આચાર્ય સ્વર્ગસ્થ બુદ્ધિસાગરસૂરિના પ્રશિષ્ય પ. પૂ. કૈલાસસાગરસૂરિ પાસે સાણંદમાં ૧૮ વર્ષની વયે દીક્ષા લીધી હતી. શ્રી બુદ્ધિસાગરસૂરિ વિજાપુર (મહેસાણા) ના પાટીદાર હતા. શ્રી કૈલાસસાગરસૂરિ પંજાબના છે અને શ્રી પદ્મસાગર ગણિવર્ય બંગાળના છે. આમ જૈન સાધુપરંપરામાં એક જ સંપ્રદાયના સાધુઓમાં પણ જ્ઞાતિ, કોમ, પ્રદેશ વગેરેનો કેવો સમન્વય થાય છે તે જોઈ શકાય છે. પ. પૂ. પદ્મસાગરજી મહારાજે ૨૧ વર્ષના દીક્ષા-પર્યાયમાં ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં જુદે જુદે ચાતુર્માસ કર્યા છે અને હવે તેઓની ભાવના બેંગલોર - મદ્રાસ તરફ વિહાર કરવાની છે. તેઓ પ્રખર વકતા છે અને તેમની વ્યાખ્યાનશૈલી રસિક અને ચોટદાર છે."

ત્યાર બાદ મુનિશ્રીએ પ્રવચન શરૂ કરતાં જણાવ્યું કે, ભગવાન મહાવીરના પ્રવચનોની એ વિશેષતા રહી છે કે, "જે મેં પ્રાપ્ત કર્યું છે તે જગતના બધા જ પ્રાણીઓ પ્રાપ્ત કરે." આત્માથી પરમાત્મા સુધીનો પરિચય વળી ભગવાન મહાવીરે કરાવ્યો,

કોઈ એમ પૂછે કે જગતનો શ્રેષ્ઠ ધર્મ કયો? તો એનો જવાબ છે - અંતઃકરણની પવિત્રતા અને શુદ્ધિ. આંતર જગતને એક વખત શુદ્ધ કરવામાં આવે તો જગત અનુકૂળ બની જાય.

ભગવાન મહાવીરે જગતના પ્રતિકૂળ સંજોગોનો પ્રેમપૂર્વક સ્વીકાર કર્યો. તેમણે કયારેય કોઈ વસ્તુનો પ્રતિકાર નથી કર્યો. કારણ, પ્રતિકારથી જ સંઘર્ષ થાય છે. પ્રતિકૂળ સંજોગોનો સ્વીકાર એટલે જ કર્મની નિર્જરા.

આજે સંઘર્ષ અને માનસિક કલેશ ખૂબ જ વધી ગયા છે. માટે સ્વયં પવિત્ર બનીએ તો જ પવિત્રતા પ્રાપ્ત થાય.

આપણી અજ્ઞાનતાને લીધે સાધનને આપણે સાધ્ય માની બેઠા છીએ, આને કારણે અનંત ભૂતકાળ ચાલ્યો ગયો છતાં કાંઈજ પ્રાપ્તિ થઈ નથી.

જ્યાં સુધી "અહં"ની ભૂમિકા પર સાધના થાય ત્યાં સુધી શુદ્ધિ થવાની નથી.

જાગૃતિમાં જ જીવનની પૂર્ણતા છે, જ્યાં પ્રમાદ આવ્યો ત્યાં જીવનનું મૃત્યુ સમજવું. પ્રમાદથી જીવનમાં અશુદ્ધિઓ આવે અને પ્રમાદના ત્યાગથી જાગૃતિ આવે.

જ્યાંથી સમસ્યા શરૂ થાય ત્યાંથી સમાધાન પ્રાપ્ત કરવું જોઈએ, પ્રયત્ન અંદરથી શરૂ થાય તો જ સફળતા મળે.

એક માજીની સોય ઓરડામાં પડી ગઈ અને તે બહાર રસ્તા ઉપરની બત્તીના પ્રકાશમાં શોધવા લાગ્યાં. માજીને એક યુવકે પૂછયું કે, "માજી શું શોધો છો?" માજીએ કહ્યું કે, "ઓરડામાં સોય પડી ગઈ છે તે હું શોધું છું." યુવકે કહ્યું કે, "ઓરડામાં પડી ગયેલી સોય બહાર કેવી રીતે મળે?" - આવી જ રીતે આપણે બહારનાં પ્રકાશમાં બધું શોધીએ છીએ. પરંતુ મનની શાંતિ, ચિત્તની શુદ્ધિ અંદરથી જ પ્રાપ્ત કરવી જોઈએ. - તેના માટે બહારનો પ્રયત્ન કેવી રીતે સફળ થાય?

આપણી અહંની ભૂમિકાથી સાધનાનો અનંતકાળ નકામો ગયો, 'અહં' ની ભૂમિકામાં જ આજ સુધી સાધના ચાલી. આજની એ ફેશન છે કે, અનીતિથી ઉત્પન્ન કરવું અને ધર્મને નામે ખર્ચવું, પ્રામાણિકતાથી ઉપાર્જન કરવું અને નમ્રતાથી ખર્ચવું એ જ યોગ્ય છે. સ્વયંની શુદ્ધિનાં સાધનો ભગવાને બતાવ્યાં છે, આપણે સ્વયંની શુદ્ધિનો નિર્ણય કરી લેવો જોઈએ!

આજના જગતમાં જેમ બધે જ ભેળસેળ ચાલી રહી છે તેમ સાધનામાં પણ ભેળસેળ છે. આપણો આજનો સાધક અડધો સાધક અને અડધો સંસારી હોય છે. આપણે ભગવાનની પ્રાર્થના કરતી વખતે આખા જગતની યાચના કરીએ છીએ. પરંતુ યાચના તો મોક્ષ માટે બાધક છે. સમર્પણ ભાવને બદલે યાચના કરીને આપણે આપણી દરિદ્રતા - પામરતા બતાવીએ છીએ.

આપણે શાન્તિનાથની પ્રાર્થના કરતાં શાંતિ માગીએ છીએ અને વ્યાપારધંધામાં દગો કરીએ છીએ.

અનેક ભકતો પૂછે છે; "મહારાજ, પૂજા, સામાયિક, નવકારમંત્રનો જાપ કરવા છતાં આનંદ નથી આવતો, મન ભટકે છે, વ્યગ્ર બને છે."

તેમને હું કહું છું કે, તમે કોઈ કયારેય એવી ફરિયાદ કેમ નથી કરતાં કે, "દુકાને ચલણી નોટ ગણું છું ત્યારે મન ભટકે છે." ત્યાં તમારી એકાગ્રતા છે માટે એની ફરિયાદ નથી. તો એ જ રીતે આત્માના રાગ પ્રત્યે એકાગ્રતા આવે તો સ્ખલના ન થાય.

આજની સાધના પરિવર્તન માગે છે. તેને વિચારથી શરૂ કરી આચારમાં ઉતારવાની જરૂર છે. અહીં આપણે 'અહં' ને તોડવો જોઈએ, કારણકે તે જીવનની બધી સાધનાઓને નિષ્ફળ બનાવે છે. સત્યનો સ્વીકાર કરવો એને સમ્યગ્ દર્શન કહ્યું છે. સત્યને જીવનમાં સમજવું તેને સમ્યગ્ જ્ઞાન અને તેની જીવનમાં પ્રતિષ્ઠા કરવી તે સમ્યગ્ ચારિત્ર્ય.

દરેકે 'અહં' ને બદલે 'નાહં' ને પ્રાધાન્ય આપવું જોઈએ. 'નાહં' એટલે હું કાંઈ જ નથી.

આપણને જીવન મળ્યું છે. 'અર્પણ' માટે, જ્યારે આપણે પ્રાપ્તિના પ્રયત્નમાં જ મચ્યા રહીએ છીએ, જે પ્રયત્નો કદિ પુરાં થતાં નથી. આપણે કાયમ ચિત્તશુદ્ધિની વાત કરીએ છીએ પણ આપણો વ્યવહાર હરેક ક્ષેત્રે જુદો થતો હોય છે. આજનો માનવી ડબલરોલમાં જીવન જીવી રહ્યો છે. અરે, આપણા કથનમાં પણ સાચી વસ્તુનો સ્વીકાર નથી જોવા મળતો.

માટે 'નાહં' ની ભૂમિકામાં પ્રવેશ કરો, ચિત્તમાં 'નાહં' ઉતારો, હું કાંઈ જ નથી, મારી પાસે કાંઈ નથી, આમ વિચારતા થાવ. વિકારોની પરંપરાને દૂર કરવા માટે આ ભૂમિકામાં જવું જોઈએ. શુદ્ધિ માટેનું આ મોટું સાધન છે.

સંગ્રહ હંમેશાં સર્વનાશ નોતરે છે, તેમાં કદિ શાંતિ નથી મળતી. એક સ્મશાનના મડદાએ ત્યાંથી પસાર થતા જ્ઞાની પુરૂષને પૂછ્યું, મને અહીં કોણ છોડી ગયું? જ્ઞાની પુરૂષે કહ્યું કે, તેં જેમના માટે જીવનપર્યંત સંગ્રહ કર્યો હતો એ તારા જ સ્વજનો તને અહીં છોડી ગયા છે, અન્ય કોઈ નહિ.

સંગ્રહ કરો તો, સદ્‌ગુણો, સદ્‌વિચારો, સદ્‌આચારોનો કરો. સંસાર અને સ્વયં - બન્નેની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે? ચિત્તશુદ્ધિની સાધના કેવી રીતે પૂર્ણ થઈ શકે?

આપણે ધ્યાનનો અભ્યાસ પણ સ્થિર ચિત્તે નથી કરતા. જેમ દૂધપાક, ચમચા દ્વારા અનેક વ્યક્તિઓને પીરસવામાં આવે છે, તેમને તેનો સ્વાદ મળે છે, પરંતુ ચમચાને એ સ્વાદ નથી મળતો. માટે સાધકે સ્વયંની ભૂમિકામાં આવવું જોઈએ.

ડૂબવા માટે કાંઈ શીખવું નથી પડતું, પરંતુ તરવા માટે શીખવું પડે છે. સંસાર તરવા માટે છે. તરવા માટે નદીમાં કુદવાનું સાહસ કરવું જોઈએ તો તરતા આવડે. માટે સાધના માટે પણ સાહસની જરૂર છે.

જીવન એક સંગીત છે. જો તેમાં શુદ્ધિ આવે તો તે સૌંદર્યનો ખજાનો બની જાય. વિચાર - આચાર - ઉચ્ચાર - ત્રણે તાર એક બની જાય તો જીવન શુદ્ધ બની જાય. સંગીતમય બની જાય અને એ સંગીત જીવનને ગતિ આપનારું બને. આપણા જીવનનો વ્યાપાર આજે ઉધારી પર ચાલી રહ્યો છે.

પરમાત્માનાં હજારો વાર દર્શન કરવા છતાં પરિવર્તન નથી આવતું. ચંડકોશીયે એક જ વખત દર્શન કર્યાં. તેનું જીવનપરિવર્તન બની ગયું.

સામાયિક વિચારની એક ભૂમિકા છે, ધ્યાનની ભૂમિકા છે. પ્રતિક્રમણ એક પ્રાયશ્ચિત છે. આત્મામાં પ્રવેશ કરવાના શુદ્ધિ માટેનાં આ સાધનો છે.

સાધનાનું પ્રથમ અંગ સહનશીલતા છે. પરંતુ આપણે પ્રતિકાર સહન નથી કરી શકતા, વિચારથી આક્રમણ શરૂ કરીએ છીએ. આવી સાધના વિકાર અને અશુદ્ધિ ઉત્પન્ન કરે છે.

વીતરાગ—પૂર્ણ બનવું હોય તેણે સહન કરવું જ જોઈએ. સહન કરો અને સ્વયં શુદ્ધ બની જાવ. આપણે આજે વાતવાતમાં સંઘર્ષને નોતરીએ છીએ.

"અહં" થી મૈત્રી નહિ મળે. આજનો મોટામાં મોટો એ રોગ છે કે સૌ પોતાને મોટી વ્યક્તિ માને છે. ભૂલ છુપાવવા માટે ભૂલોની પરંપરા ઊભી કરે છે. દેખાવમાં સત્યનું સાઈનબોર્ડ હોય છે, પરંતુ અંદર હળાહળ ભર્યું હોય છે. આમાં ચિત્તની શુદ્ધતા નથી રહેતી. સહન કરો તો જીવન જ્યોતિ બને, સંઘર્ષ કરો તો જીવન જવાળા બને. કષાયની—ક્રોધની આગમાં આપણે અંદર જલી રહ્યા છીએ. જીવનની અશુદ્ધિના કારણોની તપાસ કરવી જોઈએ. જાગૃતિ જીવનને જ્યોતિ બનાવે. ભગવાન મહાવીરના જીવનદર્શનમાંથી આ બધી વાતો મળે છે. આટલા માટે જ મહાપુરુષોના જીવનનું અનુકરણ કરવામાં આવે છે.

એક વખત એવું બન્યું કે, કાન, નાક, જીભ, હાથ, પગ બધાને અહંકાર આવ્યો. સૌને પોતપોતાનું મહત્વ લાગ્યું. સૌ સૌની રીતે વર્તવા લાગ્યા. શરીરના મેનેજીંગ ડાયરેક્ટર આત્મારામભાઈ મુંઝાયા. પરંતુ તેઓ દૃઢ બની ગયા અને જો શાંતિ, સંગઠન અને પ્રેમથી રહેતા સૌ નહિ થાય તો ચોવીશ કલાકમાં પોતે ઘર ખાલી કરી નાંખશે એવી ચેતવણી આપી. સૌએ વિચાર્યું કે, જો આત્મારામભાઈ ઘર ખાલી કરશે તો આપણે બધા જ લાકડામાં જઈશું, આપણો નાશ થશે. માટે સૌએ સંપીને સંગઠનથી રહેવાનું સ્વીકાર્યું. તેનું પરિણામ એ આવ્યું કે, પગમાં કાંટો વાગે છે તો હાથ સીધો પગ પર જાય છે - તે એમ નથી કહેતો કે હું ઊંચો છું, નીચો કેમ નમું? એને નથી ઓર્ડર કરવો પડતો. આ રીતે સેવામાં નાના મોટાનો ભેદ ન હોવો જોઈએ. સંગઠનનું કેવું બળ છે તે આ દાખલા પરથી જોઈ શકાય છે.

આપણે બોલીએ છીએ ટન બંધ - પરંતુ જીવનમાં, આચારમાં તેના કણમાત્રના પણ દર્શન થતાં નથી. ખાલી વાત કરવાથી શુદ્ધિ નથી મળતી, એ માટે જીવનદ્વારા ક્રિયા કરવી જોઈએ. વિચાર પ્રમાણે આચરણ કરવામાં આવે તો મોક્ષ મળતાં વાર ન લાગે, આના માટે અંતરની જિજ્ઞાસા જોઈએ - શ્રોતાઓમાં શ્રવણની એકાગ્રતા જોઈએ.

અમે વિહારમાં હતા. વચ્ચે બે રસ્તા આવ્યા - સાથે હતા એ ભાઈએ કહ્યું, બેમાંથી આ એક રસ્તો જરા અઘરો છે પરંતુ ટૂંકો છે. ખૂબ ચાલ્યા પરંતુ રસ્તો ખૂટે નહિ. ત્રણચાર વખત પેલા ભાઈને પૂછવું પડયું કે, હવે સ્થળ પર ક્યારે પહોંચાશે. ત્યારે છેલ્લે તેણે કંટાળીને કહ્યું કે, મહારાજ, પૂછપૂછ કરવાથી સ્થળે નહિ પહોંચાય - ચાલવાથી જ પહોંચાશે. મોક્ષનું પણ એવું છે, પૂછવાથી ત્યાં નથી પહોંચાતું. અંતરની જિજ્ઞાસાપૂર્વકના આચરણદ્વારા ચાલવાથી, આગળ વધવાથી જ ત્યાં પહોંચી શકાય.

આપણે જાણવા માટે ઘણું બધું પૂછતા હોઈએ છીએ - પણ કાંઈ કરતા નથી હોતા. લાયબ્રેરીમાં અનેક વિષયોના પુસ્તકનો જેમ સંગ્રહ કર્યો હોય છે, તેમ આપણે સંગ્રહ ઘણો કર્યો છે, પરંતુ આચારમાં અને અમલમાં બહુ ઓછું દેખાય છે.

આજે માણસ થોડું શીખે છે - ભણે છે અને તેને ડીગ્રી લાગી જાય છે. તે કહે છે કે હું એન્જિનિયર છું, હું ગ્રેજ્યુએટ છું. ભગવાન મહાવીરે કયારેય એમ નથી કહ્યું કે હું કેવળી છું. તેઓ એટલી ઊંચાઈએ ગયા હોવા છતાં આપણી માફક અહંનું પ્રદર્શન નથી કરતા કેમકે તેમને મન સ્વદર્શનનું જ મહત્વ વધારે છે.

એક સંત સ્નાન કરવા ગયા. આચરણના તેઓ આગ્રહી હતા. તેની સાથેના એક યુવાનને ગમ્મત કરવાનું મન થયું. પેલા સંત નાહીને બહાર નીકળે ને યુવાન તેના પર થૂંકે - અને પેલા સંત પાછા નાવા નદીમાં પડે - આમ પચાસ વખત બન્યું. પરંતુ સંતે ન ક્રોધ કર્યો કે ન તેનો નિયમ છોડયો. પેલો યુવાન થાકયો, શરમીંદો બન્યો. તેના વિચારમાં પરિવર્તન આવ્યું. તેને લાગ્યું કે, મેં આ મોટો અનર્થ કર્યો. તે મુનિના પગમાં પડયો, ક્ષમા માંગી. સંતે તેને છાતીએ લગાવ્યો. તેને પ્રેમપૂર્વક કહ્યું કે, તેં તો મારા પર મોટો ઉપકાર કર્યો. સામાન્ય રીતે આ નદીના પવિત્ર જળમાં હું એક વખત જ નાહું છું. તારા કારણે હું ૫૦ વખત નાહયો. આ રીતે જો ક્રોધને પચાવવામાં આવે તો તે જીવનનું ટેનિક બની જાય.

માણસની કિંમત તેની વાણી પરથી આંકી શકાય, કારણ જે તપેલામાં હોય તે જ ચમચામાં આવે - જે હૃદયમાં હોય તે જ બહાર આવે.

જાગૃત માણસ નિર્જીવ વસ્તુઓ પરથી પણ દાખલાઓ લઈને પોતાના જીવનને સમૃદ્ધ બનાવી શકે છે. જેમકે, અગરબત્તી પોતે પોતાની જાતને બાળીને અન્યને સુગંધ આપે છે. ભાવનગરનાં મહારાજાની વાત છે. એક વખત એમના બગીચામાં છોકરાઓ આંબા ઉપર પથ્થરો મારતા હતા. બગીચામાં રાજા લટાર મારતાં હતાં, તેને પત્થર વાગી ગયો. સંત્રીઓએ છોકરાઓને પકડયા. તેને સજા કરવા માટે રાજા સમક્ષ લાવ્યા. છોકરાઓ ખૂબ જ ગભરાઈ ગયા. રાજાએ તેઓને પૂછ્યું, "તમે આંબાના ઝાડને પથ્થર મારતા ત્યારે

તમને શું મળતું હતું. છોકરાઓએ કહ્યું કે, કેરી. રાજાએ કહ્યું કે, એક નિર્જીવ ઝાડને પત્થર મારવાથી કેરી મળે તો રાજાએ પણ કાંઈક તો આપવું જોઈએ. એમ કહીને તેઓને સજા કરવાને બદલે દરેકને પાંચ પાંચ રૂપિયાની બક્ષીસ આપી.

આ રીતે અપકાર ઉપર ઉપકાર કરવામાં આવે અને જાગૃતિ-પૂર્વક જીવનઘડતર કરવામાં આવે - તો એવી શુદ્ધિ બાદ જીવન એક યુનિવર્સિટી બની જાય.

એક મદારી બિલ્લીને નૃત્ય કરાવતો હતો. તે એક પગ પર ઊભી રહીને નાચે, માથે દીવો મૂકીને એક પગે નાચે, તેની એકાગ્રતા-ની રાજાએ પ્રશંસા કરી. પરંતુ કારભારી એક ઉંદર લઈ આવ્યો અને તેની સામે મૂકયો, તરત જ બીલ્લીએ ઝડપ મારી. આ રીતે માણસના મૂળ સંસ્કાર જલ્દી નથી જતા. હું દરરોજ એક કલાક પર્યુષણમાં ૧૨૦ દિવસથી વ્યાખ્યાન આપું છું. મુમુક્ષુવર્ગ ભકિત-ભાવથી તે સાંભળે છે. ખોટું ન કરવું, અપ્રમાણિક ન બનવું વિગેરે ઉપદેશ તેઓ મેળવે છે અને એ વાતમાં સંમત પણ થાય છે. પરંતુ દુકાને ગયા અને લોભનો એક જ વિચાર ૧૨૦ દિવસની સાધનાને નકામી બનાવી દે છે.

પચીસ માળના ઊંચા મકાનમાં નીચેના મશીનના એક જ કલાકના ચાલવાથી ત્યાં ઉપર ટાંકીમાં પાણી ભરાઈ જાય છે. તેનું કારણ વચ્ચે-ના પાઈપમાં લીકેજ નથી. પરંતુ આપણા ચિત્તની ટાંકીની પાઈપમાં અનેક લીકેજો છે એટલે દરરોજ કલાક વ્યાખ્યાન સાંભળવા છતાં તેમાં એક ટીપું પણ પહોંચતું નથી અને ટાંકી ભરાતી નથી, કારણ કે આપણામાં એકાગ્રતા નથી. ધ્યાનની એકાગ્રતામાં એક પણ છીદ્ર ન હોવું જોઈએ.

માટે આપણે ભ. મહાવીરના આદર્શને આપણા જીવનમાં ઉતારવાનો નિર્ણય કરીએ. ઘર્ષણ - સંઘર્ષમાંથી મુકત બનીએ. પ્રામા-ણિક, નીતિમાન બનવાની પ્રતિજ્ઞા લઈએ. પરમાત્મા પાસે પહોંચવા માટેના આ રસ્તાઓ છે.

ત્યાગની પરંપરાને અમારી સાધુ સંસ્થાએ ૨૫૦૦ વર્ષથી જીવંત રાખી છે. જીવન પણ એક નાટક છે. રામ-રાવણનું નાટક સ્ટેજ પર ભજવાય છે તેમ જીવનમાં પણ ભજવાતું જોવા મળે છે. સંસારથી અલિપ્ત રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. વિચારોનો ત્યાગ આચારને પણ ત્યાગમય બનાવી દેશે, અને જીવન પરિપૂર્ણ બની જશે. બાકી માણસનીઈચ્છા - તૃષ્ણા કયારેય પૂરી થવાની નથી, માણસો સતત ભવિષ્યનો વિચાર કરીને દુ:ખી થતા હોય છે.

એક માણસ ફૂટપાથ પર સૂતો હતો. ત્યાંથી વરઘોડો પસાર થયો. તેને થયું કે મને પણ લોટરી લાગે અને પૈસા મળે તો હું મારો આવો વરઘોડો કાઢું. તેને નીંદર આવી ગઈ. તેની ઈચ્છા હતી એટલે તેને ઊંઘમાં સ્વપ્ન આવ્યું. તેને લોટરીનું ઈનામ લાગ્યું, બંગલો ખરીદ્યો. સુંદર સ્ત્રી સાથે લગ્ન નક્કી કર્યું, વરઘોડો નીકળ્યો, માંડવે પહોંચ્યો, ફેરા ફર્યો, હસ્તમેળાપ માટે હાથ લંબાવ્યો - બરાબર તે જ સમયે ત્યાંથી પોલીસ દાદા પસાર થતા હતા. તેણે તેને બે ડંડા માર્યા ઝબકીને જાગી ગયો. તેને થયું કે, પોલીસ દાદા બે મિનિટ મોડા આવ્યા હોત તો સ્વપ્નમાં પણ શાદી તો કરી લેત. તે તો સૂતાં સૂતાં સ્વપ્નમાં આ બધું કરતો હતો. પરંતુ આપણે તો જાગૃત અવસ્થામાં હોવા છતાં આપણી આ જ દશા છે. જીવન વિચારથી ચાલે છે, પરંતુ વિચાર ઉપર આપણો કાબુ નથી.

માણસે જીવન જીવતાં સતત જાગૃત રહેવું જોઈએ. અંતરદષ્ટિ કેળવવી જોઈએ. - તો જ તેનો વિકાસ થઈ શકશે.

પૂ. મહારાજશ્રીનાં પ્રવચન પછી સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે મુનિશ્રીને વંદનપૂર્વક આભારવિધિ કરી હતી અને આજના તેમના વ્યાખ્યાનમાંથી પ્રભાવિત બનીને સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી અમરભાઈ જરીવાલાએ પણ પોતાનો આનંદ અને ખુશી વ્યકત કર્યાં હતાં.

સંકલન: શાંતિલાલ ટી. શેઠ

# ☆ એક વર્ષનું મૌન ☆

[તા. ૨૫-૧૨-૭૪ને દિને પૂ. વિનોબાજીએ એક વર્ષનું મૌન લીધું તે દિવસે અત્યંત મનનીય અંતિમ પ્રવચન કર્યું તે અહીં આપ્યું છે. તેમાં ગીતા, બાઈબલ, કુરાન તથા મહાવીર વિષે કહ્યું છે તે ઉપરાંત પોતે મૌન શા માટે લે છે તે સમજાવ્યું છે. મહાવીર વિષે જે કહ્યું છે તે પહેલાં 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકટ થયું છે. પણ સળંગ વ્યાખ્યાન એક સાથે વાંચવા મળે તે હેતુથી અહીં પૂરું આપ્યું છે. – ચીમનલાલ]

આજ ગીતા જયંતીનો દિવસ છે. સાથે સાથે ક્રિસમસ પણ છે. અને ઈદુલ્ જુહા પણ, તો ત્રિવેણી સંગમ થયો છે.

ઘણા આનંદની વાત છે કે ગીતાપ્રચાર માટે આટલા બધા લોકો અહીં એકઠા થયા છે અને રામકૃષ્ણ બજાજે બધાને આમંત્રણ આપ્યું. રામકૃષ્ણના મોટાભાઈ કમલનયનને ગીતાપર-જે મરાઠીમાં લખવામાં આવી છે ગીતાઈ, એના પર ભારે ભકિત હતી. એમના પિતા જમનાલાલજી બાબાની સાથે ધુલિયા જેલમાં હતા, જ્યાં ગીતા પ્રવચન ૧૮ અધ્યાય ઉપર ૧૮ ગીતા પ્રવચનો અપાયાં. એ જ જેલમાંથી ગીતાઈનું પ્રકાશન થયું. ગીતાઈની કેટલી કિંમત રાખવી એ સવાલ આવ્યો ત્યારે મેં જમનાલાલજીને પૂછ્યું કે બીડીનું એક બંડલ કેટલામાં મળતું હશે? તેઓ બોલ્યા, મને ખબર નથી. મેં કહ્યું, વેપારી હોવા છતાં પણ આપને ખબર નથી? તેમણે કહ્યું, એ વેપારમાં હું કદી પડયો નથી. પછી તપાસ કરવામાં આવી તો જાણવા મળ્યું કે એક બંડલ એક આનામાં મળે છે. તો ગીતાઈની જે પ્રથમ આવૃત્તિ પ્રગટ થઈ એની કિંમત એક આનો રાખવામાં આવી. પૈસાની કિંમત હવે ઘટી રહી છે. હાલમાં ગીતાઈની કિંમત આઠ આના છે.

જમનાલાલજી વેપારી, એમનો દીકરો પણ વેપારી. એના મગજમાં આવી ગયું કે ગીતાનો પ્રચાર થાય તો એ કોઈ આશ્ચર્યની વાત નથી. વેદમાં વર્ણન કર્યું છે, દેવતાઓમાં કોણ બ્રાહ્મણ છે, કોણ ક્ષત્રિય છે, કોણ વૈશ્ય છે વગેરે. એમાં કહ્યું છે, બ્રાહ્મણ અગ્નિ છે. એનો અર્થ શું? અગ્નિ એક જગ્યાએ બેસશે, પોતાની જગ્યા છોડશે નહિ. જે એની નિકટ જશે એને ગરમી મળશે. દૂર રહેશે એને ગરમી મળશે નહિ. તો બ્રાહ્મણ પોતાનું ચિંતન-મનન પોતાની જગ્યાએ કરતો રહેશે. પછી ઈન્દ્ર વગેરે દેવતા ક્ષત્રિય છે. વૈશ્ય કોણ છે? કહ્યું: મરુતગણ. મરુતગણ એટલે દુનિયાભરમાં ફેલાનારો વાયુ. આ જે વેપારી બેઠા છે મારી સામે, એમના પર જવાબદારી છે, દુનિયાભરમાં ફેલાવાની કારણ કે તેઓ મરુત-ગણ છે. બાબા બ્રાહ્મણ છે. એમણે પોતે જે કામ કરવાનું હતું પોતાની જગ્યાએ, એ કરી દીધું. એને ચોતરફ ફેલાવવાનું કામ આ મરુતગણોએ કરવું જોઈએ. તો એમણે એ ઉપાડી લીધું છે

હાલમાં ઘણા લોકો પોતાનો પૂર્ણ સમય આપીને તન્મયતાપૂર્વક ગીતાઈ પ્રચારનું કામ કરી રહ્યા છે. તો એમને ભગવાને આશીર્વાદ આપી રાખ્યા છે. ભગવાને કહ્યું છે કે આ જે મારો સંદેશ છે, ભકતોમાં જઈને જે એને ફેલાવશે એનાથી વધારે મને કોઈ પ્રિય નહિ હોય. આને ઈસ્લામમાં રસૂલ કહે છે. રસૂલ એટલે કે સંદેશો પહોંચાડનાર. ગીતાનો સંદેશ પહોંચાડનારા જે રસૂલ બનશે, તેઓ ભગવાનને અત્યંત પ્રિય થશે, એવો ભગવાનનો આશીર્વાદ એમને મળી ગયો છે. એટલે બાબાના આશીર્વાદનો સવાલ જ નથી રહેતો. ભગવાનનો જ મળી ગયો છે. મને વિશ્વાસ છે કે આ સંદેશ સર્વત્ર ફેલાશે.

## ગીતા દુનિયાભરમાં પહોંચશે

બાઈબલના પ્રચાર માટે મિશનરીઓએ ઘણો જ પરિશ્રમ કર્યો અને બાઈબલ દુનિયાભરમાં ફેલાઈ ગયું. ગીતા પણ દુનિયાભરમાં

ફેલાયેલી છે-પ્રચાર જરા પણ કર્યા વિના. જે જે લોકોએ ગીતા વાંચી પછી ભલે એ જર્મન તત્ત્વજ્ઞાની હોય, રશિયન હોય, ભલે ચીની તત્ત્વજ્ઞાની હોય, જાપાની હોય, એમણે એનો આપમેળે પ્રચાર કર્યો. તો ગીતા દુનિયામાં પહોંચી ગઈ છે, પ્રચાર કર્યાવિના. પોતાના બળથી પહોંચી છે. હવે, ગીતાના બળની સાથે ભકતો પોતાનું બળ પણ લગાવી રહ્યા છે. તો મને આશા છે કે એ ચીજ દુનિયાભરમાં ફેલાશે.

પરંતુ તુકારામ મહારાજે જે એક ચેતવણી આપી રાખી છે, એ યાદ રાખવી જોઈએ. તુકારામે કહ્યું કે હોટલ નથી ખોલવી. હોટલવાળો શું કરે છે? હોટલમાં જે બને છે એ બધાને ખવડાવે છે, પરંતુ પોતે નથી ખાતો, પોતે ઘરે જઈને ખાય છે. ત્યાં જે બને છે એ ખાતો નથી. 'આપુલેં કેલેં આપણ ખાય, તુકા બંદી ત્યાચે પાય'. તુકારામ એની ચરણવંદના કરે છે, જે પોતાનું બનાવેલું પોતે ખાય છે. ગીતારૂપી અમૃત તમે પોતે ખાઓ, પછી બીજાને આપો. હોટલવાળા જેવું ન કરો- પોતે ન વાંચતા, પોતાના હૃદયમાં એનું ચિંતન ન કરતા લોકોને વહેંચવા જઈએ, એવું ન કરો. આટલું યાદ રાખશો તો આ સારી ચીજ દુનિયામાં ફેલાશે.

'ગીતાઈ માઉલી માઝી', જે મરાઠીમાં પ્રગટ થઈ છે એ મહારાષ્ટ્રની બહાર પણ જ્યાં જ્યાં નાગરી લિપિ વંચાય છે ત્યાં ત્યાં જઈ શકે છે અને લોકો એને પ્રેમપૂર્વક વાંચી શકે છે. પછી ભલે હિંદીવાળા હોય કે બંગાલીવાળા હોય. હવે જુઓ, મહારાષ્ટ્રમાં રામાયણ વિશે ઉત્તમમાં ઉત્તમ ગ્રંથ લખાયાં છે. એક છે રામવિજય. અમારા ઘરમાં, જે ઘરમાં બાબાનો જન્મ થયો, એ ઘરમાં ચાતુર્માસમાં રામાયણ વંચાતું હતું. એ રામવિજય હતો. એ સિવાય એકનાથે એક ઉત્તમ રામાયણ લખ્યું છે, જેનું નામ છે ભાવાર્થ રામાયણ. સમર્થ રામદાસ સ્વામીએ પણ રામાયણનો કેટલોક ભાગ લખ્યો છે અને મહારાષ્ટ્રમાં મોરોપંત નામના એક મહાકવિ થઈ ગયા એમણે ૧૦૮ વખત રામાયણ લખ્યું છે, જુદાં જુદાં છંદો અને ભિન્ન ભિન્ન વૃત્તોમાં—રામાયણની ઓછપ નથી. મહારાષ્ટ્રમાં છતાં પણ તુલસીદાસનું રામાયણ વંચાય છે. એવી રીતે, ગીતાના પણ ભિન્ન ભિન્ન તરજુમા અનેક થયા છે અને થશે, તો પણ લોકો ગીતાઈ પ્રેમપૂર્વક વાંચશે, એમ બાબા માને છે. એની પોતાની એક સ્વતંત્ર રુચિ છે. આટલો મારો ખ્યાલ છે ગીતા વિશે એ પર્યાપ્ત છે.

કેટલાંક પ્રશ્નો પણ પૂછવામાં આવ્યા છે ગીતા વિશે, એ બધા હું જોઈ ગયો છું. એમાં એક પણ પ્રશ્ન એવો નથી, જેનો જવાબ ગીતા પ્રવચનમાં નથી. ગીતા પ્રવચનનો બધી ભાષાઓમાં તરજુમો થયો છે. આ પુસ્તક જો લોકો વારંવાર વાંચે તો બધાં પ્રશ્નોના જવાબ એમાં મળશે. ગીતા પ્રવચનની ખૂબી એ છે કે સામાન્ય ગામડીઓ પણ સમજી શકે છે; એટલી સરળ ભાષામાં એ કહેવામાં આવ્યા છે. ગીતા પ્રવચન જેલમાં કહેવામાં આવ્યા. એ જેલના જેલરનો બાબા પર ભકિતભાવ હતો. તો તેઓ પણ સાંભળવા આવતા હતા. અને કેદીઓને પણ મોકલતા હતા. ગાંધીજીના આંદોલનવાળા રાજકીય કેદી અને ચોર કેદી સાથે બેસીને સાંભળતા હતા. તો તેઓ સમજી શકે એટલી સરળ ભાષામાં એ વ્યાખ્યાન છે. હું આશા રાખું છું કે એ પુસ્તક આપ વાંચશો. પછી પણ એના વિશે કોઈ પ્રશ્ન રહે, તો પુસ્તક પર એટલા ભાગને અંકિત કરી પ્રશ્ન બાબાને મોકલી આપે.

### ઈસાના ત્રણ ઉપદેશો

આજનો દિવસ ભગવાન ક્રાઈસ્ટનો દિવસ છે. તો ટૂંકમાં ખ્રિસ્તીધર્મ - સાર આપની સમક્ષ રજૂ કરીશ. ખ્રિસ્તધર્મ- સાર નામનું મારું એક પુસ્તક છે. એની નકલ પોપને મોકલવામાં આવી હતી. ત્યારે પોપે આશીર્વાદ મોકલ્યા કે જે સદ્‌ભાવનાથી આ સાર કાઢવામાં આવ્યો છે એ જોઈને પોપને આનંદ થયો છે. ખ્રિસ્તધર્મ - સાર મેં થોડામાં - ત્રણ વાકયોમાં મેળવ્યો છે. હું અંગ્રેજીમાં ઉચ્ચાર કરીશ, અલબત્ત અંગ્રેજીમાં બોલ્યા નથી, જિસસ ક્રાઈસ્ટ, એ તો યહૂદી ભાષામાં બોલ્યા છે. પરંતુ મેં એ અંગ્રેજીમાં વાંચ્યું છે, જે ભાગ કંઠસ્થ કર્યો છે એ અંગ્રેજીમાં કર્યો છે. અને ખૂશીની વાત છે કે, એનો જે અંગ્રેજી તરજુમો છે એ ત્રણસો - ચારસો લોકોએ સાથે મળીને કર્યો છે અને સારા પ્રમાણમાં સારો માનવામાં આવે છે. એક વાકય છે, ખ્રિસ્તનું -**'લવ ધાય નેબર એઝ ધાય સેલ્ફ'** 'પડોશીને પ્રેમ કરો જેવો પોતા પર કરો છો.' 'પાડોશીને પ્રેમ કરો' એટલું જ કહ્યું હોત તો એ સાધારણ વ્યકિત પણ સમજે છે. હું મારા પાડોશીને પ્રેમ કરીશ તો એ મારા પર પ્રેમ રાખશે, એ તો સ્વાર્થની મામૂલી વાત બની જાય છે. પરંતુ 'જેવો પોતા પર પ્રેમ રાખો છો એવો પ્રેમ કરો.' બાબાનું જીવન પારમાર્થિક લોકસેવામય માનવામાં આવે છે. પરંતુ બાબા ખાવામાં કેટલો સમય આપે છે, સૂવામાં કેટલો સમય આપે છે, શરીર માટે કેટલા કામ કરે છે, એ વિચારે છે ત્યારે ધ્યાનમાં આવે છે કે, ૨૪ કલાક— માંથી ૧૪-૧૫ કલાક તો દેહકાર્યમાં જાય છે. અને કેટલા પ્રેમથી કરે છે! ગોઠણ દુઃખે છે એમ લાગ્યું કે, હાથ તરત જ ત્યાં જશે. પ્રેમથી એના પર ફરશે. જેટલા પ્રેમથી આપ આપની સેવા કરો છો એટલા પ્રેમથી પાડોશીને પ્રેમ કરો. એનો અર્થ **'આત્મવત્ સર્વ ભૂતેષુ.'**

ક્રાઈસ્ટનો બીજો ઉપદેશ છે, **લવ ધાય એનીમી**—પોતાના દુશ્મનને પ્રેમ કરો. કેટલાક લોકો કહે છે આ તો બહુ મુશ્કેલ આજ્ઞા છે, વ્યવાહારિક દેખાતી નથી, કેવળ આધ્યાત્મિક છે. પરંતુ એનાથી વધુ વ્યાવહારિક આજ્ઞા હોઈ ન શકે. સામે આગ લાગી છે. એના પર પાણી નાખો, એ વ્યાવહારિક આજ્ઞા છે. એની સાથે આપણે આગ પ્રકટ કરીએ તો બે આગ થઈ જશે. એટલે દુશ્મન જો દ્વેષ કરે છે તો પ્રેમથી એનો સામનો કરવો—અત્યંત વ્યાવહારિક વાત છે. જ્યાં સુધી આ ધ્યાનમાં નહિ આવે કે આ વ્યાવહારિક વાત છે, ત્યાં સુધી લાગશે કે આપણે તો સામાન્ય મનુષ્ય છીએ, આ વાત તો મહાપુરુષ જ કરી શકે છે. પરંતુ જે અલ્પપુરુષ છે એના માટે પણ એ જ છે કે આગ ઠારવી હોય તો પાણી જોઈએ. આ જ વેદમાં પણ કહ્યું, છે કે **ક્ષમા શસ્ત્રં કરે યસ્ય**—જેના હાથમાં ક્ષમારૂપી શસ્ત્ર છે, એને દુર્જન શું કરી શકશે? તલવાર લઈને જશું તો એ હુમલો કરી શકે છે. પરંતુ દુર્જન સામે ક્ષમા શસ્ત્ર લઈને જશું તો એ શું કરશે?

આ જ વાત જિસસ ક્રાઈસ્ટે સમજાવી છે. કોઈએ એમને પૂછ્યું, સામે વાળો આપને મારે - પીટે, તકલીફ આપે તો કેટલી વાર સહન કરો? 'સેવન ટાઈમ્સ?' તેઓ બોલ્યા, **'આઈ ડોન્ટ સે સેવન ટાઈમ્સ, બટ સેવન્ટી ટાઈમ્સ સેવન'**, સાત વખત નહિ. સત્તર ગુણ્યા સાત વખત. શું થશે એનો ગુણાકાર? ૪૯૦. ૪૯૦ વખત ક્ષમા કરે. અને છતાં પણ જો એ હુમલો કરતો જ રહેશે તો ૪૯૦ ને ૭૦ થી ગુણો. આ જે એમણે કહ્યું, એ **ક્ષમા શસ્ત્રં કરે યસ્ય** છે. એ જ શંકરાચાર્યે પોતાની રીતે બતાવ્યું છે. એમણે કહ્યું, સામેવાળો મારી વાત સમજશે નહિ, તો હું ફરીથી તેને સમજાવીશ. છતાં પણ નહિ સમજે તો ફરી બીજી વખત સમજાવીશ. ત્રીજી વખત સમજાવીશ. જેટલી વખત સમજાવવું પડે એટલી વખત સમજાવીશ. દરેક વખતે જુદી - જુદી રીતે સમજાવીશ. તો મારું હથિયાર છે, સમજાવવું. એજ મારું હથિયાર છે. **શાસ્ત્રં જ્ઞાપકં, ન કારકમ્**. શાસ્ત્ર હોય છે એ કરાવવાવાળું હોતું નથી, જણાવવાવાળું, સમજાવનારું હોય છે. જેમ સાઈનબોર્ડ છે. સાઈન બોર્ડ આગળ 'પુલ તૂટેલો છે' એટલું જ બતાવશે. તો પણ આપ પરવા ન કરતાં આગળ જતા હો તો જાવ, પડી જશો. આપનો હાથ પકડીને એ આપને બચાવશે નહિ. અહીં સુરક્ષિત છે, અહીં ભય છે, એટલું જ કહેશે. પછી તો આપની મરજી! શાસ્ત્ર કેવળ જ્ઞાપન કરે છે, કારક નથી હોતા. આ થયું ક્ષમાશસ્ત્ર.

ત્રીજો સંદેશ છે જિસસ ક્રાઈસ્ટનો - 'યુ લવ વન અનધર એઝ આઈ લવ્ડ યુ' 'તમે બધા આપસમાં પ્રેમ કરો, જેમ મેં તમારા પર

કર્યો.' 'આપસમાં પ્રેમ કરો' મુશ્કેલ લાગે છે. બીજાને પ્રેમ કરવો મુશ્કેલ નથી. પરંતુ આપસમાં પ્રેમ કરવો મુશ્કેલ છે કારણ કે એ જ ચહેરા, એ જ નાક, એજ બોલવાની રીત, એજ મનુષ્ય રોજ-રોજ. પછી કહ્યું, 'જે મેં તમારા માટે કર્યું, જેમ મેં તમારા માટે સ્વાર્થ-ત્યાગ કર્યો, બલિદાન કર્યું, એવો પ્રેમ તમે એકબીજા પર કરો. બલિદાન દેવું પડે તો પણ આપો, પરંતુ પ્રેમ સિવાય કંઈ ન બોલો. અને આખરે જ્યારે એમને શૂળી પર ચઢાવવામાં આવ્યા ત્યારે, પણ એમણે શું કહ્યું? આખરે તેઓ પણ મનુષ્ય જ હતા, તો પ્રથમ જરા મુશ્કેલ લાગ્યું હશે એટલે પ્રથમ કહ્યું: 'લેટ ધાય વિલ બી ડન, નોટ માઈન' અને પછી કહ્યું, જેમણે મને શૂળી પર ચડાવ્યો છે એમને હે ભગવાન, ક્ષમા કર, કારણ કે 'ધે આર ઈગ્નોરંટ'–તેઓ જાણતા નથી તેઓ શું કરી રહ્યા છે.

આ, જેમ હું સમજ્યો હતો ક્રાઈસ્ટના ઉપદેશને, તેમ જ આપની સમક્ષ રજૂ કરી દીધો.

## ઈસ્લામ એટલે ભગવત્–શરણ

હવે થોડું ઈસ્લામ વિશે કહીશ. ઈસ્લામ શબ્દના બે અર્થ છે. એક અર્થ છે શાંતિ. ઘણાં લોકો માને છે કે, મુસલમાન એટલે મારવા - કાપવાવાળા. એ જે મારવા - કાપવાવાળા હતા તેઓ બાદશાહ વગેરે હતા, એમને પોતાનું રાજ્ય મેળવવું હતું. સોરઠી-સોમનાથ જઈને સોનું લૂંટવું હતું. તેઓ નામમાત્રના મુસલમાન હતા. ઈસ્લામનો એક અર્થ છે, શાંતિ અને બીજો છે ભગવત્–શરણ. એ જે કંઈ કરશે એ પોતાના માટે સારું જ છે, માનીને ભગવાનના શરણમાં હંમેશા રહેવું. ગીતામાં એ જ કહ્યું છે: **સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ**. બધું છોડી દો, જે અનેક ધર્મો જાતજાતના છે એને છોડી દો, મારા એકલાનું શરણ લો. એટલે આસામમાં એક શરણીયા પંથ છે - એટલે એક જ શરણ. બુદ્ધે ત્રણ શરણ બતાવ્યા - **બુદ્ધં શરણં ગચ્છામિ, સંઘં શરણં ગચ્છામિ, ધમ્મં શરણં ગચ્છામિ** - ત્રણ-ત્રણ શરણ, મુશ્કેલ મામલો છે. પરંતુ, એનો અર્થ એ છે કે જ્યાં સુધી બુદ્ધ છે ત્યાં સુધી સંઘની જરૂરત નથી. બુદ્ધના ગયા પછી શું કરશું? '**સંઘં શરણમ્**. હવે, સંઘ પણ તૂટી રહ્યો હોય, સંઘર્ષ થઈ રહ્યો હોય-સંઘમાં 'રૂપ' લાગી ગયો હોય તો શું કરવું? **ધમ્મ શરણમ્** જે ધર્મ આપણી અંદર છે, એનું શરણ લો. તો આ જે ત્રણ શરણ બતાવ્યાં એ ત્રણ જગ્યાએ વહેંચવા માટે ન હતા, એક જ શરણ હતું એ. પરંતુ ગીતામાં સ્પષ્ટતાપૂર્વક કહ્યું છે - '**સર્વ ધર્માન પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ**'. એનો અર્થ શું થયો? ત્રણે ધર્મ એક જ વાત સમજાવે છે, જુદી જુદી રીતે સમજાવે છે, એટલું જ.

અને, પયગંબરે પોતાના અનુયાયીઓને કહ્યું, આપને આપની ભાષામાં ભગવાનનો સંદેશ પહોંચાડવા માટે મને મોકલ્યો છે. આપની ભાષામાં એટલે અરબી ભાષામાં. કારણ કે બીજી ભાષામાં કહેનારો કોઈ આવે તો આપ સમજશો કે, અરે આપણે અરબી લોક, અને આ સંદેશ આપવા આવ્યો 'આજમિયું' - અરબી નથી એ! અને પછી કહ્યું - અમે પ્રત્યેક ભાષામાં જે-તે ભાષામાં સંદેશ દેનારાં રસૂલ મોકલ્યા છે. એ વાક્ય મેં વાંચ્યું તો વિચારવા લાગ્યો, મરાઠી ભાષા માટે સંદેશ આપનારો કોણ રસૂલ હશે? તો જ્ઞાનદેવ મહારાજની યાદ આવી. જ્ઞાનદેવ મહારાજે મરાઠીમાં જે ભાષ્ય કર્યું છે ગીતા પર, એની બરાબરી કરી શકે એવી ચીજ આજ સુધીમાં જોવામાં નથી આવી. અને એમણે ટીકાગ્રંથ કે ભાષ્યગ્રંથ નામ નથી આપ્યું. સંતોને કહ્યું છે – તમારા પરાક્રમથી મારું આ ધર્મકીર્તન સિદ્ધ થઈ ગયું. **કિબહુના તુમચેં કેલેં, હેં ધર્મકીર્તન સિદ્ધી ગેલેં** એટલે પોતાના પુસ્તકને એમણે ધર્મકીર્તન નામ આપ્યું. એનો અર્થ, તેઓ માનતા હતા કે મારે ધર્મ સંભળાવવો છે. એવી રીતે વિચારવામાં આવે કે, હિંદી ભાષા માટે કયો ધર્મ-ગ્રંથ છે, તો કોઈ પણ સહજ ભાવે કહેશે કે તુલસીદાસજીની રામાયણ. આવી રીતે પ્રત્યેક ભાષામાં ભગવાને આ ભાષા બોલવાવાળો રસૂલ મોકલી દીધો. આ ઘણાં જ ઉત્તમ ઉદગાર કુરાનના છે– કુરાનનો એ કલેમ (દાવો) નથી કે એ જ એક સમસ્ત દુનિયા માટે છે. પરંતુ અલ્લાહ્ - અલ્લાહના દૂત બોલી રહ્યા છે કે, હે મુહમ્મદ કેટલાક રસૂલોના નામ મેં તને બતાવ્યાં છે અને કેટલાક નથી બતાવ્યા, એવા અનેક રસૂલ મોકલ્યા છે જેના નામ તું નથી જાણતો અને પછી વાક્ય છે - લાનુફરિકુ બૈન અહદિમ્મિર રુસુલિહ' - અમે રસૂલોમાં, કોઈમાં પણ કોઈ પણ ભેદ નથી કરતા. એક રસૂલ અને બીજા રસૂલમાં ફરક નથી કરતા. તો આ ઈસ્લામ છે.

## સર્વોત્તમ સમાધાન

જે મુખ્ય વસ્તુ સાંભળવા માટે આપ આવ્યા હશો અને રાહ જોતા હશો એના વિશે બોલતાં પહેલાં એક બીજી વાત કહેવી છે. મારા જીવનમાં મને અનેક સમાધાન મળ્યાં છે. એમાં આખરી, અંતિમ સમાધાન જે કદાચ સર્વોત્તમ સમાધાન છે, આ વર્ષે પ્રાપ્ત થયું છે.

મેં ઘણી વખત જૈનોને વિનંતિ કરી હતી, કે જેમ વૈદિક ધર્મનો સાર ગીતામાં ૭૦૦ શ્લોકોમાં મળી ગયો છે. બૌદ્ધોનો ધમ્મપદમાં મળી ગયો છે, જેના કારણે અઢી હજાર વર્ષ પછી પણ બુદ્ધનો ધર્મ લોકોને માલુમ થાય છે એવી રીતે જૈનોનો થવો જોઈએ. આ જૈનો માટે મુશ્કેલ વાત હતી. એટલા માટે કે એમના અનેક પંથ છે. અને ગ્રંથ પણ અનેક છે. જેવી રીતે બાઈબલ છે કે કુરાન છે – ગમે તેટલો મોટો એક જ ગ્રંથ છે, એવો જૈનોનો નથી. જૈનોમાં શ્વેતામ્બર - દિગમ્બર બે છે, એ સિવાય તેરાપંથી અને સ્થાનકવાસી. આ ચાર મુખ્ય પંથ મેં બતાવ્યા. પરંતુ બીજા પણ પંથ છે. અને ગ્રંથ તો વીસ - પચ્ચીસ છે. હું વારંવાર એમને કહેતો રહ્યો કે. આપ બધા લોકો મુનિજન સાથે મળીને ચર્ચા કરો અને જૈનોનો એક ઉત્તમ સર્વોત્તમ ધર્મસાર રજુ કરો. આખરે વર્ણીજી નામનો એક બેવકૂફ નીકળ્યો. અને બાબાની વાત એના મનમાં ઠસી ગઈ. તેઓ અભ્યાસી છે. ઘણો પરિશ્રમ ઊઠાવીને જૈન પરિભાષાનો એક કોશ પણ એમણે લખ્યો છે. તો એમણે જૈનધર્મસાર નામનું એક પુસ્તક પ્રસિદ્ધ કર્યું. એની હજાર નકલો કાઢવામાં આવી અને જૈન સમાજના તથા જૈન સમાજની બહારના પણ વિદ્વાનોને મોકલવામાં આવી. વિદ્વાનોના સૂચનો પ્રમાણે કેટલીક ગાથાઓ કાઢી નાખવામાં આવી. કેટલીક ઉમેરવામાં આવી. એ બધું કરીને, એનું પણ પ્રકાશન કર્યું - 'જિણધમ્મં' નામથી. પછી એના પર ચર્ચા કરવા માટે બાબાના આગ્રહથી એક પરિષદ ભરવામાં આવી, જેમાં મુનિ, આચાર્ય, અને બીજા વિદ્વાનો, શ્રાવક મળીને લગભગ ત્રણસો લોકો એકઠા થયા. વારંવાર ચર્ચાઓ થઈ. પછી એનું નામ પણ બદલ્યું. રૂપ પણ બદલ્યું. આખરે સર્વાનુમતિથી 'શ્રમણ - સૂકતમ્' જેને અર્ધમાગધીમાં 'સમણસૂત્તં' કહે છે, બન્યું. એમાં ૭૫૬ ગાથાઓ છે. ૭ આંકડો જૈનોને બહુ પ્રિય છે અને ૭ અને ૧૦૮, બંનેનો ગુણાકાર કરો તો ૭૫૬ થાય છે. સર્વ સંમતિથી આટલી ગાથાઓ લીધી અને નક્કી કર્યું કે, ચૈત્ર શુદ ૧૩ ને દિને વર્ધમાન જયંતી આવશે, જે આ વર્ષે ૨૪ એપ્રિલે આવે છે, એ દિવસે આ ગ્રંથ અત્યંત શુદ્ધ રીતે પ્રગટ કરવામાં આવશે. જયંતીના દિવસે જૈન ધર્મ-સાર, જેનું નામ 'સમણસૂત્તં' છે સારાય ભારતને મળશે. અને ભવિષ્ય માટે જ્યાં સુધી જૈન ધર્મ મોજુદ છે ત્યાં સુધી જૈન લોકો અને બીજા ધર્મના લોકો પણ જ્યાં સુધી એમના ધર્મ વૈદિક, બૌદ્ધ વગેરે મોજુદ છે ત્યાં સુધી જૈનધર્મ–સાર વાંચતા રહેશે. એક ઘણું મોટું કાર્ય થયું છે, હજાર - પંદરસો વર્ષથી થયું ન હતું. એનું નિમિત્ત માત્ર બાબા બન્યા. પરંતુ બાબાને પૂર્ણ વિશ્વાસ છે કે આ ભગવાન મહાવીરની કૃપા છે.

### મહાવીરની આજ્ઞા પ્રમાણે

હું કબુલ કરું છું કે મારા પર ગીતાની ભારે અસર છે. એ ગીતાને બાદ કરતાં મહાવીરથી વધારે કોઈની મારા ચિત્ત પર અસર નથી. એનું કારણ એ છે કે મહાવીરે જે આજ્ઞા આપી છે, એ બાબાને પૂર્ણ માન્ય છે. આજ્ઞા એ છે કે સત્યગ્રાહી બનો. આજ જ્યાં ત્યાં જે ઊઠયો તે સત્યાગ્રહી હોય છે. અને બાબાને પણ વ્યકિતગત સત્યાગ્રહી તરીકે ગાંધીજીએ રજૂ કર્યા હતા. પરંતુ બાબા જાણતા હતા, એ કોણ છે, 'સત્યાગ્રહી' નહિ, 'સત્યગ્રાહી' છે. પ્રત્યેક માનવી પાસે સત્યનો અંશ હોય છે. એટલા માટે માનવ-જન્મ સાર્થક થાય છે તો બધા ધર્મોમાં, બધા પંથોમાં, બધા માનવોમાં સત્યનો જે અંશ છે. એને ગ્રહણ કરવો જોઈએ. આપણે સત્યગ્રાહી બનવું જોઈએ. આ જે ઉપદેશ છે મહાવીરનો, બાબા પર ગીતા પછી, એની અસર છે. ગીતા પછી કહ્યું મેં, પરંતુ જ્યારે હું જોઉં છું ત્યારે મને બંનેમાં ફરક જ નથી દેખાતો.

### એક પગલું બસ થાય

હવે વર્ષભર માટે જે મૌન વિચાર્યું છે, એના વિશે. આ જે **મૌન** છે એમાં ન બોલવાનું તો છે જ, પરંતુ ન લખવાનું પણ છે. ન બોલવું, એટલું જ હોત, લખવાનું હોત તો સારી એવી સવલત રહેત. મનુષ્ય લખે છે તો 'પ્રિસાઈઝ' થાય છે, ઠીક લખે છે. એટલે બાબા લખવાનું ચાલુ રાખત તો લોકોને સારું લાગત. પરંતુ એ પણ બંધ છે. 'હરિ રામ' સિવાય બાબા બીજું કાંઈ લખશે નહિ. આમ શા માટે કર્યું? ૭ જૂન ૧૯૧૬ ના દિવસે બાબા ગાંધીજીની પાસે પહોંચ્યા. એ દિવસને બાબા કદી ભૂલતા નથી. ૭ જૂન ૧૯૬૬ના રોજ ૫૦ વર્ષ પૂરાં થઈ ગયા. ગાંધીજીના જે કાંઈ વિચાર હતા, જેના બાબા સમજ્યા હતા, એ પર અમલ કરવાની કોશિશ બાબાએ કરી અને ૫૦ વર્ષ પૂરાં થઈ ગયા એ દિવસે જાહેર કર્યું કે બાબા સૂક્ષ્મમાં પ્રવેશ કરશે - સૂક્ષ્મમાં અભિધ્યાન કરશે. પરંતુ એ દિવસોમાં બાબા બિહારમાં ફરતા હતા. બિહાર 'બિગીન્સ વિથ બી' અને 'બી સ્ટેન્ડસ ફોર બોગસ' બાબા પણ 'બિગીન્સ વિથ બી' એ પણ 'બોગસ' છે. એટલે મેં તો જાહેર કર્યું કે, સૂક્ષ્મમાં પ્રવેશ કર્યો, પરંતુ કેટલાય સ્થૂલ કાર્યો કરવા પડયાં. એ બધાં કર્યાં, પ્રવાહપતિત કર્મ સમજીને. **પ્રવાહ-પતિતં કર્મ કુર્વન્ નાપ્નોતિ કિલ્બિષમ્.** પ્રવાહ-પતિત જે કર્મ હોય છે, એ કરવાવાળાને દોષ નથી લાગતો. તો દોષ નહિ લાગ્યો હોય બાબાને. પછી બાબા આવ્યા બ્રહ્મવિદ્યા મંદિરમાં. ત્રણ-ચાર વર્ષથી ક્ષેત્ર-સંન્યાસ લઈને અહીં રહે છે. અહીં પણ કેટલીક સ્થૂળ વસ્તુઓમાં પડવું પડયું. સ્થૂળ ચર્ચા કરવી પડી. એ પણ પ્રવાહ પતિત સમજીને કરી. આઠ - સાડા આઠ વર્ષ વીતી ગયાં. ત્યારે બાબાએ વિચાર્યું, ઠીક છે આ કે દોષ ન લાગ્યો હોય, પરંતુ સૂક્ષ્મ અભિધ્યાનની જે શકિત છે, એ ત્યાં સુધી પ્રગટ નહિ થાય જ્યાં સુધી અધિક સૂક્ષ્મમાં પ્રવેશ નહિ થાય. તો પછી વિચાર્યું કે, હવે આગળ બોલવું બંધ કરવું જ પડશે. લખવું બંધ કરવું પડશે.

બાપુકુટી (સેવાગ્રામે) માં ત્રણ વાંદરા રાખ્યાં છે, એકના કાન બંધ છે. એકની આંખો બંધ છે, એકનું મોઢું બંધ છે. એમાંથી બે વાંદરા તો બાબા થઈ રહ્યા છે. એટલે કે બોલવું બંધ કરશે અને કાન તો ભગવાને બંધ કર્યા જ છે. બાબા બહેરા થયા ત્યારે બે-ત્રણ કર્ણમંજુ઼ી એમને મોકલવામાં આવ્યા. બાબાએ કર્ણમણી લગાડી જોયું તો ઉત્તમ સંભળાતું હતું. ત્યારે દસ-બાર દિવસ લગાડી જોયા અને પછી છોડી દીધાં. ભગવદ્ - કૃપાથી કાન ગયા તો મણી શા માટે લગાડવા? ભગવદ્-કૃપા સમજીને એક બંદર બાબા બની ગયાં. હવે બીજા, મોઢાંવાળા વાંદરા બની રહ્યા છે. ત્રીજા આંખવાળા નથી બની રહ્યા, એના બદલે હાથ કાપી રહ્યા છે. વાંદરાને પૂછવામાં આવે કે તારી આંખ કાઢી લેવામાં નુકસાન છે કે હાથ કાપવામાં, તો એ કહેશે હાથ કાપવામાં. હાથના દ્વારા લેખન નહિ થાય, એનો અર્થ હાથ બંધ. આંખ હજી કાયમ રાખી છે. શા માટે? એટલા માટે કે જે સાથી - સ્નેહી પંદર દિવસમાં એક વાર નિયમિત રીતે મને પત્ર લખે છે, અને કેટલાક અનિયમિત પોતાની આવશ્યકતા પ્રમાણે લખે છે, એ પત્રોનો જવાબ તો હું આપતો નથી, પરંતુ પત્ર વાંચી જાઉં છું અને એના ઉપર થોડો વિચાર કરું છું. તો એમાં જે સૂક્ષ્મ વિચાર રજૂ કર્યાં હોય છે, જીવનની ગાંઠો ખોલ્યા વગરની હોય છે; એના પર અભિધ્યાન શકિતની અસર થાય છે. અને એ ચીજ પહોંચી જાય છે. હવે જ્યારે બોલવાનું પણ બંધ થશે તો જેની પાસે રિસિવિંગ સેટ (ગ્રાહક યંત્ર) છે એની પાસે પણ એ પહોંચી જશે. એ આક્રમણકારી હશે, ધક્કો મારીને પહોંચી જશે, જેણે લખ્યું એની પાસે.

પરંતુ એક દસ વર્ષની છોકરીએ એક સુંદર પ્રશ્ન પૂછ્યો છે—તેણે લખ્યું છે કે બાબા બોલશે નહિ. પરંતુ વાંચશે તો શું એમના ચિત્તમાં ખળભળાટ નહિ થાય? એટલો સુંદર વિચાર છે આ બાબાને બચાવવા માટે! વાંચતો રહેશે, તો અહીં, ચિત્તમાં વિકાર પેદા થશે, એટલા વાસ્તે વાંચવાનું શા માટે બંધ કરવું નહિ? પરંતુ જે પત્ર વગેરે હોય છે એમાં જે વાહિયાત મજકૂર હોય છે, એ બાબા વાંચતા નથી. બાબાના સાથી અંડર લાઈન કરી દે છે એટલું જ વાંચે છે. કાલે કોઈ જો પોલિટિક્સ લખીને પત્ર મોકલશે તો મારા સાથી એના પર અંડરલાઈન નહિ કરે તો વાંચવાની જરૂરત નહિ રહે. આ જો એ છોકરીએ લખ્યું છે એનો મર્મ બાબા સમજી ગયા છે. અને એની ઉચિત યોજના પણ કરી રાખી છે.

તો આ ચીજ આઠ-નવ વર્ષથી ચાલી આવે છે. હવે કોઈ પૂછશે કે, એક જ વર્ષનું મૌન શા માટે? આગળ કેમ નહિ? તો એનો જવાબ એ છે કે આવા કઠિન આધ્યાત્મિક કાર્યમાં અનુભવના આધારે આગળ વધવાનું હોય છે. **મને એક પગલું બસ થાય.** એક નાનું-શું પગલું છે. આ કેટલું નાનું? માત્ર એક વર્ષ. એટલા માટે આગળનું વિચાર્યું નથી. આગળ પણ ચાલુ રહી શકે છે. અનુભવના આધારે જે નક્કી થશે, તે થશે. અનુભવ માટે એક વર્ષની મર્યાદા રાખી છે.

### છેલ્લી વાત

ઘણી જ ખુશીની વાત છે કે, આપ લોકો બધા વિચાર - પ્રચારનું કામ કરવાવાળા છો. જેલમાં પણ જઈને ગીતા સંભળાવવાવાળા છો. એ સારું છે. કારણ કે જેલમાં જે કેદી જાય છે, એ એક વખત પાપ - કર્મ કરી ચૂકયો છે, પરંતુ એને પશ્ચાતાપ પણ થાય છે. તો ત્યાં પણ ગીતાનો સંદેશ પહોંચી જાય, ઈસ્લામનો, બાઈબલનો સંદેશ પહોંચી જાય તો ઘણો લાભ થશે. એટલા માટે બાબા આશા રાખે છે કે, વર્ષભરમાં બાબા મૌન રાખતા આપણા કુલ સમાજની ઉન્નતિ થશે.

છેલ્લી એક વાત! હું માની લઉં છું અત્યારે તો આ મારું છેલ્લું વ્યાખ્યાન છે. આજ સુધી અનેક વ્યાખ્યાન થયા, અનેક ચર્ચાઓ થઈ, વ્યકિતગત વાતચીત થઈ, એમાં વિરોધી વિચારના ખંડન માટે કેટલીયે વાર વાણી દ્વારા પ્રહાર પણ કર્યા હશે, સાથીઓને, સ્નેહીઓને વાતચીતમાં વિનોદમાં પણ પ્રહાર કર્યા હશે. એ માટે આજ બધાની હૃદયપૂર્વક ક્ષમા માગું છું. સૌને પ્રણામ જય જગત.

**આચાર્ય વિનોબા ભાવે**

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪ ટે. નં. ૩૫૦૨૯૬

મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ-મુંબઈ-૧

Regd. No. MH. by South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક : ૨૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧ માર્ચ ૧૯૭૫, શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ અને સરકાર ☆

ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવની રાષ્ટ્રીય સ્તરે, કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારોએ ઉજવણી માટે, વર્ષભરના કાર્યક્રમનું આયોજન કર્યું અને તેના ખર્ચ માટે કેન્દ્ર સરકારે ૫૦ લાખનું અનુદાન કર્યું તેમજ દરેક રાજ્ય સરકારે પણ ૧૦ થી ૧૫ લાખનું અનુદાન કર્યું તે સામે કેટલાક જૈનો અને જૈનેતરોને નામે કેન્દ્ર સરકાર સામે, દિલ્હી હાઈકોર્ટમાં ચાર રીટ અરજીઓ થઈ હતી. તે બધી અરજીઓ થોડા દિવસ પહેલા દિલ્હી હાઈકોર્ટે કાઢી નાખી છે. તેના ચુકાદામાં આપેલ કારણો જાણવા જેવા છે.

જૈન અને જૈનેતરો બન્ને તરફથી મુખ્ય દલીલ એ હતી કે ભારત સરકાર બિનસાંપ્રદાયિક રાજ્ય છે. અને તેથી કોઈ એક ધર્મના આગેવાન પુરુષ માટે ઉત્સવ અથવા ખર્ચ કરી શકે નહિ. તેમ કરવું બંધારણ વિરુદ્ધ છે. દિલ્હી હાઈકોર્ટના જજમેન્ટનું પહેલું વાક્ય આ મુખ્ય મુદ્દાથી જ શરૂ થાય છે. Is India a secular state? If so, in what sense? બંધારણની કલમો ૨૫, ૨૬ અને ૨૭નો સાચો અર્થ કરવાનો હતો. હિન્દુને નામે જે રીટ અરજી થઈ હતી તેમાં વિશેષ ફરિયાદ કરવામાં આવી હતી કે આ મહોત્સવથી જૈન ધર્મનો પ્રચાર થાય છે. તેથી અન્ય ધર્મો પ્રત્યે ભેદભાવનું વર્તન અને અન્યાય થાય છે. હાઈકોર્ટે કહ્યું છે કે જૈનેતર આવી દલીલ કરે તે સમજી શકાય તેવું છે પણ જૈનો તરફથી વિરોધ થયો તેનું હાઈકોર્ટને આશ્ચર્ય થયું છે. ભગવાન મહાવીરનો મહિમા ગવાય છે તેમાં જૈનો કેમ વાંધો લે? તેનો જવાબ આપ્યો છે કે, જૈન અરજદારો જુનવાણી માનસના લાગે છે. આ જૈનોનું એમ કહેવું છે કે મહાવીરનું કાર્યક્ષેત્ર માત્ર ધાર્મિક હતું. તેમને મહામાનવ અથવા સમાજ સુધારક કહી શકાય નહિ. તેમ કહેવામાં મહાવીરનું અપમાન થાય છે. નિર્વાણ ઉત્સવ ધાર્મિક વિધિ છે. આ કલ્યાણક અને આરાધના શાસ્ત્રવિધિ પ્રમાણે આચાર્યોના માર્ગદર્શનમાં જ થઈ શકે. જૈન શાસ્ત્રોનું અધ્યયન અને પ્રચાર જૈનાચાર્યો જ કરી શકે. સરકારના કાર્યક્રમમાં જૈનધર્મ અને સાહિત્યના સંશોધન અને પ્રકાશન માટે એક સંસ્થા સ્થાપવાનો પ્રબંધ છે. National Institute for Jainological study and Research. જૈન અરજદારોના કહેવા પ્રમાણે જૈન-શાસ્ત્રોનો ખરો અર્થ જૈનાચાર્યો જ સમજાવી શકે. અન્ય વિદ્વાનો, જૈન કે જૈનેતર તેનો અનર્થ કરી બેસે. Imparting the knowledge of Jain scriptures to those who are not fit to receive it is also prohibited by Jain Religion.

વનસ્થલી, બાલ કેન્દ્રો, ગ્રામ પુસ્તકાલયો વગેરે સાથે ભગવાન મહાવીરનું નામ જોડાય તે સામે પણ તેમનો ઉગ્ર વિરોધ હતો. આ બધા મુદ્દાઓની હાઈકોર્ટે પોતાના જજમેન્ટમાં વિશદ્ છણાવટ કરી છે.

ધર્મ નિરપેક્ષ - સેક્યુલર – રાજ્ય એટલે શું તે પ્રશ્નની જજમેન્ટમાં વિગતથી ચર્ચા કરી છે. પશ્ચિમમાં અને આપણા દેશમાં તેના જુદા જુદા અર્થ થાય છે કારણ કે, બન્નેની ઐતિહાસિક પરંપરા જુદી છે. અને જુદા સંદર્ભમાં રાજ્યને ધર્મ નિરપેક્ષ–ગણવામાં આવ્યું છે. પશ્ચિમમાં પોપનું જોર બહુ હતું અને રાજ્ય વહીવટમાં તેની દખલગીરી બહુ થતી. તે સંજોગોમાં રાજ્યને ધર્મ સાથે કાંઈ સંબંધ નથી અને રાજ્ય અને ધર્મ વચ્ચે દીવાલ ઊભી કરવામાં આવી અને રાજ્યને ધર્મનિરપેક્ષ ગણ્યું–A wall of seperation between the church and the state. આપણે ત્યાં એમ નથી. The evolution of concept of secularism in modern India has a very different background. ધાર્મિક સહિષ્ણુતા અને ઉદારતા સદીઓથી ભારતીય સંસ્કૃતિનું લક્ષણ રહ્યું છે. ધર્મ-નિરપેક્ષ-સેક્યુલર-શબ્દ બંધારણમાં વપરાયો જ નથી, કારણ કે, પશ્ચિમમાં આ શબ્દની ભાવના અને ઈતિહાસ જુદા છે જે આપણી ભાવના ન હતી. આ દેશમાં ભિન્ન ધર્મો છે, લઘુમતિ કોમો છે. તે બધા પ્રત્યે સમભાવ અને આદરની દૃષ્ટિ કેળવવા રાષ્ટ્રીય એકતાને સુદૃઢ કરવા આપણે રાજ્યને ધર્મનિરપેક્ષ ગણ્યું. એનો અર્થ એમ નથી કે રાજ્યને ધર્મ સાથે કોઈ સંબંધ નથી અથવા રાજ્ય ધર્મ વિમુખ છે. એનો અર્થ સર્વ ધર્મ પ્રત્યે સમભાવ અને સમાન વર્તન છે. ડૉ. રાધાકૃષ્ણને સ્પષ્ટ કહ્યું હતું, I want to state authoritatively that secularism does not mean irreligion It means we respect all faiths and religions, our state does not identify itself with any particular religion.

આ અર્થમાં આપણા બંધારણમાં દરેકને પોતાના ધર્મનું અને ધાર્મિક માન્યતાઓનું આચરણ અને પ્રચાર કરવાની સ્વતંત્રતા અને રક્ષા આપી છે. રાજ્ય કોઈ એક ધર્મને અગ્રતા ન આપે પણ ધર્મનો અનાદાર ન કરે એટલું જ નહિ પણ બધા ધર્મો અને ધર્મ પુરુષોનો સમાનભાવે આદર કરે.

ભારતીય સંસ્કૃતિ ભારતના વિવિધ ધર્મોનો સંગમ છે. તેની વિવિધતામાં એકતા છે. Unity in Diversity આ વિવિધતા અને એકતા બન્ને ભારતીય સંસ્કૃતિને સમૃદ્ધ બનાવે છે.

ભારતીય સંસ્કૃતિના ઘડતર અને વિકાસમાં ભગવાન મહાવીરનું યોગદાન મહત્ત્વનું છે. Bhagwan Mahavir's contribution to Indian culture and to Indian philosophical thought can not be disputed. ભગવાન મહાવીરનો સંદેશો અને ઉપદેશ ૨૫૦૦ વર્ષ પૂર્વે હતો તેટલો જ, કદાચ તેથી વધારે આજે ઉપયુક્ત છે. The message of a great person like Bhagwan Mahavir is as relevant to-day as it was in his time. Mahavir was one of the great figures of Indian

History. તેમનું જીવનકાર્ય અથવા ઉપદેશ માત્ર ધાર્મિક હતું તેમ કહેવામાં ધર્મનો ઘણો સંકુચીત અર્થ થાય છે. ધર્મ સમસ્ત જીવનનો આધાર છે. અને તેના સામાજિક પરિણામો દૂરગામી છે. Religion was propounded for people to live in society. આ અર્થમાં ભગવાન મહાવીરે સમાજ જીવનમાં ક્રાન્તિ કરી He taught people certain doctrines and expected them to conduct themselves according to those doctrines. It had therefore a positive influence on the conduct of people in society. It had an impact on society.

અહિંસા, અપરિગ્રહ, અનેકાન્તના સિદ્ધાંતો જીવનવ્યાપી છે.

The doctrine of Ahimsa emphasised by Mahavir has a great relevance to the present times both in domestic and international fields. ..Every one ought to feel proud that the propounder of such an important principle was born and lived in this country 2500 years ago.

મહાવીરનો ઉપદેશ માત્ર જૈનો માટે જ નથી. મહાવીરનું નામ લેવાનો જૈનોનો ઈજારો નથી. This objection assumes that Mahavir and his name is a monopoly of the Jains. It forgets that Mahavir was a son of India and is a part of the History of India as such and not merely the history of Jains or Jainism. If the whole country admires him, none of the Jain pititioners can have a right that the Government of India should not admire him.

ભગવાનને શું ભવ્ય અંજલિ આપી છે! છતાં એવાં જૈનો હશે કે જે વાંધો લેશે?

There is no religious right in the members of the Jain community to prevent publicity being given to the life and teachings of Mahavir; on the other hand, they should he thankful for it.

ભારત સરકારની વર્ષોથી એ નીતિ રહી છે કે આ દેશના મહાપુરુષોનો આદર કરવો. તેમના ઉપદેશની દેશ અને દુનિયાને જાણ કરવી અને વર્તમાન જીવનની સમસ્યાઓના સંદર્ભમાં એ ઉપદેશ અને સિદ્ધાંતોની ઉપયોગિતા તરફ લક્ષ દોરવું. ભારતનો સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસો અને તેનાં જીવનમૂલ્યો પ્રત્યે યુવાપેઢીનું ધ્યાન ખેંચવું અને તેને સજીવન કરવા. To create and arouse in the younger generation of our Country an awareness of our heritage and to reinterpret the cultural and spiritual values India stands for.

આ ઉદ્દેશના ઉપલક્ષમાં ભારત સરકારે ઘણા મહાપુરુષોની શતાબ્દી અથવા જયન્તિ ઉજવી છે. ભગવાન બુદ્ધ, ગુરુ નાનક, મહાત્મા ગાંધી, રવિન્દ્રનાથ ટાગોર, અરવિંદ ઘોષ વગેરે મહાપુરુષોની જયન્તિ ઉજવી તેમના સ્મારક કર્યા છે. આમ કરવામાં કોઈ ધર્મની ધાર્મિક વિધિને બાધ આવતો નથી. દરેક ધર્મના અનુયાયીઓ પોતાની વિધિ પ્રમાણે કરે, શીખ, જૈન જે હોય તે. ભારત સરકાર કોઈ ધાર્મિક વિધિ કરતી નથી. ધાર્મિક વિધિ અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ફેર – બતાવતા જજમેન્ટમાં કહ્યું છે, પતિ-પત્ની માટે લગ્નની વિધિ ધાર્મિક છે. પણ બીજાઓ લગ્નનો ઉત્સવ કરે તે ધાર્મિક નથી. પુત્ર, પિતાનું શ્રાદ્ધ કરે તે ધાર્મિક વિધિ છે, પણ એ પુત્રનો પિતા મહાપુરુષ હોય તો બીજા શ્રાદ્ધાંજલિ અર્પે તેમાં ધાર્મિક વિધિને બાધ આવતો નથી.

જજમેન્ટમાં અંતે કહ્યું છે:

A secular way of remembering Bhagwan Mahavir is devised by the Government to suit all the people irrespective of the religions to which they may belong. It is the essence of a common cultural activity that every one should be able to participate in it. It is not meant to be an imitation of a religious practice. It does not therefore misrepresent the Jain religion or the religious practice.

જૈનોની ધાર્મિક લાગણી દુભવવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. સમસ્ત દેશ અને દુનિયા ભગવાન મહાવીરને ભાવભરી અંજલિ અર્પે અને તેમના ઉપદેશને યાદ કરે તે મુખ્ય ઉદ્દેશ છે.

(અંગ્રેજી વાક્યો બધા જજમેન્ટમાંથી લીધેલા છે.)

૨૫-૨-૭૫ ચીમનલાલ ચકુભાઈ

## પ્રકીર્ણ નોંધ

### મહારાષ્ટ્રમાં નવું પ્રધાનમંડળ

મહારાષ્ટ્રમાં રાતોરાત મુખ્ય મંત્રી અને પ્રધાનમંડળનો ફેરફાર થઈ ગયો. એટલી ઝડપથી આ બધું બન્યું કે લોકોને ભારે આશ્ચર્ય થયું અને તે વિષે કાંઈક તર્કવિતર્કો થાય છે. આમ તો ૧૯૭૨માં વિધાનસભાની ચૂંટણી થઈ ત્યારથી નાઈકને સ્થાને નવા મુખ્ય મંત્રીની નિમણૂંક માટેની હિલચાલ હતી. નાઈક વિદર્ભના હોઈ, પ્રાદેશિક દાવે, મરાઠાવાડાના શંકરરાવ ચવ્હાણ અને પશ્ચિમ મહારાષ્ટ્ર તરફથી વસંતદાદા પાટિલ આ પદ માટે આકાંક્ષી હતા. નાઈક ૨૩ વર્ષ પ્રધાન તરીકે અને તેમાં ૧૨ વર્ષ મુખ્યમંત્રી તરીકે રહ્યા એ ઘણો લાંબો કાળ ગણાય. એટલે ફેરફાર થાય તે સ્વાભાવિક અને જરૂરી ગણાય. પણ જે રીતે તે બન્યું અને તેને માટે જે કારણો આપવામાં આવે છે તે વિચારવા જેવાં છે. નાઈકે કોઈ પણ વિરોધ વિના ઈન્દિરા ગાંધીની આજ્ઞા સ્વીકારી લીધી. આમ જોઈએ તો, ગફૂર કે પી. સી. શેઠી કે બંસીલાલ પેઠે, નાઈક ઈન્દિરા ગાંધીના નીમાયેલ મુખ્ય મંત્રી ન હતા—નેહરુના સમયથી હતા. યશવંતરાવ ચવ્હાણની પસંદગી અને તેમના ટેકાથી આટલો સમય રહ્યા. ઉપર ઉપરથી જોઈએ તો આવો મોટો ફેરફાર, સરળતાથી અને માનભેર થયો. ત્રણ વર્ષથી આવા પરિવર્તન માટે હુમલાઓ થતા રહ્યા અને નાઈકે કુનેહથી ટાળ્યા. તેમની સામે કેટલાક આક્ષેપો, ખાસ કરી બેકબે રેકલેમેશનના પ્લોટોના વેચાણ સંબંધિ થયા હતા. વિનાવિરોધ ફેરફાર સ્વીકારી લઈ, આવા આક્ષેપો ઢાંકી દીધા એટલું જ નહિ પણ પ્રશંસા પામીને ગયા. મહારાષ્ટ્રની આગેવાની યશવંતરાવ ચવ્હાણની ગણાય, પણ આ નિર્ણય તેમની જાણ વિના થયો હતો એમ લાગે છે. પછી તેમણે પણ એવો દેખાવ કર્યો કે તેમની સંમતિ છે અને પોતાનો પ્રવાસ રદ કરી, નવા નેતાની ચૂંટણી વખતે હાજર રહ્યા.

નાઈક બહુ પ્રતિભાશાળી વ્યકિત અથવા પ્રગતિશીલ ન ગણાય, પણ વ્યવહારકુશળ અને બધાની સાથે સારું રાખવાની આવડત. ખરી રીતે તેઓ મોટા ખેડૂતોના પ્રતિનિધિ જેવા—વિદર્ભના હોઈ મરાઠાપણું બહુ નહિ. તેથી મુંબઈ શહેરની બહુમુખી પ્રતિભા અને સર્વ - દેશીયતા એકંદરે જાળવ્યા. શિવસેના સાથે ય સારું રાખે છતાં મધ્યમમાર્ગી હોઈ, કોઈ વાતમાં અંતિમ છેડે ન જાય. હવે શું થશે તે જોવાનું,

આ પરિવર્તનના સંદર્ભમાં કેટલાક આંતરપ્રવાહો વિચારવા જેવા છે. રાજકીય ક્ષેત્રે ઈન્દિરા ગાંધીનો પ્રભાવ અને વર્ચસ દૃઢ છે એમ લાગે. કોઈ પણ રાજયમાં મુખ્ય મંત્રીને કાઢવા, મૂકવા

વિગેરે કરી શકે છે. યશવંતરાવ ચવ્હાણની લાગવગ મહારાષ્ટ્રમાં પણ કાંઈક ઓછી થઈ અથવા કરી એવું જણાય. મુંબઈ પ્રદેશ સમિતિના પ્રમુખ રજની પટેલ અગ્રસ્થાને આવ્યા. તેઓ ઈન્દિરા ગાંધીના પ્રતિનિધિ લેખાય. સામ્યવાદી હતા. એસ કે. પાટિલ મુંબઈ શહેરના આગેવાન હતા. રજની પટેલ મહારાષ્ટ્રના આગેવાન થયા હોય તેમ લાગે. એક સમય એવો હતો કે બી. પી. સી. સી. રદ કરવી અને એમ. પી. સી. સી, મુંબઈ સહિત મહારાષ્ટ્રનું સુકાન સંભાળે એવી વાત હતી. હવે જુદી દિશાનો પ્રવાહ જણાય છે.

જયપ્રકાશના આંદોલન વિષે કોંગ્રેસમાં તીવ્ર મતભેદ છે. ઉદ્દામવાદી પક્ષ તેનો પૂરો સામનો કરવા ઈચ્છે છે. બીજો વર્ગ જયપ્રકાશ સાથે વાટાઘાટ ઈચ્છે છે. રજની પટેલ પહેલા પક્ષમાં લેખાય. એમ કહેવાય છે કે નાઈક, જયપ્રકાશના એટલા વિરોધી ન હતા. મહારાષ્ટ્રના આ પરિવર્તનથી જયપ્રકાશના આંદોલન પ્રત્યે ઈન્દિરા ગાંધીના વલણની દિશા સમજાય છે. તેનો પૂરો સામનો કરી લેવા ઈચ્છતા હોય તેમ લાગે છે.

મહારાષ્ટ્રમાં ચૂંટણીને બે વર્ષનો સમય છે. તે દરમ્યાન રાજ્યની નીતિ અને કાર્યપદ્ધતિમાં સારા પ્રમાણમાં ફેરફાર થશે તેમ લાગે છે.

## ૬ઠ્ઠી માર્ચે સંસદ ઉપર મોરચો અને ઘેરાવ

ગુજરાતના પ્રવાસ દરમ્યાન જયપ્રકાશ નારાયણે જાહેર કર્યું હતું કે હવે પછી તેઓ બધો સમય બિહાર આંદોલનને જ આપશે. બિહારમાં જ રહેશે અને પ્રવાસ નહિ કરે. થોડા દિવસ પછી, દિલ્હી, વિરોધ પક્ષોની બેઠક માટે ગયા અને ત્યાં બીજા રાજ્યો ઉત્તરપ્રદેશ, હરિયાણા, મધ્ય પ્રદેશ, વગેરે-માં આંદોલનો શરૂ કરવાનો નિર્ણય કર્યો. ઉત્તર પ્રદેશના મુખ્ય મંત્રી શ્રી બહુગુણાને નોટિસ આપી છે કે થોડા સમયમાં ઉત્તર પ્રદેશના પ્રશ્નો માટે સંઘર્ષ સમિતિ સાથે વાટાઘાટ શરૂ નહિ કરે તો ત્યાં આંદોલન શરૂ કરશે. ૬ઠ્ઠી માર્ચે પાર્લામેંટ ઉપર બહુ મોટો મોરચો લઈ જવાનો નિર્ણય કર્યો છે. આ બાબત પહેલા તેમણે જાહેર કરી હતી પણ એમ લાગતું હતું કે ગુજરાતના પ્રવાસ પછી, તેઓ આ કાર્યમાં સક્રિય ભાગ નહિ લે. પણ તેમની આગેવાની વિના વિરોધ પક્ષો આવો કોઈ કાર્યક્રમ સફળતાથી પાર ઉતારી શકે તેમ નથી. આ મોરચામાં લાખો માણસો જોડાય તે માટે ૨૩મી ફેબ્રુઆરીથી ૩જી માર્ચ સુધી ૯ દિવસનો પ્રવાસ જયપ્રકાશે યોજ્યો છે. દિલ્હી આસપાસના બધા પ્રદેશો, ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, સર્વ સ્થળે તેઓ ફરી વળશે. દિવસમાં ૩-૪ જાહેર સભાઓને સ્થળે સ્થળે સંબોધશે અને મોરચામાં જોડાવા લોકોને સમજાવશે. એમ જાહેર કર્યું છે કે દસ લાખ માણસો મોરચામાં જોડાશે. આટલી મોટી સંખ્યામાં માણસો જોડાય ત્યારે તેમાં શાન્તિનો ભંગ થવાના ભય અને જોખમ રહ્યાં છે. સરકારે કાયદો અને વ્યવસ્થા જાળવવા પૂરી તૈયારી કરવી પડે. દુર્ભાગ્યે કોઈ અનિચ્છનીય બનાવો બને તો સરકારે પોલીસ અને સશસ્ત્ર દળોનો ઉપયોગ કર્યો અથવા બળજબરી વાપરી એવો આરોપ થાય. આ મોરચાનો ઉદ્દેશ શું? સરકારને એક આવેદનપત્ર રજૂ થશે. તેમાં કેટલીક માગણીઓ થશે. હાલમાં વર્ષોથી તાકીદની પરિસ્થિતિ-ઈમર્જન્સી ચાલુ છે તે રદ કરવી એવી એક માગણી થશે એમ જાહેર થયું છે. તાકીદની પરિસ્થિતિ હોય ત્યારે કેટલાક મૂળભૂત અધિકારો સરકાર સ્થગિત કરી શકે છે અને મિસા તથા બીજા અટકાયતી કાયદાઓનો ઉપયોગ કરી શકે છે.

જયપ્રકાશે વખતોવખત ભારપૂર્વક જાહેર કર્યું છે કે વિરોધ પક્ષોની આગેવાની પોતે લેવા ઈચ્છતા નથી. કોઈ રાજકીય પક્ષમાં પોતે નથી અને તેમનો જનતા પક્ષ છે એમ કહે છે. ખરી રીતે બધા વિરોધ પક્ષોને ગમે તેમ ભેગા કરી, તેની આગેવાની તેઓ લઈ રહ્યા છે. બિહારના આંદોલનમાં હવે વધારે શું કરવું તે સ્પષ્ટ જણાતું નથી. તે આંદોલનને ચાલુ રાખવા અથવા બળ આપવા અન્ય રાજ્યોમાં જઈને કેન્દ્ર સામે આંદોલન શરૂ કરવાં એવો વ્યૂહ લાગે છે. વિરોધ પક્ષોમાં જનસંઘથી માંડી માર્ક્સવાદી સામ્યવાદી સુધીના દળો છે. આ બધા પક્ષો જયપ્રકાશનો લાભ ઉઠાવે છે કે જયપ્રકાશ તેમનો લાભ લે છે તેની ચર્ચા નિરર્થક છે. જયપ્રકાશનું એક સ્પષ્ટ ધ્યેય છે. સમૂળી ક્રાન્તિ-ટોટલ રેવોલ્યુશન-કરવી. સમૂળી ક્રાન્તિ એટલે શું તે અસ્પષ્ટ છે અને અસ્પષ્ટ રહે તેમાં જ તેનું આકર્ષણ છે. જયપ્રકાશ સામે એક ફરિયાદ કરવામાં આવી છે કે તેમને કોઈ નિશ્ચિત કાર્યક્રમ નથી. તેમ કરે તો બધા વિરોધપક્ષોને સાથે રાખી ન શકે. મહારાષ્ટ્રના પ્રવાસ દરમ્યાન જાહેર કર્યું હતું કે તેમણે હવે ચોક્કસ સામાજિક-આર્થિક કાર્યક્રમ તૈયાર કર્યો છે અને ટૂંક સમયમાં જાહેર કરશે. હજી સુધી કાંઈ જાહેર થયો નથી. જયપ્રકાશના જાહેર નિવેદનોમાં એકવાક્યતા, કે સુસંગતતા હોતા નથી, પણ તેમનું નૈતિક ધોરણ એટલું ઊંચું મનાય છે કે આવી અસંગતતાઓ ઢંકાઈ જાય.

આંદોલન જગાવવામાં અને ફેલાવવામાં તેમની અપ્રતિમ કુશળતા છે. નાદુરસ્ત તબિયત છતાં અથાગ પરિશ્રમ ઉઠાવી શકે છે. સંસદ સમક્ષ મોરચો અને ઘેરાવ નવો વ્યૂહ છે. આશા રાખીએ કે શાન્તિ જળવાશે.

## કાશ્મીરનું સમાધાન

૨૨ વર્ષના વનવાસ પછી શેખ અબદુલ્લા કાશ્મીરમાં સત્તા ઉપર આવે છે. ૨૨ વર્ષ લાંબો ગાળો છે. દેશમાં ઘણાં પરિવર્તન થઈ ગયાં. શેખ અબદુલ્લાએ પણ ઘણું અનુભવ્યું. ૨૨ વર્ષ પછી ફરી તેમને સત્તા ઉપર લાવવા પડયા અને દેખીતી રીતે કાશ્મીરના લોકોએ આવકાર્યા એ હકીકત તેમની લોકપ્રિયતા કે અનિવાર્યતા બતાવે છે. બે વર્ષની વાટાઘાટ પછી આ સમાધાન થયું છે. બન્ને પક્ષે ખૂબ બાંધછોડ કરી છે. શેખ અબદુલ્લાએ ભારત સાથેના કાશ્મીરના જોડાણને આખરી તરીકે સ્વીકાર્યું છે. પ્રજામત-પ્લેબીસાઈટ-લેવાની વાત પડતી મૂકી છે. ઈન્દિરા ગાંધીએ જાહેર કર્યું છે કે આ સમાધાનથી બંધારણીય પરિસ્થિતિમાં કોઈ મહત્ત્વનો ફેર પડતો નથી. બંધારણમાં કેટલેક દરજ્જે કલમ ૩૭૦માં કાશ્મીરને વિશિષ્ટ સ્થાન આપ્યું છે તે કાયમ રહે છે. ૧૯૫૩માં શેખ અબદુલ્લાને દૂર કર્યા ત્યાર પછી જમ્મુ - કાશ્મીરને લાગુ પડતા જે કાયદાઓ કેન્દ્ર સરકારે કર્યા છે તેની પુનર્વિચારણા કરવાનો કાશ્મીર ધારાસભાને અધિકાર છે અને તેની ભલામણો કેન્દ્ર સરકાર સહાનુભૂતિથી જોશે એમ જાહેર થયું છે. કાશ્મીરને વિશિષ્ટ દરજ્જો આપ્યો તેના પ્રત્યાઘાતો બીજા રાજ્યોમાં પડવાનો બહુ ભય નથી. તામીલનાડુના કરુણાનિધિએ તેનો ઉલ્લેખ કર્યો છે પણ શરૂઆતથી જ બંધારણમાં અમુક દરજ્જે કાશ્મીરને વિશિષ્ટ સ્થાન આપ્યું જ છે તે રહે છે, તેથી વિશેષ કાંઈ નથી થયું. એ પણ એક આશ્ચર્યજનક ઘટના છે કે કાશ્મીર ધારાસભામાં કોંગ્રેસની બહુમતિ છે. શેખ અબદુલ્લા હાલ કોંગ્રેસના સભ્ય નથી, છતાં કોંગ્રેસ ધારાસભા પક્ષે સર્વાનુમતે તેમને નેતા નીમ્યા. શેખ અબદુલ્લાએ બિનપક્ષીય પ્રધાનમંડળ ચાર જ સભ્યોનું રચ્યું. આ સમાધાનને એકંદરે જનસંઘ સિવાય દેશમાં અને બધા પક્ષોનો આવકાર મળ્યો છે. જયપ્રકાશ નારાયણના પણ આશીર્વાદ મળ્યા છે. ઉંમર સાથે શેખ અબદુલ્લામાં પણ પીઢ અને ધીરગંભીર વલણ વધ્યું હશે. બન્ને પક્ષે વાસ્તવિકતાનો સ્વીકાર થયો છે. પાકિસ્તાન સાથેના સંબંધો ફરી વણસતા છે ત્યારે આ સમાધાન આવકારપાત્ર છે. અમેરિકાએ પાકિસ્તાનને આ જ ટાંણે શસ્ત્રો આપવાનો નિર્ણય કર્યો તે અકસ્માત નથી. પાકિસ્તાનને સદ્‌બુદ્ધિ સુઝે તો કાશ્મીરનું કાયમી સમાધાન મુશ્કેલ નથી. અમેરિકાની ચડવણી હશે તો આપણે સાવચેતી રાખવી પડશે. શેખ અબદુલ્લા ઉપર વિશ્વાસ મૂક્યો છે તે યોગ્ય કર્યું છે. એમ આશા રાખીએ.

૨૬-૨-૭૫

ચીમનલાલ ચકુભાઈ

# ☆ આત્મસાક્ષાત્કાર અને સેવા ☆

વિનોબાજીના મૌન વિષે 'પ્રબુદ્ધજીવન'ના તા. ૧૬-૧-૭૫ના અંકમાં મેં લખ્યું છે. તેમાં શ્રી. ગોકુળભાઈ ભટ્ટ, રાજસ્થાનમાં દારૂબંધી અંગે વિનોબાજીને મળવા ગયા અને તે પ્રસંગે વિનોબાજીએ તેમને જે સલાહ આપી તેનો ઉલ્લેખ કર્યો છે. 'ભૂમિપુત્ર'માં છપાયેલ પવનાર ડાયરી ઉપરથી મેં તેનો ઉલ્લેખ કર્યો હતો. એ સલાહ ગોકુળભાઈ ભટ્ટે સ્વીકારી છે તેમ મેં કહ્યું નથી, પણ મૌન લેવામાં વિનોબાજીનું દષ્ટિબિન્દુ સમજાવવાનો ઉદ્દેશ હતો. વિનોબાજીએ ગોકુળભાઈને માનવ જન્મનો ઉદ્દેશ સમજાવતાં કહ્યું હતું કે આત્મસાક્ષાત્કાર કરવાનો સમય બાકી છે તે આ જન્મમાં કરવો જોઈએ. આપણો ઉદ્દેશ આત્મસાક્ષાત્કાર છે. અહીંની સમસ્યા ઉકેલવાનો નથી. આ ઉદ્દેશ સાધવો હોય તો રણછોડ થવું જોઈએ એટલે કે રણ છોડી દેવું. આ વિષે લખતાં મેં કહ્યું હતું કે આ દષ્ટિબિંદુ ગહન પ્રશ્નો ઉપસ્થિત કરે છે. સંસારની સમસ્યાનો ઉકેલ અને આત્મસાક્ષાત્કાર બન્ને સાથે શકય છે કે એકને પામવા બીજાને છોડવું પડે, આ પ્રશ્નનો અતિ સંક્ષેપમાં મેં નિર્દેશ કર્યો હતો. તે સંબંધે શ્રી ગોકળભાઈ ભટ્ટે મને પત્ર લખ્યો છે. જે આ પ્રમાણે છે:

"પ્રિયભાઈશ્રી ચીમનભાઈ,

વચમાં "પ્રબુદ્ધ જીવનમાં" આપે દારૂબંધી અંગે રણછોડની મારી વાતનો ઉલ્લેખ ભૂ. પુ.ની પવનારની અધૂરી ડાયરી નોંધ ઉપરથી કર્યો હતો. "ભૂમિપુત્ર"ના મારા અહીંના સાથીઓ તેથી ખીજાયા હતા ને મારો ખુલાસો માંગ્યો. રાજસ્થાનમાં તો મેં સવિસ્તર બધી વાતો સમજાવી હતી અને ત્યાંના સાપ્તાહિક "ગ્રામ રાજ"માં તે ખુલાસો છપાયો હતો પણ "ભૂમિપુત્ર"ના અહીંના તથા ગુજરાતના મિત્રો, સાથીઓ સારૂ મેં "ભૂમિપુત્ર"માં લખી મોકલ્યું હતું. તા. ૬-૨-૭૫ના અંકમાં તે લખાણ પ્રકટ થયું છે. તે તરફ તમારું પણ ધ્યાન ગયું હશે.

આત્મસાક્ષાત્કાર શુદ્ધભાવે સેવા કરતાં ન થાય એમ હું પણ માનતો નથી એટલે બે ત્રણ વર્ષ પહેલાં પૂ. વિનોબાજીએ મને પવનારના બ્રહ્મવિદ્યામંદિરમાં બેસી જવા સૂચવ્યું ત્યારે મેં સ્પષ્ટ કર્યું હતું કે એ રીતે બેસવાનો હમણાં સમય આવ્યો નથી ને તેની આવશ્યકતાયે નથી. સ્વધર્મનું પાલન કરતાં કરતાં જ આત્મ-સાક્ષાત્કાર થતો રહે છે એ હું નાનપણથી સમજયો છું ને મારા ઉપર ગીતાના અને ગીતાને જીવનમાં આચરનારના જે સંસ્કાર પડયા છે તે પ્રમાણે સેવાની દષ્ટિ ખોળતો રહું છું. વળી દારૂ-બંધીને હું રાજ રમત માનતો નથી. એ માનવીય પ્રશ્ન છે."

ભૂમિપુત્રમાં તેમનો જે ખુલાસો છપાયો છે તે આ પ્રમાણે છે:

"રાજસ્થાનમાં પૂર્ણ દારૂબંધીનું આંદોલન અનેક તબક્કા વટાવી ચૂકયું છે. અંતે ૧૯૭૬માં સામાન્ય ચૂંટણીઓ પહેલાં પૂર્ણ દારૂબંધી દાખલ ન થાય તો પોતે સત્યાગ્રહમાં પોતાનું બળ પૂરશે એવી પૂજ્ય વિનોબાની સ્પષ્ટોકિત, આમ છતાં એની ઉપેક્ષા કરનારી રાજસ્થાન સરકારની મંદ ગતિ વગેરેથી રાજસ્થાનના સાથીઓમાં રોષ ફેલાયો હતો. હું તીવ્ર મનોમંથન અનુભવતો હતો તેથી હું સેવા-ગ્રામ નઈ તાલીમ સંમેલનમાં ૧૯૭૩ના નવેમ્બરના અંતિમ સપ્તાહમાં વર્ધા ગયો ત્યારે પૂ. વિનોબાજીની પાસે મારા મનોમંથનની ટૂંકી નોંધ રજૂ કરી. મેં એમાં વિનંતિ કરી કે હવે આપે નેતૃત્વ લઈને સીધું માર્ગદર્શન સત્યાગ્રહ સંચાલનનું કરવું જોઈએ.

એ ઉપરથી એમની મારા પર કૃપા વરસી અને એમણે કહ્યું: "રાજસ્થાનની દારૂબંધીની ચિંતા છોડી દે; એ કામ મારું છે, મારી જવાબદારી, તું એ રણ છોડી આત્મ સાક્ષાત્કારમાં લાગ... હું શ્રીમન્જીએ (શ્રીમન નારાયણને) એ કામમાં જોડું છું. તું મુકત અને શ્રીમનજી યુકત; શ્રી પૂર્ણચંદ્ર જૈન, શ્રી પ્રભાકર, ડૉ. જીવરાજ મહેતા શ્રીમનજીને મદદ કરશે." વિનોબાજીના ઉપરના ઉદગારો ભાવતું'તું ને વૈદ્યે કહ્યું જેવા સાંભળી જરાય સંકોચાયા કે થંભ્યા વિના વિશ્વાસ ને શ્રદ્ધાપૂર્વક દારૂબંધીની જે ફાઈલ હું સાથે લઈ ગયો હતો તે તત્કાળ વિનોબાજીને સમર્પી દીધી; તેમણે તે શ્રીમનજીને સોંપી દીધી. શ્રી. શ્રીમન નારાયણ દિલ્હીમાં ડિસેમ્બરમાં પ્રધાનમંત્રીજી, કેંદ્રિય વિત્તમંત્રી, શ્રી. રાજબહાદુરજી, રાજસ્થાનના મુખ્ય મંત્રીને મળ્યા. પૂ. વિનોબાજીએ મૌન ધારણ કરતાં પહેલાં પ્રધાનમંત્રીને વિગતવાર એક જરૂરી પત્ર રાજસ્થાનની પૂર્ણ દારૂ-બંધી વિષે લખ્યો કહેવાય છે. જવાબમાં ઈંદિરાજીએ તા. ૧૦-૧-૭૫-ને દિને વિનોબાજીને મુલાકાતમાં લખી આપ્યું કહેવાય છે કે 'એ પ્રશ્નનો ગંભીરતાપૂર્વક વિચાર ચાલી રહ્યો છે.

સાર્વજનિક જીવનમાંથી મારો રણ છોડી જવાનો પ્રશ્ન ઊભો થતો જ નથી. એ મારા સાથીઓએ સમજી લેવું જોઈએ. રાજસ્થાનના દારૂબંધીના કામમાં મારા તરફથી હું કશુંયે કરીશ નહિ; વિનોબાજીના પ્રતિનિધિ શ્રી શ્રીમન નારાયણજી કહેશે તે કરીશ. શ્રીમનજી તા. ૨-૨-૭૫ને દિને જયપુર આવશે, ભાવિ કાર્યક્રમની વાતો કહેશે.

દારૂએ તો દેશનો દાટ વાળી રહ્યો છે એ પણ આજની જવલંત પીડાકારી સમસ્યાઓમાંની એક છે. એનો ઉકેલ પણ લાવવો જ જોઈશે."

સામાજિક સેવાના કાર્યમાં રચ્યપચ્યા રહેવાથી આત્મા સાક્ષાત્કાર થાય કે નહિ તે ગહન પ્રશ્નની ચર્ચા કોઈ વખત વિગતે કરીશ. તે સંબંધે મારું સ્પષ્ટ દષ્ટિબિન્દુ છે. પણ મારો અનુભવ બહુ મર્યાદિત છે એટલે નિશ્ચિત લખવાની હિંમત થતી નથી આત્મસાક્ષાત્કાર એટલે શું ?સેવાથી શું પરિણામ આવે છે, પોતાના માટે અને બીજા માટે, સેવા કેવા પ્રકારની, કયા હેતુથી, કઈ ભાવનાથી, આ બધું ઉંડું અંતર નિરીક્ષણ માગે છે. સેવાના મોહ વિષે મેં એક વખત લખ્યું હતું. હું ક્રમિક વિકાસમાં માનું છું. જીવનની એક પળ એવી આવે કે માણસ કહે, મેં થાય એટલું કર્યું, હવે આ સંસાર અને તેને પેદા કરનાર ઈશ્વર બધું સંભાળી લે. મારે તે સાથે કાંઈ સંબંધ નથી. આ પળ વિરલ વ્યકિતઓને આવે છે, કોઈ ધન્ય ક્ષણે આવે છે. તેમાં નિર્બળતા પણ હોય, પલાયન વૃત્તિ પણ હોય અથવા સર્વશ્રેષ્ઠ આધ્યાત્મિક ભૂમિકા હોય. ક્રમિક વિકા-સમાં સામાજિક સેવાને સ્થાન છે. તેથી સ્વાર્થ ઓછો થાય છે, માનવતા વિકસે છે. રાગદ્વેષ ઘટે છે. પણ સાચી સેવા ભાવના, પરમાર્થ પરાયણતા હોય તો. જે અતિ વિકટ છે. सेवाधर्मो-परमगहनो योगितामप्य गम्य:

વ્યકિતની પ્રકૃતિ ઉપર પણ કેટલોક આધાર રાખે છે. રામ-કૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ કે શ્રીમદ્ રાજચંદ્ર સેવાના કાર્યમાં પડે એવી અપેક્ષા ન રાખી શકાય. ગાંધી જેવા કર્મયોગી માટે એજ માર્ગ કદાચ હોય. સેવાનું ક્ષેત્ર પણ અસર કરે છે. વિવેકાનંદે સંન્યાસ સાથે સેવા જોડી ત્યારે દઢ નિયમ કર્યો કે રાજકારણમાં ન જ પડવું. તેના ગંદવાડને સેવાનું નામ ન અપાય. સોક્રેટીસે પોતાના અંતિમ બચાવમાં પોતે રાજકારણમાં કેમ ન પડયા અને તે સારું જ કર્યું, તે સરસ રીતે સમજાવ્યું છે.

આ વિવાદનો વિષય નથી. અનુભવની વાત છે..

૨૫-૨-૭૫ **—ચીમનલાલ ચકુભાઈ**

## ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠ

ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠનો ૧૨મો અભ્યાસક્રમ વર્ગ ૬ઠ્ઠી માર્ચ ગુરુવારથી બપોરે ૩થી સાંજના ૪ાા વાગ્યા સુધી શ્રીમતી દામિની-બહેન જરીવાલાને ઘેર, (રેખા બિલ્ડિંગ, નં. ૨, પહેલે માળે, ફ્લેટ નં. ૫, ૪૬ રિજ રોડ, વાલકેશ્વર મુંબઈ-૬ (ટે. ૩૬૮૪૭૯) શરૂ થનાર છે. જે બહેનોને આધ્યાત્મિક ચર્ચામાં રસ હોય તેમને આ વર્ગનો લાભ લેવા વિનંતિ છે. આ વર્ગ દર ગુરુવારે બે મહિના સુધી ચાલશે.

# ભગવાન મહાવીરનો કર્મવાદ

અઢી હજાર વર્ષ પૂર્વે શ્રમણ ભગવાન મહાવીરે જુદે જુદે સમયે જે ઉપદેશ આપ્યો તે જૈનોના "આગમગ્રંથો'માં સચવાયેલો છે. જૈનોના ચોવીશ તીર્થંકરોમાં પ્રથમ તીર્થંકર તે ભગવાન ઋષભદેવ અને છેલ્લા તીર્થંકર તે ભગવાન મહાવીર. તીર્થંકરોએ આપેલો ઉપદેશ એમના ગણધરો દ્વાદશાંગીમાં ગૂંથી લે છે. એના ઉપરથી પૂર્વાચાર્યોએ ગણિતાનુયોગ, દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, અને કથાનુયોગ એમ ચાર વિભાગ પાડી શાસ્ત્રોની રચના કરી છે, જેમાં જ્યોતિષ, ખગોળ, ષડદ્રવ્ય, નવતત્ત્વ, કર્મવાદ, પંચમહાવ્રત, સાધુ અને ગૃહસ્થની ભૂમિકાને ઉચિત આચારવિચાર, સ્યાદ્‌વાદ, સામાન્ય જનસમુદાયને ઉપદેશ આપવા માટે કથાઓ-ઈત્યાદિ આપવામાં આવ્યાં છે.

જૈન ધર્મ સંસારને અનાદિ અને અનંત માને છે. આત્મા એક નહિ પણ અનંત છે એમ પણ તે માને છે. આત્મા અનાદિ છે અને સંસારનાં બંધનોમાંથી સંપૂર્ણ કર્મક્ષય કરી સર્વથા મુકત થઈ શકે છે. મુકિત અર્થાત મોક્ષ પામ્યા પછી આત્માને સંસારમાં ફરી પરિભ્રમણ કરવાનું રહેતું નથી. જ્યાં સુધી આત્મા મુકિત પામતો નથી ત્યાં સુધી ચોર્યાશી લાખ પ્રકારની યોનિમાં એ રખડયા કરે છે. જૈન ધર્મ પૂર્વજન્મ અને પુનર્જન્મમાં માને છે, અને જન્મ-જન્માંતરની ગતિ જીવાત્માનાં પોતાનાં કર્મનાં ફળ અનુસાર પ્રાપ્ત થાય છે. આમ જૈન ધર્મ કર્મના સિદ્ધાંત ઉપર ભાર મૂકે છે.

ભગવાન મહાવીરે જે ઉપદેશ આપ્યો તે ચૌદ 'પૂર્વ'માં સચવાયેલો હતો. 'પૂર્વ' શબ્દ પારિભાષિક છે. સાદી ભાષામાં કહેવું હોય તો ભગવાનની ઉપદેશ-વાણીના જુદા જુદા વિભાગ તે જુદાં જુદાં પૂર્વ. એમ કહેવાય છે કે ભગવાન મહાવીરના નિર્વાણ પછી નવસોથી હજાર વર્ષ સુધી 'પૂર્વ' વિદ્યા હતી. ત્યાર પછી એ ક્રમે ક્રમે લુપ્ત થઈ ગઈ. એ ચૌદ પૂર્વમાં આઠમું પૂર્વ 'કર્મપ્રવાદ' નામનું હતું. તેમાં મુખ્યત્વે કર્મના વિષયની વિચારણા હતી. આ ઉપરાંત 'અગ્રાયણીય' નામના બીજા પૂર્વમાં પણ કર્મ વિશે કેટલીક વિચારણા કરવામાં આવી હતી. આ ચૌદ પૂર્વનું સાહિત્ય ક્રમશ: લુપ્ત થઈ ગયું. પરંતુ તેમાંથી ઉધ્ધૃત કરેલા ગ્રંથો હજુ મળે છે. એમાં કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ, શતક, પંચસંગ્રહ, સપ્તતિકા, મહાકર્મપ્રકૃતિપ્રાભૃત-ઈત્યાદિ ગ્રંથોમાં ભગવાન મહાવીરે કર્મવાદ વિશે જે ઉપદેશ આપેલો તે સચવાયો છે. ઈસ્વીસનની સાતમીથી પંદરમી શતાબ્દી સુધીમાં પ્રાકૃતમાં અને સંસ્કૃતમાં કર્મવાદ વિશે પ્રકરણ-ગ્રંથોની રચના થઈ, તેના ઉપરથી દેવેન્દ્રસૂરિ નામના આચાર્યે પાંચ કર્મગ્રંથોની અધિકૃત રચના તૈયાર કરી. એ પાંચ ગ્રંથો તે 'કર્મવિપાક', 'કર્મસ્તવ', બંધસ્વામિત્વ', 'ષડશીતિ' અને 'શતક'. આ ગ્રંથોમાં કર્મનાં સ્વરૂપ, પ્રકાર, બંધ, સત્તા, ઉદય, નિમિત્ત ઈત્યાદિ વિશે વિગતે સમજણ આપવામાં આવી છે.

સંસારમાં વિવિધ અને વિચિત્ર પ્રકારની ઘટનાઓ પ્રતિક્ષણ બન્યા કરે છે. આ બધી ઘટનાઓમાં કેટલીય એવી ઘટનાઓ બને છે જે સામાન્ય માણસને પણ વિચાર કરતો કરી મૂકે છે. એકનો જન્મ રાજમહેલમાં થાય છે અને એકનો જન્મ ગરીબની ઝૂંપડીમાં થાય છે. એકને ભાતભાતનાં ભોજન મળે છે અને છતાં ખાવાની રુચી નથી અને એકને ભૂખ છે છતાં એંઠ ખાવાનું પણ મળતું નથી. એક માણસને વગર મહેનતે પુષ્કળ લક્ષ્મી મળે છે અને એકને રાતદિવસ કાળી મજૂરી કરવા છતાં કુટુંબના ગુજરાન જેટલું પણ મળતું નથી. એક માણસ બીજા અનેક માણસો પર હુકમ ચલાવે છે અને એક માણસને બીજા અનેક માણસોનાં અપમાન સહન કરવાં પડે છે. એકને વગર પ્રયત્ને પુષ્કળ કીર્તિ સાંપડે છે અને એકને કીર્તિ માટે ફાંફાં મારવા છતાં અપકીર્તિ મળે છે. ક્યારેક મૂર્ખ માણસોને માનપત્રો મળે છે અને ક્યારેક વિદ્વાનો હડધૂત થાય છે. એકને પાંચે ઈન્દ્રિયો પરિપૂર્ણ સાંપડે છે અને એકને આંખ, નાક, કાન વગેરેની કંઈક ખોડ હોય છે. આમ, ધન, સત્તા, કીર્તિ, ભૌતિક શારીરિક સુખસગવડ ઈત્યાદિ દરેક બાબતમાં પારાવાર અસમાનતા અને એને લીધે જન્મતાં ભૌતિક કે માનસિક સુખદુ:ખ જગતમાં જોવા મળે છે. દુનિયામાં કોઈપણ બે માણસના ચહેરા, અવાજ, આકૃતિ, આંગળાની છાપ કે હાથની રેખાઓ એક સરખાં હોતાં નથી. જૈન ધર્મ કહે છે કે આ બધું કર્મને કારણે બને છે.

આ બધી તો સામાન્ય ઘટનાઓ છે, પરંતુ કેટલીક વાર એવી પણ ઘટનાઓ બને છે કે જે નાસ્તિક માણસોને પણ વિચાર કરતા કરી દે છે. વિમાનનો ભયંકર અકસ્માત થાય છે, સવાસો મુસાફરો મૃત્યુ પામે છે અને એક મુસાફર કોઈક ચમત્કારિક રીતે બચી જાય છે. કોઈક માણસ ચોરી કરીને નાસે છે અને લોકો બીજા જ કોઈ માણસને ચોર સમજી મારી નાખે છે. આખી જિંદગી જેણે પવિત્રતામાં ગાળી છે એવા સંત મહાત્માનું કોઈ ખૂન કરે છે. એક શ્રીમંત માણસ બીજાને ઝેર આપી મારી નાખે છે અને પકડાયા વગર આનંદથી જીવન વિતાવે છે. બંબાવાળો યુવાન આગમાં ઝંપલાવી એંસી વર્ષની કોઈ ડોશીને બચાવે છે, પરંતુ પોતે આગમાં દાઝી જવાથી મૃત્યુ પામે છે. કોઈક સ્ત્રીને મરેલું બાળક અવતરે છે. કોઈક બાળક જન્મથી જ કંઈ ખોડવાળું હોય છે.

આવી બધી ઘટનાઓ આપણે જોઈએ કે સાંભળીએ છીએ ત્યારે જાત જાતના પ્રશ્નો આપણા ચિત્તમાં ઊભા થાય છે. કેટલીક ઘટનાઓને વર્તમાન જીવનના કોઈ કાર્યના પરિણામ રૂપે સમજાવી શકાય છે, પરંતુ કેટલીક ઘટનાઓ તો પૂર્વજન્મના સિદ્ધાંત વિના સમજાવી શકાય એમ નથી. જો એમ ન સ્વીકારીએ તો ઈશ્વરની દુનિયામાં કયાંય ન્યાય નથી એમ માનવાની ફરજ પડે.

જૈન ધર્મની માન્યતા પ્રમાણે આ વિશ્વમાં વિવિધ પ્રકારનાં પુદ્‌ગલ-પરમાણુઓની સતત હેરફેર ચાલ્યા જ કરે છે. એમાં કાર્મણ વર્ગણાનાં પુદ્‌ગલ-પરમાણુઓ જીવાત્માઓને રાગદ્વેષની ચીકાશ મુજબ ચોંટે છે અને છૂટી જાય છે. જીવો પ્રતિક્ષણ જાગતાં કે ઊંઘતાં, મન, વચન અને કાયાના યોગ અને અધ્યવસાયથી જે જે શુભ-અશુભ કર્મો કરે છે તે પ્રમાણે કાર્મણ વર્ગણાનાં પુદ્‌ગલ–પરમાણુઓને પોતાના આત્મા પ્રતિ આકર્ષે છે, અને એ કર્મો ઉદયમાં આવી ભોગવાય છે ત્યારે આત્માને ચોંટેલાં તે પુદ્‌ગલ–પરમાણુઓ ખરી પડે છે. આત્મા જ્યારે એક દેહ છો.. બીજો દેહ ધારણ કરે છે ત્યારે બાકીનાં પુદ્‌ગલ – પરમાણુઓને એ સાથે લઈ જાય છે. આમ નવાં કર્મો બંધાવાં અને જૂનાં કર્મોનો ક્ષય થવાની પ્રક્રિયા પ્રતિક્ષણ જન્મજન્માંતર ચાલ્યા જ કરે છે અને જ્યારે સંપૂર્ણ કર્મક્ષય થાય છે ત્યારે આત્મા મુકિત પામે છે. મુકિત પામ્યા પછી સિદ્ધાંતમાં સિદ્ધશિલા ઉપર બિરાજમાન થાય છે. ત્યાર પછી તે આત્માને ફરી દેહ ધારણ કરવાનું કે જન્મજન્માંતરના ચક્રમાં પરિભ્રમણ કરવાનું રહેતું નથી.

કર્મ આઠ પ્રકારનાં છે. એમાંના ચાર કર્મો અશુભ અને ભારે છે. તે 'ઘાતી-કર્મ' તરીકે ઓળખાય છે. જ્ઞાનવરણીય, દર્શનાવરણીય મોહનીય અને અંતરાય એ ચાર ઘાતી કર્મ તરીકે ઓળખાય છે. કારણ કે એ કર્મો આત્માનો વિશેષપણે ઘાત કરે છે. વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર અઘાતી કર્મ છે, કારણકે તે શુભ અને અશુભ બંને પ્રકારનાં છે. આ આઠ કર્મોની મૂળ પ્રકૃતિ તરીકે ઓળખાય છે અને એના પેટાવિભાગો તે કર્મોની ઉત્તર પ્રકૃતિ તરીકે ઓળખાય છે. આ આઠ કર્મોમાં મોહનીય કર્મ સૌથી વધુ બળવાન અને ભયંકર મનાય છે.

જૈન શાસ્ત્રોમાં બતાવ્યું છે તે પ્રમાણે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ-એ ચાર કારણથી કર્મો બંધાય છે. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ, અને પ્રદેશબંધ એ કર્મબંધના ચાર પ્રકારો છે. એમાં નિકાચિત અને અનિકાચિત એવા પણ બે પ્રકારો છે. નિકાચિત કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી. અનિકાચિત કર્મનો સંયમ, તપ અને શુભ ભાવ વડે ક્ષય કરી શકાય છે, અથવા એને મંદ

પાડી શકાય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ એ પાંચ નિમિત્તથી કર્મ ઉદયમાં આવે છે અને ભોગવાય છે. બીજમાંથી ઘાસ, છોડ કે વૃક્ષ થતાં જુદી જુદી વનસ્પતિને જેમ જુદો જુદો સમય લાગે છે તેમ જુદાં જુદાં કર્મોને ઉદયમાં આવતાં જુદો જુદો સમય લાગે છે. આ બધી પારિભાષિક બાબતોની સમજણ જૈન શાસ્ત્રોમાં વિગતે આપવામાં આવી છે.

કર્મ શુભ અને અશુભ પ્રકારનાં હોય છે. શુભ કર્મથી પુણ્યોપાર્જન થાય છે અને અશુભ કર્મથી પાપ બંધાય છે. પુણ્યના ઉદયે ઐહિક સુખ મળે છે અને પાપના ઉદયે દુ:ખ અનુભવાય છે. પુણ્ય કે પાપના ઉદયે ફરી પાછા કર્મ બંધાય છે જે શુભ કે અશુભ હોય છે. આ રીતે પુણ્યાનુબંધી પુણ્ય, પુણ્યાનુબંધી પાપ, પાપાનુબંધી પુણ્ય અને પાપાનુબંધી પાપ એમ ચાર પ્રકારે કર્મબંધની પ્રક્રિયા ચાલ્યા કરે છે. અશુભ કર્મો ક્યારેક હસતાં હસતાં બંધાઈ જાય છે, પણ રડતાં રડતાં ભોગવવાં પડે છે. એટલાં માટે કવિ ઉદયરત્ને કહ્યું છે કે 'બંધ સમય ચિત્ત ચેતીએ, ઉદયે શો સંતાપ.'

જેમ એક બીજમાંથી એક કરતાં વધારે દાણા થાય છે તેમ બાંધેલું શુભ કે અશુભ કર્મ વિપાકે ઘણું બધું ભોગવવાનું આવે છે. જીવ અને અજીવના ભેદ જ્ઞાનથી જેમને સમ્યક્ દૃષ્ટિ પ્રાપ્ત થઈ હોય એવા આત્માઓ પૂર્વે બાંધેલાં અશુભ કર્મોને, અહિંસા, સંયમ તપ અને સમતા સાથે, ભોગવી તેનો નાશ કરે છે અથવા તેને મંદ પાડી શકે છે અથવા તેને શુભમાં ફેરવી પણ શકે છે. એટલા માટે ભગવાન મહાવીરે અહિંસા, સંયમ, તપ અને શુભ ભાવ ઉપર ખૂબ ભાર મૂક્યો છે. એ વડે જ આત્મા કર્મબંધમાં ઓછો સપડાય છે, અને સંપૂર્ણ કર્મક્ષય કરીને મોક્ષપદને પામી શકે છે. આત્મા કર્મોનો વિજેતા બની પોતાની મરજી મુજબ પોતાના ભાવિનું નિર્માણ કરી શકે છે. એટલા માટે જ ભગવાન મહાવીરે પ્રબોધેલો કર્મવાદ તે પ્રારબ્ધવાદ નથી પણ પુરુષાર્થવાદ છે અને સતત જાગૃત આત્મા પ્રબળ પુરુષાર્થ વડે મોક્ષમાર્ગ તરફ વેગથી ગતિ કરી શકે છે.

—ડૉ. રમણલાલ ચી. શાહ

“આકાશવાણી” ના સૌજન્યથી

# હવે ખાંડ ખાવાની જરૂર નથી!

શેરડીના સાંઠા પર કાપ મૂકતાં એમાંથી રસ નીકળ્યો નહિ એટલે કલાપિની “વૃદ્ધ માતા”ની આંખમાંથી આંસુ સરી પડ્યાં અને “રસહીન ધરા થઈ છે દયાહીન થયો નૃપ” એવાં વચનો એમના મોંમાથી સરી પડયાં. આજે દુનિયાની પરિસ્થિતિ એટલી ઊલટીસૂલટી થઈ ગઈ છે કે પૃથ્વીના પટ પર કોઈ શેરડી ઉગાડે જ નહિ, એવી શેરડીના સાંઠા પર કાપ મૂકવાનો પ્રશ્ન જ ઊભો થાય નહિ અને એથી જ, કલાપિની “વૃદ્ધ માતા” જેવી કોઈ માતા હોય તો એને રડવાનો પણ વખત આવે જ નહિ એવું બનવાનો પૂરેપૂરો સંભવ ઊભો થયો છે.

વાત એમ છે કે દુનિયાને હવે વધુ ને વધુ અનાજની જરૂર પડવા માંડી છે એટલે પશ્ચિમના જે કેટલાક દેશો બીટરૂટ અને શેરડીના વાવેતર પાછળ જમીન રોકતા તેઓ હવે એ જમીન અનાજના વાવેતરમાં રોકવાનું વિચારી રહ્યા છે અને મોં મીઠું કરવા માટે જે ખાંડ જોઈએ તેની ખોટ કૃત્રિમ મીઠાશ વાળી સેકેરીન જેવી ચીજો વડે પૂરવાનું વિચારી રહ્યા છે. આજ સુધી તો સાઈકલામેટ્સ અને સેકેરીન જેવાં કૃત્રિમ મીઠાશવાળા પદાર્થો લાંબે ગાળે કેન્સર કરે છે એવું મનાતું હતું એટલે તો સાઈકલામેટ્સ અને કેટલેક સ્થળે તો સેકેરીનના વપરાશ ઉપર પણ સત્તાવાર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, પણ હજી બે ચાર મહિના પર જ થયેલાં છેલ્લામાં છેલ્લાં સંશોધન ઉપરથી એ પુરવાર થયું છે કે સેકેરીન તો કેન્સર કરતું જ નથી, એટલે હવે ખાંડને બદલે સેકેરીનનો ઉપયોગ કરીને ખાંડ માટે વપરાતી જમીન અનાજ માટે વાપરવાની વિચારણા થઈ રહી છે. અલબત્ત, આ વિચારણા હજી પ્રાથમિક દશામાં છે. છતાં, આપણે ત્યાં આજે જ્યારે જ્યાં ત્યાં શેરડીનાં વાવેતર તથા ખાંડના કારખાનાં થઈ રહ્યાં છે ત્યારે, પશ્ચિમમાં શરૂ થયેલી આ વિચારણા આપણા લક્ષ બહાર ન રહેવી જોઈએ—મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશે તો ખાસ કરીને આ પ્રશ્નની બધી બાજુઓનો ઊંડાઈથી અભ્યાસ કરવો જોઈએ.

હવે આપણે કૃત્રિમ મીઠાશવાળાં દ્રવ્યો વિષે થયેલાં છેલ્લામાં છેલ્લાં સંશોધન ઉપર થોડો દૃષ્ટિપાત કરીશું તો તે અનુપયુકત નહિ ગણાય. ઓકસફર્ડની રેડકલીફ ઈન્ફર્મરીના સર રિચાર્ડ ડૉલના વડપણ હેઠળ નીમાયેલી એક તપાસ સમિતિએ ડાયાબિટીસના હજારો દર્દીઓની ઝીણવટભરી તપાસ પછી જાહેર કર્યું છે કે વરસો સુધી સેકેરીન વાપર્યા પછી પણ એ માનવીઓમાં કેન્સર કરે છે એવા કોઈ પુરાવા મળ્યા નથી. અલબત્ત આ દુનિયામાં જેમ કશું પૂર્ણ નથી (ઉપનિષદો ભલે ગમે તે કહે) એટલે આ તપાસ પણ પૂર્ણ નથી એમ કહેનારા કહેશે પરંતુ, આ તપાસ માનવી માટે શકય હોય એટલી ઝીણવટભરી હતી એમ તો કહેવું જ પડશે. ઊંદર વગેરેને સેકેરીન સાઈકલામેટના મિશ્રણથી થયેલા કેન્સર જેવા રોગોની શોધ પછી જે વિવાદ જાગ્યો હતો તે વિવાદ આ શોધથી હવે ઠંડો પડશે અને સેકેરીન વાપરનારાઓને હૈયે ટાઢક વધશે એ ચોક્કસ છે.

દુનિયાના વૈજ્ઞાનિક પ્રકાશનોમાં જેની પ્રતિષ્ઠા છે એવાં બ્રિટનના 'ન્યુ સાયન્ટિસ્ટ' નામના સામાયિકે તો બ્રિટનમાં દર અઠવાડિયે વપરાતી ૧૮૦૦ ટન ખાંડમાં કાપ મૂકીને એની જગ્યાએ કૃત્રિમ સ્વીટનર (આપણે આ જ શબ્દનો ઉપયોગ કરીશું.) વાપરવાની હિમાયત કરી છે, કારણકે [illegible] બજારમાંથી એને ઓછી ખાંડ મળવાની વકી છે. “ન્યુ સાયન્ટિસ્ટ” તો કહે છે કે બ્રિટનમાં અને યુરોપમાં પણ ઘણાખરા માણસોનું વજન જોઈએ તે કરતાં વધારે છે. ખાંડના ઉપયોગમાં કાપ અને ખાંડને સ્થાને સેકેરીનનો ઉપયોગ એમને માટે આશીર્વાદ સમાન નીવડશે.

બ્રિટનમાં રેડિંગ ખાતે ખાદ્યપદાર્થો અંગેનાં સંશોધન માટેની એક રાષ્ટ્રીય પ્રયોગશાળા છે. આ પ્રયોગશાળાના અગ્રણી ડૉ. બર્ચ કહે છે કે કેટલાંક સ્વીટનર એવાં છે જે કુદરતી વનસ્પતિઓમાંથી બને છે અને તેથી એના વિષે તો શંકા લાવવા જેવી છે જ નહિ. ડાયાબિટીસથી પીડાતા માણસો તો ફ્રુક્ટોઝ નામની એક પ્રકારની શર્કરા લે તો ચાલે—માત્ર પ્રશ્ન એ શર્કરાની કિંમતનો છે.

આ ઉપરાંત ઓકના ઝાડમાંથી બનાવી શકાય એવાં ક્લેરોસીટોલ વર્ગનાં કેટલાક સ્વીટનરો છે. આ ઉપરાંત ડાઈપેપ્ટાઈડ વર્ગનાં એસ્પારટમી જેવાં ખાંડથી ૨૫૦ ગણાં વધારે મીઠાં સ્વીટનરો પણ છે જેનો સ્વાદ ખાંડ જેવો જ છે. અમેરિકામાં તો આ એસ્પારટમીનું વેપારી ધોરણે વેચાણ થવા માંડયું છે. આ ઉપરાંત પશ્ચિમમાં બે ભિન્ન ભિન્ન પ્રકારનાં બોર થાય છે. -(અં. બેરી) અને એમાંથી “થોમેટીન” અને “મોનેલીન” નામનાં જે બે રસાયણો છૂટાં પાડવામાં આવ્યાં છે તે ખાંડ કરતાં ૩ હજાર ગણા વધારે મીઠાં છે. વળી આ બે દ્રવ્યોની શરીરમાં કોઈ રસાયણિક પ્રક્રિયા થતી નથી એટલે સ્વીટનર તરીકે જો એનો ઉપયોગ થાય તો ખાંડનો જબરો બચાવ થઈ શકે અને પરિણામે ખાંડ માટે વપરાતી જમીનમાં અનાજ ઉગાડી શકાય. અલબત્ત, શરીરને અમુક પ્રમાણમાં ખાંડની જરૂર હોય જ છે, પરંતુ આપણે એ જરૂરિયાત કરતાં ઘણાં વધારે પ્રમાણમાં ખાંડ ખાઈએ છીએ અને એથી જ રોગોના ભોગ બનીએ છીએ. હવે એક સમયે જ્યાં ખાંડનો વધુમાં વધુ ઉપયોગ થાય છે તે પશ્ચિમમાં, ખાંડના ઉપયોગ અંગે નવી વિચારણા શરૂ થઈ છે. આ વિચારણાના, ખાંડની નિકાશ કરવા માટેની આપણી મહત્ત્વાકાંક્ષાના ઉપલક્ષમાં પણ લાંબા ગાળાના પ્રત્યાઘાતો પડશે એટલે આ વિચારણા પરત્વે આપણા ખાદ્યઆયોજકોએ પણ આજથી વિચારણા કરવાની જરૂર છે.

મનુભાઈ મહેતા.

# સભર અને અર્થપૂર્ણ જીવન માટે : અપરિગ્રહ

બધાં જ વરસો મહત્ત્વનાં હોય છે; પણ આપણે મન આ વર્ષનું વિશેષ મહત્ત્વ છે. કારણ કે જગત આ વર્ષને મહાવીરના પચીસોમા નિર્વાણ વર્ષ તરીકે ઊજવી રહ્યું છે. રાષ્ટ્રીય ઉજવણીના ભાગરૂપ અનેકવિધ કાર્યક્રમો હાથ ધરાયા છે.

પચીસો વર્ષ સુધી મહાવીરે જગતને આપેલો સંદેશો જીવતો રહ્યો એ જ એ સંદેશની મૂળભૂત શકિત છે. આ ગાળામાં વિશ્વમાં અનેક પરિવર્તનો આવ્યાં છે. જોતજોતમાં જગત અને જીવન બદલાતું જાય છે. જગતમાં ગતિ વધી છે. એક રીતે કહીએ તો આપણું જગત નાના નગર જેવું બન્યું છે. દેશો નાનાં ફળિયાં જેવા બન્યા છે. માણસ ભૌતિક રીતે નજીક આવ્યો છે. માણસનું જીવન પણ પહેલાંના જેવું સાદું રહ્યું નથી. વિજ્ઞાનની મદદથી માણસો કુદરત ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે. કલ્પનામાં ન આવે એવી સગવડોથી સમાજ છલકાવા લાગ્યો છે. એની સાથે માણસ વધારે ને વધારે સગવડો ઝંખતો થયો છે.

આ નવા સંદર્ભમાં મહાવીરે આપેલા વિચારો આપણી આજની દુનિયાને કેટલા ઉપયોગી ને જીવનસાધક બની શકે એમ છે એ વિચાર સૌએ સાથે મળીને કરવાનો આ અવસર છે. સત્ય કે વિચાર ગમે તેટલો ઊંચો હોય, ભવ્ય હોય છતાં રોજબરોજ જીવાતા જીવનને તે કેટલો સ્પર્શી શકે છે એ જ એની વિશેષતા છે. મહાવીરે પ્રરૂપેલાં સનાતન સત્યોને આજના સંદર્ભમાં ચકાસી કેવી રીતે સમાજગત થઈ શકે તેનું ચિન્તન કરવું જરૂરી છે.

જે દુનિયામાં આપણે જીવી રહ્યા છીએ તેનું મોં સગવડ તરફ છે. જેમ જેમ આ ભૂખ વધે તેમ તેમ માણસ એ માટેના સાધનો પોતાની આસપાસ વધારતો જ જાય. આજથી પચીસ વરસ પહેલાં જે વસ્તુઓ કોઈ રડયાખડયા કુટુંબોમાં જ જોવા મળતી તે હવે ઘરેઘર પહોંચી ગઈ છે. સગવડોની આ ભૂખને પરિણામે માણસનું જીવન પહેલાં કરતાં અનેકગણી વસ્તુઓથી ઘેરાવા લાગ્યું છે.

જૈન ધર્મ 'પરિગ્રહ મૂર્છા છે' એટલે સુધી કહી દીધું છે. આપણું આજનું જીવન પરિગ્રહો પાછળ દોડતા જીવન જેવું છે. રોજબરોજના વહેવારમાં પણ જે માણસ જેટલો વધારે પરિગ્રહી તેટલો જ વધારે પ્રતિષ્ઠિત એમ મનાવા લાગ્યું છે. તો આપણને પ્રશ્ન થશે: ઉપરના વિચારને આપણા વિકસતા જીવનમાં સ્થાન છે? આપણી યુવાન અથવા નવી પેઢી આ વિચાર તરફ કેવી રીતે જુએ છે?

સમાજ હમેશાં બદલાતો રહ્યો છે. એની જીવવાની રીત પણ બદલાતી જ રહી છે. પગે ચાલવાનો જમાનો હવે રહ્યો નથી. શહેરોમાં વીજળીના પંખા ને વીજળીના દીવા સિવાય ચાલવાનું નથી... એટલે એક બાજુથી 'પરિગ્રહ મૂર્છા છે'એ વિચારમાં માનનાર પોતાના જીવનમાં તો પરિગ્રહ વધાર્યે જ જાય છે, આ જીવનનો વિરોધાભાસ છે. છેલ્લાં દોઢસો વર્ષમાં માણસે યંત્રોની સહાયથી જાતજાતની સગવડોથી જગતને છલકાવી દીધું છે. પ્રશ્ન એ છે કે આ દોડમાં અપરિગ્રહી જીવનને સ્થાન છે; અને હોય તો કેટલું?

સૌથી પહેલી વાત તો એ છે કે માનવજાત જે રીતે વૈભવી જીવન તરફ દોડી રહી છે તે સંતોષાઈ શકશે ખરી? સગવડો વધારવા માટે સાધનો જોઈએ. એ સાધનો ક્યાંથી આવે છે? એની મર્યાદા છે, કે એ કદી ખૂટે એમ જ નથી?

દોઢસો વરસની આ દોડે આપણને સૌને વિચારતા કરી મૂકયા છે. શરૂઆતમાં એમ મનાતું કે કુદરતમાં અનંત સંપત્તિ પડેલી છે. જાણે એ કદી ખૂટવાની જ નથી. યંત્રોની મદદથી એને લૂંટાય એટલી લૂંટો. જીવનને સગવડભર્યું બનાવવા, ધરતીના પેટાળો ખોદ્યાં, કરોડો વર્ષોથી પૃથ્વીના પેટાળમાં જે સંઘરાયેલું હતું તે ઉપર ખેંચી કાઢવા માનવ કામે લાગ્યો. હવે અભ્યાસીઓને ખાતરી થઈ છે કે પૃથ્વીના પેટાળમાં સંઘરાયેલાં દ્રવ્યો કે સંચિત શકિતનો અનામત જથ્થો (ક્રૂડ–કોલસો) ખૂટી જતાં વાર લાગવાની નથી. આ જ ગતિએ દુનિયા એ શકિતને વાપરવા લાગે તો ૩૦-૩૫ વર્ષમાં આ દ્રવ્યો ખૂટી જવાનાં છે. અને તેને કારણે જ જેનાથી આ ઝાકઝમાળ છે એ વસ્તુઓની કિંમત વધતી જ જાય છે.

જેવું પૃથ્વીના પેટાળનું તેવું જ પૃથ્વી પરની સંપત્તિનું. શું ખેડાણલાયક જમીન અનંત છે? પીવા માટેનું શુદ્ધ પાણી અનંત છે? જે ચોકખી હવાથી આપણે જીવીએ છીએ તે અનંત છે? આપણને જવાબ મળે છે: ખેડી શકાય એવી મોટા ભાગની જમીનો ખેડાઈ ચૂકી છે. એશિયામાં દુનિયાની ૫૭ ટકા જેટલી વસતિ છે. ત્યાં જમીન જ રહી નથી. ઊલટું જંગલો કાપી કાપીને માણસે પોતાના માટે જ પ્રશ્નો ઊભા કર્યા છે. ખેતી હેઠળ જે જમીનો છે તેના વધારેપડતા ને પૂરી સમજ વગરના ઉપયોગથી તે બગડવા લાગી છે. એની ઉત્પાદન ક્ષમતા ઘટી રહી છે. એની પૂર્તિ રાસાયણિક ખાતરોથી કરીએ છીએ તો લાંબે ગાળે તે વધારે મૂંઝવતા પ્રશ્નો ઊભા કરે છે. એ જ ક્ષારો, પાણીમાં ઓગળી પીવાના પાણીને પ્રદુષિત કરે છે. ટૂંકમાં જેમાંથી આપણને અનાજ, કાપડ, દૂધ વગેરે મળે છે; તે ધરતી-જીવતી જમીન-પણ મર્યાદિત છે. એવું જ પીવા માટે ચોકખા પાણીનું. જેમ જેમ વસતિ વધે છે તેમ તેમ વધારે ને વધારે અનાજ, ફળ, શાકભાજી વગેરેની જરૂર પડે છે. આ માટે વધારે પાણીની જરૂર પડે છે. જેમ જેમ ઉદ્યોગો વધે છે તેમ કારખાનાં વધે છે. એ માટે પણ મોટા પ્રમાણમાં પાણીની જરૂરિયાત પડે જ છે. સંઘરી શકાય એટલું બધું જ પાણી સંઘરીએ તો પણ પાણીની ખેંચ પડવાની જ. આપણાં ગીચ શહેરોના જીવનનો જ વિચાર કરો. એ શહેરોની સફાઈ માટે જ કેટલું પાણી વહાવવું પડે છે? આ માટે ભૂતળમાં સંઘરાએલું પાણી (સબ-સોઈલ-વોટર) ઘણી ઝડપથી આપણે ખેંચી રહ્યા છીએ. આ પાણી ઊંડેથી આવતું હોઈ તેમાં ક્ષારો હોય જ છે. આની લાંબે ગાળે જમીન પર અસર પડવાની.

ટૂંકમાં, શું અમર્યાદ છે? હવામાં રહેલો પ્રાણવાયુ આપણા ફેફસાં, બળતી ભઠ્ઠીઓ અને યંત્રોમાં જેટલી ઝડપથી વપરાય છે તેના પ્રમાણમાં તે શુદ્ધ થઈ પાછો ફરતો નથી. આને પરિણામે હવામાં અંગારવાયુનું પ્રમાણ વધતું જ જાય છે.

હવામાંનો પ્રાણવાયુ મર્યાદિત છે; ધરતીમાંનું જળ મર્યાદિત છે; ધરતી અને ધરતીમાં સંઘરાયેલાં દ્રવ્યો પણ મર્યાદિત છે: જો બધું જ મર્યાદિત હોય તો માનવ અમર્યાદ જીવન ગુજારી શકે ખરો?

ભાવિ પેઢીનો વિચાર કર્યા વગર એ સંપત્તિને લૂંટીને થોડાં વરસો માટે કદાચ આપણે અમર્યાદ જીવન જીવી શકીએ, પણ માનવજાત તરીકે વિચારીએ તો એ પણ શકય નથી. આ બધું રૂડું રૂપાળું લાગે છે, કારણકે માનવજાતનો ઘણો ઓછો વર્ગ વિશ્વની અઢળક મનાતી સંપત્તિને પોતાને માટે વાપરી રહ્યો છે. અમેરિકા સમૃદ્ધ દેશ છે. એની જાહોજલાલીથી આખું વિશ્વ અંજાયું છે. આ દેશમાં દુનિયાની વસતિના માત્ર છ ટકા જ વસતિ છે, છતાં, દુનિયામાં આજે જેટલું પેટ્રોલ કાઢવામાં આવે છે તેનો ત્રીજો ભાગ એકલા અમેરિકાને એનું આજનું જીવન ટકાવવા વાપરી નાખવું પડે છે. અમેરિકા વિષે આપણે વાંચ્યું હતું કે એ કાળાસોનાનો દેશ છે. છતાં, અમેરિકાને પોતાની જરૂરિયાતનું ૪૦ ટકા પેટ્રોલ પરદેશથી મંગાવવું પડે છે. એની રોજની જરૂરિયાત એક કરોડ સાઈઠ લાખ બેરલ ક્રૂડ છે. દરરોજ ૬૨ લાખ બેરલ ક્રૂડ તો અમેરિકાને આયાત કરવી પડે છે. આ માત્ર ક્રૂડ ઓઈલ પૂરતું જ

મર્યાદિત નથી. એક બાજુ અનેક દેશોમાં પ્રજા ભૂખે મરે છે; જ્યારે સમૃદ્ધ દેશોમાં સારામાં સારું અનાજ ખવડાવી, દૂધ ને માંસ માટે ઢોર ઉછેરવાં પડે છે.

અમેરિકા આજે જે જીવનની સગવડો ભોગવે છે એટલી જ બધી દુનિયા ભોગવવા માગે તો એટલી સંપત્તિ છે? આપણને જવાબ મળે છે, એ નથી; એટલું જ નહીં આજે જેવી દુનિયા છે એવું જીવન પણ લાંબો સમય ટકી શકે એમ નથી, આ બધામાં વસતિ તો વધે જ છે. આપણી પૃથ્વીની આજની વસતિ ૩ અબજ ને ૮૯ કરોડની છે. આજે જે દરે દુનિયામાં વસતિનો વધારો થયો છે એ દરે આવતાં ત્રીસેક વરસમાં આપણા વિશ્વની વસતિ સાડા સાત અબજથી આઠ અબજની થશે. આ બમણી વસિત માટે રસ્તા, મકાનો, હરવાફરવાનાં સ્થળો, રેલવે, શાળાઓ માટે મકાનો – બધું જ બમણું જોઈશે. જમીન ઓછી થશે. આ પરિસ્થિતિ જ આપણે સમજપૂર્વક કેમ જીવવું તે વિચારવાને પ્રેરે છે. એમાં જેટલી ઢીલ કરીએ એટલું આજની યુવાન ને આવતી કાલની પેઢીને ભોગે છે.

મુનિશ્રી સંતબાલજી જૈન સાધુ છે. તેમનો પહેલો પરિચય એક ઊંડાણના ગામડામાં થયો. એક નાની તાંબાની કથરોટમાં તેઓ કપડાં ધોતાં ધોતાં વાત કરતા હતા. મારે માટે આ નવું હતું. એનું એ જ પાણી ફરી ફરીને વાપરતા હતા. છતાં મેં જોયું કે કપડાં સ્વચ્છ કરવાની કળા તેમના હાથમાં હતી.

'આ પ્રદેશમાં પાણીની તંગી છે માટે જ આપ આટલી કરકસર કરો છો?' મેં પૂછ્યું.

'કપડાં ધોતાં ધોતાં તેમણે કહ્યું: 'ધોવા માટે જેટલું પાણી જરૂરી છે એટલું તો વાપરું જ છું, બગાડતો નથી.' પાણી સજીવ છે;'

'બહુ ટૂંકી વાત થઈ. ઓછા પાણીથી કપડાં ધોવામાં અહિંસા તો હતી જ પણ સાથે સાથે અપરિગ્રહ પણ હતો. તેમનાં સ્વચ્છ અને વ્યવસ્થિત કપડાં સૌને આકર્ષે એવાં હતાં. અપરિગ્રહ એટલે પાણી ન વાપરવું એમ નહીં પણ જરૂર પૂરતું; અને ખૂબ ચીવટથી વાપરવું.

ગાંધીજીના જીવનનો આવો પ્રસંગ જાણીતો છે. તેમણે જીવનભર સત્ય ને અહિંસાની આરાધના કરી. કોઈ પણ વસ્તુનો બેદરકારીપૂર્વક કે જરૂર કરતાં વધુ પડતો વપરાશ હિંસા છે. તેમનો આશ્રમ સાબરમતીને કિનારે હતો. તે વખતે સાબરમતીના પાણીની સેર બારે મહિના ચાલતી હતી. આજના જેવી નદી ગટરસમી બની ગઈ નો'તી; છતાં બાપૂ તો દાતણ કર્યા પછી નક્કી કરેલા પ્રમાણનું જ પાણી વાપરતા, એક પણ ટીપું બગડે નહિ એવી કાળજીથી દાંત ને મોઢું બરાબર સ્વચ્છ કરતા. આજે તો આપણે નળ ખુલ્લો મૂકી બ્રશ કરીએ છીએ અને ફુવારા છોડી શરીર પર પાણી ઢોળીએ છીએ. શરીરની સ્વચ્છતા માટે આમાંનું કેટલું પાણી આપણે વાપરીએ છીએ એવો પ્રશ્ન જ આપણા મનમાં ઉપડતો નથી. કારણકે આપણે એ વિષે વિચારતા નથી. પાણી ગમે તેટલું હોય તો પણ એને વધારે પડતું વાપરી વેડફવાનો આપણને શો અધિકાર ?

આ વિચાર અપરિગ્રહનો છે. પરિગ્રહ એટલે ચારે બાજુથી વસ્તુઓથી ઘેરાઈ જવું તે. અનેક વસ્તુઓથી આપણાં ઘર ને જીવન ઘેરાઈ ગયાં છે. સહેજ વિચારીશું તો કેટલીયે નકામી, ભાગ્યે જ ઉપયોગમાં આવતી વસ્તુઓ આપણી આસપાસ છે. ઘરમાં એક પણ રમે તેવું નાનું બાળક ન હોય તો પણ કબાટમાં ગોઠવાયેલાં રમકડાં; જાતજાતના કાચનાં વાસણોનાં સેટ; ઘરેણાં ને મોંઘા કપડાં; વીસ પચીસ જોડ કપડાં; સોના, હીરાના સેટ. આ બધું જ શું જરૂરી છે ? કપડાં શરીરના રક્ષણ ને એબ ઢાંકવા માટે છે. જો એટલું જ હોય તો કેટલાં ઓછાં ને સાદાં કપડાંથી ચાલી શકે; સૌભાગ્યના પ્રતીકરૂપ થોડી સાદી બંગડીઓથી ચાલે; પણ ! આ ભપકાથી આપણે બીજાને આંજવા માગીએ છીએ, એક ખોટી પ્રતિષ્ઠાનું ભૂત આપણને સૌને ઘેરી વળ્યું છે. એટલે આપણું જીવન વધુ ને વધુ વસ્તુઓથી ઘેરાતું જાય છે.

સમાજ બદલાતો રહે છે. સામાજિક સ્થિતિને કારણે માનવની જરૂરિયાતોમાં ફેર પડે છે. જંગલમાં વસતા માનવની જરૂરિયાતો કરતાં શહેરના માળાઓમાં વસતા માનવની જરૂરિયાતો જુદી હોય એ સ્વાભાવિક છે. ઊંચા માળાઓમાં રહેવાના ઓરડા જ એવા હોય કે જ્યાં વીજળીના દીવા ને પંખાની જરૂર પડે. એમ છતાં આપણે જે કાંઈ વાપરીએ છીએ, વસાવીએ છીએ, જેના વગર ચાલે એમ નથી એવું માનીએ છીએ તે બધું જ જરૂરનું નથી. હોય તો પણ જગતની સંપત્તિ મર્યાદિત છે; એટલું જ નહિ માનવના બેફામ વપરાશથી એ ભંડારો ઝડપથી ખૂટી રહ્યા છે સમજપૂર્વક આપણે આપણી ઉપરછલ્લી સગવડો ને મોજશોખની ચીજોને જતી નહિ કરીએ તો તે જલ્દીથી ખૂટશે ને એટલી મોંઘી બનશે કે આપણને વાપરવી પરવડે નહિ. પરાણે કોઈ પણ વસ્તુ છોડવી પડે તો તેમાં મઝા નથી. જીવનની સાચી મઝા તો સમજપૂર્વક વસ્તુના ઉપયોગમાં છે. આ પ્રશ્ન વસ્તુઓ વાપરવા કે ન વાપરવાનો નથી. જો કે માનવ જીવન એક એવી પરિસ્થિતિ તરફ ધસી રહ્યું છે કે જ્યારે વસ્તુઓની તાણ સાથે તેનું જીવન સમન્વય નહિ સાધે તો તે વધારે હતાશાથી ઘેરાઈ જશે. વાસ્તવમાં ઓછી વસ્તુઓથી ચલાવવું એક જીવનદર્શન છે, જીવનની કળા છે. એમાં વસ્તુ તો ઓછી વપરાય છે પણ જે કાંઈ વાપરીએ છીએ તેની સાથે આપણા જીવનની પૂરી એકતા છે. જીવનને ઊંડો સંતોષ છે. બીજાને દેખાડવા માટે કે બીજાથી પોતે કોઈ વિશેષ છે, અથવા મળેલા અહમને પોષવા પહેરેલાં કપડાં કે ઘરેણાંથી જીવનમાં તૃપ્તિનો અનુભવ થતો નથી. વસ્તુના વપરાશ ને આંતરતૃપ્તિ વિષે સંશોધન થયું નથી, કારણકે આપણું સંશોધન પણ ઉપભોગના માર્ગને જ પોષક રહ્યું હોય એ બનવાજોગ છે.

જીવનને સંપૂર્ણ રીતે માણવું હોય તો વસ્તુ સાથેની એકરૂપતા જરૂરી છે. અનેક સંસ્કૃતિઓના દાખલા ટાંકીને જગતનો મહાન ઈતિહાસકાર ટોયન્બી એમના ઈતિહાસના પુસ્તકમાં કહે છે: ભૌતિક પરિસ્થિતિ ઉપર કે માનવીય પરિસ્થિતિ ઉપર વધુ ને વધુ કાબૂ મેળવવામાં સંસ્કૃતિનો સાચો વિકાસ નથી સધાતો પરંતુ, ભૌતિક વસ્તુ પરથી રસ સમેટીને વધુ ઉચ્ચ ભૂમિકા પર જવાથી સધાય છે.

આપણે શું નિર્માણ કરવું છે? વસ્તુઓનો બેફામ, હેતુવિહીન, વપરાશવાળું જીવન કે સંસ્કૃતિ? જે માણસના જીવનને વધુ સભર કરે; માણસના જીવનને ઊંડી અગાધ તૃપ્તિથી ભરી દે.

દોઢસો વર્ષના ઔદ્યોગિકરણના ટૂંકા ગાળામાં જ માનવજાત એવી સ્થિતિએ પહોંચી છે કે જે માર્ગે હવે વધુ દોડી શકાય એમ નથી; આજનું વિજ્ઞાન જ એ દોડ સામે લાલ બત્તી ધરે છે. તો જે પરિસ્થિતિ આપણી સામે છે તેનો દિલપૂર્વક સ્વીકાર કરી ઓછામાં ઓછી જરૂરી વસ્તુઓ વાપરી જીવનને વધારે સભર ને સાર્થ કરવાનો માર્ગ વિચારપૂર્વક શા માટે ન અપનાવીએ?

**નવલભાઈ શાહ**

## સંઘના આજીવન સભ્યો વિષે

૫૦૦ સભ્યોના લક્ષ્યાંકને પહોંચવા માટેની અમારી ઝુંબેશ સતત ચાલે છે, અત્યારે જેટલા આજીવન સભ્યો છે તેમને દરેકને, તેઓ ફક્ત એક એક આજીવન સભ્ય મેળવી આપે એવી વિનંતી કરતો એક પરિપત્ર, પ્રવેશપત્ર સાથે મોકલવામાં આવેલ છે. તો પોતાના વર્તુળમાંથી એક આજીવન સભ્યને લગતું પ્રવેશપત્ર સૌ ભરીને સત્વર મોકલી આપે એવી નમ્ર વિનંતી છે.

આજ સુધીમાં ૪૩૦ આજીવન સભ્યો નોંધાયા છે. હવે ફક્ત ૭૦ નામો મેળવવાના બાકી રહે છે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.**

# ☆ શ્રી જયપ્રકાશનું આંદોલન ☆

[શ્રી. શ્રીમન્નારાયણ 'સમદૃષ્ટિ' વિચારક છે. ગાંધી સ્મારકનિધિના પ્રમુખ છે. સર્વોદય વિચારધારાના સમર્થક છે. શ્રી જયપ્રકાશના આંદોલનની તરફેણમાં અને તેની વિરુદ્ધ મોટો વિવાદ ચાલે છે. શ્રીમન્ નારાયણ તેનાં સારાં, નરસાં બન્ને પાસાં સમતોલપણે રજૂ કરે છે. તેમનો આ લેખ અત્યંત મનનીય છે. – ચીમનલાલ]

શ્રી જયપ્રકાશ નારાયણની દોરવણી હેઠળ છેલ્લા દસ મહિનાથી ચાલી રહેલા બિહાર આંદોલને ભારતમાં તેમ જ વિદેશોમાં નિ:શંક વ્યાપક ધ્યાન ખેંચ્યું છે. સ્વાતંત્ર્ય પૂર્વે અને એ પછીના ગાળામાં તેમની નિ:સ્વાર્થ સેવા અને ત્યાગને કારણે દેશમાં જયપ્રકાશ પ્રત્યે ભારે આદરની લાગણી પ્રવર્તે છે. એથી એ તદ્દન સ્વાભાવિક છે કે બિહારમાં તેમ જ ભારતનાં અન્ય રાજ્યોમાં તેમની સભાઓમાં વિશાળ મેદની એકત્ર થતી રહે છે. તેમના આંદોલનનાં કેટલાંક પાસાં સાથે કોઈ સંમત ન થાય એવું બને, પણ એ વિશે તો રજમાત્ર શક નથી કે તેમણે દરમિયાનગીરી કરી ન હોત તો બિહારમાં વ્યાપક પ્રમાણમાં હિંસા અને રકતપાત થયાં હોત. બિહારના આંદોલન દરમિયાન હિંસાના છૂટાછવાયા કિસ્સા બન્યા છે એ ખરું, તો પણ એટલું તો સ્વીકારવું જ રહ્યું કે જે. પી.એ તેમનું આંદોલન મૂળભૂત રીતે શાંતિપૂર્વક ચલાવ્યું છે. નવેમ્બરના આરંભમાં પટણામાં એમના પર થયેલા પાશવી લાઠીમાર છતાં, ક્ષુબ્ધ બનેલા વિદ્યાર્થીઓ અને કાર્યકરોને તેઓ પોતાના નિયંત્રણમાં રાખી શકયા છે. એટલે, હિંસા માટે ઉશ્કેરણી કરવાનો જે. પી. પર આરોપ મૂકવો એ ઘણું અનુદાર ગણાશે.

વધુમાં, ભ્રષ્ટાચાર, ફુગાવો અને બેરોજગારીનાં અનિષ્ટો સામે જનતામાં રાષ્ટ્રીય સભાનતા પ્રગટાવવામાં જયપ્રકાશ નારાયણ સફળ થયા છે. ચૂંટણી વિષયક તેમ જ શૈક્ષણિક સુધારાઓ સંબંધમાં તેઓ ફરી ફરીને ભારપૂર્વક રજૂઆત કરી રહ્યા છે તે વિશે પણ બેમત હોઈ શકે નહિ. જે. પી. સત્તાના વધી રહેલા કેન્દ્રીકરણ સામે પોતાનો અવાજ ઉઠાવી રહ્યા છે અને ગ્રામ સપાટીએ આર્થિક અને રાજકીય ઉભય સત્તાઓના વિકેન્દ્રીકરણની ઈચ્છનીયતા પર ભાર મૂકી રહ્યા છે. તેમની પ્રેરક નેતાગીરી હેઠળ, પક્ષીય રાજકારણ સાથે સીધી રીતે નહિ સંકળાયેલા આમસમૂહોએ ભય અને ખંચકાટ વિના પોતાનાં વિચારો અને લાગણીઓને વાચા આપવામાં અસાધારણ હિંમત બતાવી છે. આથી, જે. પી.ના આંદોલનને બિનલોકશાહી કે ફાસીવાદી તરીકે નવાજવાનું ખોટું ગણાશે. અનિષ્ટનો શિસ્તબદ્ધ અને શાંતિમય રીતે પ્રતિકાર કરવા માટે સામાન્ય જનતાને નિદ્રામાંથી ઢંઢોળીને જગાડવા તેઓ પૂરી નિષ્ઠાથી પ્રયાસ કરી રહ્યા છે.

કયારેક કયારેક એમ સૂચવાયું છે કે સ્વાધીન અને લોકશાહી ભારતમાં સત્યાગ્રહને સ્થાન હોવું ન ઘટે. મારા મતે, અન્યાયને દૂર કરવાના બીજા સર્વ પ્રયાસો જ્યારે લક્ષ્ય સિદ્ધ કરવામાં નિષ્ફળ જાય ત્યારે લોકશાહી શાસનમાં પણ સત્યાગ્રહ કરવાનો લોકોને પૂરો અધિકાર છે. અલબત્ત, સત્યાગ્રહને સસ્તા અને ક્ષુદ્ર હેતુઓ અર્થે 'દુરાગ્રહ'ની કોટીએ ઊતરવા ન દઈ શકાય. એક લોકશાહી તંત્રવ્યવસ્થામાં, બીજા સર્વ ઉપાયો અજમાવી જોવાયા હોય અને બિનઅસરકારક જણાયા હોય ત્યારે જ માત્ર સત્યાગ્રહનો આશ્રય લેવાવો જોઈએ.

હવે, જે. પી.ના આંદોલનનાં મને પસંદ નથી એવાં કેટલાંક પાસાંનો હું ઉલ્લેખ કરીશ. પહેલું, બિહારની વર્તમાન સરકારને રૂખસદ આપવાથી અને વિધાનસભાના વિસર્જનથી ઊંચા ભાવો, ભ્રષ્ટાચાર અને બેરોજગારીની સમસ્યાઓ કાયમી ધોરણે કઈ રીતે ઉકેલી શકાશે તે હું સમજી શકતો નથી. મતદારમંડળને વિધાનસભા યા સંસદમાંના તેના પ્રતિનિધિને તે જો તેની ફરજ અદા કરવામાં તદ્દન નિષ્ફળ જાય તો પાછો બોલાવી લેવાનો અધિકાર હોવો જોઈએ એવા જે. પી.ના મંતવ્ય સાથે મળતા થઈ શકાય તેમ છે.

આ માટે વર્તમાન બંધારણમાં સુધારો કરવાની જરૂર રહેશે, જો કે ભારત જેવા મોટા દેશમાં મોટી સંખ્યાના મતદારોની ઈચ્છા જાણવાનું સહેલું નહિ હોય પણ આખી વિધાનસભાના વિસર્જનની માગણી કરવી એ બહુ વાજબી માગણી લાગતી નથી. આવી માગણીઓનો સ્વીકાર દેશમાં વિભાજક તત્ત્વોને ઉત્તેજન આપે અને શાંતિ તથા સ્થિરતાને ભયમાં મૂકે. આ સંબંધમાં ગુજરાતનો અનુભવ સુખદ નથી અને બિહારમાં એથી જુદું પરિણામ આવવા વિશે કોઈ નિશ્ચિત નથી.

બીજું, માર્કસવાદીઓ અને જનસંઘ સહિત તદ્દન ડાબેરીથી માંડી તદ્દન જમણેરી ગણાતા એવા વિવિધ રાજકીય પક્ષો સાથે સંકળાયેલા હોઈને જે. પી.ના આંદોલનને એક વિશિષ્ટ રાજકીય રંગ સાંપડયો છે. એ તદ્દન દેખીતું છે કે આ પક્ષોએ તેમના પોતાના સંકુચિત ઉદ્દેશોને આગળ ધપાવવા માટે જ આંદોલનને પોતાનો ટેકો આપ્યો છે. લોકોનો ટેકો જીતી લેવા માટે તેઓ જે. પી.ના નામને વટાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. જુદી જુદી છાયા અને રંગો ધરાવતા આ રાજકીય પક્ષો શાસક પક્ષ સામેના એક સંયુકત ચૂંટણી જંગમાં પરસ્પર સહકાર સાધી શકશે કે કેમ તે ઘણું શંકાસ્પદ છે.

આમ કરવામાં તેઓ સફળ થાય તો પણ બહુમતી બેઠકો જીતી જવાના પ્રસંગે અને એક વિકલ્પી સરકાર રચવામાં તેઓ ઝઘડવાના જ છે. આ સંબંધમાં ઉત્તરપ્રદેશ, બિહાર અને મધ્ય પ્રદેશમાંનો અગાઉનો અનુભવ પ્રભાવક રહ્યો નથી. આથી, જે. પી.નું આંદોલન જેઓ કોઈ રાજકીય પક્ષ સાથે સંકળાયેલા ન હોય અને જેઓ સ્વતંત્ર ભારતના મુકત નાગરિકો છે તેવા લોકો પૂરતું જ મર્યાદિત રહે તો તે ઘણું બહેતર હશે. આ 'જબ્બર મૂક બહુમતી'ને જ તેના અધિકારો તેમ જ ફરજો સંબંધમાં વાચાળ અને સભાન બનાવવાની જરૂર છે.

આમ છતાં એક લોકશાહીમાં એક મજબૂત અને વ્યવહારુ વિરોધપક્ષ હોય એ અતિ આવશ્યક છે. કમનસીબે ભારતમાં વિરોધપક્ષો ઘણા બધા છે. શાસક પક્ષ આપેલા વચનનું પાલન કરવામાં અશકિતમાન રહે છે ત્યારે પણ તેઓ સંગઠિત થઈ શકતા નથી. આથી, જે. પી. જો એક નવા, શકિતશાળી અને પ્રાગતિક રાજકીય પક્ષની ખુલ્લી રીતે રચના કરે તો તે ભારતના જાહેર જીવન માટે એક સ્પષ્ટ લાભ હશે. વર્તમાન પક્ષોના એક શંભુમેળા જેવો એ ન હોવો જોઈએ; મુખ્યત્વે યુવાન સ્ત્રી-પુરુષોનો બનેલો અને ગાંધીજીના આદર્શોની ભૂમિકા પર દેશનો કારોબાર ચલાવવા તૈયાર હોય તેવો એક લોક – પક્ષ દેશ માટે એક મોટી આસ્કયામતરૂપ હશે.

જે. પી. ભલે આ નવા પક્ષમાં કોઈ હોદ્દો ન ધરાવે, તેમ તેમણે જાતે ચૂંટણી લડવાની ય જરૂર નથી. પણ તેમણે તેના સ્થાપક બનવું જોઈએ અને તેને પોતાનું સમ્પૂર્ણ માર્ગદર્શન, રોજબરોજના કાર્ય માટે પણ આપવું જોઈએ. વર્તમાન સંજોગોમાં રાજકારણને અશુદ્ધ સાધનો અને ગંદી પદ્ધતિઓથી મુકત કરવાનું અતિ આવશ્યક છે. હું માનું છું કે આ કાર્ય પાર પાડવા માટે જે. પી. સુયોગ્ય વ્યકિત છે, જો તેઓ તેમ કરવા માટેની જરૂરી ઈચ્છા ધરાવતા હોય તો.

જે. પી.ના બિહાર આંદોલનના સંબંધમાં તેમની ઘેરાવની પદ્ધતિ મને ગમતી નથી. આ પદ્ધતિ સૌ પ્રથમ માર્કસવાદીઓએ પશ્ચિમ બંગાળમાં અપનાવી હતી અને તેનાં પરિણામો ખતરનાક હતાં. એ નિશ્ચિતપણે દબાણ લાવનારી છે અને ધિક્કાર તથા સંઘર્ષનું વાતાવરણ સર્જે છે. હું નથી માનતો કે ગાંધીજીની સત્યાગ્રહની યોજનામાં એ બંધબેસતી હોય. પ્રધાનો, સંસદસભ્યો અને ધારાસભ્યોને યા વિધાનસભા અને સંસદને ઘેરો ઘાલવાથી ચોકકસપણે કડવાશનું

વાતાવરણ અને હિંસા પણ સર્જાય છે. વખતો વખત'બંધ' યોજાતાં લોકોના રાબેતા મુજબનો જીવનવ્યવહાર ખોરવાઈ જાય છે. વધુમાં જે. પી.નું આંદોલન ગુણવત્તા પર કેન્દ્રિત થવાને બદલે સંખ્યાના રાજકારણ તરફ ઘસડાઈ રહેલું જણાય છે. ગાંધીજી હંમેશાં, વિદેશી શાસન સામેના તેમના જંગમાં પણ, ગુણવત્તા પર ભાર મૂકતા, સંખ્યા પર નહિ. મને ખાતરી છે કે એ જ વ્યૂહબાજી અત્યારે પણ વધુ સમૃદ્ધ વળતર આપશે.

છેલ્લે, જે. પી.ના આંદોલનના પડકારનો રાજકીય તેમજ વૈચારિક ભૂમિકા પર સામનો કરવાનો શાસક પક્ષને પૂરો અધિકાર છે પણ પોલીસ અને લશ્કરના સશસ્ત્ર બળ વડે તેનો સામનો કરવાનું બિનલોકશાહી જ નહિ, અસંસ્કૃત પણ ગણાશે. વપરાશી ચીજોના ભાવવધારાને રોકવાનાં, વર્તમાન ચૂંટણીવિષયક તથા શૈક્ષણિક પદ્ધતિઓમાં દૂરગામી સુધારાઓ દાખલ કરવા માટેનાં અને ભ્રષ્ટાચારનો મક્કમ અને કડક હાથે અંત લાવવા માટે નક્કર પગલાં લઈને પડકારનો ખરેખર સામનો કરવો જોઈએ.

એ સાચું છે કે સરકારે છેલ્લા થોડા મહિનાંઓ દરમિયાન, ખાસ કરીને દાણચોરી, સંઘરાખોરી, કાળાં બજાર અને કરચોરી સામે કેટલાંક ચોક્કસ પગલાં લીધાં છે, પણ આ પગલાં પર્યાપ્ત છે એમ કહી શકાય તેમ નથી. વિનાવિલંબે સંખ્યાબંધ કઠિન નિર્ણય લેવા પડશે. બિહાર વિધાનસભાના વિસર્જનની વાત સિવાય શાસક પક્ષ જયપ્રકાશ નારાયણનાં લગભગ બધાં સૂચનોનો સ્વીકાર કરી શકે તેમ છે, અને એ રીતે દેશમાં રચનાત્મક સહકારનું વાતાવરણ સર્જી શકે તેમ છે.

શ્રીમન્નારાયણ

## સંઘ સમાચાર

### વસંત વ્યાખ્યાનમાળા

દર વર્ષની માફક આ વર્ષે પણ એપ્રિલ માસની ૭, ૮, ૯, ૧૦ એમ ચાર દિવસ માટે તાતા ઓડિટોરિયમના એરકન્ડિશન્ડ હૉલમાં વસંત વ્યાખ્યાનમાળા યોજવામાં આવનાર છે. વકતાઓ નક્કી થશે એટલે રીતસરની જાહેરાત કરવામાં આવશે.

### આપણો સાહિત્ય વારસો સંપુટ-૩

ઉપરોકત સેટો આવી ગયા છે. જેમણે અગાઉથી પૈસા ભરીને નામો નોંધાવ્યા હોય તેઓને તેને લગતી પાવતી બતાવીને, સંઘના કાર્યાલયમાંથી-પોતાના સેટો મેળવી લેવા વિનંતી છે.

### સંઘના સભ્યોને નમ્ર વિજ્ઞપ્તિ

"જે સભ્યોનાં લવાજમો વર્ષના પહેલા છ માસની અંદર વસૂલ ન આવે તેમને "પ્રબુદ્ધ જીવન" મોકલવાનું બંધ કરવું.

જે સભ્યોનાં લવાજમો વર્ષ પૂરું થવા સુધીમાં ન આવે તેમને લવાજમ નહિ આવવાના કારણે વર્ષાન્તે સભ્ય તરીકે કમી કરવા."

ઉપરના બન્ને ઠરાવો તરફ સભ્યોનું આથી ધ્યાન દોરવાની રજા લઈએ છીએ. તો ચાલુ ૧૯૭૫ના વર્ષનું જેમનું લવાજમ ન ભરાયું હોય તેમને લવાજમના રૂા. ૧૨ સત્વર સંઘના કાર્યાલયમાં પહોંચતા કરવા વિનંતી કરીએ છીએ.

### જૈનધર્મ પરિચય પુસ્તકમાલા

આને લગતા હિંદી ભાષામાં લખાયલા ૧૩ પુસ્તકોના સેટની કિંમત ૧૦-૫૦ છે અને શ્રી રિષભદાસજી રાંકા લિખિત "ભગવાન મહાવીર" ગુજરાતી આવૃત્તિની કિંમત રૂ. ૪-૦૦ છે.

ઉપરના પુસ્તકોના વેચાણની વ્યવસ્થા સંઘના કાર્યાલયમાં રાખવામાં આવેલ છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## રજિસ્ટ્રેશન ઑફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ના અન્વયે

### ફોર્મ નં. ૪

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | |
|---|---|
| ૧. પ્રસિદ્ધિસ્થળ | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. |
| ૨. પ્રસિદ્ધિક્રમ | : દરેક મહિનાની પહેલી અને સોળમી તારીખ |
| ૩. મુદ્રકનું નામ | : શ્રી ચીમનલાલ જે. શાહ |
| કયા દેશના | : ભારતીય |
| ઠેકાણું | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. |
| ૪. પ્રકાશકનું નામ | : શ્રી ચીમનલાલ જે. શાહ |
| કયા દેશના | : ભારતીય |
| ઠેકાણું | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. |
| ૫. તંત્રીનું નામ | : શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ |
| કયા દેશ ના | : ભારતીય |
| ઠેકાણું | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. |
| ૬. માલિકનું નામ | : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ |
| અને સરનામું | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. |

હું ચીમનલાલ ચકુભાઈ શાહ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

તા. ૧-૩-૭૫ ચીમનલાલ ચકુભાઈ શાહ-તંત્રી

## સંઘ આયોજિત પ્રવચનો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે નીચેનાં ત્રણ પ્રવચનોનું આયોજન કરવામાં આવેલ છે.

**સમય: તા. ૫-૩-૭૫ બુધવાર, સાંજના ૬-૦૦**

"કેન્દ્ર સરકારનું અંદાજપત્ર" એ વિષય ઉપર, "કૅામર્સ, રિસર્ચ બ્યુરો"ના વડા અને જાણીતા અર્થશાસ્ત્રી ડૉ. નરોત્તમ શાહ પ્રવચન આપશે.

**સમય: તા. ૮-૩-૭૫ શનિવાર, સાંજના ૬-૦૦**

"સાહિત્યમાં સત્ય અને સૌંદર્યની ખોજ" એ વિષય ઉપર પ્રો. યશવંત ત્રિવેદી પ્રવચન આપશે.

**સમય: તા. ૧૦-૩-૭૫ સોમવાર, સાંજના ૬-૧૫**

આપણી કાલ, આજ અને આવતી કાલ એ વિષય પર તામિલનાડુના રાજ્યપાલ માનનીય શ્રી. કે. કે. શાહ, વાર્તાલાપ આપશે.

ત્રણે પ્રવચનો સંઘના, શ્રી. પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે.

આ વિષયોમાં રસ ધરાવતા સૌને સમયસર ઉપસ્થિત થવા હાર્દિક નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ, * કે. પી. શાહ
મંત્રીઓ.

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪
ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ-મુંબઈ-૧

(૪)

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬: અંક: ૨૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧૬ માર્ચ ૧૯૭૫, રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ: ૨૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## બંધારણમાં મૂળભૂત અધિકારો

[આપણા બંધારણને અમલમાં આવ્યે ૨૫ વર્ષ થયાં તેની રજત જયંતીની વર્ષભરની ઉજવણી રાષ્ટ્રપતિના પ્રવચનથી શરૂઆત થઈ છે. તેના ઉપલક્ષમાં આકાશવાણી ઉપર વાર્તાલાપો યોજાયા છે. કેટલાક સમય પહેલાં બંધારણ વિષે એક પરિસંવાદ આકાશવાણી ઉપર થયો હતો જેમાં મુંબઈ હાઈકોર્ટના જસ્ટીસ ગાંધી, કોમર્સના તંત્રી શ્રી વાડીલાલ ડગલી, ઈન્ડીઅન મરચન્ટ ચેમ્બરના મંત્રીશ્રી ધીવાલા અને મેં ભાગ લીધો હતો. મૂળભૂત અધિકારો વિષે આ વાર્તાલાપ એ જ શ્રેણીમાં છે – ચીમનલાલ]

આપણા દેશનું બંધારણ લેખિત છે. તેથી રાજતંત્રમાં, પાર્લામેંટ, ધારાસભાઓ, ન્યાયાલયો તથા વહીવટી તંત્ર બધાંએ બંધારણ મુજબ વર્તવાનું રહે છે. એ અર્થમાં બંધારણ સર્વોપરી છે. પાર્લામેંટ અથવા ધારાસભા કોઈ કાયદો કરે અથવા વહીવટી તંત્ર કોઈ હુકમ કરે તે બંધારણ મુજબ ન હોય તો કોર્ટ તેને બિનબંધારણીય જાહેર કરી રદ કરી શકે છે. ઈંગ્લાંડમાં લેખિત બંધારણ નથી. તેથી પાર્લમેન્ટ સર્વોપરી છે. ત્યાંની પાર્લામેંટે કરેલ કોઈ કાયદો કોર્ટ બિનબંધારણીય ઠરાવી ન શકે અથવા રદ કરી ન શકે. આપણે ત્યાં બંધારણ સર્વોપરી છતાં બીજી રીતે જોઈએ તો પાર્લામેંટ સર્વોપરી છે કારણ કે બંધારણમાં ફેરફાર કરવાની પાર્લામેંટને સત્તા છે. આ સત્તાને કોઈ મર્યાદા છે કે નહિ તે વિષે મતભેદ છે. પણ મૂળભૂત અધિકારોમાં પાર્લામેંટ ફેરફાર કરી શકે છે એવું હવે સુપ્રીમ કોર્ટે બહુમતીથી ઠરાવ્યું છે.

આપણા બંધારણમાં રાજતંત્ર કેમ રચવું અને તેનો વહીવટ કેવી રીતે કરવો એટલો જ પ્રબંધ નથી. પણ સમાજનું નવનિર્માણ કેવા પ્રકારનું કરવા આપણું ધ્યેય છે અને નવી સામાજિક અને આર્થિક વ્યવસ્થાનો આપણો આદર્શ શું છે તેનું ચિત્ર પણ આપ્યું છે. આ દૃષ્ટિએ બંધારણ માત્ર ધારાશાસ્ત્રીઓ કે કોર્ટો માટે જ નથી. આપણા ભાવિ રાષ્ટ્ર જીવનનો આકાર બંધારણ મુજબ ઘડવાનો છે તેથી દરેક પ્રજાજને, બંધારણનો આ ભાગ જાણવો જોઈએ. તે દૃષ્ટિએ દેશનું બંધારણ એક પવિત્ર દસ્તાવેજ છે.

આ આદર્શ બંધારણના આમુખમાં સંક્ષેપમાં પણ સ્પષ્ટ રીતે આપ્યો છે. દેશના લોકોએ બંધારણસભા મારફત આ બંધારણ શા માટે ઘડયું છે તે આમુખમાં જણાવ્યું છે. તેમાં કહ્યું છે: અમે ભારતના પ્રજાજનો, ભારતનું સાર્વભૌમ, લોકશાહી ગણતંત્ર રચવા અને ભારતના પ્રત્યેક નાગરિકને, સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય મળે, વિચાર, વાણી, માન્યતા, ધર્મ અને પ્રજાની સ્વતંત્રતા રહે, દરજ્જા અને તકની સૌને સમાનતા રહે અને સૌમાં ભ્રાતૃભાવની લાગણી વધે જેથી વ્યકિતનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા સિદ્ધ થાય, તે માટે આ બંધારણ મંજૂર કર્યું છે અને સમર્પિત કરીએ છીએ. લોકશાહી, સ્વતંત્રતા, સમાનતા, ન્યાય અને ભ્રાતૃભાવ તથા વ્યકિતનું ગૌરવ અને રાષ્ટ્રની એકતાના ધ્યેયો સિદ્ધ કરવા રાજ્યે શું કરવું જોઈએ તેનો વિગતથી પ્રબંધ બંધારણના બે વિભાગોમાં કર્યો છે.

એક વિભાગમાં મૂળભૂત અધિકારો આપ્યા છે અને બીજા વિભાગમાં રાજ્યની નીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો આપ્યા છે. આવા માર્ગદર્શક સિદ્ધાંતો બંધારણમાં મૂકવા તે નવો પ્રયોગ છે. માત્ર આયર્લેન્ડના બંધારણમાં તેમ છે.

એમ કહી શકાય કે મૂળભૂત અધિકારો નિષેધાત્મક છે અને માર્ગદર્શક સિદ્ધાંતો વિધેયક છે. એકમાં રાજ્યે શું ન કરવું અને બીજામાં રાજ્યે શું કરવું તેનો પ્રબંધ છે. મૂળભૂત અધિકારોનો અમલ કોર્ટ મારફત કરી શકાય છે જ્યારે માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ કોર્ટ મારફત નથી થઈ શકતો. આનું કારણ એમ નથી કે મૂળભૂત અધિકારો, માર્ગદર્શક સિદ્ધાંતો કરતાં વધારે મહત્ત્વનાં છે.

મૂળભૂત અધિકારો વિરુદ્ધ રાજ્ય કોઈ કાયદો કે વર્તન કરે તો કોર્ટ તેવા કાયદા કે હુકમને બિનબંધારણીય જાહેર કરી અથવા રાજ્ય સામે મનાઈ હુકમ ફરમાવી મૂળભૂત અધિકારનું રક્ષણ કરી શકે છે. કોર્ટના આવા નિર્ણયનો અમલ થઈ શકે તેમ છે, પણ રાજ્યે જે કરવાનું છે, દાખલા તરીકે દરેક પ્રજાજનને રોજી આપવી તેવું માર્ગદર્શક સિદ્ધાંતોમાં જણાવ્યું છે, પણ કોર્ટ, એવો હુકમ કરે અને રાજ્ય તેનો અમલ ન કરે અથવા અમલ કરવાનું શકય ન હોય તો કોર્ટના હુકમનો કોઈ અર્થ નથી. તેથી માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ કરાવવો કોર્ટના અધિકારમાં નથી. પણ રાજ્ય માટે તેનો અમલ કરવો ફરજ છે. માર્ગદર્શક સિદ્ધાંતોમાં, વિશાળ અર્થમાં કહીએ તો, સમાજવાદી સમાજ રચનાનો આદર્શ છે. બંધારણની કલમ ૩૭માં કહ્યું છે કે સિદ્ધાંતોનો કોર્ટ મારફત અમલ થઈ શકે નહિ છતાં તે દેશના વહીવટના પાયામાં રહેલા છે અને કાયદા ઘડતી વેળા એ સિદ્ધાંતો અમલમાં મૂકવાની રાજ્યની ફરજ છે. રાજ્ય, એટલે કે પ્રજાના ચૂંટાયેલ પ્રતિનિધિઓ, આ ફરજ અદા ન કરે તો ચૂંટણી વેળા પ્રજા એવા પ્રતિનિધિઓને દૂર કરી બીજાને મૂકે. પ્રજાના હાથમાં આ હથિયાર છે.

મૂળભૂત અધિકારો વિષે લોકોમાં એક ભ્રમ છે અથવા ફેલાવવામાં આવ્યો છે. એમ કહેવાય છે કે બંધારણમાં જણાવેલ મૂળભૂત અધિકારો માનવીનાં કુદરતી, જન્મસિદ્ધ અધિકારો છે તેથી પવિત્ર છે અને સદા, અખંડ અને અબાધિત રહેવા જોઈએ. હકીકતમાં મૂળભૂત અધિકારો પણ એક પ્રકારની સમાજ રચના જાળવવા માટે છે. સામાન્ય રીતે એમ કહેવાય કે મૂળભૂત અધિકારો યથાવત્ સ્થિતિ જાળવવામાં સહાયભૂત છે, માર્ગદર્શક સિદ્ધાંતો, સામાજિક પરિવર્તન માટે છે—યથાવત સ્થિતિ જાળવી રાખવામાં જેમનું હિત છે તેઓ મૂળભૂત અધિકારોને મહત્ત્વ આપે છે. સામાજિક પરિવર્તનનું જેનું ધ્યેય છે તેઓ માર્ગદર્શક સિદ્ધાંતોને વધારે મહત્ત્વનાં ગણે છે. મૂળભૂત શબ્દ એવો છે કે જેમાં એક પ્રકારની ભાવના-

શીલતા છે–લોકો જાણતા નથી કે માર્ગદર્શક સિદ્ધાંતો માટે પણ આ જ શબ્દ – fundamental – બંધારણમાં વાપર્યો છે. લોકોમાં એવી હવા ફેલાવી છે કે મૂળભૂત અધિકારોમાં કોઈ ન્યૂનતા થાય તો જાણે મોટો અનર્થ થયો. જ્યારે માર્ગદર્શક સિદ્ધાંતોની અવગણના થાય તે પ્રત્યે દુર્લક્ષ સેવાય છે.

કેટલીક વખત એવું બન્યું છે કે માર્ગદર્શક સિદ્ધાંતના અમલ માટે રાજ્ય એટલે કે પાર્લમેંટ અથવા ધારાસભા કોઈ કાયદો કરે અને તેથી કોઈ મૂળભૂત અધિકારને બાધ આવતો હોય તો એવા કાયદાને કોર્ટે બિન-બંધારણીય જાહેર કર્યો છે. અલબત્ત, મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવું તે કોર્ટની ફરજ છે. પણ માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ કરવો એ રાજ્યની એટલી જ ફરજ છે. બે વચ્ચે વિરોધ થાય ત્યારે, મૂળભૂત અધિકારમાં ફેરફાર કરવો પાર્લામેંટની ફરજ થઈ પડે છે. કાયદાનો અર્થ કરવામાં બનતા સુધી બે વચ્ચે વિરોધ ટાળવો, પણ ૧૯૬૫માં ગોલકનાથના કેસમાં, પોતાના અગાઉના સ્પષ્ટ ચુકાદાઓ અવગણી, સુપ્રીમ કોર્ટે બહુ પાતળી બહુમતીથી એવું ઠરાવ્યું કે મૂળભૂત અધિકારોમાં કોઈ ફેરફાર કરવાનો પાર્લામેન્ટને અધિકાર નથી. આ ચુકાદાથી કટોકટી ઊભી થઈ. છેવટ પાર્લામેંટે ૨૪મો બંધારણીય ફેરફાર કરી મૂળભૂત અધિકારોમાં ફેરફાર કરવાની પાર્લામેંટને સત્તા છે એવું સ્પષ્ટ કર્યું. સુપ્રીમ કોર્ટે તે મંજૂર રાખ્યું. ૨૫મા બંધારણીય સુધારામાં પાર્લામેંટ બે ડગલાં આગળ ગઈ. માર્ગદર્શક સિદ્ધાંતોમાં એક સિદ્ધાંત એવો છે કે રાજ્યે પોતાની નીતિ એવી રીતે ઘડવી કે જેથી દેશની ભૌતિક સંપત્તિની માલેકી અને કાબૂ એવી રીતે વહેંચાયેલા રહે કે જેમાં સમસ્ત પ્રજાનું કલ્યાણ થાય તેમ જ દેશની આર્થિક વ્યવસ્થાનું સંચાલન એવી રીતે થવું જોઈએ જેથી ધન અને ઉત્પાદનના સાધનો સામાન્ય જનતાને હાનિકારક થાય તેવી રીતે કેન્દ્રિત ન થાય–સંપત્તિનું કેન્દ્રીકરણ અટકાવવું એટલે સમાજવાદ– આ ફેરફારમાં સ્પષ્ટપણે એવો પ્રબંધ છે કે આ ધ્યેયની સિદ્ધિ અર્થે કોઈ મૂળભૂત અધિકાર રદ કરવો પડે અથવા ન્યૂન કરવો પડે તો તેમ કરી શકાશે. પાર્લામેંટે પહેલી વખત માર્ગદર્શક સિદ્ધાંતને મૂળભૂત અધિકારો ઉપર સર્વોપરિતા અર્પી છે. આ બંધારણીય ફેરફારે બહુ વિવાદ જગાવ્યો છે. સુપ્રીમ કોર્ટે પાતળી બહુમતીથી તે મંજૂર રાખ્યો છે.

અત્યાર સુધી મૂળભૂત અધિકારોમાં જે બંધારણીય ફેરફારો કર્યા છે તે મુખ્યત્વે મિલકતના હકને લગતા છે. કેટલાક લોકો એમ માને છે કે મિલકતને મૂળભૂત અધિકાર લેખાય જ નહિ. એ કોઈ કુદરતી જન્મસિદ્ધ હક નથી. સામાજિક વ્યવસ્થાનું પરિણામ છે. બીજા કેટલાક એમ માને છે કે મિલકતનો અધિકાર ન હોય તો બીજા મૂળભૂત અધિકારો મોટે ભાગે અર્થહીન બને છે. અહીં મિલકતનો અર્થ સમજવાની જરૂર છે. જીવનની જરૂરિયાતો પૂરતી મિલકત હોય તે વિષે વિવાદ નથી – વધારે પડતી સંપત્તિ હોય, મિલકત અને આવકની અન્યાયી અસમાનતા હોય તેની વાત છે. સંપત્તિ થોડી વ્યકિતઓના હાથમાં જમા થાય અને ખાસ કરી ઉત્પાદનનાં સાધનો જેવાં કે જમીન, કારખાનાં વગેરે, તેવા હકને અબાધિત મૂળભૂત અધિકાર લેખી ન શકાય. મૂળભૂત અધિકારોને પવિત્રતાનું રૂપ અર્પી, બધા રદ કરવામાં આવશે અને લોકશાહીનો નાશ થઈ સરમુખત્યારી આવશે એવો પ્રચાર મુખ્યત્વે સ્થાપિત હિતો તરફથી થાય છે, જેઓ મૂળભૂત અધિકારોને નામે સામાજિક અને આર્થિક પરિવર્તન અથવા ક્રાંતિ રોકવા ઈચ્છે છે. મિલકત સિવાયના બીજા મૂળભૂત અધિકારોના સ્વરૂપનું હવે પછી સંક્ષેપમાં નિર્દેશ કરીશ ત્યારે જણાશે કે તેવા હકોને બાધ આવે તેવું કાંઈ હજી સુધી થયું નથી. પાર્લામેંટને મૂળભૂત અધિકારો રદ કરવાની અથવા ન્યૂન કરવાની અબાધિત સત્તા છે તેથી તેમ કરશે અથવા થશે એમ માની લેવું ભૂલભરેલું છે. સત્તા હોય ત્યાં દુરુપયોગનો સંભવ છે. તેનો ઉપાય લોકોના હાથમાં છે.

હવે સંક્ષેપમાં બંધારણમાં જણાવેલ મૂળભૂત હકો તપાસીએ, આ અધિકારો પણ સર્વથા અબાધિત હોતા જ નથી. સામાજિક અને પરસ્પરના હિત માટે દરેકને મર્યાદા હોય છે. બંધારણની કલમ ૧૪ થી ૧૮માં સમાનતાના અધિકાર છે. દરેક નાગરિકને કાયદાનું સમાન રક્ષણ મળે, ધર્મ, જ્ઞાતિ, જાતિ વગેરે કારણે સરકારી નોકરીમાં, જાહેર સ્થળોમાં ભેદભાવ ન થાય, અસ્પૃશ્યતા નાબૂદ કરી છે, તેવું આચરણ ગુનો છે. કલમો ૧૯ થી ૨૨માં સ્વતંત્રતાના હકો છે. વાણીસ્વાતંત્ર્ય, દેશમાં મુકત વિહાર અને વસવાટ, વ્યાપાર ધંધો કરવાનો હક, સંસ્થાઓ રચવી, સભાઓ ભરવી વગેરે અધિકારો, ગુના માટે સજા અથવા અટકાયત મનસ્વીપણે અને બિનકાયદેસર ન થાય વગેરે. કલમ ૨૩ અને ૨૪માં શોષણ સામે રક્ષણ અપાયું છે. ગુલામી, વેઠ, નાની ઉંમરના બાળકો પાસે મજૂરી કરાવવી વગેરેની મનાઈ છે. કલમો ૨૫, ૨૬ અને ૨૭માં ધાર્મિક સ્વતંત્રતાના અધિકારો છે. દરેક ધર્મ પ્રત્યે રાજ્યનો સમાનભાવ અને દરેકને પોતાના ધર્મ અને ધાર્મિક માન્યતાઓના આચરણનો હક્ક છે. કલમ ૨૯ અને ૩૦માં સાંસ્કૃતિક અને શિક્ષણવિષયક અધિકારો છે અને લઘુમતીઓનું રક્ષણ છે. કલમ ૩૧માં મિલકતને લગતા અધિકાર છે. કલમ ૩૨ થી ૩૫માં મૂળભૂત અધિકારોના રક્ષણ માટે કોર્ટમાં જવાનો હક છે.

આવા વિવિધ પ્રકારના મૂળભૂત અધિકારો છે તેમાં મિલકતને લગતા અધિકારમાં જ વખતોવખત ફેરફાર થયા છે. બીજા બધા અધિકારો મુખ્યત્વે અબાધિત રહ્યા છે અને લોકશાહી તંત્ર છે ત્યાં સુધી તેને આંચ આવે એવો ભય નથી. લોકશાહી તંત્ર દેશમાં તૂટી પડશે ત્યારે બંધારણ અને તેમાં રહેલ મૂળભૂત અધિકારો બચાવી શકાશે નહિ. લોકશાહી તંત્ર ટકાવવું અને તેને મજબૂત કરવું તેનો આધાર લોકશકિત અને લોકશિક્ષણ ઉપર છે, તે સાથે આર્થિક અસમાનતાઓ બને તેટલી વિનાવિલંબે દૂર કરવી જરૂરનું છે. અંતે પ્રજા પોતે પોતાનું ભાવિ ઘડે છે.

૨–૩–૭૫

(આકાશવાણીના સૌજન્યથી) **ચીમનલાલ ચકુભાઈ**

# ☆ પ્રકીર્ણ નોંધ ☆

## શ્રી મોહન ધારિયાનું રાજીનામું

શ્રી મોહન ધારિયાને કેન્દ્રીય પ્રધાનમંડળમાંથી રાજીનામું આપવું પડયું અને ત્યાર પછી તેમણે લોકસભામાં નિવેદન કર્યું તેમાંથી કેટલાક પાયાના મુદ્દાઓ ઉપસ્થિત થયા છે. વડા પ્રધાન અથવા મુખ્ય મંત્રીને કોઈ પણ પ્રધાનને છૂટા કરવાનો અધિકાર છે એ સર્વસ્વીકૃત સિદ્ધાંત છે. શ્રી મોહન ધારિયાને રાજીનામું આપવાની વડા પ્રધાને ફરજ પાડી એ હકીકતને જેઓ ગેરવાજબી ગણે છે તેઓ પણ આ સિદ્ધાંત સ્વીકારે છે, પણ આ જવાબ ટેક્નિકલ કહેવાય, તેનાથી સંતોષ ન થાય. શ્રી મોહન ધારિયા કેન્દ્રીય મંત્રી હતા તેથી જ તેમની સામે આવું પગલું લીધું અને તેમના જેવા વિચાર ધરાવતા શાસક પક્ષના બીજા આગેવાન સભ્યો સામે કોઈ પગલાં નહિ લેવાય? શ્રી મોહન ધારિયાની સામે આ પગલું લીધું તેમાં પ્રધાનમંડળની સંયુકત જવાબદારીનો જ પ્રશ્ન હતો કે પક્ષમાં વાણીસ્વાતંત્ર્યનો પ્રશ્ન પણ છે? હવે પછી શાસક પક્ષ બીજા કોઈ પગલાં લે છે કે નહિ તે જોવાનું રહે છે. શ્રી મોહન ધારિયા, ચન્દ્રશેખર, કૃષ્ણકાન્ત વગેરેને પક્ષમાંથી છૂટા કરાશે? શ્રી મોહન ધારિયાએ પક્ષમાં વાણીસ્વાતંત્ર્યનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. શ્રી મોહન ધારિયાને પક્ષની નીતિ સામે કોઈ વિરોધ નથી, ઈન્દિરા ગાંધીની આગેવાની સામે પણ તેમને વિરોધ નથી એમ જાહેર કર્યું છે. ઈન્દિરા ગાંધીએ અને શાસક પક્ષે જયપ્રકાશ સાથે વાટાઘાટ કરવી જોઈએ એવો તેમનો આગ્રહ છે. આ વાટાઘાટ કરવાના

આગ્રહમાં પક્ષાની નીતિ વિરુદ્ધ પોતે કાંઈ નથી કર્યું એટલું જ નહિ પણ જયપ્રકાશ નારાયણે ઉપસ્થિત કરેલ મુદ્દાઓ પક્ષાની નીતિનું જ અંગ છે એમ શ્રી મોહન ધારિયાનો દાવો છે. તેમના કહેવા પ્રમાણે પક્ષને અને તેની નીતિને સબળ બનાવવા વાટાઘાટ માટેની તેમની માગણી છે. તે સાથે બીજો મુદ્દો તેમણે ઉપસ્થિત કર્યો છે કે જમણેરી સામ્યવાદી પક્ષ સાથે શાસક પક્ષ વધારે ગાઢ સંબંધ કરતો જાય છે તે હકીકત પક્ષાની નીતિ માટે અને પક્ષ માટે હાનિકારક છે. તેમના કહેવા મુજબ જયપ્રકાશ સાથે વાટાઘાટ કરવાની હિમાયત કરવાની પક્ષાના સભ્યોને સ્વતંત્રતા હોવી જોઈએ. ટૂંકામાં પક્ષમાં મતસ્વાતંત્ર્ય હોવું જોઈએ, તેમ ન હોય તો લોકશાહીને ખતરો છે.

પક્ષમાં મતસ્વાતંત્ર્ય હોવું તે લોકશાહીનું લક્ષણ છે. આ મતસ્વાતંત્ર્યનો અધિકાર અબાધિત છે કે તેને કાંઈ મર્યાદા છે તે મુખ્ય મુદ્દો છે. પક્ષાની નીતિ ઘડવામાં તેમ જ જરૂર લાગે તો તેમાં ફેરફાર કરાવવા ભિન્ન વિચારોની અભિવ્યક્તિ આવકારદાયક છે. શ્રી મોહન ધારિયાની એવી ફરિયાદ નથી કે પક્ષાની નીતિ ભૂલભરેલી છે અથવા તેમાં ફેરફારની જરૂર છે. તેમની ફરિયાદ એ છે કે પક્ષે પોતાની નીતિનો અમલ નથી કર્યો અથવા આપેલ વાચનો પાળ્યા નથી. તેમના કહેવા પ્રમાણે જયપ્રકાશ નારાયણ જે માગણીઓ કરે છે તે પક્ષાની નીતિના અમલ માટે અને પક્ષે આપેલ વચનોના પાલન માટે છે. તેથી પક્ષે જયપ્રકાશ સાથે વાટાઘાટ કરવી જોઈએ.

શ્રી જયપ્રકાશ નારાયણે આવી વાટાઘાટ માટે કોઈ અવકાશ રાખ્યો છે? તેમણે ભારપૂર્વક જાહેર કર્યું છે કે બિહાર વિધાનસભાનું વિસર્જન ન થાય ત્યાં સુધી કોઈ વાટાઘાટ કરવા માટે તે તૈયાર નથી. શ્રી મોહન ધારિયાએ કહ્યું છે કે બિહાર ધારાસભાના વિસર્જનની માગણી ગેરવાજબી છે. તો શ્રી મોહન ધારિયાએ આ માગણી છોડી દેવા શ્રી જયપ્રકાશને પહેલા સમજાવવું જોઈએ. જયપ્રકાશ તેમ કરવા તૈયાર ન હોય તો વાટાઘાટની વાત છોડી દેવી જોઈએ. જયપ્રકાશે ઘણી વખત કહ્યું છે કે બિહાર વિધાનસભાના વિસર્જનથી કોઈ મોટો ફેરફાર થઈ જવાનો નથી. તેથી ભ્રષ્ટાચાર, મોંઘવારી બેરોજગારી ઘટવાનાં નથી. ગુજરાતમાં બન્યું તેમ રાષ્ટ્રપતિ શાસન આવશે, ફરી ચૂંટણી થશે અને હતાં ત્યાં જ રહીશું. તો પછી જયપ્રકાશ શા માટે આ માગણીનો આટલો આગ્રહ રાખે છે? આવી માગણી ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને અન્ય રાજ્યોમાં અને છેવટે લોકસભા માટે પણ થાય એવી રીતે આંદોલનને વ્યાપક સ્વરૂપ અપાતું જાય છે. ટૂંકામાં, આ આંદોલન શાસક પક્ષ સામે પડકાર છે. તેમાં બધા વિરોધ પક્ષો ભળ્યા છે. પક્ષાના અસ્તિત્વ સામે જ જેનો પડકાર છે તેમની સાથે વાટાઘાટને અવકાશ છે? આવો પડકાર કરવાનો શ્રી જયપ્રકાશ નારાયણને અને બધા વિરોધ પક્ષોને પૂર્ણ અધિકાર છે. પ્રજાનો સાથ હોય તો આ પડકાર સફળ થશે. શાસક પક્ષ સત્તાસ્થાને રહેવા લાયક ન હોય તો પ્રજા તેને ફેંકી દેશે. પણ જ્યારે પક્ષાના અસ્તિત્વ સામે જ પડકાર હોય ત્યારે પક્ષાના સભ્યો તે પડકાર ઝીલી લેવા તૈયાર થાય કે, પક્ષમાં ગૂંચવાડો ઊભો થાય અને પક્ષ નિર્બળ થાય એવો પ્રચાર કરે? આમાં પક્ષાની નીતિનો પ્રશ્ન નથી. પક્ષમાં વાણીસ્વાતંત્ર્યનો પ્રશ્ન નથી. શાસક પક્ષ સત્તાસ્થાને રહેવા લાયક છે કે નહિ અથવા શ્રી જયપ્રકાશનો પડકાર વાજબી છે કે નહિ તે પ્રશ્નની ચર્ચા શ્રી મોહન ધારિયાના રાજીનામાની વિચારણામાં પ્રસ્તુત નથી. શ્રી જયપ્રકાશ સાથે જેઓ સહમત હોય કે શાસક પક્ષ સત્તાસ્થાને રહેવા લાયક નથી. તેણે આપેલ વચનો પાળ્યાં નથી, જયપ્રકાશનો પડકાર વાજબી છે, તેઓ પક્ષમાં રહી જયપ્રકાશના આંદોલનને ટેકો આપે કે જયપ્રકાશના આંદોલનમાં જોડાય તે વધારે વાજબી લેખાય? શ્રી મોહન ધારિયાએ લોકસભામાં કરેલ નિવેદન શાસક પક્ષ સામે તહોમતનામા જેવું હતું. તેમ કરવાનો તેમને પૂરો અધિકાર છે. પ્રશ્ન એટલો જ છે કે પક્ષમાં રહીને તેમ કરી શકાય? શ્રી મોહન ધારિયા જેવા વિચારો ધરાવતા સભ્યો શાસક પક્ષમાં મોટી સંખ્યામાં હશે તો પક્ષ ટકી ન જ શકે. તેથી જ જયપ્રકાશ નારાયણે, શ્રી. જગજીવનરામ અને શ્રી ચવ્હાણને "પક્ષને બચાવવા" આહ્વાન કર્યું. પક્ષને બચાવવા કે પક્ષમાં ભંગાણ પાડવા? શ્રી જયપ્રકાશ નારાયણને શાસક પક્ષને તોડવાનો પૂરો અધિકાર છે. તેમનાં આંદોલનનું તે એક ધ્યેય છે. શ્રી જયપ્રકાશ નારાયણ શું કરવા ઈચ્છે છે તે સ્પષ્ટપણે તેઓ જાણે છે અને કુનેહથી તે માર્ગે જઈ રહ્યા છે. શ્રી. જયપ્રકાશ માને છે કે ઈન્દિરા ગાંધી ભ્રષ્ટાચારના ગંગોત્રી છે, ભ્રષ્ટાચારીઓને છાવરે છે. શ્રી મોહન ધારિયા એમ માને છે? તો ઈન્દિરા ગાંધીની આગેવાની તેમણે ફગાવી દેવી જોઈએ.

ઘણા મુદ્દાઓ સમાયેલ છે. બધાની વિગતથી ચર્ચા કરવાનો અત્યારે અવકાશ નથી. ઈન્દિરા ગાંધી સત્તાસ્થાને રહે તેમાં દેશનું હિત નથી, એવી ઘણા લોકોની માન્યતા છે. અહીં મર્યાદિત પ્રશ્નની ચર્ચા કરી છે કે શ્રી. જયપ્રકાશ નારાયણનું વલણ જોતાં શાસક પક્ષ કે ઈન્દિરા ગાંધી માટે તેમની સાથે વાટાઘાટનો કોઈ અવકાશ છે? આવો અવકાશ ઊભો કરવા શ્રી. જયપ્રકાશ નારાયણ કોઈ બાંધછોડ કરવા તૈયાર છે? પોતે વાટાઘાટ કરવા સદા તૈયાર છે તેમ કહેવાથી વાટાઘાટ સફળ થતી નથી, તેની ભૂમિકા જોઈએ. નહિતો મળવાથી કશું વળે. આ સંઘર્ષમાં દેશનું હિત નથી, એ સ્પષ્ટ છે. દેશ મોટી કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે તેવે સમયે વધારે યાતનાઓ ભોગવવાનું પ્રજાના શીરે આવી પડે તો મોટું દુર્ભાગ્ય હશે. બન્ને પક્ષે બિનશરતી વાટાઘાટ થવી જોઈએ.

ચીમનલાલ ચકુભાઈ

## વસન્ત વ્યાખ્યાનમાળા

દર વર્ષની માફક આ વર્ષે પણ એપ્રિલ માસની તા. ૭, ૮, ૯ અને ૧૦-એમ ચાર દિવસ માટે તાતા ઓડિટોરિયમમાં વસંત વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. વ્યાખ્યાનમાળાનો વિષય Prices & Planning છે. અને સમય દરરોજ સાંજે ૬-૧૫ વાગ્યાનો છે. ચારે વ્યાખ્યાનો અંગ્રેજીમાં રાખવામાં આવ્યા છે. વકતાઓ નીચે પ્રમાણે છે.

| તારીખ | દિવસ | વકતા |
|---|---|---|
| ૭-૪-૭૫ | સોમવાર | ડૉ. ડી. આર. રાંગણેકર<br>તંત્રી, ઈકોનોમિક ટાઈમ્સ |
| ૮-૪-૭૫ | મંગળવાર | ડૉ. ટી. આર. બ્રહ્માનંદ<br>ડિરેકટર, ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિકસ યુનિવર્સિટી ઓફ બોમ્બે |
| ૯-૪-૭૫ | બુધવાર | હવે પછી નક્કી થશે |
| ૧૦-૪-૭૫ | ગુરુવાર | ડૉ. બી. એસ. મિનહાસ<br>આયોજન પંચના ભૂતપૂર્વ સભ્ય |

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# સંસદ સમક્ષ ખતપત્ર

[ ૧ ]

શ્રી જયપ્રકાશ નારાયણે છઠ્ઠી માર્ચના રોજ સંસદને પેશ કરેલું માગણીઓનું ખતપત્ર નીચે મુજબ છે:

અમે, ભારતનાં પ્રજાજનો બિહારની જનતાના આંદોલન સાથે એકતા પ્રદર્શિત કરવા અત્રે એકત્ર થયાં છીએ. એ આંદોલન દેશભરમાં લોકોની આકાંક્ષાઓના પ્રતીક રૂપ લેખાવા લાગ્યું છે. જાહેર જીવન અને સુશાસનના પાયાના સિદ્ધાંતોને ઠોકરે ઉડાવવામાં આવતા હોય ત્યારે વિરોધ કરવાની પ્રજાની ફરજ બની જાય છે. ન્યાય મેળવવા અને લોકશાહીનું જતન કરવા આજે અમે કૂચ કરી છે.

સમાજમાં આમૂલ ક્રાંતિની આજે અમે પ્રતીજ્ઞા લઈએ છીએ. જે ગાંધીવાદના માળખામાં સામાજિક અને આર્થિક સમાનતા, નિર્ભેળ લોકશાહી અને નૈતિક મૂલ્યોની એક નવી સમાજવ્યવસ્થાનું નિર્માણ કરશે.

આ મનવાંછિત લક્ષ્યની સિદ્ધિની દિશામાં આગળ ધપવા અમે નીચેની તાકીદની માગણીઓ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ:

### બિહાર અને ગુજરાતમાં નવી ચૂંટણીઓ

બિહારની વિધાનસભાએ રાજ્યની પ્રજાનો વિશ્વાસ ગૂમાવી દીધો છે. વિધાનસભાને લોકસંપર્કનો ડર લાગે છે. વાડ અને બેયોનેટો પાછળ તે પોતાની જાતને પૂરી રાખે છે. લોકોના હૃદયનો ધબકાર અનુભવતી એ લાંબા સમયથી અટકી પડી છે.

ગેરવહીવટ અને સરકારમાંના વ્યાપક ભ્રષ્ટાચારને અટકાવવાને બદલે, એ દુ:ખની વાત છે કે બિહાર વિધાનસભા તેમાં એક પક્ષકાર બની છે.

ગુજરાતમાં એક પ્રજાકીય આંદોલનને પગલે સુમારે એક વર્ષ પૂર્વે રાજ્ય સરકાર ઊથલી પડી હતી અને વિધાનસભાનું વિસર્જન કરાયું હતું. પણ નવી ચૂંટણીઓ માટેનો આદેશ હજી ત્યાં અપાવાનો બાકી છે. આથી, અમારી પ્રથમ માગણી એ છે કે બિહારની સરકારને રુખસદ આપવામાં આવે અને તેની વિધાનસભાનું વિસર્જન કરવામાં આવે તથા બિહાર તેમ જ ગુજરાતમાં વહેલી તારીખે નવી ચૂંટણીઓ માટે આદેશ આપવામાં આવે.

જનતાના મહત્ત્વના સામાજિક અને આર્થિક અધિકારો તાકીદે હાંસલ કરવાના છે અને આ હેતુ અર્થે નીચેનાં પગલાં લેવાવાં જરૂરી છે:

૧. જીવનની પાયાની જરૂરિયાતો નબળા વર્ગોને, ખાસ કરીને વસતિના સૌથી નિર્ધન ૬૦ ટકાને તેમને પોસાય તેવા ભાવોએ મળતી રહે તેવી જોગવાઈ.

૨. આવશ્યક ચીજોના ભાવોનો સંબંધ તેના ખર્ચ સાથે હોવો જોઈએ અને ખેતીવાડીની ચીજોના તથા ઔદ્યોગિક ચીજોના ભાવો વચ્ચે એક વાજબી સમતુલા હોવી જોઈએ. ભાવોમાં સ્થિરતા આવવી જોઈએ અને ભાવ વધારો રાષ્ટ્રીય આવકના વધારાના દરને અતિક્રમવો ન જોઈએ.

૩. કામદારોને જરૂરિયાત પર આધારિત લઘુતમ વેતનો અને આવકોની બાંયધરી અપાવી જોઈએ.

૪. આવકોની અસમાનતાઓ ઓછામાં ઓછી કરવી જોઈએ જેથી એ અસમાનતાઓ વાજબી મર્યાદાઓમાં, જેમ કે ૧:૧૦ના પ્રમાણમાં, લાવી શકાય.

૫. જમીનની ન્યાયી વહેંચણીની ખાતરી આપે, ખેડે તેની જમીનના સિદ્ધાંત પર આધારિત ગણોતની પાકી વ્યવસ્થા કરે, જમીનવિહોણાઓને ઘર બાંધવા માટે માલિકીની જમીન મળી રહે તથા ખેતમજૂરોને જેને સારો એવો હિસ્સો અનાજના રૂપમાં અપાય તે રીતની વાજબી રોજીની ચોકસાઈ રહે તે પ્રકારના અસરકારક જમીનસુધારા કરવા.

૬. આ હેતુ માટે પૂરી રોજગારીની ખાતરી તથા અનુકૂળ યંત્રવિદ્યાને અપનાવીને કૃષિ તેમ જ ગ્રામઅર્થતંત્રના વિકાસને સર્વોચ્ચ અગ્રત્વ આપવું. એવી જ રીતે ઉદ્યોગીકરણના કાર્યક્રમો માનવબળને વિશાળ પાયા પર કામે લગાડે તેવી ટેક્નિકો અને યોજનાઓ પર મંડિત હોવો જોઈએ.

૭. સરકાર જેમાં પહેલ કરે તેવું રાષ્ટ્રીય કરકસરનું એક શાસન સર્જવું. આમાં મોજશોખની ચીજોની આયાત પર તથા ઘર આંગણે તેમની બનાવટ પર પ્રતિબંધ મૂકવાનો રહેશે.

### લોકશાહી અધિકારો અને નાગરિક હકો

બંધારણની ભાવનાનો ભંગ કરીને સરકાર રાષ્ટ્રીય કટોકટીની સ્થિતિને ચાલુ રાખી રહી છે. કાયદાના શાસનનું સ્થાન મૂળભૂત રીતે 'મિસા', ડી. આઈ. આર.ના ઉપયોગે તથા ઑર્ડિનન્સ રાજે લીધું છે. એક વિશાળ વર્ગને લોકશાહી અધિકારોનો ઈનકાર કરવામાં આવી રહ્યો છે. લોકોની કાયદેસરની અને શાંત લડતોને કેન્દ્રીય તથા રાજ્યની પોલીસનો ઉપયોગ કરીને દાબી દેવામાં આવી રહી છે.

લોકશાહીના હાર્દની પુન: સ્થાપના, તેના સંરક્ષણ અને વિસ્તરણ અર્થે અમારી માગણી છે કે –

૧. તાકીદની પરિસ્થિતિને તેમ જ 'મિસા', ડી. આઈ. આર. અને નાગરિક સ્વાતંત્ર્યોને રુંધનારા અન્ય કાયદાઓને તત્કાળ પાછા ખેંચી લો.

૨. શાળાઓ, કૉલેજો અને યુનિવર્સિટીઓના શિક્ષકો તથા બીજા સ્ટાફને રાજકીય અને ટ્રેડ યુનિયનના પૂરા અધિકારો બક્ષો.

૩. જાહેર ક્ષેત્રની વેપારી તથા ઔદ્યોગિક સંસ્થાઓના કામદારો અને કર્મચારીઓને રાજકીય અને ટ્રેડ યુનિયનના પૂરા અધિકારો બક્ષો.

### મુકત અને ન્યાયી ચૂંટણીઓ

એ આવશ્યક છે કે સંસદ અને વિધાનગૃહોને પ્રજાની આકાંક્ષાઓ પ્રત્યે વધુ પ્રતિભાવ દાખવતાં બનાવવામાં આવે. ચૂંટણીઓ પર સરકારી તંત્રવ્યવસ્થા, નાણાંના બળ તથા બળના ઉપયોગ દ્વારા અસર પડવા દેવી જોઈએ નહિ. આથી, અમારો અનુરોધ છે કે–

૧. ચૂંટણી સુધારા અંગેની સંયુકત સંસદીય સમિતિ કે જેના પર શાસક પક્ષના સભ્યો પણ હતા તેની સર્વાનુમત ભલામણોનો વિના વિલંબે અમલ કરવો.

૨. ચૂંટણીઓ અંગે જાહેરાત થાય તે પછી મતદારોને લલચાવવા માટે સરકારને મહત્ત્વનાં નીતિવિષયક નિવેદનો કરવાં ન દેવાં જોઈએ, યોજનાઓ મંજૂર કરવા ન દેવી જોઈએ, શિલારોપણો કરવા ન દેવાં જોઈએ તેમ જ અન્ય પગલાં જાહેર કરવાં ન દેવાં જોઈએ.

૩. ચૂંટણીપંચ ઘણા સભ્યોના એક મંડળના રૂપનું હોવું જોઈએ, જેમાં વરિષ્ઠ અદાલત અને વડી અદાલતના ન્યાયમૂર્તિઓ જેવી, જેમની પ્રમાણિકતા શંકાથી પર છે તેવી વ્યકિતઓને સ્થાન અપાવું જોઈએ, તેમની વરણી વરિષ્ઠ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ વડા પ્રધાન અને વિરોધ પક્ષના નેતા (અથવા સર્વ જૂથોને સ્વીકાર્ય એવા વિરોધ પક્ષના એક પ્રતિનિધિ)ના બનેલા એક મંડળ દ્વારા થવી જોઈએ.

૪. રાજકીય પક્ષો માટે ચૂંટણીખર્ચના હિસાબો આપવાનું જરૂરી બનાવવું જોઈએ. વ્યકિતગત ઉમેદવારો પાછળ, પક્ષના સામાન્ય કાર્યક્રમ સહિત પક્ષો દ્વારા જે ખર્ચ કરવામાં આવે તેનો ઉમેદવારોએ પોતાના રિટર્નોમાં સમાવેશ કરવો જોઈએ.

૫. રેડિયો - ટેલિવિઝન, સરકારી વાહનો, વિમાન અને અન્ય સરકારી તંત્રનો શાસક પક્ષ દ્વારા પક્ષીય હેતુ માટે ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવવો જોઈએ - સિવાય કે વિરોધ પક્ષો સાથે સમાનતા (પેરિટિ) ને ધોરણે તેમનો ઉપયોગ કરવામાં આવે.

૬. મતદાનના દિવસના એક સપ્તાહ પહેલાંથી તથા મતદાનને દિવસે દારૂબંધીનો અમલ કરવો જોઈએ.

૭. મતદાનને દિવસે ખાનગી મોટર ગાડીઓ સહિત સર્વ વાહનોને રસ્તા પર ફરવાં દેવાં ન જોઈએ. આવશ્યક સેવાઓમાં રોકાયેલાં વાહનોને આ પ્રતિબંધથી મુકત રાખવાં.

૮. મતગણતરી બૂથ-વાર કરવી જોઈએ. દરેક મતદાનમથકના મતપત્રોનો હિસાબ મતદાન પૂરું થયા પછી તરત જાહેર કરવો જોઈએ અને દરેક બૂથ માટે ત્રણ કે ચારને બદલે માત્ર એક જ મત-

પેટી રાખવી જોઈએ. જરૂરિયાત ઊભી થતાં કામ લાગે તે માટે એક અવેજી વ્યવસ્થા તૈયાર રાખવી જોઈએ.

૯. દરેક મતદાન મથકે પહેલા તથા છેલ્લા મતપત્રોના નંબર સહિત, મતદાન થયેલા કે બીજી રીતે વપરાયેલા મતપત્રોનો હિસાબ તે મથકે સ્પર્ધા કરી રહેલા તથા ઉમેદવારોના ચૂંટણી-એજન્ટોને પૂરો પાડવો જોઈએ.

મતાધિકાર માટેની વય ઘટાડીને ૧૮ વર્ષની કરવી.

પોતાના ચૂંટાયેલા પ્રતિનિધિને પાછો બોલાવી લેવાના મતદારોના અધિકારની બંધારણમાં જોગવાઈ કરવી જોઈએ.

**રાજકીય સત્તાનું વિકેન્દ્રીકરણ**

સત્તાનું વધી રહેલું કેન્દ્રીકરણ અને પાયાના સ્તરે સરકારદ્વારા લોકશાહીનો થઈ રહેલો ધ્વંસ જોતાં, સત્તાના વિકેન્દ્રીકરણ અને ગ્રામપંચાયતો, જિલ્લા બોર્ડો, રાજ્યો અને કેન્દ્ર વચ્ચે તેની અસરકારક ફાળવણી દ્વારા નિર્ભેળ સ્વરાજ માટેની બંધારણીય બાંયધરી પૂરી પાડવી જરૂરી છે.

**શૈક્ષણિક સુધારાઓ**

૧. આ ખતપત્રમાં પ્રતિષ્ઠિત થયેલા આદર્શો પર મંડિત એક સમાજના નિર્માણ માટે શિક્ષણ એક સાધન બની રહેવું જોઈએ, અને તે પશ્ચિમીકરણને બદલે આધુનિકરણ તરફ દોરી જવું જોઈએ.

૨. રાષ્ટ્રની જરૂરિયાતોને અનુસરીને શિક્ષણનાં ગુણવત્તા અને સત્વને ઊંચાં લઈ જવા અસરકારક પગલાં લેવાવાં જોઈએ. અત્યારની પદ્ધતિમાં દરેક સ્તરે સુધારણા કરવી જોઈએ.

૩. રોજગારીની બાંયધરી આપે તેવી આર્થિક આયોજનની એક પદ્ધતિની સાથોસાથ માધ્યમિક તબક્કે ધંધાદારી શિક્ષણની વ્યવસ્થા. શૈક્ષણિક કારકિર્દી સિવાય અન્યત્ર યુનિવર્સિટીની ડિગ્રીની આવશ્યકતા ન હોવી જોઈએ.

૪. પાંચ વર્ષના ગાળામાં સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ અને સાર્વત્રિક પ્રૌઢ શિક્ષણની સ્થિતિને સિદ્ધ કરવાની બાબતને સર્વોચ્ચ અગ્રતા આપવી.

૫. શિક્ષણની સંસ્થાઓમાં સરકારની દખલ પર અંકુશ. આ સંસ્થાઓનો વહીવટ સામાન્ય રીતે લોકશાહી ઢબે વિદ્યાર્થીઓની ભાગીદારી સાથે શિક્ષકોના સ્ટાફને સુપરત કરવો જોઈએ.

**રાજકીય ભ્રષ્ટાચારની નાબૂદી**

ભ્રષ્ટાચાર આપણા રાજકીય જીવનના સત્ત્વને કોરી રહ્યો છે. વિકાસને એ અવરોધી રહ્યો છે. વહીવટી તંત્રને નબળું પાડી રહ્યો છે અને સર્વ કાયદા તથા નિયમોને હાસ્યાસ્પદ બનાવી રહ્યો છે. લોકોની શ્રદ્ધાને એ નાબૂદ કરી રહ્યો છે અને તેમની દરેક કહેવતરૂપ લેખાતી ધીરજનો અંત લાવી રહ્યો છે.

જાહેર જીવનને આ જીવલેણ રોગથી વધુ શુદ્ધ બનાવવા માટે અમારી માગણી છે કે –

૧. વડા પ્રધાન અને મુખ્ય પ્રધાનો સહિત ઉચ્ચ હોદ્દાઓ પરની વ્યક્તિઓ સામેના આક્ષેપોમાં તપાસ કરવાની સત્તા સાથે ઉચ્ચ સત્તાધારી અદાલતી ટ્રાઈબ્યુનલોની નિમણૂંક. જે કેસોમાં ભ્રષ્ટાચારના આક્ષેપોના ટેકામાં પુરાવાઓ રજૂ થયા હોય તેમાં સંડોવાયેલી વ્યક્તિઓ સામે કાનૂની કારવાઈઓ શરૂ કરવાનું ફરજિયાત હોવું જોઈએ. બધા કિસ્સાઓમાં, તપાસના અહેવાલો પ્રસિદ્ધ કરવા જોઈએ.

૨. ભ્રષ્ટાચારના આક્ષેપો સંબંધિની સંતનમ સમિતિની ભલામણોનો અમલ કરવો. તપાસ માટે પ્રથમદર્શી કેસ છે કે કેમ એવી આશંકાવાળા કેસમાં વરિષ્ઠ અદાલત યા વડી અદાલતના ન્યાયમૂર્તિએ અથવા એક અદાલતી ટ્રાઈબ્યુનલે એ બાબત વહીવટી તંત્રથી સ્વતંત્ર રીતે નક્કી કરવી જોઈએ.

૩. એક એવો કાયદો ઘડવો જોઈએ, જે દ્વારા જાહેર હોદ્દા ધરાવનાર બધાએ હોદ્દો ધારણ કર્યા પછી તરત જ પોતાની અસ્કયામતો જાહેર કરવી જોઈએ અને તે બાદ ચોક્કસ સમયગાળે તેઓ એવી જાહેરાત કરતા રહે.

[૨]

જયપ્રકાશ નારાયણ પાર્લામેન્ટ ઉપર મોરચો લઈ ગયા તે એક અનન્ય મોરચો હતો. બીજા મોરચાઓ કોઈ એક વર્ગ તરફથી વિશિષ્ટ માગણીઓ માટે હોય છે. મજૂરો, શિક્ષકો વગેરે પોતાની માગણીઓ માટે મોરચો કાઢે. જયપ્રકાશે આ મોરચાને લોકમોરચો કહ્યો. તેમણે રજૂ કરેલ ખતપત્ર ભારતના પ્રજાજનો વતી રજૂ કર્યું. સમાજમાં આમૂલ ક્રાન્તિ માટે, ગાંધીવાદના માળખામાં સામાજિક અને આર્થિક સમાનતા, નિર્ભેળ લોકશાહી અને નૈતિક મૂલ્યોની એક નવી સમાજ-વ્યવસ્થા નિર્માણ કરવા માટે. ભવ્ય આદર્શ છે. કૉંગ્રેસે અને બીજા રાજકીય પક્ષોએ હજારો વાર આ કહ્યું છે. બંધારણમાં તેનો પ્રબંધ છે.

ખતપત્રની શરૂઆત એમ થાય છે કે બિહારની જનતાના આંદોલન સાથે એકતા પ્રદર્શિત કરવા અમે, ભારતના પ્રજાજનો એકત્ર થયા છીએ. ખતપત્રની પહેલી માગણી બિહાર વિધાનસભાનું વિસર્જન કરી, બિહાર અને ગુજરાતમાં ફરી ચૂંટણીઓ કરવા માટે છે. ખતપત્રમાં જે ભવ્ય આદર્શ મૂકયો છે અને તેની સિદ્ધિ અર્થે જે બીજી માગણીઓ કરી છે તેની સાથે બિહારનું આંદોલન અને તેની ધારાસભાનું વિસર્જન જોડી દીધાં છે. આદર્શ અને તેની સિદ્ધિ માટે કરેલ માગણીઓ આકર્ષક અને આવકારદાયક છે, તેમાં મતભેદને બહુ અવકાશ નથી. બિહારનું આંદોલન અને તેની ધારાસભાનું વિસર્જન બાબત મતભેદને અવકાશ છે. તીવ્ર મતભેદ છે. મોરચાનો અને ખતપત્રનો મુખ્ય ઉદ્દેશ ભવ્ય આદર્શ અને તેની સિદ્ધિ છે કે બિહારના આંદોલન અને તેની ધારાસભાનું વિસર્જન છે? બિહારના આંદોલનને વેગ આપવા અને તેની ધારાસભાનું વિસર્જન કરવાની ફરજ પાડવાની મુખ્ય માગણીને ભવ્ય આદર્શ અને બીજી આકર્ષક માગણીઓનો ઓપ તો નથી ચઢાવ્યો?

આદર્શની સિદ્ધિ માટે જે માગણીઓ મૂકી છે તેમાં પ્રજાના બધા દલિત વર્ગોની આકાંક્ષાઓનું પ્રતિબિંબ છે; જનતાના મહત્ત્વના સામાજિક અને આર્થિક અધિકારો, લોકશાહી અધિકારો અને નાગરિક હકો, મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ, રાજકીય સત્તાનું વિકેન્દ્રીકરણ, રાજકીય ભ્રષ્ટાચારની નાબૂદી વગેરે.

આ બધું કરશે કોણ? કેવી રીતે? જીવનની પાયાની જરૂરિયાતો નબળા વર્ગોને પોસાય તેવા ભાવોએ મળવી જોઈએ, આવશ્યક ચીજોના ભાવોમાં સ્થિરતા આવવી જોઈએ, કામદારોને લઘુતમ વેતન મળવું જોઈએ. જમીનની ન્યાયી વહેંચણી થવી જોઈએ, જમીનવિહોણાઓને ઘર બાંધવા માટે માલિકીની જમીન મળવી જોઈએ, ખેતમજૂરોને વાજબી રોજી મળવી જોઈએ, શિક્ષકોને રાજકીય અને ટ્રેઈડ યુનિયનના પૂરા અધિકારો હોવા જોઈએ, આવકની અસમાનતાઓ દૂર કરી તેનું પ્રમાણ ૧:૧૦થી વધારે હોવું ન જોઈએ વગેરે. આ માગણીઓમાં કાંઈ નવું નથી, બંધારણમાં છે. શાસક પક્ષે આવા વચનો આપ્યાં છે.

શાસક પક્ષે આપેલા વચનો પાળ્યા નથી, તો તેવા વચનો સિદ્ધ કરે અને જનતાની આકાંક્ષાઓ મૂર્તિમંત કરે એવો પક્ષ હોવો જોઈએ ને? શ્રીમન્નારાયણે યોગ્ય કહ્યું છે કે મોરચા, ઘેરાવ, વિધાનસભા વિસર્જન વગેરે આંદોલનથી મુખ્ય માગણીઓ સિદ્ધ થવાની નથી. જયપ્રકાશ પણ તે સ્વીકારે છે. શ્રીમન્નારાયણે કહ્યું છે કે જયપ્રકાશે નવો રાજકીય પક્ષ રચી તેની આગેવાની લેવી જોઈએ. તેઓ પોતે ચૂંટણીમાં ઊભા ન રહે, સત્તા ન ઈચ્છે તે યોગ્ય છે, પણ પક્ષનું નેતૃત્વ લઈ માર્ગદર્શનની જવાબદારી લેવી જ જોઈએ,

જયપ્રકાશ આ કરવા તૈયાર નથી. ત્યાં પક્ષવિહીન લોકશાહીની વાત કરશે. કોઈ રાજકીય પક્ષ સાથે પોતે જોડાવા ઈચ્છતા નથી એમ કહે છે. ગાંધીજીએ ચૂંટણી લડવાનું, રાજકારભાર ચલાવવાનું, નેહરુ, સરદાર, વગેરેને સોંપ્યું. પણ કોંગ્રેસને સદા તેમનું માર્ગદર્શન મળ્યું, તેમનું નેતૃત્વ રહ્યું. તેવું રાજાજીનું. કોંગ્રેસ સામે લડવા સ્વતંત્ર પક્ષ રચ્યો અને નેતૃત્વ લઈ સતત માર્ગદર્શન આપ્યું. પક્ષવિહીન લોકશાહીની વાત અવાસ્તવિક છે એવું તેમના આંદોલનને ટેકો આપવાવાળા પણ ઘણા કહે છે. ત્યારે જયપ્રકાશ જવાબ આપે છે કે પક્ષવિહીન લોકશાહીની વાત અત્યારે તેમણે છોડી દીધી છે, છતાં કોઈ નવો રાજકીય પક્ષ રચવો નથી. વિરોધી રાજકીય પક્ષોની આગેવાની લેવાની ના પાડી છતાં આગેવાની લીધી છે. આવા શંભુમેળાથી કામ શું થાય? શાસક પક્ષને ચૂંટણીમાં હરાવો, પછી શું? એક ડગલું બસ થાય, એવો જવાબ આપી બેસી ન રહેવાય. ગાંધીજીની ભાષા વાપરવી એટલું જ બસ નથી. ગાંધીજી ભવિષ્યનો બધો વિચાર કરી તૈયારી કરતા. આવી જવાબદારી લેવાની જયપ્રકાશની ઈચ્છા નથી કે શકિત નથી કે પછી વિચારવમળમાં ગુંચવાયા છે તે સમજાતું નથી. બિહાર વિધાનસભાના વિસર્જનની વાત એક બાજુ રાખીએ તો તેમણે જણાવેલ બીજી બધી બાબતો ઉપર વિચારવિનિમયને પૂરો અવકાશ છે. વર્તમાન પરિસ્થિતિમાં, અશ્રદ્ધા અને આશંકાઓના વાતાવરણમાંથી બહાર નીકળવું બહુ અઘરું છે.

શાસક પક્ષ જયપ્રકાશના આંદોલનનો માત્ર વિરોધ કરી સંતોષ લેશે તો ટકશે નહિ. પ્રજાનો વિશ્વાસ ગુમાવી બેઠો છે. પોતાનું ઘર સાફ કરી જે વચનો આપ્યા છે તેના પાલન માટે પ્રામાણિક પ્રયત્ન પણ નહિ થાય તો હતાશાથી પ્રજા બીજા છેડે જાય તો આશ્ચર્ય નહિ. ચૂંટણી મુકત અને ન્યાયી થાય તે માટે ચૂંટણી નિયમોમાં ફેરફાર કરવા, ભ્રષ્ટાચાર સામે પગલાં લેવાં, તે માટે શાસક પક્ષે રાહ જોવાની જરૂર નથી. માગણીઓ વધારેપડતી અથવા ગેરવાજબી હોય તો પણ જરૂરનું અને વાજબી પણ ન થાય તે અક્ષમ્ય છે. શાસક પક્ષમાં જૂના સન્નિષ્ઠ કાર્યકરો છે તેમને વર્તમાન પરિસ્થિતિથી ભારે અસંતોષ છે. રાજકીય જીવનમાં રહેવું હોય તો બીજા કોઈ પક્ષે જવાનો અવકાશ નથી, એટલે પોતાનો પક્ષ છોડી શકતા નથી. જયપ્રકાશે કોઈ વિકલ્પ આપ્યો નથી, ભ્રષ્ટાચાર રાજકીય ક્ષેત્રે જ છે એમ નથી. સંઘર્ષનો લાભ જનસંઘ અથવા સામ્યવાદી પક્ષને ન મળે એવું ઈચ્છતા કોંગ્રેસીજનો માટે મૂંઝવણ છે.

૧૧-૩-૭૫ ચીમનલાલ ચકુભાઈ

# કન્ઝર્વેટીઝમ (સંરક્ષણ વૃત્તિ)

કેટલાક શબ્દોનો અનુવાદ બહુ મુશ્કેલ છે. દીર્ઘકાળના ઉપયોગથી આવા શબ્દોમાં જે ભાવ અને અર્થ સૂચિત થાય છે તેનો પર્યાય શબ્દ તે ભાવ અને અર્થવાહી હોતો નથી. કન્ઝર્વેટીઝમનો અર્થ એમ થાય છે કે હોય તેને ટકાવી રાખવાની વૃત્તિ, ફેરફાર કે પરિવર્તનનો વિરોધ, રૂઢિચુસ્તતા વગેરે. ખરી રીતે કન્ઝર્વેટીઝમ જીવન પ્રત્યેનો એક અભિગમ છે, જીવનદૃષ્ટિ છે. તેવી જ રીતે, સમાજવાદ, સામ્યવાદ, સર્વોદય વગેરેનું. આ દરેકમાં અનેક છાયા કે માત્રા (shades) હોય છે. કોઈ રૂઢિચુસ્ત હોવા છતાં છૂટછાટ સ્વીકારે, (લીબરલ કન્ઝર્વેટીવ), કેટલાક કટ્ટર રૂઢિચુસ્ત હોય, કેટલાક બન્નેનું મિશ્રણ હોય અથવા દેખાય. છતાં પાયાનો અભિગમ (Basic approach) સ્થિર હોય.

ઈંગ્લાંડમાં કન્ઝર્વેટીવ અને મજૂર પક્ષ છે. એક રૂઢિચુસ્ત લેખાય, બીજો પ્રગતિશીલ. ખરી રીતે બન્નેમાં પરસ્પરનું થોડું ઘણું મિશ્રણ હોય છે.

કન્ઝર્વેટીવ પક્ષના નવા નેતા, મિસિસ માર્ગારેટ થેચર પક્કા કન્ઝર્વેટીવ લેખાય છે. મિ. હીથ કાંઈક લીબરલ ગણાતા. મજૂર પક્ષમાં કેટલાક આગેવાનો-બેન, હીલી, માઈકલ ફૂટ-ડાબેરી ગણાય છે. વિલ્સન, જેન્કીન્સ, વિગેરે મધ્યમાર્ગી છે, છતાં કન્ઝર્વેટીવના વિરોધી.

મિસિસ થેચર આગેવાન થયા પછી તેમના પ્રવચનોમાં કન્ઝર્વેટીઝમને પોતે કેવી રીતે સમજે છે તે કહેતા રહ્યા છે. એવા એક પ્રવચનમાં કન્ઝર્વેટીઝમનું હાર્દ તેમણે બતાવ્યું છે. તેમણે જે કહ્યું તેનો અનુવાદ અહીં આપું છું. મૂળનો ભાવ અને અર્થ અનુવાદમાં પૂરી રીતે આવી શકતો નથી, પણ તેના મુખ્ય મુદ્દાઓ પછી વધારે સ્પષ્ટ કરીશ, જેથી કન્ઝર્વેટીવ અને મજૂર પક્ષમાં પાયાનો શું ફેર છે તે સમજાશે.

તેમણે કહ્યું છે:

"રાજ્યની અતિક્રમણ કરતી સત્તામાં, આરંભ કરવાની વૃત્તિને રૂંધવામાં અને ખર્ચાળપણે બિનજરૂરી જવાબદારીઓ હાથ ધરવામાં ઉદ્ધાર રહેલો નથી. આપણે આ ધસારાને ખાળવાની જ માત્ર નહિ તેને ઉલટાવવાની નેમ રાખીએ. આપણને રાજ્યની ઓછી દરમિયાનગીરીની, નોકરશાહીના વધુ ઓછા હસ્તક્ષેપોની જરૂર છે. વધારેની નહિ. મુત્સદ્દીગીરીની સાચી નેમ સત્તાની યોગ્ય સમતુલાની છે, અને તેનો અર્થ સૌથી વધુ તો રાજ્યની સત્તા અને વ્યકિતનાં સ્વાતંત્ર્ય તથા આકાંક્ષાઓ વચ્ચે યોગ્ય સમતુલાનો થાય છે.

રાજકારણીઓનું કામ દરેકને ખુશ કરવાનું નથી, પણ દરેકને ન્યાય આપવાનો પ્રયાસ કરવો એ તેમનું કામ છે. 'આમાં શકિતશાળી, સક્ષમ, સાહસિક અને ઉદ્યમીને તેમ જ નબળા અને દુર્ભાગીઓને ન્યાય આપવાનું સંડોવાયેલું છે. ન્યાયથી વિશેષ કશું નહિ.; પણ નિ:શંક કંઈ ઓછુ પણ નહિ.'

સંપત્તિનું સર્જન કરવાનું છે તેમ જ તેનો સહિયારો ઉપભોગ કરવાનો છે. રાજ્ય દ્વારા, જાહેર કોર્પોરેશનો દ્વારા કે જાહેર કલ્યાણની સેવાઓ દ્વારા એનું સર્જન થતું નથી. ઉદ્યોગ, વેપાર અને ખેતરમાં કામ કરતાં પુરુષો અને સ્ત્રીઓનાં દૃષ્ટિ, વિચારો, પરિશ્રમ અને બચત દ્વારા એનું સર્જન થાય છે..

મિ. હીલી, મિ. બેન અને મિ. ફૂટ આ જો ન જોઈ શકતા હોય તો તેઓ ભયજનક અને મૂર્ખ અંધશ્રદ્ધાળુઓ છે. તેઓ ખરેખર તે જોઈ શકતા હોય અને છતાં સમાજની સમતુલા ખોરવી નાખવા અને સાહસનાં ઝરણાંનો નાશ કરવા કૃતનિશ્ચયી હોય તો તેઓ કિન્નાખોર તેમ જ ભયજનક છે." (ગાર્ડિયનમાંથી)

આમાં રહેલા મુખ્ય મુદ્દાઓ હવે જોઈએ:

(૧) અતિક્રમણ કરતી રાજ્ય સત્તા (Encroaching State power) અને તેને કારણે આરંભ કરવાની વૃતિ (Initiative) રૂંધાય, તેનો વિરોધ.

(૨) ખર્ચાળપણે બિનજરૂરી (લોક કલ્યાણની) જવાબદારીઓ (Expensively unnecessary Responsibilites) રાજ્ય માથે લે તેનો વિરોધ.

(૩) રાજ્યની સત્તા ઓછામાં ઓછી રાખી, વ્યકિતસ્વાતંત્ર્ય અને તેની આકાંક્ષાઓને પૂરો અવકાશ આપવો.

(૪) દરેકને રાજી કરવાની જરૂર નથી. પણ દરેકને ન્યાય આપવો. એટલે કે શકિતશાળી, ઉદ્યમી, સાહસિક તેમ જ નબળા અને દુર્ભાગીઓ બન્નેને ન્યાય આપવો. એકના ભોગે બીજાને નહિ.

(૫) સંપત્તિ પેદા કરીએ તો વહેંચાય, સંપત્તિ રાજ્ય પેદા નથી કરતું; ઉદ્યોગ, વેપાર, કૃષિકામમાં પડેલ વ્યકિતનાં પરિશ્રમ, તેમની દૃષ્ટિ (Vision) અને બચતનું પરિણામ છે. એવી બચત રાજ્ય લઈ લે અને સમાજના કલ્યાણમાં વાપરે એમાં ન્યાય નથી,

(૬) સાહસના ઝરણાં સૂકવી નાખે, જાહેર ક્ષેત્રને વિસ્તારે, પરિણામે સમાજની સમતુલા ખોરવી નાખે એવા લોકો મૂર્ખ અને અંધશ્રદ્ધાળુ (Dangerous and foolish bigots) છે.

સ્વતંત્રતા, ન્યાય, સાહસવૃત્તિને ઉત્તેજન, આ બધાને નામે રાજ્યની ઓછામાં ઓછી દખલગીરી, અને પરિણામે યથાવત્ત સ્થિતિનું રક્ષણ, આ વલણનાં લક્ષણો છે.

મજૂર પક્ષની નીતિના મુખ્ય લક્ષણો શું છે? સામાજિક અને આર્થિક સમાનતા લાવવા, જાહેર ક્ષેત્રને વિસ્તારવું, ખાનગી ક્ષેત્ર ઉપર રાજ્યના અંકુશો મૂકવા, ભારે કરવેરા નાખવા, સામાજિક કલ્યાણની જવાબદારીઓ બને તેટલી વધારે રાજ્યે પોતાને શીરે લેવી, સમાજના નબળા વર્ગોને, સબળ વર્ગોના શોષણ સામે રક્ષણ આપવું, વગેરે.

પરિણામ એવું આવે છે કે કાયદાઓ વધે, નોકરશાહી વધે, વ્યક્તિ-સ્વાતંત્ર્ય ઓછું થાય, કાયદાઓના બંધનમાંથી છુટવા લાંચરુશ્વત વધે, કરચોરી વધે, કામચોરી થાય.

કન્ઝર્વેટીવ પક્ષની નીતિના પરિણામે મિલકત અને આવકની અસમાનતા વધે, ગરીબ તવંગરનું અંતર વધે, નબળા વર્ગોનું શોષણ વધે, સામાજિક અને આર્થિક અસમાનતા વધે, સંઘર્ષ વધે.

બન્ને પક્ષે સ્વતંત્રતા, ન્યાય, સમાનતા, સામાજિક સમતુલા વગેરે શબ્દોનો છૂટથી ઉપયોગ થાય, પણ દરેક તેનો અર્થ જુદો કરે, પોતાના સ્વાર્થ પ્રમાણે.

નિર્ભેળ કન્ઝર્વેટીઝમ હવે રહ્યું નથી, સમય પલટાયો છે, છતાં પાયાનો અભિગમ એ જ છે. તેથી મિસિસ થેચરે કહ્યું છે કે, રાજ્યને આ ધસારો માત્ર ખાળવો નથી પણ તેને ઉલટાવવો છે.

આપણે ત્યાં પણ મિશ્ર અર્થતંત્ર સ્વીકાર્યું છે. મિસિસ થેચરે કહ્યું છે તે બધું શ્રી. પાલખીવાળા સરસ ભાષામાં કહેશે. બેન કે હીલી કહે છે તે કૉંગ્રેસ કહેશે (કરશે કે નહિ તે જુદી વાત છે) ભૂપેશ ગુપ્તા કે ડાંગે બે ડગલાં આગળ જશે. કેટલાક મધ્યમમાર્ગીઓ હશે.

ગાંધીજી અને સાચા સર્વોદયનો માર્ગ બન્નેથી ભિન્ન છે. આ બધી વાતના પાયામાં શું છે? મિલકત અને પરિગ્રહ, મિલકત અને આવકની ભયંકર અસમાનતાઓ, ગરીબ તવંગરની વધતી જતી ઊંડી ખાઈ, નિર્બળ વર્ગોનું અનેકવિધ શોષણ, પરિણામે વધતો જતો પ્રક્ષોભ અને સંઘર્ષ.

સામાજિક સ્વાસ્થ્ય અને સમતુલા માટે મિલકત અને આવકની અસમાનતા બને તેટલી ઓછી હોવી જોઈએ. પણ માણસના લોભને અને પરિગ્રહલાલસાને સીમા નથી. તેથી તેના ઉપર અંકુશ હોવો જોઈએ. કન્ઝર્વેટીવ હોય તે મિલકતને માનવીનો મૂળભૂત અધિકાર માને છે તેથી વ્યક્તિસ્વાતંત્ર્યને નામે આવા અંકુશો ઓછામાં ઓછા હોય તેમ ઈચ્છે છે. સમાજવાદ કે સામ્યવાદ આવા અંકુશો રાજ્ય મારફત કાયદાથી વધુમાં વધુ મૂકે છે. સર્વોદયનો માર્ગ છે કે અંકુશો હોવા જોઈએ, પણ સ્વેચ્છાએ, ગાંધીજીએ માર્ગ બતાવ્યો છે કે માણસે જીવનની જરૂરિયાતો ઓછી કરવી. જરૂરિયાત પુરતો જ પરિગ્રહ રાખવો, વધારે હોય તો પોતાની જાતને તેના ટ્રસ્ટી ગણી, સમાજકલ્યાણ અર્થે વાપરવા. આ માર્ગ ધર્મ અને નીતિનો છે. અપરિગ્રહ ધર્મ છે. પરિગ્રહપરિમાણ સામાજિક નીતિ છે. માણસ સ્વેચ્છાએ આ કરતો નથી. તેથી સમાજવાદ અને સામ્યવાદ રાજ્ય મારફત કાયદાથી કરે છે. પરિણામે વ્યક્તિસ્વાતંત્ર્યને ભોગે આર્થિક અસમાનતાઓ મહદ્અંશે ઓછી થાય છે. સર્વોદય વ્યક્તિ અને સમાજની સમતુલા સાચવે છે, પણ આવું પરિણામ લાવવા, લોકોને પોતાની ફરજો અને ધર્મનું ભાન કરાવવું જોઈએ. તેથી ગાંધીજીએ કહ્યું હતું કે, કૉંગ્રેસનું રાજકીય વિસર્જન કરી, તે લોકસેવક સંઘ રહે, વિનોબાજીએ સર્વસેવા સંઘ મારફત આ માર્ગ લીધો. જયપ્રકાશે ભૂદાન, ગ્રામદાન અને ટ્રસ્ટીશિપના સિદ્ધાંતના અમલ માટે પ્રચાર અને પ્રયત્ન કર્યો. હવે રાજકીય આંદોલનને માર્ગે છે. સંસદ સમક્ષ ખતપત્ર રજૂ કર્યું છે તેમાં લઘુત્તમ વેતન, આવકની મર્યાદા, (૧-૧૦નું પ્રમાણ), જમીનવિતરણ, સૌને રોજી મળે વગેરે સમાજવાદી માગણીઓ છે. કાયદાથી કરવું છે કે બને ત્યાં સુધી લોકો સ્વેચ્છાએ કરે એમ કરવું છે? રાજ્યની ઓછામાં ઓછી દખલગીરી હોવી જોઈએ, એમ જયપ્રકાશ કહે છે. રાજસત્તા કરતા લોકશક્તિ ઉપર વધારે આધાર રાખવો છે. ધ્યેય એક છે, માર્ગ જુદો છે. જયપ્રકાશે કહ્યું છે, ગાંધી અને લેનિન બન્નેનો તેમના ઉપર પ્રભાવ છે.

મિસિસ થેચરે સામાજિક સમતુલા અને ન્યાયનું કહ્યું છે તેમને મન ન્યાય એટલે સબળ, નિર્બળ, બન્નેને સમાન રક્ષણ. પરિણામે સબળ વધારે સબળ થાય, નિર્બળ વધારે નિર્બળ થાય. (Unequals cannot be treated equally, That only increases inequality). સાચો ન્યાય કરવો હોય તો સબળ સામે નિર્બળને રક્ષણ આપવું જોઈએ. સબળને દબાવવા જોઈએ, નિર્બળને સહાય કરવી જોઈએ. મિસિસ થેચર કહે છે, સંપત્તિ પેદા કરવા સાહસ, આરંભવૃત્તિ અને પ્રેરણા (enterprise, initiative and incentive) ને ઉત્તેજન આપવું જોઈએ. તેને માટે સમાજે કેટલી કીંમત ચૂકવવાની?

ખરી રીતે, આપણે બધા મૂડીવાદી (Property–minded) છીએ. નથી તેને મેળવવી છે; છે તેને વધારવી છે અને રાખવી છે. આ વૃત્તિનો બચાવ કરવા ઘણાં કારણો શોધી કાઢીએ છીએ. સાચી ક્રાન્તિ ત્યારે થાય, જ્યારે આ અભિગમ બદલાય. તે માટે લોકોને સાચું કહેવું પડે. તેમના દોષો બતાવવા પડે. આપણે સૌ આ રોગના ભોગ બનેલા છીએ. બીજાના દોષ જોઈને આપણા દોષ ઢાંકી, ખોટો આત્મસંતોષ લઈએ છીએ.

૧૩-૧-૭૫

ચીમનલાલ ચકુભાઈ

## પ્રશ્ન

નાટકના પડદા પર ચીતરેલા ઝાડને
એક દિવસ ચાલવાનું મન થયું,
મૂળિયાંએ ચાલવાનો ચાળો કર્યો,
અને પડદા પર બળબળતું રણ થયું.

લાકડાની રંગભૂમિ સળગી ઊઠી,
અહીં સાંભળીને માણસની વાતો,
વાણીની પછવાડે કેવી મીંઢાઈ! –
– મળે માણસ ને નહીં મુલાકાતો.
સોગઠાંની ચાલ જ્યારે પંખીઓ ચાલે,
ત્યારે આખા આકાશનું પતન થયું!

ખુરશીમાં બેઠેલા પૂતળાંઓ ચાવીથી,
જોરજોર તાળીઓ પાડે,
ઘોંઘાટે ટહૌકો એક ડૂબી ગયો,
અહીં પિત્તળિયા અજવાળાં આડે,
પૃથ્વીનાં પડદા પર કાદવનું ચિતરામણ:
બ્રહ્માથી કેમ આ સહન થયું?

સુરેશ દલાલ

# અંદાજપત્ર અને સામાન્ય માનવી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે કેન્દ્ર સરકારના અંદાજપત્ર પર યોજાયેલા પ્રવચનમાં બોલતાં 'કોમર્સ' સામયિકના રિસર્ચ બ્યુરોના વડા અને જાણીતા અર્થશાસ્ત્રી ડૉ. નરોત્તમ શાહે જણાવ્યું હતું કે સરકાર દ્વારા અપાતા વચન અને તેના અમલના વિરોધાભાસની પ્રતીતિ મેળવવા માટે કોઈ પણ વર્ષનું અંદાજપત્ર જોઈ જવું જ જરૂરી છે. દેશની ૯૦ ટકા જેટલી ગરીબ પ્રજાના ઉત્કર્ષના ધ્યેયને વરેલી લોકશાહી સમાજવાદી સરકારના આયોજનમાં આ વર્ગ માટે એક રૂપિયાની પણ જોગવાઈ થતી નથી, એટલું જ નહીં, આ પ્રજાને નામે જે કાળાં કામ થાય છે, જે ભ્રષ્ટાચાર થાય છે તેનો કોઈ હિસાબ નથી.

કેન્દ્ર સરકારનાં ૧૯૭૫-'૭૬ના અંદાજપત્રમાં પણ આ જ હકીકતનું પુનરાવર્તન થયું છે, અંદાજપત્રના કરવેરાની દરખાસ્તો અને આવક તથા જાવકના આંકડાઓની જાળમાં પડયા વિના અંદાજપત્રનો તાર્કિક અભ્યાસ કરતાં જણાશે કે જે અંદાજપત્રના પ્રવચનમાં નાણાંપ્રધાન શ્રી. સી. સુબ્રમણ્યમે ગરીબ પ્રજાનું 'લઘુતમ' વપરાશનું ધોરણ ઊંચે લાવવાની ગુલબાંગો મારી છે, તે અંદાજપત્રમાં ગરીબોના ઉત્કર્ષ માટે એક પૈસો પણ ફાળવવામાં આવ્યો નથી; તેમ જ અંદાજપત્ર પૂર્વે બહાર પડાતાં આર્થિક સર્વેમાં, અંદાજપત્રની સમજૂતી આપતાં મેમોરેન્ડમમાં કે સરકારનાં કોઈ પણ દસ્તાવેજમાં 'લઘુતમ વપરાશના ધોરણ'નો અર્થ આપવામાં નથી આવ્યો, કે નથી તેની વ્યાખ્યા બાંધવામાં આવી! સરકારનાં છળનો આથી શ્રેષ્ઠ પુરાવો બીજો કયો હોઈ શકે?

દેશમાં મોટી સંખ્યાના બેકારોની સમસ્યા હલ કરવાના પ્રથમ પગલાંરૂપે મહારાષ્ટ્ર સરકારે ખાસ રોજગારી યોજના દાખલ કરવાની કેન્દ્ર સરકારને દરખાસ્ત કરી હતી. આ યોજના હેઠળ લાખો બેકારોને બે ટંક ખાવા પૂરતી રોજી મળી રહેવાની શકયતા હતી; પરંતુ કેન્દ્ર સરકારે તથા આયોજન પંચે આ યોજનાને નકારી કાઢી અને કોઈ પ્રકારની નાણાકીય મદદ કરવાનો ઈન્કાર કરી દીધો હતો.

અંદાજપત્ર બહાર પડે કે તરત જ ડૉ. શાહ તેનાં તમામ પાસાંનો તલસ્પર્શી અભ્યાસ કરી સરકારનાં વચનોની પોકળતા ખુલ્લી કરી દે છે. આ વર્ષના અંદાજપત્રમાં ખેતીવાડી અને ઊર્જા ક્ષેત્રના વિકાસને અગ્રતા આપવાની નાણાપ્રધાને જાહેરાત કરી; ડૉ. શાહે આંકડાઓ દ્વારા સિદ્ધ કર્યું કે ગયે વર્ષે આ ક્ષેત્રે કુલ ખર્ચના ૨૦ ટકા ફાળવણીની સામે આ વર્ષે ૧૮ થી ૧૯ ટકા જેટલી ફાળવણી થઈ છે. અર્થાત્, ફાળવણીનું પ્રમાણ ઘટયું છે.

અર્થશાસ્ત્રના નિયમો અનુસાર જોઈએ, તો કરોડો રૂપિયાના કરવેરા દ્વારા એકઠાં કરાતાં વિશાળ નાણાકીય સાધનોદ્વારા બચત અને મૂડીરોકાણનું પ્રમાણ વધવું જોઈએ અને તે વધતાં ઉત્પાદન વધે તેથી જીવનધોરણ ઊંચું આવે; પરંતુ આપણા દેશના અર્થતંત્રમાં રાજકારણ, ભ્રષ્ટાચાર, સગાંવાદ જેવાં અનેક પરિબળો ઘૂસી ગયાં છે, જેને પરિણામે ગરીબ જનતાને ભાગે તો આર્થિક આબાદીનાં વિષમ ફળો જ ચાખવાનાં રહે છે.

ડૉ. શાહે કહ્યું કે છેલ્લાં દસ વર્ષનાં આંકડાઓને પાંચ-પાંચ વર્ષના સમયગાળામાં વહેંચી દઈ તુલના કરીએ તો જણાશે કે પ્રથમ પાંચ વર્ષના ગાળા કરતાં બીજા પાંચ વર્ષના ગાળામાં પ્રજા પાસેથી ૭૦ ટકા વધુ નાણાં સરકારે મેળવ્યા છે, છતાં બચત અને મૂડીરોકાણનો દર વધ્યો નથી, બલ્કે ઘટયો છે. આનું કારણ શું? વધુ નાણાં મેળવાતાં જ ભ્રષ્ટાચાર, જાહેર સાહસોનું બિનકાર્યક્ષમ સંચાલન, ફુગાવો વગેરે પરિબળો નાણાંની કોથળીને વળગી પડે છે અને મોટાં ભાગનાં નાણાં આ પરિબળો દ્વારા શોષાઈ જતાં બચત અને મૂડીરોકાણ માટે બહુ ઓછા નાણાં ફાજલ રહે છે. પરિણામે ઉત્પાદન વધતું નથી, જીવનધોરણ સુધરતું નથી અને પ્રજા પરની ભીંસ વધતી જાય છે. આપણી સરકાર નાણાં ઊઘરાવવામાં તો એવી કાબેલ થઈ ગઈ છે કે જેટલા નાણાં વધારાના કરવેરાદ્વારા પાંચમી પંચવર્ષીય યોજના દરમ્યાન મેળવવાનું લક્ષ્ય હતું, તેટલા નાણાં યોજનાના પ્રથમ વર્ષમાં નખાયેલા વધારાના કરવેરાદ્વારા જ મેળવી લીધા! આમ છતાં બિનઆર્થિક પરિબળોને કારણે નાણાંની કટોકટી એટલી જ ઉગ્ર રહી અને મોટાં એકમોની રચના કરવા માટે સરકાર પાસે નાણાં રહ્યાં નથી. વીજળી, ખાતર, પોલાદ, એલ્યુમિનિયમ જેવાં મહત્વનાં અનેક એકમો નાણાંની અછતના કારણે જ ઊભા થતાં થંભી ગયા છે.

આ ક્ષણે, ડૉ. શાહે ઉગ્ર બનીને કહ્યું હતું કે હવે સરકાર તેની કાર્યક્ષમતા ન વધારે તો વધુ ને વધુ નાણાં ભેગા કરવાથી શું વળે? સરકારદ્વારા જાહેર ક્ષેત્રે થતાં વધુ ને વધુ મૂડીરોકાણ માટે જનતા સરકારને પડકાર ફેંકે. આ મૂડીરોકાણ દેશ માટે ઘાતક છે.

ફુગાવો અને અંદાજપત્રનો ગાઢ સંબંધ પ્રતિપાદિત કરતાં ડૉ. શાહે કહ્યું કે ફુગાવાનું મૂળ અંદાજપત્ર છે. અંદાજપત્રદ્વારા સરકાર પોતાનાં બેફામ ખર્ચાને પહોંચી વળવા તથા અન્ય ક્ષેત્રોની ફાળવણી માટે નાણાંનો પુરવઠો વધારી મૂકે છે અને રાષ્ટ્રીય આવકનો દર તેટલા જ પ્રમાણમાં વધતો નથી ત્યારે ફુગાવો સર્જાય છે. સરકારની ફુગાવા પ્રેરક નીતિને કારણે ખાનગી ક્ષેત્રના ઉદ્યોગોને પણ સહન કરવું પડે છે. આ ઉદ્યોગોને જોઈતા કાચા માલના અને સેવાના દર તથા વેતન દર વધી જતાં અમુક એકમને માલ માટે અગાઉ કરતાં વધુ નાણાંની જરૂર પડે છે, પરિણામે તેઓ બેન્કો પાસે વધુ ધિરાણની માગણી કરે છે અને આ ધિરાણ નાણાપુરવઠામાં વધારો કરતાં ફુગાવાનું વિષચક્ર ચાલુ રહે છે. આજે આપણો નાણાપુરવઠો વાર્ષિક ૧૨ થી ૧૬ ટકાના દરે વધે છે, જ્યારે રાષ્ટ્રીય આવક માંડ ત્રણેક ટકાના દરે વધે છે તેથી ફુગાવો ચાલુ રહે છે.

જો કે છેલ્લાં પાંચેક માસ દરમ્યાન જથ્થાબંધ ચીજવસ્તુઓના ભાવમાં નોંધાયેલા પાંચેક ટકાના ઘટાડા માટે સરકારની સિદ્ધિને બિરદાવવી જોઈએ. ગત મેથી ઑગષ્ટ માસ દરમ્યાન નાણાંનો પુરવઠો રૂ. ૧૧,૩૦૦ કરોડ પર સ્થિર રહ્યો છે, તેથી ભાવો થોડા ઊતર્યા છે. આજની ઘડીએ ભાવો ઘટે નહીં, પણ સ્થિર રહે તે પણ એક સિદ્ધિ ગણાશે.

ભાવવધારો અંકુશમાં રાખવા માટે ડૉ. શાહે બે સૂચનો કર્યાં હતાં; જે મુજબ સરકારે જનતાને ખુલ્લી બાંયધરી આપવી જોઈએ કે ચાલુ વર્ષમાં અને આગામી વર્ષોમાં નાણાંનો પુરવઠો ૫ ટકાથી વધશે નહીં. બીજું સૂચન હતું કે સરકારની આંતરિક વ્યવસ્થા તળિયાઝાટક સુધરવી જોઈએ.

આગામી સામાન્ય ચૂંટણીના સંદર્ભમાં ડૉ. શાહે નિર્દેશ કર્યો હતો કે વડા પ્રધાન ચૂંટણી જીતવા માટે ભાવોને કોઈ પણ ભોગે કાબૂમાં રાખવા પ્રયાસ કરશે. બેન્ક ધિરાણ ઓછું કરીને, તાજેતરમાં તેઓ જથ્થાબંધ ભાવોને ઘટાડી શકયા છે, તે પ્રયોગ તેઓ ચાલુ રાખીને, બેન્ક ધિરાણ વધુ ઓછું કરીને પણ ભાવો ઘટાડવાનો મહાપ્રયાસ કરશે.

અંદાજપત્રની આંટીઘૂંટીઓ અને તેની અસરો સામાન્ય માનવીને સરળ ભાષામાં સમજાવવી ઘણી વાર કઠીન બની જાય છે; પરંતુ ડૉ. નરોત્તમ શાહે આ કઠીન કાર્ય આસાનીથી, આંકડાની જંજાળમાં પડયા વિના, સચોટ રીતે કર્યું.

**સંકલન: શિરીષ મહેતા**

# એકરારનામાના અંશો

'જીવનને ગંભીરપણે લેતો કોઈ પણ સંવેદનશીલ માનવી પ્રજા માટે થોડોક દુષ્પ્રાપ્ય હોય છે', રાધાકૃષ્ણને માણસના જીવન વિષે વાત કરતાં કહ્યું હતું. સાથે સાથે તેમણે એમ પણ કહ્યું હતું કે 'જો સચ્ચાઈથી લખાય તો કોઈ પણ માણસના પોતાના જીવનની કથામાં બીજાને રસ પડયા વિના રહે નહીં.' પણ આ સચ્ચાઈ કઈ? માણસ નોંધપોથી કે આત્મકથા લખે ત્યારે બીજાઓ પોતાના વૈયકિતક જીવનની આ વાત વાંચવાના છે એ વિષે સભાન હોય છે: એટલે એમાં સચ્ચાઈને ઉપસાવવાનું ઘણું વિકટ હોય છે. પણ માણસના જીવનને ઘડનારા પ્રાણવાન વિચારોની કથા તો એનાં લખાણોમાં ઘાટ પામ્યા વિના રહે જ નહિ. અને એટલે જ માણસ જ્યારે સહજ રીતે કંઈક લખે ત્યારે એ પોતાને સવિશેષ પ્રગટ કરતો હોય છે. અને આ જ વાત રાધાકૃષ્ણનને પોતાનાં લખાણો વિષે લાગી છે; એટલે તો તેમણે લખ્યું છે: 'મારાં લખાણો મારા એકરાર-નામાંનાં અંશોથી વિશેષ કાંઈ નથી.

હમણાં રાધાકૃષ્ણનને કોઈ પણ ફિલસૂફ કે ચિંતક જે પામવા ઉત્સુક રહે એવું ટેમ્પલટન પારિતોષિક અપાયું. રાધાકૃષ્ણનને જ્યારે આ પારિતોષિક અપાયું ત્યારે એ પારિતોષિકને નવું ગૌરવ પ્રાપ્ત થયું. આ નિમિત્તે એમના એકરારનામાં જેવાં લખાણો તરફ વધુ એક વાર જવાયું. વર્ષો સુધી કંઈક એવો ખ્યાલ રહ્યો હતો કે રાધાકૃષ્ણનની ફિલસૂફી નીરસ હોવી જોઈએ. આમે ચિંતનાત્મક સાહિત્યને મૂળથી પામ્યા હોવાનો દાવો કરી શકું એવું તો છે જ નહીં; નિત્શે, શોપનહેર, રસેલ જેવા સર્જનાત્મક ફિલસૂફોને મનભરીને વાંચવા ગમે અને કેન્ટ કે મિલ જેવા પાસે અટકી જવાય. બુદ્ધમાં રસ પડે પણ બુદ્ધની મૂર્તિને અગ્નિમાં હોમી તાપણું કરનારા ઝેન સંતોનું આકર્ષણ વધારે રહે. કોઈક એવી ક્ષણે મનમાં એવું ઠસી ગયું કે રાધાકૃષ્ણન નીરસ છે, એટલે ઘણો વખત સુધી એમને વાંચ્યા જ નહીં. થોડાં વરસો પહેલાં ભારતીય વિદ્યા ભવનમાં તેમણે એક ટૂંકું–માત્ર પચીસ, ત્રીસ મિનિટનું પ્રવચન આપ્યું. પ્રવચનમાં શ્રીમદ્ ભગવદ્ગીતાના પ્રત્યેક અધ્યાયના અંતે આવતા 'ઈતિ શ્રીમદ્ભગવદગીતા સૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રી કૃષ્ણાર્જુન સંવાદે' એ શબ્દો વિશે તેમણે વાત કરી, બ્રહ્મવિદ્યા, યોગશાસ્ત્ર અને કૃષ્ણાર્જુન સંવાદ એ ત્રણ શબ્દો આ પ્રવચન પછી માત્ર શબ્દો ન રહ્યા, અનુભવ બની રહ્યા. આપણી ભીતર રહેલો અર્જન આપણી જ ભીતરમાં રહેલા કૃષ્ણને જે પ્રશ્નો સતત પૂછતો રહે છે એ સાંભળવાના કાન આ પ્રવચન દ્વારા મળ્યા. જો કે કૃષ્ણનો ઉત્તર– જે સતત અપાતો રહે છે એ સાંભળવા શકિત-માન કરે એવી શ્રુતિ તો પામવાની રહે જ.

રાધાકૃષ્ણન નીરસ નથી, એની પ્રતીતિ તેમને વાંચતો ગયો એમ થતી ગઈ. કયાંક તેમની કૃતિઓ કવિતાની જેમ માણી, તો કયાંક પૃષ્ઠોનાં પૃષ્ઠો પસાર થઈ જવા દીધા. પણ આ બધામાં ભારતના માર્કસ ઓરેલિયસ સમા ફિલસૂફ રાજપુરુષ રાધાકૃષ્ણનને પ્રગટ થતા, અને કયારેક તો આપણી ભીતર રહેલા કોઈક તત્ત્વ સાથે સંવાદ કરતા અનુભવ્યા. એ રવીન્દ્રનાથ ટાગોરની વાત કરતા હોય કે ભગવાન મહાવીરની, ઉપનિષદોના ઋતની વાત કરતા હોય કે મહાત્મા ગાંધીના સત્યની, એ કયારેક તો મુગ્ધ અને તંગ રાખે એવા સાતત્ય સાથે આકારાતા હોય છે. સત્યની વેદી પર, (સ્વતંત્રતાની નહીં) ભારતવર્ષને પણ હોમી દેવાની તૈયારી દાખવતા ગાંધીજીના શબ્દો તેમણે વિવિધ ધર્મોના મૂળ તત્ત્વની વાત કરતાં કરતાં ટાંકયા, ત્યારે થોડું સ્તબ્ધ થઈ જવાયું.

પ્રતીતિનું બળ રાધાકૃષ્ણનની ફિલસૂફીને ધારણ કરતું પરિબળ છે. બિશપ વેસ્ટકોટના શબ્દો ("દુનિયાના ઈતિહાસને આકાર આપતા બે મહાન વિચારક રાષ્ટ્રો છે, ભારત અને ગ્રીસ. ગ્રીસ યુરોપને દોરે છે– ભારત હમેશાં એશિયાને દોરનાર બનશે.") સાંભળવા ગમે, છતાં "ભારતનો આવી નેતાગીરીનો કોઈ દાવો નથી: એ ચીનની સંસ્કૃતિની પ્રાચીનતા અને તેના મહિમાને સ્વીકારે છે" એવા શબ્દો દ્વારા પરિસ્થિતિને યથાર્થ પરિમાણમાં જોવી રાધાકૃષ્ણન વધારે પસંદ કરે છે. એટલે જ એ વાચાળ નથી બનતા, ગહન બને છે.

એ ધર્મનો જન્મ કયાં થાય છે એ સત્યને પામી શકયા છે: તેઓ કહે છે: 'એકાન્તમાં વસતો આત્મા ધર્મની જન્મભૂમિ છે. સિનોઈ પર્વત પર એકલવાયા મોઝીસ, બોધિ વૃક્ષ નીચે ધ્યાનમાં ખોવાયેલા બુદ્ધ, પ્રાર્થનાની નિશ્ચલતામાં જોર્ડન પાસેના ઈસુ, રણમાં એકલા ભટકતા પોલ, મક્કાના એકલવાયા પર્વત પર મોહમ્મદ તથા અલ્વેર્નોના વિજન ટેકરાળ પ્રદેશમાં પ્રાર્થના કરતા ફ્રાંસિસ ઓફ આસિસિને ભગવાનની વાસ્તવિકતાની ખાતરી અને બળ મળ્યાં હતાં. ધર્મમાં કંઈ પણ મહાન, નવું કે સર્જનાત્મક પ્રગટે તો એનાં મૂળ પ્રાર્થનાની શાંતિમાં કે ધ્યાનમાં એકાંતમાં જોઈ શકાશે.'

રાધાકૃષ્ણનની ફિલસૂફીની જન્મભૂમિ પણ આ એકલતા જ છે. દક્ષિણના લાક્ષણિક ધર્માનુરાગી માતાપિતાના બીજા પુત્ર રાધાકૃષ્ણન માટે પુસ્તકોથી વધીને કોઈ સાથી ન હતો. લોકોની હાજરીમાં તેઓ ગુંગળામણ અનુભવતા. આમ છતાં, ફરજ આવી પડે ત્યારે તેઓ 'વાચાળ' કે 'મળતાવડા' બની શકતા, છતાં અંદરથી તો તેઓ સદાના એકલવાયા જ હતા અને છે. એટલે જ ભીતરથી ખળભળતા ઊર્મિતરંગો એમને ક્ષુબ્ધ કરતા હોય, અને સંકલ્પ વેરાઈ જતો હોય, છતાં બહારથી તેઓ 'ઠંડા' અને 'દઢ સંકલ્પવાળા' ગણાતા. ધર્મ-નિષ્ઠ કુટુંબમાં ઉછેર અને એ જ ધર્મની માન્યતાઓને મૂળથી ઉખેડવા મથતા ખ્રિસ્તી પાદરીઓ દ્વારા ચલાવાતી શાળા–મહાશાળા-માંનો અભ્યાસ રાધાકૃષ્ણનની શ્રદ્ધાને આંચકો આપનારાં અંતિમો હતાં: કોલેજમાં તત્ત્વજ્ઞાનનો વિષય રાખ્યો હોવા છતાં ભારતીય તત્ત્વજ્ઞાન ઝાઝું ભણવા મળતું નહીં, તેથી જ તેમણે વૈજ્ઞાનિક રીતે, ભારતીય તત્ત્વજ્ઞાનને પામવા અને પ્રગટ કરવા ઝંખના કરી; અને એ ઝંખનાને ૧૯૦૮માં તેમણે એમ. એ.ની પદવી માટેની પાત્રતા સિદ્ધ કરવાના એક ભાગ રૂપે લખેલા મહાનિબંધ 'એથિકસ ઓફ વેદાંત'થી છેક 'રિલિજયન ઈન ચેન્જિગ વર્લ્ડ' જેવાં પ્રકાશન સુધી પ્રગટ કરતા રહ્યા છે.

ધર્મ અને માનવી એ બંને એમના ચિંતનના વિષયો રહ્યા છે. તેઓ પણ માકર્સની માફક ફિલસૂફીને જીવનના અર્થઘટન કરનાર તરીકે નહિ, પણ સર્જનાત્મક કાર્ય કરનાર કે જીવનમાં પલટો આણનાર તત્ત્વરૂપે પિછાણે છે. એટલે જ તેઓ એક તરફથી 'રેશનલ' છે, છતાં બીજા પક્ષે જાણે છે કે વિજ્ઞાન એક ઝાટકે દુનિયાની ગરીબીને દેશવટો આપી શકાય એટલું આગળ વધ્યું હોવા છતાં દુનિયામાં હજી ગરીબી રહી છે. 'સમાજવાદ' અને 'ફાસીવાદ' એ બે શબ્દો સાંપ્રત રાજકારણમાં ખૂબ ચર્ચાતા હોઈને તેમનું આ નિરીક્ષણ આજે તો વધારે સાચું છે કે રશિયા કે ઈટાલીનો દાખલો લેતા, સંપત્તિને સમાન રીતે વહેંચવાનો દાવો કરતા, છતાં સામસામા અંતિમે બેસતાં આ બંને વાદો ખરેખર તો સંઘર્ષમાં અને વ્યકિત-સ્વાતંત્ર્યના દમનમાં પરિણમે છે. વિજ્ઞાન અને અર્થકારણથી પ્રેરાયેલો સમાજ કારાગાર બની ગયો છે. એ કહે છે: 'અર્થપુરુષ એ સમગ્ર પુરુષ નથી; જો માણસ આધ્યાત્મિક રીતે નિરક્ષર હોય તો શારીરિક સજ્જતા કે બૌદ્ધિક તીક્ષ્ણતા વધારે જોખમી છે!

આધ્યાત્મિક નિરક્ષરતા – સ્પિરિચ્યુઅલ ઈલ્લિટરસી–શબ્દ જ તેઓ અક્ષરને પામ્યા છે તેની પ્રતીતિ કરાવે છે. આ અક્ષરને તેઓ પામ્યા છે, એટલે તો ધર્મ તેમની નિસ્બતનો વિષય રહ્યો છે. પણ આ ધર્મ માનવી–નિરપેક્ષ હોય તો તે તેમને ખપતો નથી, એટલે જ એ ધર્મની વાત કરે છે, સંપ્રદાયની નહિ. "માણસનો આત્મા જેને પવિત્ર માને એવા કોઈ પણ વિષય માટે એકાદ પણ બેજવાબ-

દારીભર્યો શબ્દ ન બોલાય" તેની ચોંપ રાખનાર આ ફિલસૂફ એક તરફથી સૃષ્ટિને ભગવાનના કાવ્ય તરીકે જોતાં વેદને યાદ કરે છે, તો બીજા પક્ષે "દુનિયાનું સર્જનાત્મક ચિંતન અશ્રાદ્ધાળુઓએ જ કર્યું છે" એવા લૉર્ડ એક્ટનના વિધાનને ભૂલતા નથી. તેઓ વેદધર્મના તત્ત્વજ્ઞાનને સ્વીકારે છે, તો મહાવીર અને બુદ્ધે ધર્મના શુદ્ધ સ્વરૂપો પ્રગટાવ્યાં તેની પણ વાત કરે છે અને સાથે સાથે 'જ્યાં સર્વોચ્ચ મૂલ્યોનું અવમૂલ્યન થાય છે' એવા નિત્શેના 'નિહિલીઝમ' (Nibilism) નો મહિમા પણ જાણે છે. આથી જ એ દેવળમાં જઈ "ભગવાનને પોતાની હસ્તી પુરવાર કરવી હોય તો મારા પર હાથ ઉગામે" એવો પડકાર ફેંકતા બેબિટના સર્જક સામે "ન માનુષાત્ શ્રેષ્ઠતરમ્ હિ કિંચિત્"નું મહાભારતવાક્ય પણ મૂકે છે. એ સુફીઓની વાત કરે છે, તો કબીર, ચંડીદાસ, નાનક કે દાદુની વાણીનો પણ એટલો જ આદર કરે છે.

એ 'ધર્મપૂજા વિધાન'માંની શૂન્ય ધર્મની પ્રાર્થના એક સ્થળે ટાંકે છે: "જેને આરંભ નથી કે નથી અંત, આકૃતિ નથી કે નથી રૂપ, જન્મ નથી કે નથી મૃત્યુ, જે સર્વવ્યાપી છે અને હેતુમાં અસીમ છે, જે નિષ્કલંક અને અમર છે, જેને માત્ર યોગથી જ પામી શકાય છે તે શૂન્યમૂર્તિ મારી તારણહાર બનો.' અને આ શૂન્ય એ વાસ્તવમાં તો ધર્મની આધારશિલા છે એ વાત તેઓ સમજાવે છે.

બુદ્ધના સ્રીને ધર્મ-વ્યવસ્થામાં સ્થાન આપવાના વિચારોને એ માત્ર એક પ્રસંગ આપી ઉપસાવે છે. જીવનના છેલ્લા વર્ષમાં બુદ્ધે વારાંગના આમ્રપાલી સાથે ભોજન લીધું હતું, છતાં સ્રીઓને ધર્મ-વ્યવસ્થામાં પ્રવેશ આપતાં તેમણે ભારે ખિચકાટ અનુભવેલો. આનંદે જ્યારે પૂછ્યું: 'ભગવાન, સ્રીઓ બાબત આપણો આચાર શો હોવો જોઈએ?" ત્યારે બુદ્ધે કહ્યું: આનંદ, એમને જોવી જ નહીં.' 'પણ તેઓ આપણી સાથે વાત કરે તો?' 'તો જાગતા રહેવું'. પણ આનંદનું સ્રી દાક્ષિણ્ય બુદ્ધ પાસેથી સ્રીઓને ધર્મ વ્યવસ્થામાં પ્રવેશ અપાવીને જ જંપ્યું. ત્યારે બુદ્ધે કહ્યું: 'આનંદ, જો સ્રીઓને ધર્મમાં પ્રવેશવાની છૂટ ન આપી હોત તો શુદ્ધ ધર્મ વધુ ટક્યો હોત. હવે એ માંડ પાંચસો વરસ ટકશે.' બુદ્ધ સાચા ઠર્યા. પાંચસો વરસમાં એ ધર્મ ભારતમાંથી લુપ્ત થઈ ગયો. આનંદ પણ સાચો ઠર્યો. આજે પણ એ જીવતા વિશ્વધર્મોમાંનો એક છે. રાધાકૃષ્ણને સહજાનંદ સ્વામીને વાંચ્યા હોત તો કદાચ તેઓ બુદ્ધના આ નિરીક્ષણને સહજાનંદના અભિપ્રાયો સાથે સરખાવ્યા વિના ન રહ્યા હોત.

તેમણે ધર્મની સાથે માણસનો પણ વિચાર કર્યો છે. અને માણસની વાત આવે ત્યારે તેની સાથે અનિવાર્યપણે વણાઈ ગયેલી વેદનાની વાત આવ્યા વિના રહે નહીં; એ કહે છે 'વેદના એ સજા નથી, ભાઈચારાનું વરદાન છે.' તમામ સર્જકતાના મૂળમાં વેદના રહી છે. વેદના સહન ન કરી શકે એ એટલી હદે નૈતિક રીતે નિર્બળ છે. દુ:ખ માગો ભલે નહીં, પણ તેનો સામનો કરી શકો, એ આત્મબળની નિશાની છે. વિવાદનાં ઊંડાણોમાંથી જ તેજનો પરિચય થાય છે.' અને પછી સર્જનાત્મક બલિદાનને જીવનનું રહસ્ય લેખાવી તેઓ ક્રોસના ખ્રિસ્તી વિચારની વાત કરે છે. વેદના અને મૃત્યુ દ્વારા અનિષ્ટ પરનો વિજય બુદ્ધના મહેલમાં કે ઝેર પીતા સોક્રેટિસની જેલમાં જ નહીં, માણસને સુખી કરવા માટે સહાતી પ્રત્યેક વેદનાની ક્ષણમાં પણ થતો હોય છે એ વાત રાધાકૃષ્ણન આપણને સમજાવે છે.

પણ જે આ વેદનાના મૂળ સુધી જઈ શકે તેના માટે જ એ વરદાન છે, એ વાત આ ફિલસૂફ જાણે છે; એટલે તો તેમણે બુદ્ધના એક દૃષ્ટાંત દ્વારા એ સત્યને ઉપસાવ્યું છે. માલુંક્યપુત્ર નામના શિષ્યે બુદ્ધને કહ્યું: 'કાં મારા સંશયોના ઉત્તર આપો અથવા કહો કે હું જાણતો નથી. તો આ કષાય વસ્રો ઉતારી સંસાર ભેગો થઈ જઉં'. બુદ્ધ હસીને તેને કહે છે: 'કોઈને ઝેરી તીર વાગ્યું હોય અને વૈદ તે ખેંચવા જાય ત્યારે એ પૂછે: "તમે એ તીર ખેંચો એ પહેલાં મને જવાબ આપો - એ કોણે માર્યું, સ્રીએ કે પુરુષે? એ બ્રાહ્મણ હતો, વૈશ્ય હતો કે શુદ્ર હતો? એ ક્યા કુટુંબનો હતો? એ ઊંચો હતો કે બાંઠકો હતો? એ તીર ક્યા પ્રકારનું છે? તમે આ બધા જવાબ આપવા રોકાઓ તો શું થાય? ઝેર તેનું કામ કરે અને તમે મૃત્યુ પામો, વેદનાનું રહસ્ય, વેદનાનું સત્ય જાણ્યા વિના જ એ મૃત્યુ પામે!'

રાધાકૃષ્ણનનો આશાવાદ રસેલની નજીક પહોંચે છે. ફરક એટલો જ છે કે રાધાકૃષ્ણન એ માત્ર ભીતરની ભૂમિકા પર જીવ્યા છે, જ્યારે રસેલ ભીતરની ભૂમિકા પર જે જીવ્યા એને બાહ્ય આચારની ભૂમિકા પર જીવવાનો પ્રયોગ કરી શક્યા. એટલે જ રસેલ કહે છે: 'મુક્ત અને સુખી માનવીની દુનિયાનો માર્ગ છે એ કરતાં વધારે ટૂંકો મેં ધારી લીધો હશે, પણ આવી દુનિયા શક્ય છે અને એને નજીક લાવવા માટે જીવવા જેવું છે, એવું વિચારવામાં હું ખોટો નથી.' જ્યારે રાધાકૃષ્ણન માત્ર નિવેદન કરીને અટકી જાય છે. 'નવી દુનિયાનો, એક નાની દુનિયાનો ઈતિહાસ આરંભાયો છે. એ કદમાં વિશાળ, રંગમાં વિવિધ અને ગુણમાં સમૃદ્ધ થવાનો કોલ આપે છે.' રાધાકૃષ્ણન આ નવી દુનિયાને જુએ છે, તેની નાડ પારખે છે, પણ રસેલની માફક આ નવી દુનિયા સર્જવામાં સંડોવાતા નથી. એટલે જ એ વિચારની ભૂમિકા પરના ઋષિ છે: આચારની ભૂમિકા પરના નહીં.

આ છતાં રાધાકૃષ્ણનની દૃષ્ટિએ ધર્મને પામવા જેવો છે. શ્રુતિ, પ્રણાલિકા અને વ્યવહાર, શીલવાન મનુષ્યોના આચાર અને આત્માના ચાર પાયા પર તેમણે જે ધર્મ જોયો છે એ માત્ર હિંદુ, બૌદ્ધ, જૈન, ખ્રિસ્તી કે ઈસ્લામ ધર્મ નથી. એમાં વિશ્વધર્મની બુનિયાદ રહી છે. રાધાકૃષ્ણનની દૃષ્ટિએ માણસને પણ જોવા જેવો છે. એ વિશ્વમાનવીની વાત કરે છે. એ સામાન્ય માનવીની વાત પણ કરે છે: એ ગાંધીને સમજવા યત્ન કરે છે. ગાંધીની હયાતી અને મૃત્યુ પાછળના મર્મને ઉઘાડી બતાવે છે; નેહરુ નીતિશાસ્રના સિદ્ધાંત રાજકારણમાં લાગુ પાડવા ગયા એમ કહીને તેઓ અટકી જાય છે. કદાચ બહુ નજીકના અને રાષ્ટ્રપતિ તરીકે તેમને જેની સાથે જુદી ભૂમિકા પર નિકટ આવવાનું થયું હતું એવા માનવી વિશે બુદ્ધ કે મહાવીર, કૃષ્ણ કે ઈસુ વિશે જે તાટસ્થ્ય અને આત્મીયતાથી કરી શકાય એ રીતે વાત કરવી તેમને ફાવી નથી. આથી ગાંધી કે નેહરુની વાત કરતાં થોડીક વાચાળતા તેમનામાં આવે છે, પણ ટાગોરની વાત કરે છે ત્યારે આવું બનતું નથી. તેમના ચિંતનકાળના આરંભમાં, છેક ૧૯૧૮ માં તેમણે ટાગોર પર પુસ્તક લખ્યું હતું. ટાગોરને જ્યારે ઑક્સફર્ડે ડૉક્ટર ઓફ લેટર્સની માનદ ઉપાધિ આપી અને ૧૯૪૦માં ઓક્સફર્ડનું ખાસ પદવીદાન શાંતિનિકેતનની ભૂમિ પર યોજાયું ત્યારે ઑક્સફર્ડના પ્રતિનિધિઓ તરીકે સદ્ગત સર મોરિસ ગયેર તથા ડૉ. રાધાકૃષ્ણનને પસંદ કરાયા હતા.

રાધાકૃષ્ણને પ્રો. મુરહેડની સાથે 'કોન્ટેમ્પરરી ઈન્ડિયન ફિલોસોફી'નું સંપાદન કર્યું: ત્યારે ટાગોરને તેમાં લેખ લખવા નિમંત્રણ આપ્યું. આ પુસ્તકની નકલ ટાગોરને પહોંચી ત્યારે ટાગોરે લખ્યું: "તમારા તત્ત્વચિંતકોના ટોળામાં કવિએ ઘૂસણખોરી કરી છે.' રાધાકૃષ્ણનને, એમની અહીં ટાંકેલી અને ન ટાંકેલી ઘણી કૃતિઓને, આચાર્ય થવા માટે દરેક વિદ્વાને લખવી પડતી પ્રસ્થાનત્રયી - ઉપનિષદ, ગીતા અને બ્રહ્મસૂત્રોની મીમાંસા—ને કે તેમનાં રાજકીય ભાષણોને વાંચીએ ત્યારે થાય કે 'કવિઓના ટોળામાં એક ફિલસૂફે પણ ઘૂસણખોરી કરી છે.' એકરારનામાના અંશો સમું રાધાકૃષ્ણનનું સર્જન કોઈ કોઈ સ્થળે નરી કવિતા બની શક્યું છે.

હરીન્દ્ર દવે

# સાહિત્યમાં સત્ય અને સૌંદર્યની ખોજ

**જાણીતા કવિ અને પ્રો. યશવંત ત્રિવેદીનું એક વ્યાખ્યાન "સાહિત્યમાં સત્ય અને સૌંદર્યની ખોજ" એ વિષય ઉપર શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણે સંઘના પરમાનંદ કાપડિયા સભાગૃહમાં તા. ૮-૩-'૭૫ના રોજ સાંજના સમયે રાખવામાં આવ્યું હતું. પ્રથમ-સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે તેમને આવકાર આપ્યો હતો અને વ્યાખ્યાનના અંતે બીજા મંત્રી શ્રી કે. પી. શાહે તેમનો આભાર માન્યો હતો. શ્રી યશવંતભાઈના પ્રવચનનો સારભાગ નીચે પ્રગટ કરીએ છીએ:**

સત્ય એટલે શું? શંકરાચાર્યજીથી કે અગાઉ મહાવીર સ્વામી કે ભગવાન બુદ્ધથી માંડીને માનવજાતે હમેશાં આ પ્રશ્ન વિચાર્યો છે. સત્ય એ જીવનથી કોઈ જુદી બનતી ઘટના છે? જેમ કલાકૃતિમાં ટેક્નિકલ એ કોઈ જુદી બનતી ઘટના નથી તેનો અંતરંગ છે, તેની એક સળંગતા – અખંડતા છે તેમ સત્ય એ કોઈ ઘટક પાડીને અલગ તારવી શકાય તેવો happening – પ્રસંગ: ઘટના નથી. જેમ નદી વિષે જ્ઞાન હોવું એટલે નદીમાં હોવું તેમ જીવનની સમગ્રતામાં સત્ય અનુભવરૂપે પ્રગટ થાય છે. દર્શકની હમણાં પ્રગટ થયેલી નવલકથા 'સોક્રેટિસ'– માં વાતચીતમાં, બનતા પ્રસંગોમાં, ઊથલપાથલોમાં – એક સળંગ લય વરતાય છે – સત્યનો. પેરીક્લીસનું સત્ય એક છે, એસ્પેશ્યાનું સત્ય પેરીક્લીસના સત્યને જાણે એક્રોપોલીસના મંદિરની થાંભલીઓથી શણગારીને મૂકે છે. એપોલોડોરસનું સત્ય, મીડિયાનું સત્ય, ક્લીઓનનું સત્ય અને ક્રિશ્યસનું સત્ય – જુદા જુદા આકાર લઈને પ્રગટ થાય છે અને સોક્રેટિસનું સત્ય? એ માણસનું – એક એકલા માણસનું ભલે ખાનગી સત્ય હોય, પણ એને સમષ્ટિના સત્યનો આધાર બનાવી શકાય છે. જમાનાઓની સંવેદનામાંથી એ સત્ય પ્રગટે છે. ગ્રીસના સુવર્ણયુગ કરતાં માનવજાતિને માર્ગદર્શક તો આ બૃહદ સાથેના અનુસંધાનની છે. ઝેરનો પ્યાલો પીવા તૈયાર થયેલ સોક્રેટીસ 'મેં આમ નહોતું કર્યું, બસ!' એમ કહીને સમાધાન નહિ કરે. એણે અનશ્વર સત્ય અને અનશ્વર સૌંદર્યનો સાક્ષાત્કાર કર્યો છે.

માણસ અનુભવની યાત્રાએ સજગતાથી નીકળે છે ત્યારે એ આ અપૂર્વતાનો સાક્ષાત્કાર કર્યા સિવાય રહેતો નથી. એલિયટના પદ્યનાયક 'મર્ડર ઈન ધ કેથેડ્રલ'માં બેકેટ અંતરમાં પ્રતીત થતા સત્યને છોડીને રાજ્યસત્તા પાસે નમવાની ના પાડે છે. ચાર મારાઓ સામેની દલીલોમાં – સંવાદોમાં પ્રકાશભાષાનો અનુભવ થાય છે. વસંતઋતુ માણી નથી એમ નહિ, યૌવનમાં મદિરાની પ્યાલીઓ ભરી નથી એમ પણ નહિ, પણ એ ઋતુઓ ગઈ તે ગઈ! હવે શું? એક વાર ગયેલો સમય ફરી એનો એ ક્યારેય હોય છે?' 'એશ વેન્સડે'માં કે 'ફોર ક્વાર્ટેટસમાં' એલિયટ ચતુષ્પરિમાણી સમયની દીવાલો ઓળંગવા જ મથે છે. હવે એ ઋતુઓ ગઈ. હવે તો આર્કબિશપ તરીકે ધર્મનો – સત્યનો – એક શાશ્વતિ સૌંદર્યનો જે અનુભવ થાય છે તેને મદિરાની પ્યાલીમાં ઢોળી દેવાય? બીજા મારાને સત્તાની લોલુપતામાં પડવા માટે અને ત્રીજાને વ્યર્થ આદર્શોનો ક્રોસ ઉપાડવા ના પાડે છે! ઈશ્વરના અનંત રાજ્ય કરતાં આ હેન્સના મુગટની શી વિસાત છે? હા 'easy' dishes અને dinners તો મળી શકે પણ પેલું અમૃત પીધું છે. હવે આ ક્ષુદ્ર ભોજન અને સસ્તી સત્તાઓને શું કરવી છે? પણ ચોથો મારો (tempter) તો કમાલ ખંધો છે! બેકેટમાં પોતાના જ પડેલા મહત્ત્વાકાંક્ષાના રૂપ સાથે તે ઘા કરે છે. આખી દુનિયા આર્કબિશપના પગમાં પડે એમ છે! વાહવાહના અંગૂઠા નીચે દબાવી દે ને દુનિયાને! પણ બેકેટ બળપૂર્વક એને પણ હડસેલી દે છે. હવે અંદરની પ્રતીતિ બીજી છે. કેન્ટરબરીની સ્ત્રીઓની છાતીમાં જે ધર્મલાગણી છે તે બેકેટ અનુભવે છે. પૂર્ણ ધર્માનુભવ સિવાય પ્રકાશની ભાષા પ્રગટે જ નહિ. ચાર Knights આવે છે. દેવળના દ્વાર ખખડાવે છે – એ હથિયારો લઈ બેકેટને મારી નાખવા આવ્યા છે. એટલે બીજા પાદરીઓ તો ઉઘાડવાની ના જ પાડે છે; પણ બેકેટ કહે છે; ના રે ના, ખોલી નાખો દ્વાર: પ્રભુનાં દ્વાર બંધ કરાય જ નહિને! ને પોતાની હત્યા વહોરી લે છે. પણ બેકેટ માણસના નિયમ કરતાં સત્યના સાક્ષાત્કારને એક અપ્રતીમ રૂપ આપે છે.

સોક્રેટિસ પણ ઝેર પીતાં પીતાં શું કહે છે? અરે તમે બાકોરું પાડી મને છોડાવવા આવ્યા? શું મેં જીવન આવું અસત્યનું આચર્યું હતું? હું ભાગી જાઉં તો એથેન્સના લોકો શું માને? પણ હા...ક્રીટો. એપોલોનું ઋણ મારી પર રહી ગયું છે તે ચૂકવવાનું છે! મને તેની ચિંતા છે. તું એક મરઘો તેને ધરીશ? ને પામર બિચારો ક્રીટો સાચે જ વધેરે છે! સોક્રેટિસની વ્યંજનાને ભાગ્યે જ તેના શિષ્યો કે પછીના જમાનાઓ સમજ્યા છે!

કામુના 'ધ આઉટસાઈડર'માં પણ જુદી જ જાતની ધર્મ-નિરપેક્ષ અનાસક્તિ છે. મોરસો, જેને ગીલોટીન મારીને વધ કરવાનો છે, તે યુવાન પુરુષ ચર્ચના કન્ફેશનનો રોષપૂર્વક ઈન્કાર કરે છે, પણ ઊડતાં પંખીને બખોલમાં બેસતું જોઈ જીવન પ્રત્યેની મમતા અનુભવે છે. મૃત્યુ વિષે પણ નિર્મમ રહે છે. જીવન અને મૃત્યુ વચ્ચે જાણે એક નવા જ સત્યને તે અનુભવે છે અને એટલે જ એ આખા પરિબ્રહ્મને પોતાના નાનકડા હૃદયમાં નિવસેલું જુએ છે! હવે મારા વધ વેળાએ ભલેને હજારો સ્ત્રી પુરુષો આવતાં – નિર્મમ સત્યનો ખૂબ બળવાન સાક્ષાત્કાર કામુ અહીં કરાવે છે.


'શાકુંતલ'નો પ્રશ્ન લો. કાચો પ્રેમ, (દર્શકે 'દીપ નિર્વાણ'માં 'ખેંચતાણનો અભાવ એવી વ્યાખ્યા આપી છે.) ઊગરે શેનો? કવિ કાલિદાસે સ્મૃતિભ્રંશનો દુર્વાસા દ્વારા શાપ અપાવ્યો છે. ખરેખર તો આ સૌંદર્યનો આભાસ હતો. હજી ચાલો... હજી વધુ સઘન પ્રેમ છે... ચાલો હજી...ને રાજા દુષ્યંત હિમાદ્રીની શુભ્રતામાં – એક અનશ્વર સૌન્દર્યમાં શકુંતલાને પામે છે – જે શકુંતલાનો હવે ત્યાગ ન થાય, હવે એનું રૂપ મટી ન જાય. સોક્રેટિસે પણ એસ્પેશિયાના એક એવા અનશ્વર સૌંદર્યને ઝીલ્યું હતું – જ્યાં સ્ત્રી બાળકને જન્મ આપતી નથી પણ અનંત સમય સુધી સૌંદર્ય વિલસ્યા કરે છે એવા ધ્રુવ પર –

માનવીએ આ સત્ય–સૌંદર્યની ખોજ કરી છે. કવિનું સત્ય તર્કાતિત હોય છે. માપણી કે ગણિતમાં તેનો અનુભવ ન થાય. એ બધી ગણતરીઓથી ઊફરા ચાલ્યા પછી અનુભવાય છે. એલન જિન્સબર્ગ જેવો જિપ્સી કવિ જ્યારે માતાના મૃત્યુ વખતે કહે છે કે 'My mother Naomi! Naomi of old Bible! She is floating in this whole universe.

ત્યારે કવિનું સત્ય તમામ સમયને ઓળંગીને છેક બાઈબલ સુધીની સળંગતાને એક નવું સત્ય – પરિમાણ આપે છે. કવિનું સત્ય આમ જુદું પડે છે. છેલ્લે મારી કવિતાની પંક્તિ ટાંકું છું:

**"તમને કોઈનો બૂટ વાગી જાય છે**
**તો આજ ઊલટાનું ક્ષમા માગવાનું મન થાય છે.**
**(હવે તમને સમજાય છે કે બરફનું સત્ય પાણી છે.)**
**... ...**
**ને આજે તમને એકાએક અનુભવ થાય છે કે**
**સમુદ્ર સિવાય સમુદ્રને બીજો કશો ય અર્થ નથી!"**

**– યશવંત ત્રિવેદી**



તામિલનાડુના રાજ્યપાલ શ્રી કે. કે. શાહ, વક્તવ્ય કરે છે, તેમની (ડાબી બાજુ) સંઘના પ્રમુખ, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, ઉપપ્રમુખ, શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી, મંત્રી, શ્રી ચીમનલાલ જે. શાહ (જમણી બાજુ) મંત્રી, શ્રી કે. પી. શાહ બેઠેલા જણાય છે.

# આપણી કાલ – આજ અને આવતી કાલ

તામિલનાડુના રાજ્યપાલ શ્રી. કે. કે. શાહનું એક જાહેર પ્રવચન "આપણી કાલ - આજ અને આવતી કાલ" એ વિષય ઉપર શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં તા. ૧૦-૩-૭૫ ના રોજ યોજવામાં આવ્યું હતું.

સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે આવકાર આપ્યો હતો અને સંઘના ઉપપ્રમુખ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ શ્રી. કે. કે. શાહ સાથેના પોતાના સ્મરણો રજૂ કર્યા હતાં અને બીજા મંત્રી શ્રી. કે. પી. શાહે આભારદર્શન કર્યું હતું.

શ્રી કે. કે. શાહે પ્રથમ સ્વ. પરમાનંદભાઈને યાદ કર્યા હતા. અને કોઈ બદલાની અપેક્ષા રાખ્યા વિના નિસ્વાર્થભાવે જાહેર સેવા કરવાની તેમની જે વૃત્તિ હતી તેને પ્રશંસી હતી અને સંઘે તેમનું સ્મારક કર્યું તે માટે સંઘને ધન્યવાદ આપ્યા હતા.

ભારતને આઝાદી મળી ત્યારથી આજ સુધીના બનાવોને અલગ અલગ પાસામાં રજુ કર્યા હતા. અને પૂજ્ય ગાંધીજીની એક વાત તરફ તેમણે સૌનું લક્ષ્ય દોર્યું હતું. ગાંધીજી કાયમ કહેતા કે, બોલ્યા કરતાં, અબોલ્યા શબ્દો મહત્ત્વનાં હોય છે. એટલે બોલવા કરતાં માણસની વર્તણુંકનું વધારે મહત્ત્વ હોય છે.

ભારત આઝાદ થયા બાદ ગાંધીજીએ વિકેન્દ્રીકરણની શીખ આપી હતી, આપણે કેન્દ્રીકરણ તરફ વળ્યા અને તેના ફળો આજે આપણે ભોગવી રહ્યા છીએ.

શહેરોની વસતિ વધી, તેને માટેના સાધનો, પાણી, ગટર, લાઈટ, રસ્તાઓ, હોસ્પિટલો વિ. ના કારણે ખર્ચાઓ અને જરૂરિયાતો ખૂબ વધી, એ જ ખર્ચાઓ ગામડાંમાં કરવામાં આવ્યા હોત તો કેટલો વિકાસ થાત?

અમારા વખતમાં અમને અહિંસાની કીંમત સમજાઈ નહોતી તે હવે બરોબર સમજાય છે.

લોકોને પુખ્તમતાધિકાર આપવા અંગે જવાહરલાલજી અને ગાંધીજી વચ્ચે ચર્ચા ચાલેલી ત્યારે એ ભીતિ સતાવતી હતી કે બીનઅનુભવી મતદાર તેના મતનો યોગ્ય ઉપયોગ કરી શકશે ખરો? ત્યારે ગાંધીજીએ એમ કહેલ કે ૨૫ વર્ષ બાદ મતદારો જાગૃત થઈ જશે. તે તેમની વાત આજે જાણે સાચી પડતી હોય એમ દેખાય છે!

તેમણે કહ્યું કે, આપણા લોકોની ગુલામી મનોદશા હશે ત્યાં સુધી સુધારાને કોઈ અવકાશ નથી. લોકોની સ્વતંત્ર મનોદશા આજે ક્યાંય દેખાતી નથી.

ગાંધીજીએ સરદારને મશ્કરીમાં પૂછેલ કે આઝાદી મળ્યા બાદ તમો શું કરશો? સરદારશ્રીએ જવાબ આપેલો કે, "સાધુ થઈશ." અર્થ એ હતો કે, મનના સાધુ થવાય નહિ ત્યાં સુધી સ્વતંત્રતાને પચાવી શકાય નહિ.

ગાંધીજી, સરદાર, અબુલ કલામ આઝાદ અને એવા કેટલાય વિચક્ષણ અને શક્તિશાળી પુરુષો આપણા આગેવાનો હતા કે જેમાંથી કોઈ પણ એક વ્યક્તિ આખા ભારતનો વહીવટ ચલાવી શકે - આવો ભવ્ય વારસો આપણને મળ્યો હોવા છતાં, આજે આપણે કેવા સંજોગોમાં મુકાયા છીએ! જાણે હતાશાએ આપણને ઘેરી લીધા છે.

આપણી સરહદને અડીને બે કોમ્યુનીસ્ટ દેશો છે. એ બે એક થઈ ગયા હોત તો આપણી કેવી દશા થાત? બંગલા દેશ ન થયો હોત તો શું થાત? તો માર્કસીસ્ટો આપણને ખાઈ જાત.

આજની દુનિયાની પરિસ્થિતિને કારણે દરેક રાષ્ટ્રની માફક આપણો પણ લશ્કરી ખર્ચ ભારે વધી રહ્યો છે. ત્રણ લડાઈઓ લડવાની ફરજ પડી તેમાં પણ કરોડો રૂપિયા ખર્ચ કરવો પડયો. આમ દેશને બહુ સહન કરવું પડયું છે.

તેમણે કહ્યું કે, આજની દુનિયામાં કેવા અભૂતપૂર્વ ફેરફારો થઈ રહ્યા છે? અમેરિકા અને રશિયા આજે મિત્રો બની રહ્યા છે, એટલે ભારતની આવતી કાલ મને ઉજળી લાગે છે.

આખા વિશ્વમાં આજે ઈકોનોમીની લડાઈ ચાલી રહી છે. માસ પ્રોડકશન - માસ સેઈલ અને નીચા ભાવનું વેચાણ - એવું કરી શકે તે દેશ જ આજની દુનિયામાં જીવશે.

તેમણે કહ્યું કે, સત્ય અને અહિંસા સામે આજે અસત્ય અને હિંસાનું યુદ્ધ ચાલી રહ્યું છે. પરંતુ છેવટે જય તો સત્ય અને અહિંસાનો જ થવાનો છે. દેશની તરક્કી માટે આપણે આ વાત લક્ષમાં રાખવાની છે. આ રીતે રાજ્યપાલશ્રીનું પ્રવચન રસપ્રદ રહ્યું હતું.

**સંકલન: શાન્તિલાલ ટી. શેઠ**

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪
ટે. નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ-મુંબઈ-૧

Regd. No. MH. by South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક: ૨૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧ એપ્રિલ ૧૯૭૫, મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ ચૂંટણી પદ્ધતિ અને નિયમોમાં સુધારા ☆

સ્વચ્છ અને મુકત ચૂંટણી લોકશાહીનો પાયો છે. ચૂંટણીનું પરિણામ લોકોની ઈચ્છાનું પ્રતિબિમ્બ હોવું જોઈએ. અત્યારે લોકોને ચૂંટણીમાંથી વિશ્વાસ ઊડી ગયો છે. ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓથી ચૂંટણીનો ગંદવાડ ખદબદે છે. ચૂંટણી પદ્ધતિ અને નિયમોમાં ઘણા ફેરફારોની જરૂર છે. સંપૂર્ણ શુદ્ધ ચૂંટણી આદર્શ જ રહેવાનો, પણ તેને ઘણે દરજ્જે શુદ્ધ બનાવી શકાય તેવું છે અને તે વિનાવિલંબે કરવું જોઈએ.

સંસદે એક સમિતિ નીમી હતી જેણે કેટલીક ભલામણો કરી છે, પણ તેનો અમલ થયો નથી. દરેક સામાન્ય ચૂંટણી પછી, ચૂંટણી પંચ પોતાના અહેવાલમાં ભલામણો કરે છે, તે પ્રત્યે પણ દુર્લક્ષ થયું છે. જયપ્રકાશે જસ્ટિસ તારકુંડેના પ્રમુખપદે એક સમિતિ નીમી હતી જેનો અહેવાલ એક મહિના પહેલાં પ્રકટ થયો છે. તેમાં ઘણી ઉપયોગી સૂચનાઓ કરી છે. સરકારે પણ જાહેર કર્યું છે કે સરકાર આ બાબત સર્વપક્ષીય પરિષદ બોલાવવા ઈચ્છે છે, પણ હજી સુધી કોઈ પગલાં લીધાં નથી. એક વર્ષ પછી સામાન્ય ચૂંટણી આવે તે પહેલાં જરૂરી ફેરફારો નહિ થાય તો લોકોનો અસંતોષ વધશે અને શાસક પક્ષ સત્તા ઉપર યેનકેન પ્રકારેણ ચોંટી રહેવા ઈચ્છે છે તે માન્યતા દૃઢ થશે.

આ વિષય બહુ વિશાળ છે. મતદાર યાદી તૈયાર કરવી ત્યાંથી માંડી, ચૂંટણી અરજીઓનો નિકાલ કરવા સુધીના દરેક પગલામાં નાના મોટા ફેરફારોની જરૂર છે. અહીં મુખ્ય મુદ્દાઓનો સંક્ષેપમાં ઉલ્લેખ કરીશ. લોકોએ ગંભીરપણે આ બાબત વિચારવી જોઈએ અને તેની મુકત ચર્ચા થવી જોઈએ.

આપણે ત્યાં ચૂંટણી પદ્ધતિનો પ્રબંધ બંધારણમાં થયો છે અને ચૂંટણી નિયમો, રિપ્રેઝન્ટેશન ઓફ પીપલ્સ એકટમાં આપ્યા છે.

આપણે બ્રિટિશ પદ્ધતિ સ્વીકારી છે જેમાં વડા પ્રધાન અને મંત્રીમંડળ લોકસભાને જવાબદાર છે. અમેરિકન પ્રેસિડન્ટ પદ્ધતિ, સમજણપૂર્વક આપણે સ્વીકારી નથી. બંધારણ સભામાં આ વિષયે લંબાણ ચર્ચા થઈ હતી. અમેરિકામાં નિકસનના અનુભવ પછી, પ્રેસિડન્ટ પદ્ધતિની હિમાયત કોઈ કરતું હોય તોય હવે નહિ કરે.

આપણે પુખ્ત વય મતાધિકાર સ્વીકાર્યો છે. આ વિષે પણ બંધારણ-સભામાં વિસ્તારથી ચર્ચા થઈ હતી અને ઈરાદાપૂર્વક આ જોખમ લીધું છે. કેટલાય લોકો હજી એવા છે જે માને છે કે આ મોટી ભૂલ થઈ છે. થોડા દિવસ પહેલાં એક મિત્રે આ બાબત મને લાંબી નોંધ મોકલી છે, જેમાં ભારપૂર્વક મર્યાદિત મતાધિકારની હિમાયત કરી છે. શિક્ષણ અને મિલકતના ધોરણે મતાધિકાર મર્યાદિત કરવાની સૂચના છે, જેથી "જવાબ-દાર" વ્યકિતઓ મતાધિકાર ભોગવે અને ઝૂંપડપટ્ટીવાળા કે ફૂટપાથ પર સૂઈ રહેનારા બિનજવાબદારીથી મતાધિકાર ભોગવી દેશના તંત્રને ખાડે ન નાખે. શિક્ષિત અથવા મિલકત ધરાવતા લોકો વધારે જવાબદારીપૂર્વક લોકહિતમાં પોતાના મતાધિકારનો અમલ કરશે એ ભ્રમ છે. ૨૫ વર્ષના અનુભવે બતાવ્યું છે કે આમજનતામાં મૂકેલ વિશ્વાસ અસ્થાને ન હતો. પણ આ હવે ચર્ચાનો વિષય નથી. મતાધિકાર મર્યાદિત કરવો હવે શકય નથી. બંધારણમાં આવો પાયાનો ફેરફાર કરવાની કોઈ રાજકીય પક્ષ હિમત કરી શકે તેમ નથી.

આપણે ત્યાં ધારાસભા અને લોકસભા માટે પ્રત્યક્ષ અથવા સીધું-ડાયરેકટ – મતદાન છે. આવું મતદાન પ્રમાણમાં વધારે ખરચાળ રહે છે. લેજિસ્લેટિવ કાઉન્સિલ અને રાજસભા માટે પરોક્ષ–ઈનડાયરેકટ-મતદાન છે. કેટલાક લોકો માને છે કે પ્રત્યક્ષ મતદાન માત્ર નીચેના સ્તરે રાખવું અને ત્યાર પછી ઉત્તરોત્તર પરોક્ષ મતદાન રાખવું ગ્રામ પંચાયતો, તાલુકા અને જિલ્લા પંચાયતો; મ્યુનિસિપાલિટી વગેરેમાં સીધું મત-દાન હોય અને ધારાસભા, લોકસભા માટે પરોક્ષ મતદાન હોય તો ખર્ચ ઘટે. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે પરોક્ષ મતદાન છે. અમેરિકન પ્રેસિડન્ટની ચૂંટણી સીધા મતદાનથી થાય છે. બન્ને પદ્ધતિના લાભ-ગેરલાભ છે. મતદાર મંડળ જેટલું નાનું તેટલે દરજ્જે લાંચરુશવત, દબાણ વગેરેનો અવકાશ વધારે. It is easier to manipulate small constituencies. સોવિયેટ પદ્ધતિ મોટે ભાગે પરોક્ષ મતદાનની છે. આપણા જેવા મોટા દેશ માટે કેટલેક દરજ્જે પરોક્ષ મતદાન આવકાર-દાયક થઈ પડે એમ હું માનું છું. ધારાસભા સુધી પ્રત્યક્ષ મતદાન રહે અને લોકસભા પરોક્ષ મતદાનથી થાય તો ખોટું નથી. અત્યારે લોક-સભાની એક બેઠક માટે લાખો રૂપિયાનું ખર્ચ થાય છે, ઉમેદવારને અને રાજ્યને. લોકસભાનું મતદાર મંડળ માત્ર ધારાસભા પૂરતું મર્યાદિત ન રાખતાં, પંચાયતો, મ્યુનિસિપાલિટીઓ વગેરેને પણ તેમાં અવકાશ અપાય. આ મુદ્દો વિચારવા જેવો છે.

આપણા બંધારણ મુજબ એક વ્યકિતને એક મત છે, જે કોઈ પણ ઉમેદવારને આપી શકે અને તે મત તે ઉમેદવાર માટે જ ગણાય. one single non–transferable vote. પરિણામે, કોઈ રાજકીય પક્ષ ઓછા મતે વધુ બેઠકો મેળવે છે. પ્રજામતની એટલે દરજ્જે વિકૃતિ થાય છે. મતદાન અને બેઠકોનું પ્રમાણ સરખું રહેતું નથી. vote-seat ratio is distorted. વિરોધ પક્ષો વારંવાર સકારણ ફરિયાદ કરે છે કે કોંગ્રસને કોઈ ચૂંટણીમાં ૫૦ ટકા મત મળ્યા નથી છતાં વધારે બેઠકો લઈ જાય છે. કોઈ કોઈ રાજ્યમાં બીજા પક્ષો વિષે પણ આવું બન્યું છે. ઈંગ્લાંડમાં પણ આમ થાય છે. આ અનિષ્ટના ઉપાય તરીકે સપ્રમાણ મતદાન – Proportional Representation-ની ભલામણ થાય છે. સપ્રમાણ મતદાનના પણ ઘણા પ્રકારો છે. જુદા જુદા દેશોમાં તેના પ્રયોગ થયા છે. તેવી પદ્ધતિના લાભ- ગેરલાભ જાણીતા છે. આ પદ્ધતિનો મુખ્ય ગેરલાભ મતનું વિભાજન થઈ જાય અને કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી ન મળે અથવા ઘણા પક્ષો થઈ જાય અને રાજ્યતંત્ર અસ્થિર થાય. ખાસ કરી આપણા જેવા મોટા દેશમાં જ્યાં કોમ, જાતિ, ધર્મ, જ્ઞાતિ વગેરે વિભાજક બળો છે, ત્યાં અસ્થિરતાનો વધારે ભય છે, છતાં, કાંઈક ફેરફાર કરવાની જરૂર તો છે જ કે જેથી પ્રજામતની ગંભીર વિકૃતિ ન થાય અને લોક પ્રતિનિધિત્વ બનતાં સુધી સપ્રમાણ રહે. તારકુંડે સમિતિએ આ બાબત ઊંડી વિચારણા કરી પણ કોઈ સ્પષ્ટ નિર્ણય કરી શકયા નથી. છેવટે એમ ભલામણ

કરી છે કે આ બહુ મહત્ત્વની બાબત હોવાથી સર્વપક્ષીય પરિષદ બોલાવી આ વિષે વિચારણા કરી બનતા સુધી સર્વસંમત નિર્ણય માટે પ્રયત્ન કરવો.

ચૂંટણી નિષ્પક્ષ અને સ્વતંત્ર રીતે થાય તે માટે બંધારણમાં ચૂંટણી પંચનો પ્રબંધ છે અને સમસ્ત ચૂંટણીતંત્ર ચૂંટણી પંચને આધીન છે. ચૂંટણી પંચ કારોબારી અથવા શાસક પક્ષની અસર નીચે ન આવે તે માટે રાષ્ટ્રપતિની સીધી દેખરેખ નીચે તેને મૂકવામાં આવ્યું છે. ન્યાયતંત્ર પેઠે ચૂંટણી પંચ તટસ્થ રહે તે આવશ્યક છે. અત્યારે ચૂંટણી પંચ એક જ વ્યકિતનું બનેલું છે. આ વ્યકિતની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે, પણ હકીકતમાં કેબિનેટની ભલામણથી આ નિમણૂક થાય છે. કેટલાક સમયથી વિરોધ પક્ષો તરફથી એવો આક્ષેપ થાય છે કે, ચૂંટણી પંચ શાસક પક્ષને અનુકૂળ રીતે વર્તે છે. ચૂંટણી પંચને વિશાળ સત્તાઓ છે. તેની પ્રમાણિકતા અને નિષ્પક્ષતા નિ:સંદેહ હોવી જોઈએ. તારકુંડે સમિતિની ભલામણ છે કે ચૂંટણી પંચ એક જ વ્યકિતનું નહિ પણ ત્રણ વ્યકિતનું હોવું જોઈએ. ઉપરાંત તેની નિયુકિત વડા પ્રધાન કે કેબિનેટની ભલામણથી નહિ પણ રાષ્ટ્રપતિ, વડા પ્રધાન અને સુપ્રીમ કોર્ટના વડા ન્યાયાધીશની સમિતિની ભલામણથી થવી જોઈએ. વિશેષમાં તારકુંડે સમિતિએ પ્રાદેશિક ચૂંટણી પંચો માટે પણ ભલામણ કરી છે. મારે એટલું કહેવું જોઈએ કે આ ૨૫ વર્ષના ગાળામાં પાંચ સામાન્ય ચૂંટણીઓ થઈ તે ભગીરથ કાર્ય ચૂંટણી પંચે એકંદરે કુશળતાથી અને ભેદભાવ વિના પાર પાડયું છે. છતાં તારકુંડે સમિતિની ભલામણ વિચારણીય છે. ચૂંટણી પંચ કારોબારીની અસરથી સર્વથા અલિપ્ત હોય તેની ખાતરી થાય તેવો પ્રબંધ આવકારદાયક છે.

(ક્રમશ:)

૨૭-૩-'૭૫ ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

**હિંસાનું વધતું વાતાવરણ**

સમસ્તીપુરમાં શ્રી લલિતનારાયણ મિશ્રાનું ખૂન થયું પછી બીજા બે બનાવો બન્યા છે, જે ચિંતાજનક છે. વડા પ્રધાન અલાહાબાદ હાઈકોર્ટમાં જુબાની આપવા ગયાં ત્યાં, રિવૉલ્વર સાથે એક પત્રકાર પકડાયો. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસની મોટરમાં બે બોમ્બ નાખવામાં આવ્યા. આ બંને બનાવો આકસ્મિક છે, અંગત કારણોથી છે, કે કોઈ યોજનાના અંગરૂપે છે? અલાહાબાદમાં જે પત્રકાર —ગોવિંદ મિશ્રા— પકડાયો તેણે કહ્યું, સ્વરક્ષા માટે પોતે રિવૉલ્વર રાખે છે; વડા પ્રધાન ઉપર હુમલો કરવાનો કોઈ ઈરાદો ન હતો. ચીફ જસ્ટિસ પર હુમલો કરનાર હજી પકડાયો નથી; પણ હુમલો યોજનાપૂર્વક થયો હતો તે સ્પષ્ટ છે. એક મહિના પહેલાં ચીફ જસ્ટિસને ધમકીનો કાગળ મળ્યો હતો, જેની તેમણે ત્યારે અવગણના કરી હતી. ચીફ જસ્ટિસ ઉપરના હુમલામાં રાજકીય હેતુ હોવાનો સંભવ જણાતો નથી. કોઈ ચુકાદો પક્ષકારની વિરુદ્ધ ગયો હોય તેવું કારણ હોવાનો સંભવ છે. એમ પણ કહેવાય છે કે દેશની આગેવાન વ્યકિતઓનાં ખૂન કરવાની યોજના અથવા કાવતરું છે. વિરોધ પક્ષો તરફથી કહેવાય છે કે દમનકારી પગલાં લેવા શાસક પક્ષ તરફથી આવા બનાવો ગોઠવાય છે. વડા પ્રધાન કહે છે કે કોઈ વિદેશી સત્તાનો હાથ છે. જયપ્રકાશના આંદોલનને પણ કારણભૂત ગણવામાં આવે છે. દેશમાં શંકાનાં જાળાં બાઝયાં છે તેમાં ગમે તેવા આક્ષેપો થઈ શકે છે. સાચી હકીકતો બહાર આવે ત્યારે ખરી, જો કોઈ દિવસ બહાર આવે તો! રાજકીય હેતુ અથવા યોજનાપૂર્વકના કાવતરાના કોઈ પુરાવા અથવા કારણો આ બનાવોમાં અત્યારે જણાતાં નથી. પણ એક હકીકત સ્પષ્ટ છે, હતાશામાંથી એક વર્ગ—યુવાન—હિંસા તરફ વળતો જાય છે. આવી હિંસા હેતુહીન હોવા છતાં, બીજો કોઈ માર્ગ ન સૂઝતાં, આ માર્ગ અપનાવાય છે. જયપ્રકાશના આંદોલને માનસિક ઉત્તેજના કરી છે, પણ આવા બનાવોનું પ્રેરક બળ નથી. ઘોર નિરાશા અને વિફળ પ્રત્યાઘાત છે. મરણિયા વૃત્તિ જેવું લાગે. પણ આવા બનાવો લોકમાનસની ગંભીર ચેતવણી છે. અંગ્રેજો સામે ત્રાસવાદી હુમલાઓ થતા તેવું કાંઈક વાતાવરણ છે. ગાંધીજીએ તેની નિરર્થકતા બતાવી, વિરોધનો સાચો અસરકારક માર્ગ બતાવ્યો. અત્યારે પ્રજામાનસ વધારે હિંસાના માર્ગે લાગે છે. ઉત્તર આયર્લેન્ડમાં આયરિશ રિપબ્લિકન આર્મીના માણસો, મધ્યપૂર્વમાં પેલેસ્ટાઈન ગેરીલા, મરણિયા થઈ ભયંકર ત્રાસ ગુજારે છે. આપણે ત્યાં પણ, રાજકીય ક્ષેત્ર સિવાય પણ, સામાન્ય કારણે વાતવાતમાં મારામારી, ખૂનના બનાવો વધતા જાય છે, ગુનાનું પ્રમાણ વધતું જાય છે. અત્યારે એમ લાગે છે કે હિંસક વલણ હજી વધતું જશે. તેને રોકવાના કોઈ અસરકારક ઉપાય લેવાય તેવાં ચિહ્નો દેખાતાં નથી. તે વધે એવાં કારણો—સામાજિક, આર્થિક, રાજકીય—ઉત્તરોત્તર ઉમેરાતાં જાય છે. માત્ર પોલીસ–લશ્કર વધારવાથી આ અનિષ્ટને પહોંચી શકાય તેમ નથી. સુપ્રીમ કોર્ટના જજો માટે અંગરક્ષકો રાખવા કેટલું બેહૂદું છે? અસંતોષનાં કારણો અલ્પાંશે પણ દૂર ન થાય તો આ વિષચક્રમાંથી છૂટાય તેમ નથી.

ઈંગ્લાન્ડમાં પણ કાંઈ આવી સ્થિતિ બનતી જાય છે. જાણીતા આગેવાન એનોક પોવેલે ફુગાવો અને મોંઘવારીને મુખ્ય કારણ માન્યાં છે. તાજેતરમાં તેમણે કહ્યું છે:

The first thought to-day of any person or class of persons who fancy themselves placed at a disadvantage is to resort to criminal actions or commit wilful breach of rules or contracts by which they are bound. પછી વિદ્યાર્થીઓ, મજૂરો, ખેડૂતો, વિગેરેના દાખલા આપી અંતે કહે છે:

The whole accumulated weight of indignation is directed against law and Government as such and the evidence that demands backed by force, prove irresistable inflaming first one group and then another to emulate the rest.

**ઈન્ડો—ચાઈના**

ઈન્ડો—ચાઈના—ઉત્તર, દક્ષિણ વિયેટનામ, કેમ્બોડિયા અને લાઓસ—ની પ્રજાની યાતનાઓ દિલ કંપાવનારી છે. બીજા વિશ્વયુદ્ધ પછી ફ્રેન્ચ હકૂમતમાંથી મુકિત મેળવી ત્યારથી આંતરવિગ્રહ અને મહાસત્તાઓની હરીફાઈનું ભોગ બન્યું છે. ૧૯૪૯માં ચીન સામ્યવાદી બન્યું ત્યારથી દક્ષિણપૂર્વ એશિયામાં સામ્યવાદને વધતો રોકવા અમેરિકાએ ઈન્ડો–ચાઈનાને પોતાનું હથિયાર બનાવ્યું. આ ૨૫ વર્ષના ગાળામાં અબજો ડોલર રેડયા, લાખો માણસોનો ભોગ લીધો, અમેરિકાએ પોતાના હજારો માણસોનો ભોગ આપ્યો, છતાં, સરિયામ નિષ્ફળતા મળી. છેવટ ૧૯૭૩માં, લાંબી વાટાઘાટો કરી, પેરિસ એગ્રીમેન્ટ કર્યું, જેને પરિણામે અમેરિકન લશ્કર દક્ષિણ વિયેટનામમાંથી પાછું ખેંચ્યું. પણ આ એગ્રીમેન્ટનો અમલ ન થયો અને દક્ષિણ વિયેટનામમાં યુદ્ધ ચાલુ રહ્યું. અમેરિકાએ આર્થિક અને લશ્કરી સહાય મોટા પ્રમાણમાં ચાલુ રાખી તો પણ પ્રેસિડન્ટ થીયુ સામે વિરોધ વધતો રહ્યો અને સામ્યવાદી દળો આગળ વધ્યાં અને દક્ષિણ વિયેટનામનો ઘણો ભાગ કબજે કર્યો. તે પ્રમાણે કેમ્બોડિયામાં ૧૯૭૦માં પ્રિન્સ સિહાનુક સામે અમેરિકાએ બળવો કરાવ્યો અને લોન નોલને સત્તા પર મૂકયા. આર્થિક અને લશ્કરી સહાય મોટા પ્રમાણમાં આપવા છતાં, લોન નોલ ટકી શકે તેમ નથી. લાઓસમાં પણ આંતરવિગ્રહ સતત ચાલુ રહ્યો છે. અમેરિકાએ ચીન સાથે મૈત્રી—સંબંધો બાંધ્યા તો પણ ઈન્ડો–ચાઈનામાં સામસામા રહ્યા અને ઈન્ડો–ચાઈનાની પ્રજાની ભયંકર બરબાદી કરી. પ્રેસિડન્ટ ફોર્ડ અને કિસિન્જરે કેમ્બોડિયામાં અને દક્ષિણ વિયેટનામમાં પ્રેસિડન્ટ થીઉ અને લોન નોલને ટકાવવા વિશેષ સહાય આપવી એવી દરખાસ્તો કરી, પણ સેનેટે મંજૂર રાખી નહિ. અમેરિકન પ્રજા પણ થાકી ગઈ છે અને ઈન્ડો–ચાઈનામાં વધારે સંડોવાવા તૈયાર નથી. ફોર્ડ—કિસિન્જરની દલીલ છે કે વધારે સહાય નહિ અપાય તો અમેરિકાની પ્રતિષ્ઠા જશે અને મિત્રોને દ્રોહ દીધો કહેવાશે. સેનેટના મોટા ભાગના સભ્યોની દલીલ છે કે થીયુ અને લોન નોલ કોઈ સંજોગોમાં ટકી શકે તેમ નથી અને આ પ્રજાની યાતનાઓ લંબાવવાથી કોઈ લાભ નથી.

અમેરિકાએ અન્ય દેશોમાં પ્રત્યાઘાતી બળોને જ ટકાવ્યાં છે. અમેરિકાની સમૃદ્ધિ, સંપત્તિ અને લશ્કરી તાકાત દુનિયાના દેશો

માટે શાપરૂપ બની છે. અમેરિકાએ બીજાના ભોગે પોતાનો લાભ શોધ્યો છે, પણ સફળતા મળી નથી. દરેક પ્રજાને પોતાનું ભાવિ નક્કી કરવાનો અધિકાર છે. વિદેશી સત્તાઓએ પોતાના સ્વાર્થ ખાતર બીજી પ્રજાઓનું બલિદાન લેવું મહાપાતક છે. આપણા દેશે અમેરિકાની આ નીતિનો સદા વિરોધ કર્યો છે, જેને લીધે અમેરિકા સાથેના આપણા સંબંધો તંગ રહ્યા છે. ઈન્ડો-ચાઈનાની પ્રજા અમેરિકા અને તે સાથે ચીન અને રશિયાની નાગચૂડમાંથી વહેલી મુક્તિ મેળવે અને પોતાનું ભાવિ, બહારની કોઈ દખલગીરી વિના, પોતે નક્કી કરી શકે એ જ તેમના હિતમાં છે.

## સર્વ સેવા સંઘનું મૌન

વિનોબાજીના મૌને સર્વ સેવા સંઘને પણ મૌન લેવડાવ્યું. આ મૌન એક વર્ષનું રહેશે કે કાયમનું તે જોવાનું રહે છે. સર્વ સેવા સંઘના સભ્યો વચ્ચેના મતભેદોનું નિરાકરણ ન જ થયું. વિનોબાજીએ વ્રતભંગ કરી જયપ્રકાશ સાથે વાત કરી, પણ બન્ને પોતાના વિચારોમાં મક્કમ રહ્યા એમ લાગે છે. બન્ને પક્ષના સભ્યોએ સંઘમાંથી રાજીનામાં આપ્યાં. કારોબારી વિસર્જિત થઈ અને સર્વ સેવા સંઘનું બધું કાર્ય સ્થગિત થયું. ખૂબ આકરી અને કડવાશભરી ટીકાઓ થઈ, પરસ્પર આક્ષેપો થયા, જે સર્વ સેવા સંઘમાં કોઈ દિવસ ન બને. સૈદ્ધાન્તિક મતભેદો હતા. થીગડાં મારવાનો કોઈ અર્થ ન હતો. સર્વ સેવા સંઘના મોટા ભાગના આગેવાન સભ્યો શ્રી જયપ્રકાશ સાથે છે. વિનોબાજી અને તેમની સાથે રહેલ થોડા સભ્યો ઉપર આરોપ થયો કે તેઓ ઈન્દિરા ગાંધીનો બચાવ કરે છે. આ વિવાદમાં બન્ને પક્ષે ભારપૂર્વક દલીલો થઈ શકે તેમ છે, પણ વિવાદથી કાંઈ સાર નથી. દેશ મોટી કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે આવા ઉગ્ર મતભેદોથી આશ્ચર્ય થવું ન જોઈએ. વિનોબાજીનું વલણ કે જયપ્રકાશનું, દેશના હિતમાં છે તેની હવે પછી અનુભવે પરીક્ષા થશે. સર્વોદયના આગેવાન કાર્યકર્તાઓ જયપ્રકાશ સાથે છે, તે સેવાભાવી સન્નિષ્ઠ વ્યક્તિઓ છે. જયપ્રકાશના આંદોલનને તેમનો સાથ મોટું બળ છે. સર્વ સેવા સંઘનાં નિર્ણયો સર્વાનુમતે થવા જોઈએ. અને સંઘ ચૂંટણીમાં સક્રિય રીતે ભાગ ન લે તે મુદ્દાઓ મતભેદના પ્રતીક છે. મતભેદ ઊંડો અને પાયાનો છે. જયપ્રકાશના આંદોલને કૉંગ્રેસમાં પણ કટોકટી સર્જી છે. આ કટોકટી હજી ઘેરી બનવાની છે. લોકોનાં મન ભાવિની અનિશ્ચિતતાથી ઊંચાં છે.

## જેકલીન - કેનેડી - ઓનેસીસ

પ્રમુખ કેનેડીના અવસાન પછી તેમનાં પત્ની જેકલીને પુનર્લગ્ન કર્યું ત્યારે મોટું આશ્ચર્ય થયું હતું. Jackie, how could you ? એવો સવાલ થયો હતો. જેકી ફરી વિધવા થઈ. એણે પુનર્લગ્ન કેમ કર્યું? ભોગવવામાં શું બાકી રહ્યું હતું? ત્રણ બાળકોની માતા હતી. ઓનેસીસ તેના કરતાં ઉંમરમાં ઠીક મોટા હતા. તે પણ બે બાળકોના પિતા હતા. જેકીને કેનેડી કુટુમ્બમાં વૈભવ કે સંપત્તિનો તોટો ન હતો. પ્રતિષ્ઠાના શિખરે હતી. પ્રમુખ કેનેડીની વિધવા તરીકે અતિ સન્માનનીય વ્યક્તિ હતી અને રહેત. છતાં શા માટે આવું કર્યું? ઓનેસીસ માટે તો જેકી મોટું ઈનામ હતી. પ્રમુખ કેનેડીની પત્નીને પોતાની બનાવી. જેકીએ શું મેળવ્યું? ઓનેસીસ અબજોપતિ હતો. વધારે ભોગવિલાસ મેળવવા? અતૃપ્ત કામવાસના સંતોષવા? કદાચ એમ પણ હોય કે પ્રમુખ કેનેડીની વિધવા તરીકે જે પ્રસિદ્ધિ મળે અને પ્રજા સમક્ષ સદા જાગૃત રહેવું પડે તે સહન કરવાની શક્તિ ન હતી? સંભવ છે કે સામાન્ય નારી હતી અને આ પ્રતિષ્ઠા અને ગૌરવને પાત્ર રહેવાની લાયકાત કે શક્તિ ન હતી. તેથી પોતાની જાતને ડુબાડી દીધી. વ્યક્તિએ જે સ્થાન આકસ્મિક રીતે પણ પ્રાપ્ત કર્યું હોય તેને પાત્ર થવા પ્રયત્ન કરવો પડે છે. એટલો પુરુષાર્થ ન હોય તો, ટૂંકું કર્મ ટૂંકું રહેવાને સરજેલું - આ ધરતીમાં.

૨૬-૩-'૭૫ ચીમનલાલ ચકુભાઈ

# વિદેશ શિક્ષણ સહાય

## [ ૧ ]

યુનિવર્સિટી ઓફ મહિસુર
મહિસુર : તા. ૧૨ માર્ચ, ૧૯૭૫

**પ્રિય શ્રીમાન ચીમનલાલજી,**

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૫ ફેબ્રુઆરી, ૧૯૭૫ના અંકમાં આપે 'વિદેશ શિક્ષણ સહાય' વિશે લખેલી વિચારપૂર્ણ અને વિચારપ્રેરક નોંધ માટે ધન્યવાદ. છેલ્લાં કેટલાંક વર્ષ થયાં હું પણ એ રીતે જ વિચારી રહ્યો છું અને આપે હું કરી શક્યો હોત એના કરતાં વધારે સારી રીતે મારા વિચારો વ્યક્ત કર્યા છે એથી મને ખૂબ આનંદ થયો. સગવડભર્યું જીવન મળે એનું માણસને આકર્ષણ રહે જ, પણ આપણે આપણાં મા-બાપ, આપણી આસપાસનો સમાજ, આપણો સાંસ્કૃતિક વારસો અને રાષ્ટ્રના કેટલા ઋણી છીએ એ પણ આપણે ભૂલી શકીએ નહિ.

આભાર અને શુભેચ્છાઓ સાથે –

ડૉ. એ. એન. ઉપાધ્યે

## [ ૨ ]

'પ્રબુદ્ધ જીવન'માં શ્રી ચીમનભાઈ ચકુભાઈ શાહે 'વિદેશ શિક્ષણ સહાય', વિશે લખતાં એવો પ્રશ્ન કર્યો છે કે આપણા દેશની આર્થિક સહાય લઈને પરદેશ જતા આપણા વિદ્યાર્થીઓ; પરદેશમાં જ સ્થિર થાય છે અને સ્વદેશને તેમનો જ્ઞાનલાભ મળતો નથી, તો યે તેમને ગુમાવવાના જ હોય તો સહાય શા માટે? —પ્રશ્ન ઘણો જ મહત્ત્વનો છે, તે નિ:શંક વાત છે. તેમણે કરેલ દરેક મુદ્દાની છણાવટ વિશદ છે. આજે ઘણી સંસ્થાઓ વિદ્યાર્થીને પરદેશ મોકલવા આર્થિક સહાય કરે છે જ. ભણ્યા બાદ વિદ્યાર્થી પોતે સ્વીકારેલ આર્થિક સહાયનું વળતર આર્થિક રીતે તુરંત વાળી દે છે. આ તો પરસ્પરની સમજણથી જાણે કે આર્થિક લેવડદેવડ થઈ. આ સહાય જો શુભ હેતુસર થઈ હોય તો આમાં કયો શુભ હેતુ પાર પડયો? સામાન્યત: કોઈ સંસ્થા વિદ્યાર્થીને સહાય કરે તો તેનો હેતુ સામાજિક કલ્યાણ હોય અને હોવો જોઈએ. પરંતુ આ હેતુ સિદ્ધ થતો નથી. કારણ વિદ્યાર્થી સ્વદેશના પૈસે પ્રાપ્ત કરેલ જ્ઞાનનો લાભ પરદેશને આપે છે.

આર્થિક સહાય આપતી સંસ્થાઓ સમક્ષ આ વિચારણીય પ્રશ્ન છે જ, તે રીતે સમાજ સામે પણ આ પ્રશ્ન છે. મારી દષ્ટિએ સંસ્થાઓએ નીચેની શરતો માન્ય રહે તો જ સહાય આપવી જોઈએ:

(૧) વિદ્યાર્થીએ સ્વદેશમાં જ સ્થિર થવું ફરજિયાત કરવું જોઈએ. (૨) વિદ્યાર્થી દેશમાં સ્થિર થાય પછી સહાયની રકમ ધીમે ધીમે ભરપાઈ કરે. (૩) સ્વદેશમાં સ્થિર થવા માટે આવા વિદ્યાર્થીને સહાય કરવી. (૪) કોઈ પણ સંજોગોમાં પરદેશથી મોકલેલ વળતર નહીં જ સ્વીકારાય, તે માટે પ્રથમથી સ્પષ્ટતા રાખવી.

શ્રી ચીમનભાઈએ પોતાના લેખમાં પરદેશમાં સ્થિર થનારની, સ્વદેશમાં ન રહેવાની દલીલોનો જે સરસ ચિતાર આપ્યો છે તે ખરેખર યોગ્ય છે. તે લોકો માત્ર વધુ આવકના મોહે જ મોહાઈ જતા દેખાય છે, જે એક ભ્રાંતિ સમ લાગે છે. ભારતીય સંસ્કાર પામેલ વ્યક્તિ ત્યાંના વાતાવરણ સાથે સંપૂર્ણત: ઓતપ્રોત થઈ ન શકે, એટલે ઘણીવાર અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ જેવી પરિસ્થિતિ સર્જાય છે. મેં ઘણા ભારતીયને આવી લાચાર મનોદશાયુક્ત ત્રિશંકુ અવસ્થામાં જોયા છે.

જેવી રીતે સંસ્થાઓ આર્થિક સહાય આપે છે તેવી રીતે સરકાર પણ આપે છે. ત્યાં પણ આ જાતનો 'નેશનલ વેસ્ટ' નજરે પડે છે. આ માટે દરેકે જાગૃત બનવું જરૂરી છે.

શ્રી ચીમનભાઈનો બીજો પ્રશ્ન છે, "વિદેશ વસવાટથી શો લાભ?" પોતાના પૈસે ગયેલ માટે આ પ્રશ્ન અંગત કહી શકાય, પરંતુ સહાય મેળવીને જનાર માટે આ સામાજિક પ્રશ્ન બને છે. લાભ-અલાભની વિચારણા, ત્યાંના ઝાકઝમાળમાં ઝાંખી પડીને ભૂંસાઈ જતી હોય છે તેમ મને લાગે છે.

આ માટે સંસ્થાઓ તથા સરકારે કડક બન્યા વગર ચાલશે નહિ. દેશનો પૈસો દેશમાં જ રહે તે માટેના પ્રયત્નો પણ કરવા જોઈએ. આજે તો સમાજનાં નાણાંનો આવો વ્યય એ દેશદ્રોહ કહેવાય જ તે તો નિ:શંક વાત છે.

**રંજનબેન જાની**, હેડ મિસ્ટ્રેસ,
શેઠ જી. ટી. ગર્લ્સ હાઈસ્કૂલ, રાજકોટ

# ☆ શસ્ત્ર–રોગથી પીડાતાં રાષ્ટ્રો ☆

માત્ર સવા લાખની વસતિ ધરાવતા અબુધાબીને રોજની ૪૦ લાખ સ્ટર્લિંગ પૌન્ડની તેલની આવક છે. તેમાંથી ત્રણ મહિના પહેલાં અબુધાબી રોજના ૨૦ લાખ પૌન્ડ શસ્ત્રસામગ્રી ખરીદવામાં ખર્ચતું હતું. અબુ ધાબીના વિદેશપ્રધાન શેખ સિદ્દીને બ્રિટિશ પત્રકાર શ્રી માઈક્લ બ્રિન્યોને પૂછ્યું, "તમારા પાડોશમાં કોઈ શત્રુ નથી કે તમારા ઉપર કોઈ વિદેશી દળ હુમલો કરે તેવી શકયતા નથી છતાં તમે ટેન્કો, આર્મર્ડ કાર (રણગાડી), રોકેટ કેરિયર અને સંરક્ષણ માટેનાં રાડાર યંત્રો વગેરે શું કામ ખરીદો છો?" તેના જવાબમાં શેખ સિદ્દીએ કહ્યું, "આખા વિશ્વને આ શસ્ત્ર-રોગ લાગુ પડયો છે, તો અમે કેમ બાકાત રહી શકીએ ?"

આ શસ્ત્ર–રોગને કારણે વિશ્વમાં શસ્ત્રોનું ઉત્પાદન કરનારા "ઘાતક ડૉક્ટરો"ને મોજ થઈ ગઈ છે. અમેરિકા, બ્રિટન, ફ્રાંસ અને રશિયાને ગરીબ દેશોને લાગુ પડેલા શસ્ત્ર-રોગમાંથી જબરી કમાણી થઈ રહી છે.

અમેરિકા આ ઘાતક શસ્ત્રોના વેપારમાં મોખરે છે. ૧૯૫૮ની સાલથી અત્યાર સુધી અમેરિકાએ ૮૬ અબજ ડોલરનાં શસ્ત્રો વેચ્યાં છે. અમેરિકાની મોટી દસ કંપનીઓ અત્યંત આધુનિક શસ્ત્રો વેચે છે. ગઈ સાલ વૉશિંગ્ટનમાં શસ્ત્રોની નિકાસનું નિયંત્રણ કરતી કચેરીમાં શસ્ત્રો નિકાસ કરવા માટે પરવાના માગતી ૧૪,૦૦૦ ખાનગી અરજીઓ આવી હતી. ૧૩૬ દેશોમાં, આ અરજીઓ મંજૂર થવાથી ૮.૩ અબજ ડોલર, એટલે કે રૂા. ૬,૨૨૫ કરોડના (ભારતનું અડધું બજેટ) શસ્ત્રો નિકાસ થયાં હતાં! એટલે કે વિશ્વમાં જે શસ્ત્રો વેચાયાં તેના ૪૬ ટકા અમેરિકાએ જ વેચ્યાં હતાં.

કયા દેશને હથિયાર વેચવાં તેને માટે બહુ વિવેક રખાતો નથી. જ્યોર્જ બર્નાર્ડ શોએ એક પુસ્તકમાં શસ્ત્રોના વેપારીઓને મોતના સોદાગર તરીકે ખપાવ્યા છે. આ મોતના સોદાગરો મૂડીવાદી કે સામ્યવાદી દેશોને એકસરખી રીતે શસ્ત્રો પૂરાં પાડે છે. પ્રોટેસ્ટન્ટ હોય કે કેથોલિક હોય, મુસ્લિમ હોય કે હિન્દુ હોય, લૂંટારો હોય કે ધર્મની લડાઈ લડતો હોય, પણ કોઈપણ દેશનો નેના શસ્ત્રોના પૂરા ભાવ આપે તો તેને મોતના સોદાગરો અદ્યતનમાં અદ્યતન શસ્ત્રો પૂરાં પાડે છે.

મોટરકારનાં નવાં મોડેલ કાઢીને ધનપતિઓની મોટરની વિવિધતાની ભૂખને ભડકાવ્યા કરાય છે તેમ અદ્યતન શસ્ત્રો પેદા કરીને ગરીબ દેશોના લશ્કરી સરંજામને અદ્યતન બનાવવાની પ્રક્રિયાને શસ્ત્રોના સોદાગરોએ અનંતકાળ ચાલે તેવી બનાવી મૂકી છે. ૧૯૫૨માં વિશ્વનાં તમામ રાષ્ટ્રોની અણુ સિવાયનાં શસ્ત્રોની ખરીદી વાર્ષિક ૩૦ કરોડ ડોલરની હતી તે વધીને હવે ૧૮ અબજ ડોલરની થઈ છે. ૧૯૭૩ના વરસમાં વિશ્વનાં રાષ્ટ્રોએ માત્ર શસ્ત્રો ઉપર જ રૂા. ૧,૯૨,૦૦૦ કરોડ ખર્ચ્યા હતા. થોડાં વર્ષો પહેલાં તો બ્રિટન અને અમેરિકા જૂનાં શસ્ત્રો પણ વેચતાં હતાં. ફ્રાંસ તો હજીય જૂનાં શસ્ત્રોને નવાં બનાવીને તેમાં નફાખોરી કરે છે, પણ ગરીબ દેશોય હવે નવાં શસ્ત્રોનો આગ્રહ રાખતા થયા છે.

ઈજિપ્ત અને સીરિયામાં રશિયાના મિગ-૨૩ વિમાનો આવ્યાં છે તે જોતાં અમેરિકાને લાગે છે કે તે વેપારમાં થોડું પાછળ પડયું છે. વોરસો કરારના દેશોને પૂરાં ન પાડયાં હોય તેવાં શસ્ત્રો આમ રશિયા તરફથી આરબોને મળે છે.

બીજી બાજુ, અમેરિકા દૂરથી નિયંત્રિત કરી શકાય તેવાં ટેન્ક-વિરોધી શસ્ત્રો ઈઝરાયલ, દક્ષિણ વિયેટનામ, લેબેનોન અને જૉર્ડનને પૂરાં પાડે છે. ફ્રાંસનાં ૪૪–માઈરેજ વિમાનો અમેરિકાનાં એફ-૪ મેચ–ટુ વિમાનો અને રશિયાનાં એન્ટીએરક્રાફ્ટ મિઝાઈલોની ઘરાકી આરબ દેશોમાં ઈજિપ્ત, સીરિયા, કુવૈત અને અબુ ધાબીમાં ખૂબ જામી છે. ઈજિપ્તે તો બ્રિટન પાસેથી હૉક- સ્ટ્રાઈકર નામનાં હવાઈ હુમલો કરનારાં વિમાનોની આખી ફેકટરી ખરીદવાનું નક્કી કર્યું છે!

અમેરિકન હથિયારો આરબો અને ઈઝરાયલ બન્ને પાસે જાય, તેવી જ રીતે ભારત અને પાકિસ્તાન બન્ને પાસે અમેરિકાનાં હથિયારો આવે. ગ્રીસ અને તુર્કી લડે તો બન્ને અમેરિકન હથિયારો વડે જ લડે. હથિયાર આપતી વખતે અમેરિકા સરસ બહાનું કાઢે: "બળની સમતુલા જાળવવા અમે શસ્ત્રો આપીએ છીએ."

રાજકીય દષ્ટિએ સમતુલા જળવાય છે કે નહિ તે ભગવાન જાણે, પણ શસ્ત્રોના વેચાણ દ્વારા અમેરિકન, ફ્રેન્ચ અને બ્રિટિશ કંપનીઓ જે નફો કરે છે અને હૂંડિયામણ ખેંચી લાવે છે, તેને કારણે અમેરિકાનું લેવડદેવડનું પાસું (બેલેન્સ ઓફ પેમેન્ટ) તો જરૂર સમતોલ થાય છે.

લેવડદેવડનું પાસું સમતોલ થવા ઉપરાંત બ્રિટન જેવો ખાધવાળો દેશ તેનો પોતાનો લશ્કરી ખર્ચ ઉવેખવા માટે શસ્ત્રોનું ઉત્પાદન કરીને વેચે છે. સ્વીડન કહે છે કે તે પોતાની તટસ્થતા જાળવી રાખવા માટે શસ્ત્રોનું ઉત્પાદન કરે છે. ફ્રાંસ અને ઈટાલી લશ્કરી ખર્ચને પહોંચી વળવા માટે શસ્ત્રો વેચે છે!

મોટા ભાગના પશ્ચિમના દેશોનાં શસ્ત્રો ખાનગી ક્ષેત્રે બને છે અને વેચાય છે, છતાં આ તમામ દેશોની સરકારો શસ્ત્રોના સોદા સફળ થાય તે માટે ખાસ તકેદારી રાખે છે. અમેરિકાનું લશ્કરી તંત્ર (પેન્ટાગોન) અને ત્યાંનું કોમર્સ ડિપાર્ટમેન્ટ કોઈ ગરીબ દેશને અમેરિકાની ખાનગી પેઢી પાસેથી હથિયારો ખરીદવામાં નાણાંની તકલીફ દેખાતી હોય તો લોનની સગવડ કરી આપે છે. ટેક્નિકલ સલાહકારો જોઈતા હોય તો પેન્ટાગોન પૂરા પાડે છે. દા. ત. ઈરાને ૬૦૦ કરોડ ડોલરને ખર્ચે અમેરિકન પેઢીઓ પાસેથી એફ -૧૪ ફાઈટર વિમાનો ખરીદ્યાં તેમાં ઈરાનને ૨૦૦૦ જેટલા ટેક્નિકલ સલાહકારોની જરૂર પડશે. તેમાંથી ૮૦૦ સલાહકારો પેન્ટાગોન તરફથી પૂરા પડાશે! આમ શસ્ત્રોની સાથેસાથે રાજકીય અને લશ્કરી વળગણ તો ગળે વળગાડવામાં જ આવે છે.

શસ્ત્રોના આંતરરાષ્ટ્રીય વેપારમાં રશિયાનો ક્રમ બીજો આવે છે. અમેરિકાએ છેલ્લાં ૨૫ વર્ષમાં ૮૬ અબજ ડોલરનાં શસ્ત્રો દુનિયાની ડોકમાં ભરાવ્યાં છે, તો રશિયાએ ૩૯ અબજ ડોલરનાં શસ્ત્રો તેના કોમેરેડ દેશો અને એશિયન મિત્રોને આપ્યાં છે. સુપરસોનિક વિમાનના વેચાણમાં તો રશિયાએ અમેરિકાને ભૂ પાઈ દીધું છે. અમેરિકાનાં ૩૨૫ સુપરસોનિક વિમાનના વેચાણ સામે રશિયાએ ૪૦૦ વિમાનો આપ્યાં હતાં. રશિયન શસ્ત્રોની નિકાસ સરકાર હસ્તક જ થાય છે. મોસ્કોનું "ચીફ એન્જિનિયરિંગ ડાયરેક્ટોરેટ" શસ્ત્રોનું વેચાણ, સોદા અને શિપમેન્ટનું કામ સંભાળે છે. રશિયા બીજા દેશો કરતાં સરળ શરતોથી ઉધારીએ શસ્ત્રો વેચે છે. વળી ભાવમાં પણ ફાયદો કરી આપે છે. દા. ત. પેરુ નામના લેટિન અમેરિકન દેશને મિગ-૨૧ પ્રકારનાં વિમાનો અમેરિકાનાં સમકક્ષ એફ- ૫ વિમાનો કરતાં ત્રીજા ભાગના ભાવે રશિયાએ આપ્યાં હતાં. રશિયાની એક ટ્રિકથી ઘણા દેશો મૂંઝાય છે. ઘણી વખત રાજકીય દબાણ લાવવા પછીથી વિમાનોના સ્પેરપાર્ટ તે આપતું નથી અગર તો ઘણા જ મોંઘા ભાવે વેચે છે!

ફ્રાંસ અને બ્રિટનનો ક્રમ રશિયા પછી આવે છે. સરસાઈ મેળવવા ફ્રાંસ અને બ્રિટન વચ્ચે સ્પર્ધા ચાલે છે. બન્ને દેશો શસ્ત્રોના ફોટા સહિતના કેટેલોગ પ્રકાશિત કરે છે. શસ્ત્રો ખરીદનારા દેશોના

લશ્કરી વડાઓને પોતાના દેશમાં બોલાવી ઊંચુ સન્માન કરીને તેમ જ બની શકે તો તેમને ભ્રષ્ટ કરીને શસ્ત્રો વેચે છે. ફ્રાન્સે ગત વર્ષે ૩ અબજ ડોલરના શસ્ત્રો વેચ્યા હતા. ત્યારે બ્રિટન માત્ર ૧ા અબજ ડોલરનો વેપાર કરી શક્યું હતું. બીજા નાના નાના દેશો પણ શસ્ત્રોના વેપારમાં ઘૂસ્યા છે. ઈટાલી, પશ્ચિમ જર્મની, સ્વીડન, કેનેડા અને ઈઝરાયલ પણ શસ્ત્રો વેચે છે. લાલ ચીન તો તેના પાડોશી સાથીદારો–ઉત્તર વિયેટનામ, ઉત્તર કોરિયા અને પાકિસ્તાનને શસ્ત્રો વેચે છે. અહિંસામાં માનતું ભારત પણ ટાન્ઝાનિયા અને બીજા એશિયન દેશોને નાના નાના હથિયારો નિકાસ કરવા માંડયું છે. ટૂંક સમયમાં પોતાની સબમરીન ભારત બનાવશે. ગરીબ દેશો જ્યારે અનાજની આયાત માટે માંડ માંડ હૂંડિયામણ બચાવી શકે છે તેવી સ્થિતિમાં એવા દેશો પણ દર વર્ષે રૂા. ૫૬૦૦ કરોડનાં શસ્ત્રો આયાત કરે છે! ગરીબ દેશોમાં શસ્ત્રોની નિકાસ વધી છે, કારણ કે કોઈ પણ દેશ સ્વતંત્ર થાય કે શાસન બદલાય એટલે સૌ પ્રથમ આવો દેશ પોતાના લશ્કરી તંત્રને આધુનિક બનાવવાની બાબતને પ્રાથમિકતા આપે છે. બીજા વિશ્વયુદ્ધ પછી ૭૫ જેટલા નવા દેશો સ્વતંત્રરૂપે અસ્તિત્વમાં આવ્યા છે. તે ઉપરથી શસ્ત્રોની નવી ખરીદીની કલ્પના કરી શકાય છે. લશ્કરી બળવો થાય ત્યારે પણ શસ્ત્રોની દોટ વધે છે. આને કારણે રશિયા અને અમેરિકા તેની વિદેશનીતિ સફળ કરવાના હથિયારરૂપે તેમનાં શસ્ત્રોનો ઉપયોગ કરે છે. એ લોકોને પણ દોષ દઈ શકાય નહિ, કારણ કે શસ્ત્રોનો રોગ ચેપી છે અને એ રોગ જેટલો વધે તેમ પશ્ચિમના શસ્ત્રધારક રૂપી ડૉકટરોને કમાણી થવાની જ છે.

કાંતિ ભટ્ટ

# વેદવિદ્યાના પ્રકાંડ પંડિત ડૉ. દિવેકર

હમણાં જ ગઈ તા. ૧૮મી માર્ચે, પૂનામાં મરણ પામેલા ડૉ. હરિ રામચન્દ્ર દિવેકરને ઓળખો છો? બનતા સુધી નહિ જ ઓળખતા હો, કારણ કે વેદવિદ્યાના આ મહાપંડિત, સમાજસુધારણાના કાર્યમાં ડૉ. કર્વેનો સંગીન સાથ કરનાર અને દુનિયાદારીથી સંપૂર્ણ અલિપ્ત એવા આ નિસ્પૃહી બ્રાહ્મણને પ્રસિદ્ધિની કાંઈ પડી જ નહોતી અને એથી એ ઝાઝા પ્રકાશમાં આવ્યા જ નહોતા. અલબત્ત, અંધારામાં દીવો સળગે તો એનો પ્રકાશ ફેલાયા વિના ન રહે તેમ ડૉ. દિવેકર ચોક્કસ વર્ગોમાં તો જાણીતા હતા જ પરન્તુ જે પ્રસિદ્ધિના તેઓ અધિકારી હતા તે તો તેમને મળી જ નહોતી.

ડૉ. દિવેકર એક વખત સ્વાતંત્ર્યવીર સાવરકરના અનુયાયી હતા, એ પછી તેમણે વિનોબાની સાથે ભૂદાન ચળવળનું કામ પણ કર્યું હતું અને ડાકુઓના મનપરિવર્તનના જયપ્રકાશજીના કાર્યમાં પણ સક્રિય ભાગ લીધો હતો. શિક્ષણના ક્ષેત્રમાં તો આ પ્રકાણ્ડ વેદપણ્ડિતની કામગીરી અદ્ભુત હતી. તેમને પ્રાચ્યવિદ્યાના ભીષ્માચાર્ય જ ગણવામાં આવતા. આવા મહાવિદ્વાનના અવસાનની નોંધ મહારાષ્ટ્રની બહાર ઝાઝી લેવાઈ નથી એ ખેદની વાત છે.

જે શાળામાં મહાદેવ ગોવિન્દ રાનાડે અને કેરોપંત છત્રે જેવા મહારથીઓ ભણી ગયા હતા તે શાળા ડૉ. દિવેકરના દાદા ચલાવતા અને એ જ શાળામાં ભણીને તેઓ ૧૯૦૯માં બી.એ. પાસ થયા. એ પછી તરત જ તેઓ ગ્વાલિયરમાં પ્રાધ્યાપક થયા. ગ્વાલિયરમાંના તેમના વાસ્તવ્ય દરમિયાન તેઓ સાવરકરના સંપર્કમાં આવ્યા અને બોંબ બનાવવાની તથા હથિયારો નાસિક ખાતે મોકલવાની યોજનામાં તેઓ સંડોવાયા. આ યોજના પકડાઈ ગઈ અને ગ્વાલિયર ખટલા તરીકે જાણીતા થયેલા ખટલામાં તેમને બે વરસની સખત કેદની સજા થઈ. તેમને ક્ષિપ્રા નદી પર આવેલા ભૈરવગઢના ભેંકાર કિલ્લામાં કેદી તરીકે રાખવામાં આવ્યા અને આખો દિવસ ચક્કી પીસવાનું કામ તેમને સોંપવામાં આવ્યું. પરંતુ એ ચક્કી પીસતાં પીસતાં તેમણે કેદીઓનું મંડળ રચ્યું, સાક્ષરતાનો પ્રચાર કર્યો અને પથ્થરની દીવાલ પાછળ રહ્યાં રહ્યાં પણ તેમણે બ્રિટિશ સલ્તનતને શેહ દીધી.

કેદમાંથી છૂટયા પછી, લોકમાન્યના સાથીદાર પ્રો. પાટણકરની મદદથી તેમને બનારસની સેન્ટ્રલ હિન્દુ કૉલેજમાં નોકરી મળી અને ૧૯૧૩માં તેઓ આચાર્ય નરેન્દ્રદેવ, ગોપીનાથ કવિરાજ વગેરેની સાથે જ એમ.એ. પાસ થયા. ઉચ્ચ ગુણાંકને કારણે તેમને રિસર્ચ સ્કોલરશિપ મળી અને એ પછી તેઓ અલાહાબાદની મ્યુર સેન્ટ્રલ કૉલેજમાં ગયા, જ્યાં તેઓ ડૉ. ગંગાનાથ ઝાના સહકાર્યકારી બન્યા.

પણ વિધિની ગતિ કાંઈ ન્યારી જ હોય છે. તેમની એક બાળવિધવા બહેનનું મુંડન થતું જોઈને તેમને પારાવાર યાતના થઈ હતી. એ પછી જ્યારે અણ્ણાસાહેબ કર્વેએ હિંગણે ખાતે મહિલાશ્રમ શરૂ કરીને સ્ત્રીશિક્ષણનું કાર્ય શરૂ કર્યું ત્યારે તેમણે પોતાની બહેનને એ આશ્રમમાં મૂકી અને પોતે પણ ડૉ. કર્વેના કાર્યમાં જ જીવનભર લાગી જવાનો નિર્ણય કર્યો. આ નિર્ણય એવો અફર હતો કે એ વખતની યુ.પી.ની સરકારે તેમને વિલાયત મોકલવા માટે ઑફર કરી હતી તેનો પણ તેમણે અસ્વીકાર કર્યો હતો. યુ.પી. સરકારે તેમને બીજી મોટી મોટી નોકરીઓની ઑફર કરી હતી તેનો પણ તેમણે અસ્વીકાર કર્યો હતો અને હિંગણે ખાતેની શિક્ષણ સંસ્થામાં તેઓ માત્ર માસિક રૂા. ૬૦ ના પગારથી ૧૯૧૬ થી ૧૯૩૧ સુધી રહ્યા હતા. એ દરમિયાનમાં કર્વે યુનિવર્સિટી નીકળી અને ડૉ. દિવેકરે એના રજિસ્ટ્રાર તરીકે આઠ વર્ષ કામ કર્યું. ગૃહીતાગમા અને પ્રદેશાગમા એ પદવીનાં નામો પણ તેમણે જ સૂચવેલાં.

ડૉ. દિવેકરને સાહિત્યાચાર્યની પદવી પણ મળી હતી. કાશી વિદ્યાપીઠનો અગિયાર વર્ષનો કઠિન અભ્યાસક્રમ પસાર કરનારને જ આ પદવી મળે છે. લાલબહાદુર શાસ્ત્રીને 'શાસ્ત્રી'ની જે પદવી મળી હતી તેના કરતાં આ પદવી ઊંચી છે. આ પદવી મેળવનારને વેદનો ઊંડો અભ્યાસ કરવો પડે છે અને વેદ મોઢે કરવો પડે છે. આવા વેદપંડિતને જ્યારે સંસ્કૃતના પ્રચાર માટેનું કોઈ સાધન પ્રાપ્ત થાય ત્યારે આનંદ થાય એ સ્વાભાવિક છે. એથી જ તેમણે પૂનાનું ભાંડારકર રિસર્ચ ઈન્સ્ટિટયૂટ સ્થાપવામાં ડૉ. ભાંડારકર, ડૉ. વેલવલકર, ડૉ. કુર્તકોટી, ડૉ. ગુણે અને ડૉ. રાનડેને સક્રિય સહકાર આપ્યો હતો. પૂનામાં પહેલી પ્રાચ્યવિદ્યા વિશ્વ પરિષદ ભરવા માટે તેઓ પોતાને ખર્ચે ૧૯૨૮-૩૧માં વિલાયત ગયા હતા. વિલાયતથી આવ્યા પછી તેઓ ગ્વાલિયર - ઉજ્જૈનમાં સ્થિર થયા હતા અને ૧૯૪૪માં નિવૃત્ત થયા ત્યાં સુધી ત્યાં જ કાર્ય કર્યું હતું. ગ્વાલિયરમાં તેમણે એટલું સુંદર શિક્ષણકાર્ય કર્યું હતું કે પ્રારંભના મધ્યભારત રાજ્યની સ્થાપના પછી તેમને શિક્ષણપ્રધાન બનવાની શ્રી તખતમલ જૈને વિનતિ કરી હતી. ડૉ. દિવેકરે આ વિનતિ એક જ શરતે માન્ય કરી હતી - હું બંગલામાં રહીશ નહિ, ઑફિસના કામ સિવાય મોટર વાપરીશ નહિ અને ૧૦૦ રૂા. થી વધારે પગાર લઈશ નહિ.! (આલીશાન ફ્લેટોમાં પણ રહેવાની નારાજી દાખવનાર અને બંગલાનો જ આગ્રહ રાખનાર અત્યારના પ્રધાનોને આ વાતની ખબર હશે ખરી?)

ડૉ. દિવેકરને બધા દાદા કહેતા. દાદાએ ૬૦ વર્ષ સુધી શિક્ષણકાર્ય કર્યું અને એ કાળ દરમિયાન તેમના હાથ હેઠળ ભણી ગયેલાઓમાં ડૉ. માધવ ગોપાળ દેશમુખ, પ્રભાકર માચવે, ડૉ. મુંડી, ડૉ. શોભા કાનુંગો, ડૉ. લક્ષ્મણ શુકલ, ડૉ. અમરનાથ ઝા, ડૉ. ક્ષેત્રેશચંદ્ર ચટ્ટોપાધ્યાય, ડૉ. શિવમંગલ સુમન, ડૉ. બાપુરાવ સકસેના અને ડૉ. વીરેન્દ્ર શર્મા વગેરેનો સમાવેશ થાય છે. આ બધા દેશની વિવિધ યુનિવર્સિટીઓમાં કુલગુરુ પદથી માંડીને ઉચ્ચ પ્રાધ્યાપકપદે કામ કરી રહ્યા છે. મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન શ્રી શેઠી પણ

દાદાના શિષ્ય અને તેમની વિનતિ ઉપરથી જ દાદા ડાકુઓની સાથે જેલમાં એક અઠવાડિયું રહ્યા હતા અને એક નવો પ્રયોગ યશસ્વી કરી બતાવ્યો હતો.

શિક્ષણકાર્યની સાથોસાથ તેઓ ભૂદાન ચળવળમાં પણ જોડાયા હતા અને વિનોબાજીની સાથે સેંકડો માઈલની પદયાત્રા પણ તેમણે કરી હતી. હજી હમણાં સુધી 'ગીતાઈ' પર પ્રવચન કરવા તેઓ ગામેગામ ફરતા હતા.

દાદાએ લેખન–વાચન–મનન પારાવાર કર્યું છે. મળસ્કે સાડા ત્રણ વાગે તેઓ ઊઠતા તે રાત્રે નવ વાગ્યા સુધી કાર્યરત રહેતા. તેમણે સંસ્કૃત, મરાઠી, હિન્દી અને અંગ્રેજી એ ચાર ભાષાઓમાં લખેલાં નાના–મોટાં પુસ્તકોની સંખ્યા સો ઉપરની થાય છે. આમાંનાં ઘણાખરાં લખાણો સંશોધનાત્મક છે. પાંચ–છ પુસ્તકો તો જુદી જુદી યુનિવર્સિટીઓમાં તેમણે કરેલાં પ્રવચનોનાં છે. ઉપરોક્ત ચાર ભાષાઓ ઉપર તો એમનું પ્રભુત્વ હતું. પરંતુ ઉર્દૂ, ફારસી, પાલી, હિબ્રૂ અને ફ્રેન્ચ ભાષાઓનું પણ તેમને સુંદર જ્ઞાન હતું. તેમણે લખેલાં પુસ્તકોમાં નીચેનાં ઉલ્લેખનીય છે: (૧) આપણો મહાભારત પૂર્વ રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, (૨) ઋગ્વેદ સૂક્ત વિકાસ, (૩) વેદવિદ્યા, (૪) કર્મયોગ, (૫) વેદકાલીન સંસ્કૃતિનું દર્શન અને (૬) હમારી આંખે.

થોડા સમય પહેલાં કુરુક્ષેત્રમાં પ્રાચ્યભાષા પરિષદનું ૨૬મું અધિવેશન ભરાયું હતું તેમાં દાદાને આગ્રહપૂર્વક લઈ જવામાં આવ્યા હતા અને ત્યાં તેમણે ઉપસંહારનું પ્રવચન સંસ્કૃતમાં કર્યું હતું. મરતી વખતે તેઓ અથર્વવેદના કૌશિકસૂત્ર અંગે સંશોધન કરી રહ્યા હતા. કૌશિકસૂત્ર પરના દારિલના ભાષ્યની એકમાત્ર પ્રત જર્મનીના ટ્યુબિન્જન ખાતેના પુસ્તકાલયમાં છે એવી એમને ખબર પડતાં એમણે એની ફોટોકોપી મોટા ખર્ચે કરાવી મગાવી હતી અને એના ઉપર તેઓ છેલ્લાં કેટલાક વર્ષથી સંશોધન કરી રહ્યા હતા. એ સંશોધનના નિચોડરૂપે એક પુસ્તક તો પ્રસિદ્ધ થયું છે પણ એ તો એક ભાગ જ છે. બાકીનું કામ પૂનાનું વૈદિક સંશોધન મંડળ પૂરું કરશે એવી આશા રાખીએ.

સામવેદ અને સંગીત એ એમના પ્રિય વિષયો. આ બન્ને અંગે તેમણે ખૂબ અભ્યાસ કર્યો. એ અભ્યાસની પુરવણીરૂપે તેમણે પાશ્ચાત્ય સંગીતનો અભ્યાસ કર્યો અને તેમાંથી એમને જણાયું કે હંગેરિયન સંગીતની સ્વરસંગતિ અને સામગાનની સ્વરસંગતિ વચ્ચે ખૂબ જ મેળ છે. આના ઉપરથી વેદનું મૂળ સ્થાન આર્કટિક–ધ્રુવ પ્રદેશ છે એવા લોકમાન્ય ટિળકના મંતવ્યને ટેકો મળે છે એમ તેઓ માનતા. આ વિષય પર પણ એક પુસ્તક લખવાનો તેમનો વિચાર હતો, પણ તેમના મનની મનમાં રહી ગઈ.

દાદાએ આયુષ્યભરમાં કોઈની પાસે કદી કોઈ પ્રકારની યાચના કરી નહોતી. ગ્વાલિયરનરેશ એમને આવતા જોતા તો સિંહાસન ઉપરથી ઊઠીને એમને પ્રણિપાત કરતા. દાદા કહે તે પૂર્વ દિશા માનનારા ગ્વાલિયરનરેશ પાસે દાદાએ અનેક શિક્ષણસંસ્થાઓને લાખો રૂપિયા અપાવ્યા છે. પણ આનો અહંકાર તેમણે કદી સેવ્યો નહોતો. "આ મારું" એવી લાગણી પણ એમણે કદી સેવી નહોતી. તેમણે વિદ્યાદાન છૂટે હાથે કર્યું હતું. પરંતુ એ માટે તેમણે કશા બદલાની અપેક્ષા રાખી નહોતી. તેઓ જાણે ગીતાએ વર્ણવેલા નિષ્કામ કર્મયોગીની જીવતી જાગતી મૂર્તિ હતા. બે વખતનું સાદું ભોજન, બે ખાદીનાં ધોતિયાં અને બે ખાદીની કફની, અને એક ઉપરણું -એ સિવાય આખા વર્ષમાં તેમને બીજું કશું જોઈતું નહિ. વળી વરસને અંતે પોતાની જરૂરિયાત કરતાં જે કાંઈ વધારાનાં નાણાં બચે તેનું તેઓ દાન કરી દેતા, એવા એ અપરિગ્રહી હતા. આવા અસામાન્ય માનવીનું સરકારદરબારમાં કશું સન્માન થયું નથી એ એક મોટા આશ્ચર્યની વાત છે. અલબત્ત, તેમણે આવા માનની કદી પરવા કરી જ નહોતી એ પણ એટલું જ સાચું છે.

પણ સરકાર દ્વારા થયેલી તેમની ઉપેક્ષા છતાં એમના સંપર્કમાં આવનારાઓએ તો એમને પોતાના પ્રેમથી હમેશ નવાજ્યા છે. દાદા પૂનાથી મુંબઈ આવ્યા હોય અને પાછા જવાના હોય તો બોરીબંદર પરનો મુખ્ય ટી. ટી. અને હમાલ પણ એમને આદરપૂર્વક જઈને સુખરૂપ બેસાડી આવે. એમના સ્ત્રીશિક્ષણના કાર્ય દરમિયાન જે અનેક કન્યાઓ એમના હાથ હેઠળથી ભણી ગઈ હતી એ બધી દાદાને પોતાને ઘેર બોલાવે, પોતાનાં બાળબચ્ચાંને એમને ચરણે ધરે અને પ્રેમથી દિવસો સુધી એમની આગતાસ્વાગતા કરે. દાદાને આનાથી વધારે બીજું કશું જોઈતું નહોતું.

છેલ્લાં બેએક વર્ષથી દાદા ઉદાસ રહેતા હતા. એમનો એકનો એક દીકરો મરણ પામ્યો ત્યારે એમનું મન જરા અસ્વસ્થ થઈ ગયું હતું, પણ વેદના એ પંડિતે તરત જ મનને કાબૂમાં લઈ લીધું હતું. છતાં તેમના મનમાં વિચાર તો આવ્યા જ કરતો હતો કે દીર્ઘાયુષ્ય એ શાપ છે કે વરદાન? આ શીર્ષક હેઠળ તેમણે એક લેખ લખીને મનને શાંત કર્યું હતું, પરન્તુ કદાચ આ વિચારણાએ જ એમની જીવનદોરી થોડી ટૂંકાવી હોય તો એ જરૂર બનવાજોગ છે.

–મનુભાઈ મહેતા

–('મહારાષ્ટ્ર ટાઈમ્સ'માં પ્રસિદ્ધ થયેલા શ્રી. વી. વી. ગોખલેના એક લેખને આધારે).

## તમે આ....?

તમે મારા દેશની આ શી દશા કરી છે?
તમે મારી ધરતીના એવા શા કટકા કર્યા કે
ઉત્તરનો એક માણસ દક્ષિણના માણસને જોઈ ઘૂરકે છે
અને એક બંગાળી બાબુ બિહારી મજદૂરને જોઈ ખંધું હસી લે છે?
તમે મારા ભાંડુને શરાબ અને લોટરીનું એવું કેવું અફીણ ચખાડયું કે
આસુરી નિદ્રાના કીચડને સ્વર્ગ માની એ લોકો આનંદથી
આળોટી રહ્યાં છે?
ફાટું ફાટું થતાં શહેરોમાં મહાકાય ઓફિસો ઊભી કરી
તમે એક એક માણસને વહેંતિયો બનાવી દીધો.
અને
ગામના કાચી ઉંમરના એક છોકરાને પણ
'સ્મગ્લિંગ'નો જાદૂ શીખવી દીધો!
તમને ખ્યાલ પણ ક્યાંથી હોય –
એક પ્રમાણિક માણસને તમે ઘરને ખૂણે રોજ રાતે
બંધ બારણે રોતો કર્યો છે!
કહો:
તમે મારી માની આ શી દશા કરી છે?

–વિપિન પરીખ

# અનેકાન્તવાદ

ભગવાન મહાવીર જૈનોના છેલ્લા તીર્થંકર છે. એમનો જન્મ વૈશાલીનગરી પાસે કુંડગ્રામમાં થયો હતો. તેમનાં માતાપિતા તે રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાદેવી હતાં. ત્રીસ વર્ષની ઉમ્મરે ભગવાન મહાવીરે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી, સાધુ થઈ એકલા વિચરી બાર વર્ષની ઘોર તપશ્ચર્યા કરી. જેને અંતે તેમને કેવળજ્ઞાન થયું. એ તપશ્ચર્યાના ફળરૂપે ભગવાન મહાવીરે જે જ્ઞાન પ્રાપ્ત કર્યું અને જેનો તેમણે ઉપદેશ આપ્યો તેમાંનો એક મહત્ત્વનો ઉપદેશ તે અનેકાન્તવાદનો છે.

જૈન ધર્મનો સનાતન સિદ્ધાંત છે અહિંસા. ભગવાન મહાવીરે આચાર અને વિચાર માટે અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્તવાદનો ઉપદેશ આપ્યો. અનેકાન્તવાદ વિના અહિંસા અને અપરિગ્રહનું પાલન શકય નથી. અહિંસા અને અનેકાન્ત બન્ને આધ્યાત્મિક જીવનના પ્રાણ છે. અહિંસા માનવઆચારને ઉજજ્વળ બનાવે છે ત્યારે અનેકાન્ત દૃષ્ટિને અને વિચારને શુદ્ધ અને વિશાળ બનાવે છે.

અનેકાન્ત જૈન ધર્મનો એક વિશિષ્ટ સિદ્ધાંત છે. કોઈ પણ વસ્તુના અનેક ગુણધર્મો હોય છે. વસ્તુના પ્રત્યેક અંતને, ગુણને, ધર્મને પૂરેપૂરી જાગૃતિ સાથે પ્રામાણિકપણે ચકાસવા અને દરેકમાંથી સમગ્ર પણે સત્ય તારવવું. આમ અનેકાન્ત એ સત્ય પામવા માટેની ધાર્મિક અને વૈજ્ઞાનિક વિચારપદ્ધતિ છે. પંડિત સુખલાલજી અનેકાન્તવાદને બધી બાજુથી ખુલ્લાં એવાં માનસચક્ષુ તરીકે ઓળખાવે છે. ટૂંકામાં કોઈ પણ વિષયને કે વસ્તુને કે વિચારને વધારેમાં વધારે દૃષ્ટિકોણથી, વધારેમાં વધારે વિગતોથી અને વધારેમાં વધારે ઊંડાણથી તપાસવો, તેમાં દેખાતાં પરસ્પર વિરોધી એવાં તત્ત્વોનો સમન્વય કરીને તેમાંથી સત્ય તારવવું એનું નામ અનેકાન્તવાદ. જ્ઞાનના, વિચારના, આચરણના કોઈ પણ વિષયને માત્ર અધૂરી બાજુથી ન જોતાં, શકય તેટલી બધી બાજુથી અને બધી સ્થિતિઓથી વિચારણા કરવી એટલે અનેકાન્તવાદ. ઉદાહરણ તરીકે આંબાનું એક વૃક્ષ છે. એક વ્યકિતએ આંબાને છોડરૂપે જોયો, બીજાએ તેને વૃક્ષરૂપે જોયો, ત્રીજાએ આંબે મોર જોયા, ચોથાએ આંબા પર કાચી કેરી જોઈ, પાંચમાંએ તેને પાનખરઋતુમાં ખરી ગયેલાં પાંદડાં સાથે જોયો, છઠ્ઠાએ તેને જમીનમાંથી ઊખડી પડેલો જોયો. આમ જુદી જુદી વ્યકિતએ જુદા જુદા સમયે, જુદી જુદી પરિસ્થિતિમાં આંબો જોયો. આંબાના માત્ર કોઈ એક સ્વરૂપને જોવું તે એકાંતદૃષ્ટિ અને તેના સમગ્ર સ્વરૂપ વિશે વિચારવું તે અનેકાન્તદૃષ્ટિ. સમગ્ર સ્વરૂપે જોતાં આંબાના સાચા સ્વરૂપનો ખ્યાલ આવે છે. આમ, સત્ય એક છે, તેનાં અનંત સ્વરૂપ છે. એ અનંત સ્વરૂપનું જુદી જુદી અપેક્ષાએ દર્શન કરવું તે અનેકાન્તવાદ. અનેકાન્તવાદ સ્યાદવાદના નામે પણ ઓળખાય છે. અનેકાન્તવાદ સિદ્ધાંત છે, સ્યાદવાદ એ સિદ્ધાંતને અમલમાં મૂકવાની રીતિ, પદ્ધતિ કે શૈલી છે. દૃષ્ટાંતની ભાષામાં મૂકીએ તો અનેકાન્તવાદ તે કિલ્લો છે અને સ્યાદવાદ તે કિલ્લામાં જવાનો નકશો છે.

સ્યાદવાદને વધારે સ્પષ્ટપણે સમજવા માટે શાસ્ત્રમાં અંધહસ્તિ ન્યાયનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. સાત આંધળા માણસોએ પોતાની હથેળી વડે સ્પર્શ કરીને હાથીને ઓળખવાનો પ્રયત્ન કર્યો. માત્ર કાનને અડનારને તે સૂપડા જેવો લાગ્યો. પગને સ્પર્શનારને તે થાંભલા જેવો લાગ્યો. સૂંઢને સ્પર્શનારને તે દોરડા જેવો લાગ્યો. આમ દરેકને હાથી જુદા જુદા સ્વરૂપનો લાગ્યો. ડાહ્યા મહાવતે દરેકને તેમના હાથવતી આખા હાથીના સ્વરૂપનું દર્શન કરાવ્યું. હાથીના માત્ર એક અવયવનું દર્શન તે ખંડદર્શન હતું. હાથીના સમગ્ર સ્વરૂપનું દર્શન તે અખંડ દર્શન થયું. અહીં મહાવત તે અખંડ દર્શન કરાવનાર અનેકાન્તવાદના સ્થાને છે. શ્રી અમૃતચંદ્રાચાર્ય મહારાજે 'પુરુષાર્થસિદ્ધિઉપાય' માં બહુ સુંદર દૃષ્ટાંત દ્વારા અનેકાન્તવાદનું મહત્ત્વ અને પદ્ધતિ સમજાવ્યાં છે.

**રવૈયાતણું નેતરૂં એક છેડે ખેચંત**
**બીજે ઢીલું છોડતાં, માખણ ગોપી લહંત**
**ત્યમ એક અંતથી વસ્તુનું તત્ત્વ જ આકર્ષંત**
**બીજે શિથિલ કરતાં આ સ્યાદવાદ નીતિ જયવંત.**

સંપૂર્ણ સત્યરૂપી માખણ મેળવવા માટે સ્યાદવાદ અથવા અનેકાન્તવાદ વિના બીજો કોઈ ઉપાય નથી.

જૈન દાર્શનિકોએ સ્યાદવાદના સિદ્ધાંતની ખૂબ શાસ્ત્રીય રીતે ચર્ચા કરી છે. સ્યાદવાદમાં જે સ્યાત્ શબ્દ છે તેનો અર્થ છે 'કથંચિત્'. એટલે કે કેટલુંક જાણવા મળ્યું છે. હજુ ઘણું જાણવાનું બાકી છે. કોઈ પણ એક સ્થિતિને અંતિમ કે છેવટની ન માનતા તેની બીજી સંભવિતતાનો સ્વીકાર કરવો તે સ્યાદવાદ. સ્યાદવાદ એટલે નિશ્ચય સુધી પહોંચાડનારી સ્વસ્થ, તર્કસંમત વૈજ્ઞાનિક પ્રણાલી.

ગાંધીજી, વિનોબાજી તથા શ્રી રાધાકૃષ્ણન્ જેવા વિચારકોએ અનેકાન્તવાદને સમાધાનનો અને શાંતિપ્રાપ્તિનો ઉત્તમ માર્ગ કહ્યો છે. તેઓએ સ્યાદવાદ શૈલીને વિચારણા માટેની ઉત્તમોત્તમ શૈલી તરીકે બિરદાવી છે.

તત્ત્વાર્થસૂત્ર પ્રથમ અધ્યાયમાં વાચક ઉમાસ્વાતિએ કહ્યું છે તે પ્રમાણે પ્રમાણ નયૈરધિગમ: એટલે કે પ્રમાણ અને નય વડે જ્ઞાન થાય છે. પ્રમાણ એટલે વસ્તુનું પૂર્ણદર્શન કરાવનારી અને નય એટલે પૂર્ણ સત્યનો એક અંશ રજૂ કરતી દૃષ્ટિ છે. શાસ્ત્રકારો આ નયવાદને નિશ્ચય અને વ્યવહાર એવા બે વિભાગમાં વહેંચે છે. નિશ્ચયનય એટલે સૂક્ષ્મ અનુભવો પર ઘડાયેલી માન્યતા અને વ્યવહારનય એટલે સ્થૂળ અનુભવો પર ઘડાયેલી માન્યતા. ભગવાન મહાવીરે સ્યાદવાદને ચારિત્ર્યવિકાસના સાધન તરીકે જોયો અને નિશ્ચયનય પર વધારે ભાર મૂકયો. કોઈ પણ કામ ચાલુ હોય અને પૂરું થયું ન હોય તો તે ચાલુ જ છે તેમ કહેવું તે વ્યવહારુ દૃષ્ટિ. બીજી બાજુ જે કામ ચાલુ હોય, પૂરું થયું ન હોય તો પણ તે થયું છે તેટલા પૂરતું પૂરું થયેલું ગણવું તે થઈ નિશ્ચયદૃષ્ટિ ભગવાન મહાવીરે નિશ્ચયદૃષ્ટિ પર ભાર મૂકયો. કારણ નિરાશાવાદી, સાધારણ બુદ્ધિશકિતવાળી વ્યકિત અધૂરા રહેલા કામને નિરાશાની દૃષ્ટિએ જુએ છે, ત્યારે આશાવાદી વ્યકિત જેટલું થયું છે તેમાં ક્રમિક વિકાસ જુએ છે, પુરુષાર્થી બની ઊંડી સમજ સાથે, ખંત સાથે કામ ચાલુ રાખે છે અને ફળ મેળવે છે. ઉત્તમ અંશવાળું થોડું આચરણ પણ માનવને મોટી યાતનામાંથી ઉગારી લે છે. ભગવાન મહાવીરની આ વિચારણામાં માનવકલ્યાણ માટેની મહત્ત્વની માનસશાસ્ત્રીય દૃષ્ટિનો પરિચય આપણને થાય છે. વ્યકિત પુરુષાર્થી બની ઊંડી સમજ સાથે, ખંત સાથે કામ કરે તો ઉત્તમ અંશવાળું થોડું આચરણ પણ માનવને મહાન તાપમાંથી ઉગારી લે છે. આ વિચારણામાં ભગવાન મહાવીરની માનવકલ્યાણ માટેની માનસશાસ્ત્રીય દૃષ્ટિનો પરિચય થાય છે.

શાસ્ત્રકારોમાં વસ્તુનું પૂર્ણ સ્વરૂપ જાણવા માટે સાત ભંગિ એટલે પ્રકાર બતાવ્યા છે તેને સપ્તભંગિ કહેવાય છે. આ સાત ભંગિ તે (૧) સ્યાત્ અસ્તિ (૨) સ્યાત્ નાસ્તિ (૩) સ્યાત્ અસ્તિનાસ્તિ (૪) સ્યાત્ અવકતવ્ય (૫) સ્યાત્ અસ્તિ અવકતવ્ય (૬) સ્યાત્ નાસ્તિ અવકતવ્ય (૭) સ્યાત્ અસ્તિનાસ્તિ અવકતવ્ય. જ્યારે ભિન્ન ભિન્ન વિચારકોની દૃષ્ટિમાં ભેદ દેખાય ત્યારે સાચી વસ્તુને તેના યોગ્ય સ્થાનમાં ગોઠવી ન્યાય કરવો અને વિરોધનો પરિહાર કરવો અને

વસ્તુ વિશે યથાર્થ પૂર્ણ જ્ઞાન મેળવવું એ કાર્ય સપ્તભંગિનું છે.

ભગવાન મહાવીરના સમયમાં અનેક વાદો પ્રવર્તતા હતા. દરેક વાદના સમર્થક, પોતાનો વાદ સત્ય અને બીજાના વાદને મિથ્યા માનતા. ભગવાન મહાવીરે દરેકમાંથી સત્ય તારવી સમન્વય કર્યો અને સંઘર્ષને ટાળ્યો. એક વખત ચંપાનગરીના રાજા શતાનિકની બહેન જયંતીએ કેટલાક પ્રશ્નો પૂછયા, તેના ભગવાન મહાવીરે સ્યાદવાદ શૈલીએ જવાબ આપ્યા. તેમાંનો એક સવાલ જોઈએ. જયંતીએ પ્રશ્ન પૂછયો કે ભગવાન! ઊંઘતા જીવ સારા કે જાગતા? ભગવાને કહ્યું, 'બન્ને.' કારણ, અધાર્મિક મનુષ્યનું સૂઈ રહેવું સારું, કારણકે તે જાગીને અધર્મ આચરે છે, ત્યારે ધાર્મિક મનુષ્યનું જાગવું સારું, કારણકે તે જાગીને બીજાને જગાડે છે, એટલે કે મોહમાંથી જગાડે છે.

અનેકાન્તવાદની આધારશિલા છે સત્ય. અનેકાન્તદ્વારા સત્યદર્શન માટે ભગવાને ચાર શરતો મૂકી છે: (૧) રાગ અને દ્વેષ તજી મધ્યસ્થભાવ ધારણ કરવો. (૨) જ્યાં સુધી મધ્યસ્થભાવનો પૂર્ણ વિકાસ ન થાય ત્યાં સુધી એ ધ્યેયને જ લક્ષમાં રાખી કેવળ સત્યની જ જિજ્ઞાસા રાખવી. (૩) પોતાના પક્ષની જેમ વિરુદ્ધ પક્ષનાં મંતવ્યોની આદરપૂર્વક વિચારણા કરવી અને વિરુદ્ધ પક્ષની જેમ પોતાના પક્ષની પણ આકરી સમાલોચના કરવી. (૪) પોતાના તેમ જ બીજાના અનુભવોમાંથી જે જે અંશો સાચા લાગે તેનો વિવેકબુદ્ધિથી અને ઉદારતાથી સમન્વય કરવો અને જ્યાં ભૂલ દેખાય ત્યાં મિથ્યાભિમાનનો ત્યાગ કરી ભૂલને સુધારવી.

માનવજીવનની સાર્થકતા સત્યની શોધમાં છે. સત્યશોધન માટે અનેકાન્તવાદ અત્યંત જરૂરી છે. અનેકાન્ત એટલે વૈચારિક અહિંસા અને વૈચારિક અપરિગ્રહ. વિનોબાજી કહે છે, 'મમ સત્ય' મારું જ સાચું, તેનો અર્થ યુદ્ધ થાય છે. મારું જ સાચું, તે થયો વિચારનો પરિગ્રહ. જેમ ધનસંપત્તિનો વધારેપડતો પરિગ્રહ સામાજિક અને નૈતિક ગુનો છે, તે જ રીતે પોતાની માન્યતાનો પરાણે બીજા પાસે સ્વીકાર કરાવવો તે થયો વૈચારિક પરિગ્રહ. અને આ પરિગ્રહ પણ નૈતિક ગુનો છે. વગર વિચાર્યે કોઈના વિચારને જૂઠો કે પાયાવિનાનો કહેવો તે વૈચારિક હિંસા છે. આ હિંસામાંથી વાદ-વિવાદ જન્મે છે ને વેરઝેર - ઘૃણાનું કારણ બને છે. આમ, એક-બીજા પરત્વે, એકબીજાને નહિ સમજવાને કારણે, સમત્વ-બુદ્ધિના અભાવથી અને દિલના સંકુચિતપણાને લીધે હિંસા પ્રગટે છે. વૈચારિક પરિગ્રહ અને વૈચારિક હિંસા નિવારવાનો જે ઉપાય ભગવાન મહાવીરે શોધ્યો તે અનેકાન્તવાદ. કોઈના પણ મંતવ્યને અસત્ય ન કહેતાં તેમાંથી સત્ય તારવી તેનો આદર કરવો તે થઈ વૈચારિક અહિંસા અને આંતરનિરીક્ષણ કરી સ્વસ્થ અને નિર્મળ ચિત્તે પામેલું સત્ય બીજા પાસે રજૂ કરવું તે થયો વૈચારિક અપરિગ્રહ. આમ, અનેકાન્તવાદથી રાગદ્વેષ ઘટે છે, સમભાવ જન્મે છે, મિત્રતા વિકસે છે, માનસિક ક્લેશ ઓછા થાય છે. અનેકાન્તવાદ એ નથી સંશયવાદ કે નથી અનિશ્ચયવાદ. તે વિવિધ વિસંવાદો-માંથી પ્રગટતો સંવાદ છે.

આમ અનેકાન્તવાદ એ જૈન ધર્મનું અને ભગવાન મહાવીરનું જગતને વિશિષ્ટ અર્પણ છે. પરસ્પર વિરોધી વિચારધારાઓને એમાં સ્થાન હોવાથી આધુનિક લોકશાહીનાં મૂળ એમાં જોઈ શકાય છે. જીવનમાં દરેક ક્ષેત્રમાં પ્રમાણિકતાથી એને ઉતારવામાં આવે તો નિરર્થક વિસંવાદ અને ક્લેશ ચાલ્યાં જાય છે. સંવાદ અને શાંતિ સ્થપાય છે. કુટુંબ અને સમાજ ઉપરાંત રાષ્ટ્રો રાષ્ટ્રો વચ્ચે શાંતિમય સહઅસ્તિત્વ, સહકાર સ્થાપવામાં, એટલે કે વિશ્વશાંતિ સ્થાપવામાં પણ અનેકાન્તવાદ ઘણો મોટો ફાળો આપી શકે તે નિ:સંશય છે.

(આકાશવાણીના સૌજન્યથી) પ્રો. તારાબહેન ર. શાહ

## ધ્યાન : એક ઉપચાર પદ્ધતિ

માનસ પૃથક્કરણશાસ્ત્રી ડૉ. એફ. એસ. પર્લ્સના એક પુસ્તક 'ઈગો, હંગર એન્ડ એગ્રેશન' માંની એક સૌને રસ પડે તેવી વાત જણાવવાનું મન થાય છે. એમના કહેવા પ્રમાણે મનના રોગનું મુખ્ય કારણ દુ:ખને સમજવાને બદલે એનાથી નાસી છૂટવાનું વલણ - પલાયનવૃત્તિ છે. એ પલાયનવૃત્તિના મારણ તરીકે એમણે ધ્યાનનો (Attention ના અર્થમાં) પ્રયોગ એક ઉપચારપદ્ધતિ તરીકે કર્યો છે.

શરૂઆતમાં એ 'ધ્યાન' કોને કહેવાય તે સ્પષ્ટ કરે છે:

ધ્યાન એટલે બળજબરી નહીં. બીજા બધા વિચારો અને આવેગોને દબાવી દેવામાં અને એક જ વિચાર કે કાર્યમાં પરાણે એકાગ્રતા સાધવામાં આપણી બધી શકિત વાપરવી પડે એમાં શકિતનો માત્ર દુરોપયોગ જ છે. ફરજ કે માની લીધેલા આદર્શ પાછળ કરેલા શકિતના આવા વ્યયનું પરિણામ ચીડિયાપણું, જ્ઞાનતંતુની નબળાઈ કે છેવટે નર્વસ 'બ્રેકડાઉન' માં આવે છે.

ધ્યાન એટલે કોઈ પણ પ્રકારનું માનસિક વળગણ – અન-કૉન્શ્યસ ઓબસેશન' પણ નહીં. પહેલા પ્રકારમાં માણસ પોતે જ પોતાના મન પર બળજબરી કરે છે. બીજા પ્રકારમાં બીજું કોઈ, બહારની દુનિયાની કોઈ વ્યકિત કે પરિસ્થિતિ એને અમુક રીતે વર્તવાની ફરજ પાડતી હોય એવી, પોતે જ અજાણપણે ઊભી કરેલી માન્યતાને અનુસરીને જીવે છે. આ બન્ને પ્રકારની એકાગ્રતામાં માણસ, સામેની વસ્તુ કે પરિસ્થિતિને સમજવામાં લીન થવાને બદલે પોતાનામાં જ લીન થઈ જાય છે. બીજી રીતે કહીએ તો આવી એકાગ્રતા એ 'ધ્યાન' નહીં 'બેધ્યાન' છે.

ધ્યાનનો અર્થ 'ફેસ્સીનેશન' – વશીકરણ – શબ્દમાં યોગ્ય રીતે વ્યકત થાય છે. એમાં સામે રહેલી વસ્તુસ્થિતિ સ્વાભાવિક રીતે જ મુખ્ય સ્થાન લઈ લે છે. બાકીની દુનિયા ખોવાઈ જાય છે. સ્થળ અને સમય સ્થિર બની જાય છે. એ પળે મનમાં કોઈ પણ પ્રકારનો વિસંવાદ કે વિરોધ નથી ઉઠતો. આવું ધ્યાન બાળકમાં અને પોતાને ખૂબ રસ હોય એવા કામમાં લાગેલા મોટાંઓમાં જોવા મળે છે. પોતાનું સમગ્ર વ્યકિતત્વ સમૂળું એક જ હેતુમાં લીન થઈ ગયું હોય એવી પળોમાં એ ખૂબ જ વિકસે એ સ્વાભાવિક છે.

ધ્યાનના પ્રયોગને સમજાવવા એમણે આપેલો એક દાખલો આપણે જોઈએ. એમની પાસે મેટ્રિકમાં ભણતો એક વિદ્યાર્થી આવ્યો. એનું ચિત્ત અભ્યાસમાં ચોંટતું નહોતું. જાત જાતના દિવા–સ્વપ્નો આવીને એની એકાગ્રતામાં ભંગ પાડતા. ડૉકટરે એને દિવા-સ્વપ્નો અને અભ્યાસ બન્નેને છૂટાં પાડી દેવાની સલાહ આપી: દિવાસ્વપ્નો શરૂ થાય કે તરત જ દસ મિનિટ સુધી એમને આવવા દેવા, પછી અભ્યાસ શરૂ કરવો. શરૂઆતમાં વિદ્યાર્થીને આ સલાહ અનુસરવામાં પણ મુશ્કેલી પડી. એ માનસિક યુદ્ધથી એવો તો ટેવાઈ ગયો હતો કે જેવો એ સપનાં જોવામાં લીન થતો કે તરત જ પાઠના વાક્યો યાદ આવીને એના સપનામાં ખલેલ પાડતા! ડોકટરે એને દિવાસ્વપ્નો જોતાં અભ્યાસ યાદ આવે તો અભ્યાસ શરૂ કરવાની, અને ફરી દિવાસ્વપ્નો આવવાં શરૂ થાય તો અભ્યાસ પડતો મૂકીને સપનામાં પૂરેપૂરા લીન થવાની સલાહ આપી. આ રીતે બન્ને પ્રકારના વિચારોને કશા ય વિરોધ વિના આવવા દેવાથી એ છૂટા પડી ગયા અને વિદ્યાર્થી કશી યે બળજબરી વિના રસપૂર્વક અભ્યાસ કરતો થઈ ગયો.

ડૉકટર કહે છે કે ધ્યાનનો ઉપચાર પદ્ધતિ તરીકે સૌથી અગત્યનો ઉપયોગ ખાવાની ક્રિયામાં થાય છે.

એ સમજાવે છે: તમે ખાઈ રહ્યા છો એ હકીકત તરફ સંપૂર્ણ લક્ષ આપો. એક વખત ખાવામાં લક્ષ આપવાનું શરૂ કરશો કે તરત જ તમે અજાયબીભરી શોધ કરવા માંડશો. શરૂશરૂમાં તો સંપૂર્ણ ધ્યાન આપવું જ ખૂબ મુશ્કેલીભર્યું લાગશે. તમારું મન ક્યાંનું ક્યાં ભટકતું હશે. બળજબરી ન કરો. શાંતિથી જુઓ કે તમે ભટકવા ગયા હતા. ફરી ધ્યાનથી ખાવ. ધીમે ધીમે ધ્યાનની ક્ષણો વધતી જશે.

એ વખતે બીજી વાત યાદ રાખો: તમે જે રીતે ખાવ છો એ રીતનો માત્ર અભ્યાસ કરવામાં સંતોષ માનો. ખોટું જણાય તો એને સુધારશો નહીં. દા. ત. તમે બરાબર ચાવીને ખાતા નથી એ જાણ્યું એટલે તરત જ એમાં ફેરફાર ન કરશો. એવા ઉતાવળા પરિવર્તનથી એની પાછળનું માનસ તમને પૂરેપૂરું સમજાશે નહીં અને સુધારો ક્ષણજીવી નીવડશે. તમારા ચિત્તને ભટકતું જુઓ. પૂરું ચાવ્યા વિના અને ઉતાવળે કોળિયો ગળી જતા જુઓ. તમારો લોભ અને અધીરાઈ જુઓ. ધીરે ધીરે ખોરાક કેવો લાગે છે તે જુઓ: એ સખત છે કે નરમ, ગરમ છે કે ઠંડો, કડવો, ગળ્યો કે ખાટો. (ભાવે છે કે નથી ભાવતો એવી આકારણી કર્યા વિના) એનો અનુભવ વર્ણવો – તમારી જાત આગળ જ.

ધ્યાન કેળવાતું જાય તેમ તેમ કોળિયાનો એક કણ પણ પૂરેપૂરો ચવાયા વિના ગળે ન ઊતરી જાય એટલું શીખી લો–એટલી હદ સુધી કે અજાણતાં ગળે ઊતરી ગયેલો કણ ગળામાંથી પાછો ફરે! આટલું થાય એટલે તમે ખાવામાં નિષ્ણાત થઈ ગયા. ખાવાની ક્રિયાનું પૂરેપૂરું જ્ઞાન થતાં તમારા ખોરાકમાં ફેરફાર થશે. સાચી રુચિ કેળવાશે અને ગમે તેવો ખોરાક ગળે ઉતારી જતા અટકશો.

આથી જે પરિવર્તન આવશે તે માત્ર શારીરિક નહીં હોય: તમારો માનસિક ખોરાક – વાચન, વિચારો અને માન્યતાઓ – પણ ચાવીને, એની યોગ્યતાની પૂરેપૂરી ખાતરી કરીને જ ગળે ઉતારતા થશો.

જગતને જાણવું હોય અને પચાવવું હોય તો તમારા દાંતનો પૂરેપૂરો ઉપયોગ કરો: તમારા આગળના દાંતના બન્ને છેડા મળે ત્યાં સુધી વસ્તુને કાપતા રહો. જરાક દાંત બેસાડી મોંમાં કોળિયો લઈ જવાની ટેવને હડસેલી દો. તમારા દાંતના બે છેડા વચ્ચે અંતર રાખશો તો તમારી બહારની દુનિયા અને તમારી અંદરની દુનિયા વચ્ચે પણ અંતર રહેશે – પરિચય નહીં થાય, સંબંધ નહીં બંધાય.

દરેક વસ્તુ પર બરાબર દાંત બેસાડી જુઓ. તમારામાં રહેલી ક્રૂરતાને યોગ્ય માર્ગે વળવા દો. ભલામાં ભલા માણસમાં પણ ક્રૂરતા દબાઈને પડી હોય છે. આ એક જ યોગ્ય માર્ગે એ બહાર નહીં આવે તો એ માણસ એને બીજાને નીતિમાન કરવાના અને દયાથી મારી નાખવાના કામમાં વાપરશે. ધ્યાનપૂર્વક પૂરેપૂરા દાંત બેસાડો. પદાર્થ પીગળી જાય ત્યાં સુધી ચાવો. તમારી ક્રૂરતાને સાચી દિશા મળતાં તમારા કાલ્પનિક ભય ઘણા ઓછા થઈ જશે.

જે લોકો અધીરિયા અને લોભિયા છે અને ભેળસેળિયા વિચારો ધરાવે છે એમણે એક કોળિયો ખાઈને બીજો કોળિયો મોંમાં મૂકતાં પહેલાં ક્ષણિક અંતર રાખતાં શીખવું જોઈએ. એટલું કરતાં એ અનુભવશે કે પોતાના રોજિંદા નાનાં–મોટાં કામ સહજતાથી કરવાની શકિત એનામાં છે, પોતાનું પેટ જ નહીં પણ ચિત્ત પણ ભેળસેળિયા વિચારો અને માન્યતાઓને ફેંકી દઈને વ્યવસ્થિત થતું જાય છે.

બીજી વાત. આપણી દષ્ટિ જેવી ખોરાક તરફ હોય છે એવી જ જગત તરફ હોય છે. આપણને લાગે છે કે અમુક ખોરાક કયાં તો ખૂબ સ્વાદિષ્ટ હોય છે કે ખૂબ કડવો હોય છે અથવા તો સાવ સ્વાદરહિત હોય છે. બહારની દુનિયાના અનુભવને પણ આપણે એ ચોકઠામાં બેસાડીએ છીએ: આપણને અમુક અનુભવ, વ્યકિત કે પરિસ્થિતિ કયાં તો સારી, ખરાબ કે અર્થહીન લાગે છે. આવી દષ્ટિવાળા લોકોમાં વિવેચનાત્મક શકિત તો વિકસે છે, પણ ઊંડાણને ભોગે.

એ બધા ખોરાક નથી ખાતા, રુચિ ખાય છે. એમણે સૂગ હોય તેવા ખોરાકથી બચવાને બદલે એવો ખોરાક લેવો જોઈએ–ભલે એથી ઊબકા આવે કે ઊલટી થાય. એ સૂગના અનુભવથી એમની જીભ વધુ સતેજ થશે અને ખોરાક પ્રત્યેની બેસ્વાદ વૃત્તિ દૂર થઈ જશે – સાથેસાથે જીવન પ્રત્યેની પણ.

જેવી તમારી જીભ છે એવી તમારી જિંદગી છે. સૂગ અનુભવી શકતી જીભ, સ્વાદ પારખવાની શકિત ગુમાવી દીધેલી જીભ કરતાં લાખ દરજ્જે સારી છે. જીવનને મૂંગે મોઢે વિરોધ કર્યા વિના સહી લેતા માણસ કરતાં બીજા માણસ કે પરિસ્થિતિથી અકળાઈ ઊઠતો માણસ વધુ જીવંત છે.

શરીર અને મન સરખા નિયમો અનુસરે છે. શરીરની ટેવોમાં કરેલું પરિવર્તન મનની ટેવોમાં પણ પરિવર્તન લાવશે. તમારી ભૂખને મારી નાખે એવી ખોટી ટેવોથી મુકત થાવ તો તમારું મન પણ મુકત થઈ જશે. તમારી સાચી ભૂખ પૂરેપૂરી જાગવા દો – શરીરની અને મનની પણ. એથી તમે સંવેદનશીલ બનશો અને તમારું જીવન અર્થપૂર્ણ.

પ્રતાપ કરવત

## વસંત વ્યાખ્યાનમાળા

દર વર્ષની માફક આ વર્ષે પણ એપ્રિલ માસની તા. ૭, ૮, ૯ અને ૧૦–એમ ચાર દિવસ માટે તાતા ઓડિટોરિયમમાં વસંત વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. ચારે વ્યાખ્યાનો અંગ્રેજીમાં રાખવામાં આવ્યાં છે. વકતાઓ નીચે પ્રમાણે છે.

| તારીખ | દિવસ | વકતા |
|---|---|---|
| ૭–૪–૭૫ | સોમવાર | ડૉ. ટી. આર. બ્રહ્માનંદ ડિરેકટર, ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિકસ, યુનિવર્સિટી ઓફ બોમ્બે |
| ૮–૪–૭૫ | મંગળવાર | પ્રો. એ. એન. ઓઝા પ્રોફેસર ઓફ ઈકોનોમિકસ, સેંટ ઝેવિયર્સ કોલેજ |
| ૯–૪–૭૫ | બુધવાર | ડૉ. પી. બી. મેઢોરા જોઈન્ટ મેનેજિંગ ડિરેકટર, આઈ. સી. આઈ. સી. આઈ. |
| ૧૦–૪–૭૫ | ગુરુવાર | ડૉ. બી. એસ. મિનહાસ આયોજન પંચના ભૂતપૂર્વ સભ્ય |

"કોમર્સ"ના તંત્રી શ્રી વાડીલાલ ડગલી વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન સંભાળશે.

વ્યાખ્યાનમાળાનો વિષય: Prices & Planning

સમય: સાંજના ૬–૧૫

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# નૈતિક મૂલ્યોના પુનરુત્થાન દ્વારા ભગવાન મહાવીરને સાચી અંજલિ

ભગવાન મહાવીરનો ૨૫૦૦મો નિર્વાણ-મહોત્સવ જે રીતે આજે દેશભરમાં ઊજવાઈ રહ્યો છે તે ખૂબ ગૌરવની વાત છે; પરંતુ આ ઉજવણીનું ખરું સાર્થક્ય બહાર આયોજિત થતા વિવિધ કાર્યક્રમોમાં છે તે કરતાં વિશેષ, પગલે પગલે જીવાતા આપણા જીવનમાં છે. જાગૃતિનું આવું સાતત્ય સૌ કોઈમાં ન રાંભવી શકે, પરંતુ મનુષ્ય તરીકે સારા સદ્‌ગુણી બનવાની વાત એટલી અઘરી નથી. મહાન બનવાનું સૌને માટે નિર્માણ થયેલું હોતું નથી. એમ જો હોત તો જે અનુભવો અને બાહ્ય બળોથી પ્રેરિત થઈ એક સામાન્ય માણસમાંથી જે વિરલ કોટિએ મહાપુરુષો પહોંચ્યા છે એ અનુભવોમાંથી આપણે પણ પસાર થતા જ હોઈએ છીએ, પરંતુ એથી આપણી જીવનદિશા ધરમૂળથી બદલાતી નથી. રોગ અને મૃત્યુની દુનિયામાં રહેવા છતાં એક ડૉકટર સામાન્ય જીવનસ્તરથી આગળ આવી શકતો નથી. સ્મશાનભૂમિની બાજુમાં જ વસતા લોકો રાત-દિવસ જીવનની આ નશ્વર લીલા નિહાળતાં હોવા છતાં એમના જીવનનો ઢાંચો એનો એ જ રહે છે. રોગ, મૃત્યુ અને ઘડપણની યાતનાને આપણે પણ જાણીએ - જોઈએ છીએ, પરંતુ અનેકવારનું આપણું આ દર્શન મહાભિનિષ્ક્રમણની મહાન પળ - આંતરપરિવર્તનની કોઈ પ્રક્રિયા - માં પલટાઈ શકતું નથી. જેને માટે મહાન ભાવિ સર્જાયું હોય છે તેને 'તેજીને એક ટકોરો' એમ એકાદ નિમિત્ત પણ કોઈ વેળા બસ થઈ પડે છે. પશુઓના પોકાર સાંભળી નેમનાથ પરણ્યા વિના પાછા ચાલી ગયા! કલિંગના ઘોર હત્યાકાંડે સર્જેલા વિનાશે સમ્રાટ અશોકને શસ્ત્રો છોડાવી ધર્માત્મા બનાવ્યો. પત્નીની એકમાત્ર તીખી ટકોર "અસ્થિ ચર્મ મમ દેહમેં, તામેં જૈસી પ્રીતિ, તૈસી હોત શ્રી રામમેં ......" થી જાગૃત બની જઈ તુલસીદાસે (એક મત સુરદાસ હોવાનો છે.) સંસાર તરફ પીઠ ફેરવી પરમપદની પ્રાપ્તિ કરી. ગાંધીજી સાથે 'હરિશ્ચન્દ્ર' નાટક જોનારા તો અનેક હશે; પરંતુ હરિશ્ચન્દ્રની સત્યનિષ્ઠાથી પ્રભાવિત ગળગળા બની જઈ જીવનની સમૂળી ક્રાન્તિ તરફ પદારંભ કરનાર કેવળ ગાંધીજી જ નીકળ્યા; નૈતિક ભૂલોનો પશ્ચાત્તાપ આપણને પણ ઘણીવાર થાય છે; પરંતુ ગાંધીજીને માટે એ પસ્તાવો 'વિપુલ ઝરણું' બની જઈ જે પ્રવાહમાં પલટાયો તેણે જગતને એક મહાપુરુષની ભેટ આપી માનવજીવનને નવો જ વળાંક આપ્યો.

આધ્યાત્મિક ભાવિનું નિર્માણ દઢ નૈતિક પાયા પર જ થતું હોઈ નીતિમત્તા વ્યકિતના જીવનવિકાસ માટે ઘણી અગત્યની અને અનિવાર્ય વસ્તુ બની રહે છે. અને વ્યકિત પર સમષ્ટિની સુખશાન્તિ ને આબાદી હમેશાં આધારિત હોય છે, એ જોતાં સત્ત્વશીલ, આચારવિચારની ઉચ્ચતાથી સમૃદ્ધ, નીતિનિયમોનું પાલન કરનાર માનવસમૂહના વિસ્તરણ પર જ સમાજજીવનનો સાચો ઉઠાવ આવી શકે છે. નૈતિક મૂલ્યોના સ્વીકાર પર જ માણસની બુદ્ધિએ સાધેલી પ્રગતિ દીપી નીકળે છે તથા ભૌતિક સંસ્કૃતિ સાર્થક અને સુખ આપનારી બની રહે છે.

ભૌતિક જીવન નશ્વર હોવા છતાં આપણે તેને નકારી શકતા નથી; જરા જેટલી પણ ઉપેક્ષા કરી શકતા નથી. કારણ કે ભૌતિક યા સ્થૂલ જીવનની ઉચ્ચતા, સમજ, જાણકારી, અનુભવ, અવલોકન, ચિંતન, જ્ઞાનવિજ્ઞાન અને અનેક વ્યવહારોમાંથી જ આપણને વધુ શુભ અને સુંદર જીવનની ચાવી મળી આવે છે. ભૌતિક જીવનમાંથી પસાર થઈને જ આપણે તેનાથી અતિ પર એવા વિશાળ શ્રેષ્ઠતમ જીવન તરફ – ચેતનાની એક એકથી ચડિયાતી, વધુ ને વધુ પૂર્ણ એવી ભૂમિકા પ્રતિ – ગતિ કરી શકતા હોઈ આપણું આ જીવન ઘણું કિમતી માધ્યમ બની રહે છે. આટલો બધો જેના પર આધાર છે એ જીવન જો પાપ, છળકપટ, દંભ, દુરાચાર, અસત્ય, અન્યાય અને તરેહતરેહના ભ્રષ્ટાચારથી દૂષિત ગંદુ બની ગયેલું હોય તો વ્યકિતગત ઉચ્ચ વિકાસ માટે જરા જેટલો પણ અવકાશ રહેતો નથી, તેમ જ સામૂહિક જીવનની પણ કોઈ આબાદી કે સુખશાન્તિ ટકી શકતાં નથી.

આ રીતે નીતિનિયમોનું પાલન આપણા બાહ્ય અને આંતરિક - સ્થૂળ અને સૂક્ષ્મ - વિકાસ માટે અત્યંત જરૂરી બની રહે છે. નીતિનિયમોના પાલન પર જ આપણા જીવનવ્યવહારો વ્યવસ્થિત રહી શકે છે, અરસપરસના સંબંધો ટકી શકે છે, સૌની સુખસલામતી અને વિશ્વાસનું વાતાવરણ જળવાઈ રહે છે, એટલું જ નહિ મનુષ્યેતર સૃષ્ટિ - પશુ, પંખી અને પ્રાણીઓ - સૌ જીવો આ ધરતી પર સુખશાન્તિથી વિચરી શકે છે. કુદરત અને માનવજીવન વચ્ચેનું સંતુલન તો જ શક્ય બને છે.

આટલા બધા જરૂરી તત્ત્વનો આજે જે રીતે ડગલે ને પગલે ભયંકર હ્રાસ થઈ રહ્યો છે તેણે જીવનને કટોકટીમાં મૂકી પારાવાર જટિલતા સર્જી છે. આપણા ઘોર નૈતિક અધ:પતનને કારણે જે સમસ્યાઓ આપણી સામે ઊભી થઈ છે તેનો ઉકેલ કરવા જતાં બાર બાંધે ત્યાં તેર તૂટે એવી દશા આજે આપણે ભોગવી રહ્યા છીએ. પ્રામાણિકતા અને સત્યનિષ્ઠાનો અભાવ એ આનું દીવા જેવું સ્પષ્ટ કારણ છે. કોઈ પણ પ્રશ્નના ઉકેલમાં સત્તાબળ, ધનબળ, બુદ્ધિબળ, વિદ્યાબળ, શરીરબળ કે બીજા ગમે તે માર્ગો આપણે અખત્યાર કરીએ, પરંતુ આ બધાની પાછળ નૈતિક બળ ન હોય, ચારિત્ર્યનું પીઠબળ ન હોય તો તેનું કોઈ જ સ્થાયી અને સફળ પરિણામ આવી શકતું નથી. નૈતિક મૂલ્યોનો અભાવ એ હરેક ક્ષેત્રના અને હરેક સ્તરના માણસ - નાનાં ને મોટાં સૌ માટે જાણે સાવ સામાન્ય વસ્તુ બની ગઈ છે. અકબર-બિરબલની એક વાર્તા અહીં ખૂબ યાદ કરવા જેવી છે. એકવાર અકબરને પ્રજાના માનસની ચકાસણી કરવાનું મન થયું. બિરબલે માર્ગ બતાવ્યો: 'નગરમાં ઢંઢેરો પિટાવો જાહેર કરો કે ઘરદીઠ એક લોટો દૂધ ગામના કૂવામાં સૌએ રાતના સમયે આવીને રેડી જવું.' બાદશાહનો આ આદેશ સાંભળી એક પ્રજાજનને વિચાર આવ્યો કે નગરના આટલા બધા લોકો કૂવામાં દૂધ નાખશે તેમાં જો પોતે એક લોટો પાણી ધબકાવી દેશે તો કયાં કોઈને ખબર પડવાની હતી કે કયું એવું બગડી જવાનું હતું? ખૂબીની વાત એ બની કે આવો મેલો વિચાર બધાના મનમાં આવ્યો ને બધાએ જ કૂવામાં લોટો પાણી પધરાવ્યું! સવાર થતાં બાદશાહ અને બિરબલ પરિણામ જોવા ગયા. આખો કૂવો દૂધને બદલે નર્યા પાણીથી છલકાઈ ગયો હતો! આપણી વર્તમાન મનોદશાને સમજવા આ કથા પર્યાપ્ત થઈ પડે તેમ છે.

વ્યકિતગત અનીતિના જંગી સરવાળાથી સામૂહિક જીવનને કેટલી હદ સુધી ક્ષતિ પહોંચે છે એની કલ્પના કરવા જેટલી પણ જાણે આજે માણસમાં શકિત નથી રહી. ખેદની વાત પાછી એ છે કે આવી મનોદશા સાથે આપણે મહાપુરુષોના જીવનપ્રસંગોની મોટી મોટી યોજનાઓ દ્વારા ઉજવણી કરીએ છીએ!

ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ પ્રસંગે પરિસંવાદ, પ્રદર્શનો, રેડિયો-ટી.વી. પરના ખાસ કાર્યક્રમો, લોકકલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ, ધ્વજ, ચાંદીના સિક્કા, પ્રવચનો વગેરે દ્વારા તેમને અંજલિ આપવાનું જે મૂલ્ય છે એ કરતાં અનેકગણું મૂલ્ય આપણે નીતિમાન બનવા તરફ કદમ ઉઠાવીએ એમાં છે. નહિતર પછી આપણા પગ કાદવમાં ખરડાયેલા રાખીને સ્વચ્છતાની સુફિયાણી વાતો કરવા જેવી આ ઉજવણી દયાજનક રીતે ઉપહાસને પાત્ર બની રહેશે.

શારદાબેન બાબુભાઈ શાહ

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪
ટે. નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ-મુંબઈ-૧

Regd. No. MH. by South 54
Licence No.: 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક : ૨૪

મુંબઈ, ૧૬ એપ્રિલ ૧૯૭૫, બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ચૂંટણીપદ્ધતિ અને નિયમોમાં સુધારા

(૨)

### ચૂંટણીફંડ અને ખર્ચ

ચૂંટણીનાં ઘણાં અનિષ્ટોનું મૂળ ચૂંટણીફંડ અને ચૂંટણીખર્ચ છે. કાયદાથી ચૂંટણીખર્ચની મર્યાદા બાંધી છે, પણ સુવિદિત હકીકત છે કે દરેક ઉમેદવારે બાંધેલ મર્યાદા કરતાં અનેકગણુ વધારે ખર્ચ કરે છે. હકીકતમાં દરેક ઉમેદવારની ધારાસભ્ય કે લોકસભાના સભ્ય તરીકેની કારકિર્દી જૂઠાણાંથી શરૂ થાય છે. ખોટા હિસાબો રજૂ કરી પોતે મર્યાદા મુજબ ખર્ચ કર્યું છે તેવું બતાવે છે. ચૂંટણી અનહદ ખર્ચાળ થઈ છે. લાંચરુશવત વધી ગઈ છે. લોકસભાની બેઠક માટે પાંચથી માંડી વીસ લાખ સુધીનું ખર્ચ થાય છે. ધારાસભાની બેઠક માટે એક લાખથી માંડી પાંચ લાખ સુધીનું ખર્ચ થાય છે. આમાં એક મોટી છટકબારી છે. કોઈ રાજકીય પક્ષ કે સંસ્થા, ઉમેદવાર માટે ખર્ચ કરે તો તે ખર્ચ ઉમેદવારના ખર્ચમાં ગણાતું નથી. રાજકીય પક્ષો કરોડો રૂપિયાનાં ફંડો એકઠાં કરે છે. આવાં ફંડો મેળવવા વ્યાપક ભ્રષ્ટાચાર થાય છે. ફંડ આપનારને પ્રજાના ભોગે સીધા કે આડકતરા વિશાળ અનેકગણા લાભો આપવામાં આવે છે. બજારો અથવા ઉદ્યોગો પાસેથી સામૂહિક ફંડો લેવામાં આવે છે. તેના વેપારીઓ, અને ઉદ્યોગવાળાઓને પ્રજાના ભોગે ભાવવધારા અથવા બીજા લાભો અપાય છે. કંપનીઓને રાજકીય પક્ષોને ફાળા આપવાની મનાઈ થઈ ત્યારથી કાળાં નાણાંનો ઉપયોગ વધીપડયો છે. જે રાજકીય પક્ષ સત્તા ઉપર હોય તેને વધારે લાભ મળે તે સ્વાભાવિક છે, કારણકે તે લાભ આપવા વધારે સમર્થ છે. ચોખ્ખી સોદાબાજી છે.

લગભગ બધા સંમત છે કે કંપનીઓ ઉપરની આ મનાઈ રદ થવી જોઈએ. આશ્ચર્યકારક છે કે તારકુંડે સમિતિએ આવી ભલામણનો વિરોધ કર્યો છે. તેમ કરવામાં વિચિત્ર દલીલ વાપરી છે. આ સમિતિએ કહ્યું છે કે કંપનીના શેરહોલ્ડરો ભિન્ન રાજકીય મતો ધરાવતા હોય છે, તેથી કંપનીએ કોઈ એક રાજકીય પક્ષને ફાળો આપવો ન જોઈએ. આ દલીલમાં બહુ વજૂદ નથી. તારકુંડે સમિતિની કેટલીય ભલામણો શાસક પક્ષને લક્ષમાં રાખી કરવામાં આવી છે. તેથી શાસક પક્ષને જ્યાં વિશેષ લાભ થતો હોય તેવી વાજબી ભલામણનો પણ તારકુંડે સમિતિએ વિરોધ કર્યો છે. ચૂંટણીફંડનો વિચાર કોઈ એક પક્ષને લક્ષમાં રાખી નહિ, પણ સમગ્રપણે જાહેર હિતમાં કરવો જોઈએ. આજે કોંગ્રેસ સત્તા ઉપર છે. કાલે બીજો કોઈ પક્ષ હોય. હવે સરકાર પણ વિચાર કરતી થઈ છે કે કંપનીઓના ફાળા ઉપર મૂકેલ પ્રતિબંધથી ભ્રષ્ટાચાર અને કાળાં નાણાંનો ઉપયોગ વધ્યો છે.

ચૂંટણી ખર્ચની વર્તમાન મર્યાદા છે તે વધારી વાસ્તવિક બનાવવી. બીજી અગત્યની બાબત એ છે કે, રાજકીય પક્ષો પોતાના હિસાબો બહાર પાડતા નથી હોતા. તે માટે કાયદાથી પ્રબંધ કરવો જોઈએ. દરેક રાજકીય પક્ષે ઈલેકશન પંચ નિયુક્ત ઓડિટરો પાસે પોતાના હિસાબો ઓડિટ કરાવી પ્રકટ કરવા જોઈએ. વિશેષમાં એક હજારથી વધારે રકમના બધા ફાળા ચેકથી જ લેવા જોઈએ. વળી રાજકીય પક્ષો તરફથી, પક્ષે નિયુકત કરેલી અધિકૃત વ્યકિતઓ જ ફંડ ઉઘરાવે અને બીજા કોઈ નહિ. અત્યારે કેટલીય રાજકીય વ્યકિતઓ પક્ષના ચૂંટણીફંડને નામે મોટી રકમો મેળવે છે. તેમાં કેટલી પક્ષને પહોંચે છે તે ભગવાન જાણે. પક્ષ અથવા તો તેના નેતા બદનામ થાય છે તે વધારામાં.

રાજકીય પક્ષ જે કાંઈ ખર્ચ કરે, તે પક્ષના ઉમેદવારો ઉપર ફાળે પડતું ગણી લેવું જોઈએ. સુપ્રીમ કોર્ટે એવો ચુકાદો આપ્યો હતો (જે હાલ તુરત કાયદાથી રદ કર્યો છે.) કે કોઈ ઉમેદવારને માટે જ રાજકીય પક્ષે ખર્ચ કર્યું હોય તે ખર્ચ તેના ખર્ચમાં ગણવું. આમાં પણ છટકબારી રહે છે. રાજકીય પક્ષનું બધું ખર્ચ બધા ઉમેદવારો ઉપર ફાળેપડતું ગણી લેવું જોઈએ.

એક સૂચના એવી કરવામાં આવી છે કે, ચૂંટણીખર્ચ અથવા તેનો અમુક હિસ્સો રાજ્યે ભોગવવો. આપણા જેવા મોટા દેશમાં જ્યાં આટલાં બધાં રાજ્યો છે ત્યાં બધો ચૂંટણીખર્ચ રાજ્ય ભોગવે તે શકય નથી, પણ કેટલોક ખર્ચ રાજ્ય ભોગવી શકે. દાખલા તરીકે લગભગ દરેક ઉમેદવાર ચૂંટણીકાર્ડ મોકલતા હોય છે, જેમાં દરેકને મોટું ખર્ચ થાય છે. આવા કાર્ડો રાજ્ય તરફથી મોકલાય, જેમાં તે તે વિભાગના બધા ઉમેદવારો, તેમના ચિહ્નો અને મતદાનનું સ્થળ તથા ઉમેદવારનો મતયાદીમાં નંબર આપવામાં આવે તો

---

## હવે તો લહું!

[પૃથ્વી]

વિદાયતણી વેદના અવ ન તીક્ષ્ણ પ્હેલાસમી,
જતાં સમય કાળના સકળ ઘા દિસે રૂઝતા;
તમે નહિ સમીપમાં - સમજી લેતું હૈયુંય આ,
નહિ નિરખવા કદી તમ પ્રસન્ન ચ્હેરો મળે ...
... નહીં નિરખવા મળે – ક્યમ કહું?
હવે તો લહું
પ્રસન્ન ઉર, જે શરીર મહિં, બદ્ધ ને સીમિત
હતું, અવ પ્રસાર્યું સૂક્ષ્મ થઈ ભવ્ય નીઃસીમમાં!
ખર્યું કુસુમ? ના, અવ સુગંધમાં વ્યાપક!
વિલાઈ ગઈ જ્યોત? ના, કિરણ–તેજમાં દ્યોતક!

–ગીતા પરીખ

(સ્વ. પરમાનંદભાઈની ચોથી પુણ્યતિથિ નિમિત્તે તેમનાં પુત્રી ગીતાબેન પરીખે મોકલેલું કાવ્ય)

ઉમેદવારને મોટું ખર્ચ બચી જાય. બીજું પણ કેટલુંક ખર્ચ રાજ્ય ઉપાડી શકે.

તેવી જ રીતે વાહનોનો ઉપયોગ, મતદારોને લાવવા લઈ જવા, જમાડવા વગેરે ખર્ચાઓ ઉપર પ્રતિબંધ અથવા મર્યાદા મુકાવી જોઈએ.

દરેક ઉમેદવાર ચૂંટાય એટલે તુરત તેણે પોતાની અને પોતાની પત્ની અથવા પતિ અને સંતાનોની મિલકત અને આવક સોગંદ ઉપર જાહેર કરવી જોઈએ અને દર બે વર્ષે ધારાસભ્ય રહે ત્યાં સુધી જાહેરાત કરવી જોઈએ.

નાણાંનો બેફામ ઉપયોગ રાજકીય ભ્રષ્ટાચારનો જનક છે. તે સખત રીતે અંકુશિત કરવો જ જોઈએ. નાણાંનો દુરુપયોગ સદંતર બંધ ન થઈ શકે તો પણ ઓછામાં ઓછો થાય તેવાં પગલાં તાત્કાલિક લેવામાં નહિ આવે તો માત્ર ગુંડારાજ રહેશે.

### સરકારી સાધનો અને નોકરોનો ઉપયોગ

સત્તા ઉપર હોય તે પક્ષ ચૂંટણીમાં સરકારી સાધનો અને નોકરોનો ઉપયોગ કરે છે. આવો ઉપયોગ કેટલેક દરજ્જે સ્વાભાવિક છે, પણ તેનો દુરુપયોગ અટકાવવો જોઈએ. રેડિયો, ટેલિવિઝન સરકાર હસ્તક છે. દરેક રાજકીય પક્ષને તેના પ્રજાકીય સ્થાનના પ્રમાણમાં ઉપયોગ મળવો જોઈએ. તેવી જ રીતે અર્ધ-સરકારી સંસ્થાઓ, મ્યુનિસિપાલિટી, પંચાયતો, સહકારી મંડળીઓ, શિક્ષકોને ચૂંટણીમાં સંડોવવા ન જોઈએ. ચૂંટણીની જાહેરાત થાય ત્યાર પછી, સરકારે રખેવાળ સરકાર પેઠે વર્તવું જોઈએ. કોઈ નવી યોજનાઓ, ચૂંટણી–લાલચ તરીકે, જાહેર થવી ન જોઈએ. ઉત્તર પ્રદેશની ચૂંટણી વખતે કેટલાંય શિલારોપણ થયાં, દેશમાં અછત હતી તેવી ચીજો, અનાજ, તેલ, સિમેન્ટ વગેરે મોટા પ્રમાણમાં ઉત્તર પ્રદેશ પહોંચાડયાં. આવી ગેરરીતિઓ અટકવી જોઈએ. દુષ્કાળમાં પણ રાજકીય હેતુ પરોવી કામ થાય છે અને રાજકીય પક્ષો અચાનક જાગી ઊઠી સેવા કરવા નીકળી પડે છે.

**પક્ષાંતર:** છેલ્લાં પાંચ વર્ષમાં પક્ષાંતરનું મોટું અનિષ્ટ અનુભવ્યું. દરેક પક્ષ આ બાબતમાં દોષિત છે. પરિણામે ધારાસભ્યોમાં લાંચરુશ્વત પેઠી. કોઈ એક પક્ષ તરફથી ચૂંટાયેલી વ્યકિત પક્ષાંતર કરવા ઈચ્છે તો તેણે રાજીનામું આપી ફરી ચૂંટણીમાં ઊભા રહેવું જોઈએ. પ્રધાન થવા અથવા બીજા હોદ્દાઓ મેળવવા પક્ષાંતર અસહ્ય લેખાવું જોઈએ.

બીજા પણ ઘણા સુધારાઓ સહેલાઈથી કરી શકાય તેવા છે, જેને પરિણામે ચૂંટણીનાં કેટલાંક અનિષ્ટો અટકાવી શકાય. કોઈનું ઉમેદવારી પત્રક ગેરકાયદેસર મંજૂર અથવા નામંજૂર થયું હોય તો તેનો નિર્ણય તાત્કાલિક ચૂંટણી શરૂ થાય તે પહેલાં જ થઈ જવો જોઈએ. અત્યારે ચૂંટણી પછી બે–ત્રણ વર્ષે થાય છે તેમ નહિ. તેવી જ રીતે ચૂંટણી અરજીઓનો નિકાલ છ મહિનામાં થઈ જવો જોઈએ. વડા પ્રધાન સામેની ચૂંટણી–અરજી હજી ચાલે છે, કદાચ તેમની મુદત પૂરી થાય ત્યાં સુધી ચુકાદો ન આવે. તેને માટે ખાસ કોર્ટો કરી તુરત સુનાવણી કરવી અને અપીલની મર્યાદા બાંધવી. મતગણતરી મતદાન પછી તુરત જ થવી જોઈએ, જેથી મતપેટીઓમાં ગોલમાલનો અવકાશ ન રહે. બને ત્યાં સુધી મતદાન એક દિવસે થવું જોઈએ.

રાજકીય પક્ષોએ ચૂંટણી દરમ્યાન આચારસંહિતા રચવી જોઈએ. જેનું પાલન નિષ્ઠાપૂર્વક કરવું, જેથી ચૂંટણી દરમ્યાન હલકી આક્ષેપબાજી રોકી શકાય.

આમાંના ઘણા સુધારાઓ તાત્કાલિક થઈ શકે તેવા છે અને તે કરવા જોઈએ. તેની વિચારણા ચાલી રહી છે. આશા રાખીએ કે બધા રાજકીય પક્ષો, પૂર્વગ્રહો કે મતગ્રહો છોડી, સ્વચ્છ અને ન્યાયી ચૂંટણી માટે ઉત્સુક થઈ જરૂરી સુધારા વિનાવિલંબે સ્વીકારશે.

બીજી બે બાબતોનો સંક્ષેપમાં ઉલ્લેખ કરી લઉં. ચૂંટણી પછી ઉમેદવારને પાછા ખેંચવાના અધિકાર વિષે અને જનતા ઉમેદવાર વિષે. પાછા બોલાવવાનો અધિકાર આકર્ષક લાગે છે, પણ વ્યવહારુ નથી. જે દેશોએ તેનો પ્રયોગ કર્યો છે તેમનો અનુભવ લાભદાયી નથી નીવડયો. કોઈ મતવિભાગને પોતાના ઉમેદવારથી અસંતોષ છે તે નક્કી કેવી રીતે કરવું? ફરી ચૂંટણી જ કરવી પડે. ૧૦ કે ૨૦ ટકા મતદારોને એવો અધિકાર આપીએ તો ખોટા ચળવળિયા ફાવે અને ઉમેદવારને અન્યાય થાય. ઉમેદવારની પસંદગી અને ચૂંટણીમાં કાળજી રાખવી તે જ માર્ગ છે. જનતા ઉમેદવાર વિષે આ પહેલાં મેં વિગતથી લખ્યું છે, તરંગી ખ્યાલ છે. પ્રચાર માટે આવી વાતો વહેતી મુકાય, તેનો અમલ શકય નથી. એ નોંધપાત્ર હકીકત છે કે જયપ્રકાશે નીમેલ તારકુંડે સમિતિએ આ બેમાંથી કોઈ બાબતનો ઉલ્લેખ કર્યો નથી, ભલામણ કરી નથી.

અંતમાં, ચૂંટણીની સફળતાનો આધાર લોકશિક્ષણ અને લોકજાગૃતિ ઉપર નિર્ભર છે. લોકશાહીને નામે જેઓ આંદોલન કે ઉપવાસ કરે છે તેઓ લોકશિક્ષણ અને લોકજાગૃતિ માટે તેનો અરધો સમય પણ આપે તો વધારે લાભદાયક થાય. નિયમો ગમે તેવા કરીએ પણ લોકજાગૃતિ ન હોય તો સફળ ન થાય. દરેક મતદાર વિભાગમાં મતદાર મંડળ હોય, જે મતયાદીથી માંડી ચૂંટણી સુધી તકેદારી રાખે અને ત્યાર પછી ઉમેદવાર ઉપર ચોકી કરે તો આ લોકશાહી સાર્થક થાય. એ યાદ રાખવું જોઈએ કે–આપણે જેને લોકશાહી કહીએ છીએ તે સીધી લોકશાહી - ડાયરેકટ ડેમોક્રેસી – નથી. એટલે કે લોકો પોતે મળી નિર્ણય કરતા નથી. પોતાના પ્રતિનિધિઓ ચૂંટી, તેમની મારફત નિર્ણય થાય છે. It is a representative democracy. આ પ્રતિનિધિત્વ યોગ્ય થાય તેને માટે લાયક ઉમેદવારો શોધવા અને તેવા ઉમેદવારો જ ચૂંટાય તેવી ચૂંટણી પદ્ધતિ હોવી; આ બન્ને માટે લોકશિક્ષણ અને લોકજાગૃતિ જ છેવટ અસરકારક થાય. આવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવા ઘણી તંદુરસ્ત પ્રણાલિકાઓ અને અનુભવ જરૂરનાં છે. ધારાસભ્યો અને ચૂંટણીમાંથી લોકોને વિશ્વાસ ઊઠી ગયો છે. ફરીથી એવો વિશ્વાસ પેદા કરવો હોય તો માત્ર આંદોલનથી તે નહિ થાય. ગાઢ પ્રજાસંપર્ક સાધી જાહેર જીવન શુદ્ધ કરો. બધાએ સાથે મળી ભગીરથ પુરુષાર્થ કરવો પડશે.

તા. ૧૦-૪-'૭૫ **ચીમનલાલ ચકુભાઈ**

## ☆ પ્રકીર્ણ નોંધ ☆

### અમેરિકાનો ઓસરતો પ્રભાવ

દક્ષિણ વિયેટનામ અને કમ્બોડિયામાં અમેરિકાની નીતિ નિષ્ફળ ગઈ તેની અસર દુનિયાના બીજા દેશોમાં પડવાની. આ જ ટાણે ચ્યાંગ–કેઈ–શેકનું અવસાન થયું, એટલે ટાઈવાનનું ભાવિ અનિશ્ચિત બન્યું છે. ટાઈવાન ઉપરનો ચીનનો દાવો હવે મજબૂત બને છે. થાઈલેન્ડમાં અમેરિકન લશ્કર છે. તે હટાવી લેવા થાઈલેન્ડમાં માગ થઈ રહી છે. સામ્યવાદી બળો દક્ષિણ – પૂર્વ એશિયામાં વર્ચસ મેળવે છે. ઈન્ડોનેશિયા અને મલયેશિયામાં સારા પ્રમાણમાં ચીની વસ્તી છે અને સામ્યવાદી પક્ષો છે. આ બધા દેશો ચીન કે રશિયાના તાબેદાર રહેશે એમ નથી. દરેકને રાષ્ટ્રીય અસ્મિતા છે. પણ આ દેશોની સામાજિક, આર્થિક રચના ડાબેરી, સામ્યવાદ તરફી રહેશે.

બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકાને દુનિયાની આગેવાની મળી. યુરોપ, જાપાન, અને બીજા દેશો ભાંગી પડયા હતા તેને અમેરિકાની સહાય અનિવાર્ય થઈ પડી. રશિયા અને પૂર્વ યુરોપના સામ્યવાદી દેશો અને પશ્ચિમ યુરોપ વચ્ચે ઠંડુ યુદ્ધ શરૂ થયું તેમાં અમેરિકાએ પશ્ચિમ યુરોપના દેશો અને જાપાનને અઢળક સહાય કરી. પશ્ચિમ યુરોપના રક્ષણ માટે અમેરિકન લશ્કર યુરોપમાં છે. નાટો કરારથી

પશ્ચિમ યુરોપના કોઈ પણ દેશ ઉપર આક્રમણ થાય તો અમેરિકા તેની મદદે જવા બંધાયેલ છે.

આ બધો નકશો હવે પલટાઈ ગયો છે. યુરોપના દેશો અને જાપાન સમૃદ્ધ થયા છે. અમેરિકાના વર્ચસમાંથી છૂટવા દ'ગોલે શરૂઆત કરી. દક્ષિણ વિયેટનામનો અનુભવ બતાવે છે કે અમેરિકાની ગમે તેટલી શકિત હોય તો પણ, રક્ષણ કરવા અસમર્થ છે. અમેરિકાની શકિતમાંથી વિશ્વાસ ઊઠી ગયો.

અમેરિકાનો મૂળ હેતુ મૂડીવાદી અર્થરચના દુનિયામાં ટકાવી રાખવાનો રહ્યો છે. તેમ કરવામાં લોકશાહીના રક્ષણની બહુ પરવા કરી નથી. પોર્ટુગલ, સ્પેન, ગ્રીસ, ટર્કી, કોરિયા, ઈન્ડોચાઈના, આફ્રિકા, દક્ષિણ અમેરિકાના દેશો, આવા ઘણાં પ્રદેશોમાં જમણેરી સરમુખત્યારી અને પ્રત્યાઘાતી બળોને અમેરિકાએ ટેકો આપ્યો છે. અમેરિકાનો વિરોધ સરમુખત્યારી પ્રત્યે નહિ પણ સામ્યવાદી અર્થ-રચના પ્રત્યે રહ્યો છે. બીજી રીતે કહીએ તો પોતાના આર્થિક હિતોના રક્ષણ પ્રત્યે રહ્યો છે.

મધ્ય પૂર્વમાં ઈઝરાઈલને સબળ ટેકો આપ્યો. પણ તેલની કટોકટી આવતા, આરબ રાજ્યો સાથે સમાધાન અનિવાર્ય બન્યું. તેથ ઈઝરાઈલ ઉપર દબાણ વધાર્યું. ઈઝરાઈલને કયારે લટકતું મૂકશે તે કહેવાય નહિ.

યુરોપમાં જુદી જ પરિસ્થિતિ ઊભી થઈ છે. ૫૦ વર્ષ પછી પોર્ટુગલમાં સરમુખત્યારી ગઈ. લગભગ સામ્યવાદી દળ સત્તા ઉપર આવ્યું છે. સ્પેનમાં એવું જ બનવાનો સંભવ છે. પશ્ચિમ યુરોપને રશિયાનો ભય નથી. તેથી વિશેષ, દરેક દેશમાં રહેલા સામ્યવાદી પક્ષના આક્રમણનો ભય છે. ફ્રાન્સ, ઈટલી, કેટલેક દરજ્જે બ્રિટન, વગેરે દેશોમાં સામ્યવાદી પક્ષ અથવા ડાબેરી બળોનું જોર વધતું જાય છે. ઈટલી જેવા દેશમાં સામ્યવાદી પક્ષ ચૂંટણી મારફત સત્તા પર આવે તેવો સંભવ છે. અને એક વખત સત્તાપર આવ્યા પછી તેને હટાવવો અતિ મુશ્કેલ બનશે. Communists can come to power once by electoral process and tnen make it impossible to remove them પોર્ટુગલમાં ચૂંટણીની વાત કરી અને કદાચ ચૂંટણી કરશે પણ તે સામ્યવાદી દેશોમાં થાય છે તેવી હશે.

દક્ષિણ વિયેટનામમાં જે બન્યું અને મધ્ય પૂર્વમાં જે બની રહ્યું છે તેમ જ નિકસનના વહીવટથી થયેલ નૈતિક અધઃપતન પછી અમેરિકા આત્મવિશ્વાસ ગુમાવી બેઠું છે. દુનિયાના દેશોએ અમેરિકામાં વિશ્વાસ ગુમાવ્યો છે. It would appear America is slowly fading away from its world leadership anu leftist forces are on the marcn all over the world. America is having an agonising reappraisal of its foreign policy.

## કલકત્તામાં જયપ્રકાશ પર હુમલો

કલકત્તામાં જયપ્રકાશની મોટરને શાસક પક્ષની યુવક કોંગ્રેસ અને છાત્ર પરિષદે ઘેરી લીધી, તેમની મોટરને અને તેમની સાથે હતા તે લોકસભાના સદસ્ય સમર ગુહાને ઈજા થઈ. આ બનાવને વિરોધ પક્ષોએ વાજબી રીતે સખત વખોડી કાઢયો છે. જયપ્રકાશે આને પડકાર માની ઝીલી લીધો છે. અને થોડા વખત પછી કલકત્તા જઈ વિદ્યાર્થીઓની મિટીંગને સંબોધવાનો નિર્ણય કર્યો છે. લોકસભામાં વિરોધ પક્ષો તરફથી સરકાર ઉપર ઠપકાની દરખાસ્ત રજૂ થઈ જેના ઉપર આઠ કલાક અતિ ઉગ્ર ચર્ચા થઈ. આ ચર્ચામાં કોઈ મર્યાદા ન રહી. આક્ષેપો અને પ્રતિઆક્ષેપોની ઝડી વરસાવી. બન્ને પક્ષે ફાસીવાદી હોવાનો આરોપ કર્યો. સંસ્થા કૉંગ્રેસના આગેવાન એસ. અન. મિશ્રો કહ્યું કે, જયપ્રકાશનું ખૂન કરવાનું પૂર્વયોજિત કાવતરું હતું. તેની પાછળ ઈન્દિરા ગાંધીનો હાથ હતો. સરકાર ઈરાદાપૂર્વક આવા બનાવો યોજીને વિરોધને દાબી-દેવા ઈચ્છે છે; ઈન્દિરા ગાંધીએ આ ચર્ચામાં ભાગ ન લીધો. સરકાર તરફથી ગૃહમંત્રી બ્રહ્માનંદ રેડીએ જવાબ આપ્યો. આ બનાવ માટે તેમણે કાંઈ દીલગીરી જાહેર ન કરી. બ્રહ્માનંદ રેડીએ કહ્યું કે, આવા બનાવો રાજકીય જીવનમાં બને જ છે. જયપ્રકાશ નારાયણ સતત ઉશ્કેરણી કરે, લશ્કર કે પોલીસમાં વિદ્રોહ ફેલાવવાનો પ્રયત્ન કરે, રાષ્ટ્રના નેતાને ઉતારી પાડે તો વિરોધ થાય તેથી આશ્ચર્ય પામવું ન જોઈએ. શાસક પક્ષ અને જમણેરી સામ્યવાદી પક્ષના સભ્યોએ રોષપૂર્વક જયપ્રકાશના આંદોલનને આવા બનાવો માટે કારણભૂત ગણાવ્યું.

આમ જોઈએ તો આ બનાવ બહુ ગંભીર નથી. કોઈ પણ આગેવાન રાજકીય વ્યકિતના જીવનમાં આવો અનુભવ થાય છે. પણ લોકસભામાં થયેલ ચર્ચાના સંદર્ભમાં આવા બનાવનું મહત્વ છે. તે સમજવા જયપ્રકાશના આંદોલનનું સ્વરૂપ ઊંડી રીતે તપાસવું જરૂરનું છે.

એ આંદોલનનું ધ્યેય અને તેની રીતરસમ જોતાં આવા બનાવો વધશે એમ લાગે છે. કોણ સાચું અને કોણ ખોટું તેની ચર્ચામાં નથી ઊતરતો. વાસ્તવિક પરિસ્થિતિ જોઈએ તો સંઘર્ષ વધશે એ સ્પષ્ટ છે. આંદોલનનું ધ્યેય સમૂળી ક્રાન્તિ કહેવાય છે. તાત્કાલિક ધ્યેય શાસક પક્ષને સત્તા પરથી દૂર કરવાનો છે. તેમ કરવાનો જયપ્રકાશને અને પ્રજાને પૂરો અધિકાર છે. પ્રશ્ન એ છે કે કેવી રીતે? જયપ્રકાશે મોરચા, ઘેરાવ, બંધ, જંગી સભા, સરઘસો ને વિધાન સભા વિસર્જન, શિક્ષકો, વિદ્યાર્થીઓ, સરકારી નોકરો, લશ્કર અને પોલીસ અને આમજનતાની ઉત્તેજના કરી બધું સરકારી કાર્ય સ્થંભિત કરી દેવું અને આવા બધા કાર્યક્રમોને દેશવ્યાપી બનાવી, આંદોલનને વેગ આપવો-એ માર્ગ અપનાવ્યો છે. આંદોલન, શાન્તિમય હોવાનો દાવો થાય છે. આવું આંદોલન શાન્તિમય રહે તે શકય નથી. ગાંધીજીના અહિંસક પ્રતિકાર સાથે આંદોલનને સરખાવવામાં આવે છે. બે વચ્ચે કોઈ સરખામણી થઈ શકે તેમ નથી. ગાંધીજીની અહિંસા જયપ્રકાશને સ્વીકાર્ય નથી, આ વાત એમણે પોતે સ્પષ્ટ કહી છે. વિચારમાં હિંસા ભરી હોય, વાણીમાં ખૂબ ઉશ્કેરણી હોય તો વર્તન શાન્તિમય રહે તે અસંભવ છે. સરકાર, શાસક પક્ષ અને તેને ટેકો આપતો જમણેરી સામ્યવાદી પક્ષ પૂરો સામનો કરશે. એમણે સમજી લેવું જોઈએ. આંદોલનને ટેકો આપતા પક્ષો, જનસંઘ, કે ડાબેરી સામ્યવાદીઓ અને બીજા પક્ષો પણ, અહિંસા કે શાન્તિમય માર્ગમાં માનવાવાળા નથી. જયપ્રકાશ આ બધું પૂરેપૂરું જાણે છે.

વર્તમાન પરિસ્થિતિ અસહ્ય છે. પ્રશ્ન એ છે કે તેને કેમ પલટાવવી. લોકશાહી પદ્ધતિએ કરવું હોય તો ચૂંટણી મારફત જ થઈ શકે. લોકશાહીના રક્ષણની વાતો કરવાવાળાને પણ તેમાં શ્રદ્ધા નથી. સરકાર ફાસિસ્ટ થતી જાય છે એમ ગણીએ તો પણ, મોરચા, ઘેરાવ, બંધ, ઉપવાસ, ઉશ્કેરણીઓ, વિધાનસભા વિસર્જન, આ બધી લોકશાહી પદ્ધતિ નથી. ફાસિઝમનું હાર્દ એ છે કે, બળજબરીથી સામા પક્ષને દબાવી દેવો અને પોતાનું ધાર્યું કરવું અથવા કરાવવું. બન્ને પક્ષો એક અથવા બીજા પ્રકારની બળજબરી વાપરે છે. સરકારે લોકશાહી પદ્ધાત છોડી દીધી છે માટે તેની સામે લોકશાહી પદ્ધતિથી લડત શકય નથી એમ માનીએ તો લોકશાહીનું રક્ષણ નથી થતું. પ્રતિકાર અનિવાર્ય છે. એ અહિંસક રીતે કરવો હોય તો ગાંધીની અહિંસા સ્વીકારીએ તો જ સફળ થાય. એવો અહિંસક પ્રતિકાર શકય નથી એમ માની વિનોબાએ પ્રતિકાર છોડયો અને જયપ્રકાશે અહિંસા છોડી, અથવા કોઈ દિવસ સ્વીકારી નહોતી.

Confrontation and clashes are inevitable in the methods he has adapted even though he may wish the agitation to remain peaceful. The battle lines are being sharply drawn on both sides all over the country Is it our destiny or is there a bridge left?

## મોરારજીભાઈના ઉપવાસ

મોરારજીભાઈના અનશનનો અંત આવતા રાહતનો અનુભવ થશે. સરકારે ૭મી જૂન આસપાસ ગુજરાતમાં ચૂંટણીઓ યોજવાનો નિર્ણય જાહેર કર્યો છે. આ નિર્ણયને ઉદારતા કહેવી, શરણાગતિ કહેવી કે વ્યવહારુ ડહાપણ ગણવું એ દરેકના અભિપ્રાયનો વિષય છે. વહેલી ચૂંટણી કરવામાં શાસક પક્ષને ગેરલાભ થાય તેનાં કરતાં મોરારજીભાઈને કાંઈ કજારજા થાય તેમાં વધારે જોખમ છે એવી ગણતરી હશે. ઈન્દિરા ગાંધીએ કહ્યું છે કે, ચૂંટણી ચોમાસા પછી કરવાના નિર્ણયમાં કોઈ સિદ્ધાંતનો પ્રશ્ન ન હતો અથવા રાજકીય હેતુ ન હતો. દુષ્કાળની પરિસ્થિતિ લક્ષામાં લઈ ગુજરાતની પ્રજાના હિતમાં નિર્ણય લીધો હતો. પણ એક બુઝર્ગ નેતા અને આગેવાન સ્વાતંત્ર્ય સૈનિકનો જાન બચાવવો વધારે જરૂરનું હોઈ આ નિર્ણય બદલ્યો છે. વિશેષમાં કહ્યું છે કે સરકાર ઉપર આવા દબાણ વખતો-વખત લાવવામાં આવે તે અયોગ્ય છે. મોરારજીભાઈની આત્મકથાની યાદ આપી ઈન્દિરા ગાંધીએ કહ્યું છે કે, મોરારજીભાઈ પોતે આવા દબાણના વિરોધી રહ્યા છે અને વશ ન થાય. તાકીદની પરિ-સ્થિતિનો અંત લાવવાની ના પાડી છે અને મોરારજીભાઈએ તે સ્વીકાર્યું છે.

ચૂંટણી ચાર મહિના વહેલી થાય કે મોડી તેમાં કોઈ ગહન નૈતિક પ્રશ્ન સમાયેલ ન હતો, જેથી અનશન કરવો પડે. ફેબ્રુઆરી મહિનામાં ચૂંટણી કરવી જોઈતી હતી અને થઈ શકત. તેમ ન કરવામાં શાસક પક્ષાના લાભાલાભનો વિચાર કદાચ કારણ-ભૂત હોય. ચૂંટણી વહેલી કરાવવાની સરકારને ફરજ પાડવામાં શાસક પક્ષને હરાવવાની આ શ્રેષ્ઠ તક છે, એ વિચાર હોવા સંભવ છે. ચૂંટણી વહેલી મોડી થાય તેમાં કોઈ રાજકીય પક્ષને લાભહાનિનો સંભવ છે. પ્રજાકીય સરકાર હોય તો દુષ્કાળમાં પ્રજાને વધારે રાહત મળે એ શકય છે. હવે ચૂંટણી થશે અને પ્રજાકીય સરકાર સત્તા ઉપર આવશે ત્યાં સુધીમાં દુષ્કાળની ભીંસનો સમય ઘણો ખરો પુરો થયો હશે. સરકારે ફેબ્રુઆરીમાં ચૂંટણી ન કરી ત્યારે પ્રજાને ખરી રાહત આપવા પ્રજાકીય ધોરણે દુષ્કાળ રાહતનું કામ મોટા પાયા ઉપર ઉપાડી લેવું જોઈતું હતું અને તેમાં મોરારજીભાઈએ આગેવાની લીધી હોત, તો પ્રજાની મોટી સેવા થાત.

ચૂંટણી વહેલી થઈ તેથી રાજકીય પક્ષો આનંદ અનુભવશે એવું નથી. પ્રજાને બહુ લાભ થઈ જશે કે લોકશાહીનો વિજય થયો એવું પણ નથી. સંભવ છે કે બધા રાજકીય પક્ષોની મૂંઝવણ હવે શરૂ થાય છે. ચૂંટણીના પરિણામે પ્રજાને સ્થિર અને સ્વચ્છ રાજતંત્ર ન મળે તો પ્રજાની મૂંઝવણ શરૂ થશે. નવનિર્માણ અને સંઘર્ષ સમિતિએ આંદોલનને વેગ આપવો શરૂ કર્યો હતો. આ નિર્ણયથી ઈન્દિરા ગાંધીએ ગુજરાતમાં આંદોલન માટે કારણ રહેવા દીધું નથી. હવે લાયક અને પ્રમાણિક જનતા ઉમેદવારો કેટલા મેળવે છે તે જોવાનું રહે છે. વિરોધી રાજકીય પક્ષોમાં એકતા થવાનો સંભવ દેખાતો નથી. સંસ્થા કોંગ્રેસે કોઈ સાથે જોડાણ કરવાનો ઈનકાર કર્યો છે. ચીમનભાઈ પટેલ પોતાના જૂથનો અલગ મોરચો ચાલુ રાખશે. શાસક પક્ષ પણ ગુજરાતમાં સંગઠિત નથી.

ચૂંટણી વહેલી કરવા મોરારજીભાઈ સરકારને ફરજ પાડી શક્યા. જયપ્રકાશે આને નૈતિક બળોનો અને લોકશાહીનો વિજય લેખાવ્યો છે. આ વિજયને ખરેખર સાર્થક કરવો હોય તો ઘણું કરવાનું રહે છે. ચૂંટણીના પરિણામની આતુરતાપૂર્વક રાહ જોઈએ.

## મૃતદેહ વિસર્જનનો શ્રેષ્ઠ માર્ગ

થોડા દિવસ પહેલા 'ઈન્ડીઅન એકસપ્રેસમાં એક નોંધ હતી. ગોરેગાંવમાં કોઈ ગરીબ ક્રિશ્ચિયનનું અવસાન થયું. ત્યાંના ક્રિશ્ચિયન કબ્રસ્તાનમાં લઈ ગયા પણ ત્યાં જગ્યા ન હતી. છેવટ સાયન લઈ જઈ કયાંક દફન કર્યું. આ બનાવ ઉપરથી તે લેખકે પ્રશ્ન ઉપ-સ્થિત કર્યો છે કે મૃતદેહ વિસર્જનનો શ્રેષ્ઠ માર્ગ શું? મોટા શહે-રોમાં જયાં જીવતા માણસોને રહેવા જગ્યા મળતી નથી ત્યાં મૃત દેહોએ કીંમતી જગ્યા શા માટે રોકવી? પ્રશ્નનું આ એક પાસું છે. પણ મૃતદેહ વિસર્જનનો પ્રશ્ન મુખ્યત્વે ધાર્મિક માન્યતા અને લાગણીનો છે.

ક્રિશ્ચિયનો એમ માને છે કે કયામતને દિવસે બધા મૃતાત્મા સજીવન થાય છે અને તેમનો ન્યાય થાય છે. એટલે મૃતદેહને જાળવી રાખવો જોઈએ. મૃતદેહને દફન કરે તો પણ માટીમાં મળી જાય છે એ જાણીતું હોવા છતાં આ રિવાજ રહે છે. ઈજિપ્શિયનો મૃતદેહને જાળવી રાખવાની કળા વધારે સારી રીતે જાણતા. સેંકડો વર્ષ પછી આવા મૃતદેહો – ખાસ કરી રાજાઓના મળ્યા ત્યારે સારી સ્થિતિમાં હતા. મૃતદેહ સાથે ખૂબ જર–ઝવેરાત પણ હતું. એમ કહેવાય છે કે રાજવી વંશમાં વ્યકિત જન્મે ત્યારથી તેની કબર બંધાવવી શરૂ થાય. તેની પછવાડે લાખો રૂપિયાનો ખર્ચ થાય. ખ્રિસ્તી કે ઈસ્લામ ધર્મમાં પુનર્જન્મ, કર્મબન્ધન અને જન્મમર-ણના ફેરામાંથી મુકિત, એવી માન્યતા નથી.

હિન્દુઓ મૃત દેહને અગ્નિસંસ્કાર કરે છે. તેમાં આ માન્ય-તાઓ મુખ્ય કારણ છે. આત્મા દેહને છોડી જાય પછી તેની સાથે તેને કોઈ સંબંધ રહેતો નથી, રાખવો નહિ. દેહનું કોઈ એવું સ્મૃતિ-ચિહ્ન પણ ન રાખવું કે જેમાં તેની વાસના રહી જાય. સગા સંબંધીઓ સાથે પણ સર્વ સંબંધ વિચ્છેદ કરવો. ત્યાં પણ કાંઈ વાસના રહેવા ન દેવી. કર્મસંયોગે પરસ્પરનું મિલન થયું. તેમાં બંધાઈ ન રહેવું. સંબંધીઓએ પણ દેહ છોડી જતા આત્માને કોઈ પ્રકારે બાંધવો નહિ. એટલે તેનું સ્મૃતિચિહ્ન રાખવું નહિ. પંચ-મહાભૂતનો દેહ પંચમહાભૂતમાં મળી જાય અને તેનું સંપૂર્ણ વિસ-ર્જન થાય એમાં જ આત્માનું શ્રેય છે. એની જે ગતિ થવી લખી હોય તેમાં કોઈ અવરોધ ઉભો ન કરવો. સામાજિક, આર્થિક, સ્વ-ચ્છતા વગેરે દષ્ટિએ પણ મૃતદેહનો અગ્નિસંસ્કાર તેના વિસ-ર્જનનો શ્રેષ્ઠ માર્ગ છે.

મારી થોડી અંગત વાત કરુ તો અસ્થાને નહિ ગણાય. હું દોઢ વર્ષનો હતો ત્યારે મારી માતા ગુજરી ગઈ. એમ કહેવાય છે કે મારામાં એનો જીવ રહી ગયો એટલે મારી બીજી માતાનાં દેહમાં તેનો જીવ આવતો. મારી બીજી માતા અત્યંત ધાર્મિક વૃત્તિની છે. આવું એને ગમતું નહિ પણ તે નિરૂપાય હતી. પછી ગોખલો કરી મારી માતાને 'ગૃહ' આપ્યું, પણ વખતોવખત મારી બીજી માતા શરીરમાં આવતા. છેલ્લા કેટલાક વર્ષોથી હવે બંધ થયું છે. હું સમજણો થયો ત્યારથી મારી બીજી માતાના શરીરમાં મારી બા આવે તો હું તેને કહેતો કે મારામાં જીવ ન રાખવો અને પોતાના આત્માનું કલ્યાણ કરવું. આવું કહું ત્યારે તેને ખોટું લાગતું અને ખૂબ રડે (એટલે કે મારી બીજી માતા રડે.) હું દઢપણે માનતો કે મારી માતાને આવી વાસનામાંથી મુકત કરવી જોઈએ. આ સાથે કેટલીક ચમ-ત્કારિક વાતો પણ સંકળાયેલી છે, જે હું માનતો નથી પણ જેનો ખુલાસો મને મળતો નથી. અશરિરી આત્મા કોઈક સ્વરૂપે વસે છે-ફરે છે. આપણી સાથે સંબંધ રાખે છે એવું અનુમાન કરવું પડે એવો અનુભવ મને થયો છે.

મારી પત્નીનું અવસાન થયું ત્યારે પરંપરાગત રીતે અગ્નિ-સંસ્કાર કરવાનો મેં આગ્રહ રાખ્યો હતો. રામનારાયણ પાઠકની એક કાવ્ય પંકિતની મારા મન ઉપર અસર છે.

"મળ્યા તુજ સમીપ અગ્નિ, તુજ સમીપ છૂટા થયા."

૧૪-૪-૭૫ ચીમનલાલ ચકુભાઈ

# ☆ ભગવાન મહાવીરનું પ્રથમ પ્રવચન ☆

**[તા. ૨૩મી એપ્રિલે મહાવીર જયન્તી છે. આ વર્ષે તેનું વિશેષ મહત્ત્વ છે. તે પ્રસંગે, ભગવાન મહાવીરને કેવલજ્ઞાન થયા પછી, પ્રથમ પ્રવચન કર્યું તે અહીં આપ્યું છે. તેમાં ભગવાને ધર્મના સિદ્ધાંતો બતાવ્યા છે. આચાર્ય તુલસીએ લખેલ 'ભગવાન મહાવીર' પુસ્તકમાંથી અનુવાદ કર્યો છે. -ચીમનલાલ ચકુભાઈ]**

ભગવાને કૈવલ્ય પ્રાપ્ત કર્યા પછી પ્રથમ પ્રવચન કર્યું. એમાં ભગવાને આત્મસાક્ષાત્કારના ચતુરંગ માર્ગનું પ્રતિપાદન કર્યું.

૧. સમ્યગ્ દર્શન - યથાર્થ પર આસ્થા કેન્દ્રિત કરવી.

૨. સમ્યગ્ જ્ઞાન - યથાર્થને જાણવું.

૩ સમ્યગ્ ચરિત્ર - સંયમ કરવો.

૪. સમ્યગ્ તપ - સંચિત કર્મમળનું શોધન કરવુ.

આ જગતમાં બે મૂળતત્ત્વ છે - આત્મા (જીવ) અને અનાત્મા (અજીવ). આત્માની શરીરબદ્ધ દશાનું નામ જીવ અને એની શરીર-મુક્ત દશાનું નામ પરમાત્મા છે. આત્મામાંથી પરમાત્મા બનવાનું સાધન ધર્મ છે.

**મુનિધર્મ :**

સમતા ધર્મ છે, વિષમતા અધર્મ છે. આંતરિક ક્ષમતાની દષ્ટિએ બધા જીવ સમાન છે - કોઈ નાનું નથી કે કોઈ મોટું નથી. વિકાસની દષ્ટિએ જીવ છ પ્રકારના હોય છે.

O પૃથ્વી કાયિક - ખનિજ પદાર્થોના જીવ

O અપ્કાયિક - પાણીના જીવ

O તેજસ્કાયિક - અગ્નિના જીવ

O વાયુકાયિક — હવાના જીવ

O વનસ્પતિકાયિક - હરિયાળીના જીવ

O ત્રસકાયિક - ગતિશીલ જીવ

૧. ભગવાને અહિંસા માટે પ્રવચન કર્યું. ભગવાને કહ્યું:

O કોઈ જીવની હત્યા કરો નહિ.

O કોઈને સતાવો નહિ.

O કોઈના પર હકૂમત કરો નહિ.

O કોઈને પરતંત્ર બનાવો નહિ - દાસ બનાવો નહિ. આ સમતા ધર્મ છે, આ અહિંસા ધર્મ છે, આ શાશ્વત ધર્મ છે.

સમતા ધર્મના પાલન માટે—

O કોઈથી ડરો નહિ, કોઈને ડરાવો નહિ.

O કોઈને હીન ગણો નહિ અને તમને પોતાને પણ હીન સમજો નહિ.

O કોઈની ઘૃણા કરો નહિ.

O ઈષ્ટ વસ્તુ મળે તો હર્ષ અને ન મળે તો શોક કરો નહિ.

O સુખમાં ખુશ અને દુ:ખમાં દીન બનો નહિ.

O જીવનમાં આસક્ત અને મોતમાં ભયભીત બનો નહિ.

O પ્રશંસાથી ફૂલાઓ નહિ અને નિંદાથી મુરઝાઓ નહિ.

O સંમાન મળે તો ગર્વ અને અપમાન થાય તો તુચ્છતા અનુ-ભવો નહિ. જીવનના બધા દ્વંદ્વોમાં સમતા રાખો, તટસ્થ રહો, સમતામાં રહેવામાં જ અહિંસા છે.

૨. ભગવાને સત્ય માટે પ્રવચન કર્યું. ભગવાને કહ્યું: સત્ય ભગવાન છે. એ જ લોકમાં સારતત્ત્વ છે. એની ખોજ કરો. જીવનમાં કોઈ પણ વ્યવહારમાં અસત્યનો પ્રયોગ કરો નહિ.

સત્ય શાશ્વત ધર્મ છે. એના પાલન માટે -

O કાયાથી ઋજુ રહો - જૂઠા સંકેત કરો નહિ.

O મનથી ઋજુ રહો - જે મનમાં હોય તે જ ભાવ વ્યક્ત કરો, જે મનમાં ન હોય એવો ભાવ દર્શાવો નહિ.

O વાણીથી ઋજુ રહો - અસત્ય વચન બોલો નહિ.

O સંવાદી રહો — કથની અને કરણીની સમાનતા રાખો.

O ક્રોધ કરો નહિ.

O લોભ કરો નહિ.

O ભય રાખો નહિ.

O હાસ્ય અને કુતૂહલ કરો નહિ.

અસત્યના બધા પ્રસંગોથી બચો. સત્ (જે છે તેનું)નું ધ્યાન કરો. સતનું ધ્યાન જ સત્ય છે.

૩. ભગવાને ચોરી નહિ કરવા વિશે પ્રવચન કર્યું: ભગવાને કહ્યું: 'ઈચ્છાનો સંયમ કરો. ઈચ્છાનો સંયમ નહિ કરવાવાળા બીજાના અધિકારો અને અધિકૃત વસ્તુઓનું હરણ કરે છે. જે વ્યક્તિ બીજાના અધિકારો અને અધિકૃત વસ્તુઓનું હરણ કરે છે એના રાગદ્વેષ વધે છે. જેનો રાગદ્વેષ વધે છે એનો મોહ વધે છે. જેનો મોહ વધે છે, એનાં દુ:ખ વધે છે. દુ:ખમાંથી મુક્તિ મેળવવા માગતા હો તો ઈચ્છાને સંયમમાં રાખો.'

ઈચ્છા - સંયમ શાશ્વત ધર્મ છે. એના પાલન માટે—

O વસ્તુનો અનાવશ્યક ઉપયોગ કરો નહિ.

O આવશ્યકતા અને અનાવશ્યકતાનો વિવેક કરો. ઈચ્છાના પ્રસંગોથી બચો. ઈચ્છાનો સંયમ એ જ અચૌર્ય છે.

૪. ભગવાને બ્રહ્મચર્ય વિશે પ્રવચન કર્યું. ભગવાને કહ્યું: અબ્રહ્મચર્યની આસક્તિને જીતી લીધા પછી શેષ આસક્તિઓ પાર કરવાનું સરળ છે. મહાસાગરને તરી લીધા પછી નદીઓમાં તરવાનું મુશ્કેલ નથી હોતું.'

બ્રહ્મચર્ય શાશ્વત ધર્મ છે. એના પાલન માટે—

O વાણીનો સંયમ કરો.

O દષ્ટિનો સંયમ કરો.

O સ્મૃતિનો સંયમ કરો.

O ખાદ્યનો સંયમ કરો.

આત્મદર્શનનો અભ્યાસ કરો. ચેતનાના ઊંડાણમાં રમમાણ કરવું એ જ બ્રહ્મચર્ય છે.

૫. ભગવાને અપરિગ્રહ માટે પ્રવચન કર્યું. ભગવાને કહ્યું: 'પરિગ્રહમાં આસક્ત મનુષ્ય વેરને વધારે છે. એટલા માટે પદાર્થમાં આસક્તિ - મૂર્છા રાખો નહિ.'

અનાસક્તિ (અમૂર્છા) શાશ્વત ધર્મ છે. એના પાલન માટે—

O શબ્દમાં આસક્ત બનો નહિ.

O રૂપમાં આસક્ત બનો નહિ,

O ગંધમાં આસક્ત બનો નહિ.

O રસમાં આસક્ત બનો નહિ.

O સ્પર્શમાં આસક્ત બનો નહિ.

આસક્તિ અને એનાં નિમિત્તોમાંથી બચીએ એ જ અપરિગ્રહ છે. અહિંસાની સિદ્ધિ સમિતિ અને ગુપ્તિથી થાય છે.

૧. ઈર્યા - સમિતિ - સાવધાનીપૂર્વક ચાલવું.

૨. ભાષા - સમિતિ - સાવધાનીપૂર્વક બોલવું.

૩. એષણા - સમિતિ - સાવધાનીપૂર્વક આહાર લેવો અને આહાર કરવો.

૪. આદાન - નિક્ષેપ સમિતિ - સાવધાનીપૂર્વક ઉપકરણોનો પ્રયોગ કરવો.

૫. ઉત્સર્ગ - સમિતિ - દૈહિક અશુદ્ધિઓનું સાવધાનીપૂર્વક વિસર્જન કરવું.

૬. મનની ગુપ્તિ - મનની પ્રવૃત્તિનો નિરોધ.

૭. વચનની ગુપ્તિ - મૌન.

૮. કાયાની ગુપ્તિ - શરીરની પ્રવૃત્તિનો નિરોધ.

**ગૃહસ્થ ધર્મ :**

ભગવાને મુનિધર્મની સ્થાપના બાદ ગૃહસ્થધર્મની વ્યાખ્યા કરી. ભગવાને કહ્યું: 'ગૃહસ્થ પરિવાર, સમાજ, રાજ્ય આદિ જવાબદારીઓમાંથી મુકત થઈ શકતો નથી. આમ છતાં યે એ આ અણુવ્રતોનું પાલન કરે–

૧. મોટી હિંસાનો ત્યાગ.
૨. મોટા અસત્યનો ત્યાગ.
૩. મોટી ચોરીનો ત્યાગ.
૪. સ્વદાર - સંતોષ.
૫. ઈચ્છાનું પરિમાણ - પરિગૃહની સીમા.

ગૃહસ્થ અણુવ્રતોની પુષ્ટિ માટે આ શિક્ષા - વ્રતોનો અભ્યાસ કરો–

૧. દિશાઓમાં જવાની મર્યાદા કરીને એની બહાર જઈને હિંસાનો ત્યાગ.
૨. સીમા ઉપરાંત વસ્તુઓના ઉપભોગનો ત્યાગ.
૩. અનાવશ્યક વસ્તુઓના ઉપભોગનો ત્યાગ.
૪. સમતાનો અભ્યાસ.
૫. દૈનિક પ્રવૃત્તિની સીમા.
૬. આત્મોપાસના.
૭. ઉપવાસપૂર્વક આત્મોપાસના.

મિથ્યાત્વ, આસકિત અને ભોગના અંધકારથી પીડાતો મનુષ્ય ભગવાનની વાણીમાં સમ્યકત્વ, અનાસકિત અને સંયમનો પ્રકાશ જુએ છે. હજારો હજારો માણસો ભગવાનની વાણીને શિરોધાર્ય કરવા માટે ઉદ્યુત થઈ ગયા.

**આન્તર્મુખી દષ્ટિકોણ**

ક્રિયાકાંડના પ્રભુત્વને લીધે મૂલ્યાંકનનો દષ્ટિકોણ બહિર્મુખી થઈ ગયો હતો. ભગવાને એને બદલવા માટે અંતર્મુખી દષ્ટિકોણ આપ્યો. જનમાનસમાં એવું મૂલ્ય સ્થાપિત થઈ ચૂકયું હતું કે શિર મૂંડાવેલો શ્રમણ, ઓમકારનો જાપ કરતો બ્રાહ્મણ, અરણ્યવાસ કરતો મુનિ, અને કુશચીવર ધારણ કરનાર તપસ્વી હોય છે. ભગવાને શ્રમણ, બ્રાહ્મણ, મુનિ અને તપસ્વીના અસ્તિત્વનો અસ્વીકાર કર્યો નહિ, પણ એના માનદંડોનો સ્વીકાર કર્યો નહિ. ભગવાને કહ્યું, 'માથું મૂંડાવવા માત્રથી કોઈ શ્રમણ નથી થતો. ઓમકારનો જાપ કરવા માત્રથી બ્રાહ્મણ થવાતું નથી. અરણ્યવાસ કરવા માત્રથી કોઈ મુનિ નથી થતું અને કુશચીવર ધારણ કરવાથી કોઈ તપસ્વી નથી થતું. આનો માનદંડ તો સમતા, બ્રહ્મચર્ય, જ્ઞાન અને તપ છે. સમતાની સાધના કરવાવાળો શ્રમણ, બ્રહ્મચર્યની સાધના કરવાવાળો બ્રાહ્મણ, જ્ઞાનની આરાધના કરતો મુનિ અને તપની આરાધના કરનાર તપસ્વી હોય છે.

**માનવીય એકતા :**

ભગવાને જાતિવાદને તાત્ત્વિક નથી માન્યો. એમણે કહ્યું: 'મનુષ્યકર્મ (આચારવ્યવહાર) થી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર બને છે. વર્ણ-વ્યવસ્થા મનુષ્ય કૃત છે. આ ઈશ્વરીય વ્યવસ્થા નથી.

**આત્મા એ જ પરમાત્મા :**

માણસ પોતે જ પોતાના ભાગ્યાનો વિધાતા છે. સુખ - દુ:ખનો કર્તા પણ એ સ્વયં જ છે. એ ઈશ્વરી સત્તાથી સંચાલિત નથી. આત્મા જ પરમાત્મા છે. એનાથી ભિન્ન કોઈ ઈશ્વર નથી. એ સાધના દ્વારા કર્મમુકત થઈને ઈશ્વર બને છે. ભગવાને પોતાની અનુભવવાણીથી વ્યકિત વ્યકિતમાં સૂતેલા પરમાત્માને જગાડયો.

**પુરુષાર્થ :**

અકર્મણ્યતા અને આળસના રોગનો ભોગ બનેલી જનતાને ભગવાને પુરુષાર્થની પ્રેરણા આપી. ભગવાને કહ્યું: "પુરુષ! તું પરાક્રમ કર. જે મનુષ્ય પોતાની શકિતઓનો ઉપયોગ નથી કરતો એ પોતાની દૈવી સંપત્તિના ઉપભોગથી વંચિત રહે છે.

'જ્યાં સુધી વૃદ્ધાવસ્થા ન આવે ત્યાં સુધી રોગનું આક્રમણ ન થાય, ઈન્દ્રિયો ક્ષીણ ન થાય. ત્યાં સુધી સંયમની સાધનામાં પરાક્રમ કરો.' ભગવાને ભાગ્યવાદનો અસ્વીકાર નથી કર્યો, પણ પુરુષાર્થથી વિમુખ જનતાને ભાગ્યવાદની પકડમાંથી મુકત કરી. ભગવાનની વાણીમાં સમન્વયની ધારા પ્રવાહિત થઈ. એમાં એકલા ભાગ્યનું સ્થાન નથી, એકલા પુરુષાર્થનું સ્થાન નથી. ભાગ્ય અને પુરુષાર્થ બંનેનો સંયોગ એ જ એ ધારાનો પ્રવાહ છે.

આ પ્રવાહે ભારતીય જનતાને ચમત્કાર, અકર્મણ્યતા અને પ્રમાદમાંથી મુકત કરીને એનામાં યથાર્થતા, પૌરુષ અને જાગૃતિનું રસસિંચન કર્યું. એનાથી ભારતીય આત્મા પુલકિત થઈ ગયો.

# વસંત વ્યાખ્યાનમાળા: ભાવો અને આયોજન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ તા. ૭મી એપ્રિલથી તા. ૧૦મી એપ્રિલ સુધી તાતા ઓડિટોરિયમમાં વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા છ વર્ષથી ચાલતી આ વસંત વ્યાખ્યાનમાળા ઉત્તરોત્તર લોકપ્રિય બની છે અને આ વ્યાખ્યાનમાળામાં શ્રોતાઓ પણ અભ્યાસુ દષ્ટિથી આવે છે. ચારે ય દિવસ હૉલ શ્રોતાઓથી ભરેલો રહે એ પ્રતીતિ કરાવે છે કે શ્રોતાઓ હવે અર્થશાસ્ત્ર જેવા ગંભીર વિષયને પણ સમજવા ઉત્સુક છે.

આ વર્ષે દેશની આર્થિક પરિસ્થિતિને દષ્ટિમાં રાખીને વ્યાખ્યાનમાળાનો વિષય રાખવામાં આવ્યો હતો; "ભાવો અને આયોજન" અને આ વિષય ઉપર પ્રવચન કરવા દેશનાં ખ્યાતનામ અર્થશાસ્ત્રીઓને નિમંત્રવામાં આવ્યા હતા.

ડૉ. મિન્હાસ દિલ્હીથી આવ્યા હતા. જ્યારે બાકીના ત્રણ વકતાઓ ડૉ. બ્રહ્માનંદ, પ્રો. ઓઝા અને ડૉ. મેઢોરા સ્થાનિક હતા. ચારે ય વકતાઓએ પોતપોતાની જુદી અને આગવી દષ્ટિથી પ્રસ્તુત વિષય ઉપર પોતાના વિચારો વ્યકત કર્યા હતા.

આ વર્ષે વસંત વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન 'કોમર્સ'ના તંત્રી શ્રી વાડીલાલ ડગલીએ શોભાવ્યું હતું. દરેક વકતવ્યને અંતે તેઓનું સુંદર સમાપન રહેતું હતું. સંઘના પ્રમુખ શ્રી ચીમનભાઈએ શ્રી વાડીલાલભાઈને આવકાર આપ્યો હતો અને વ્યાખ્યાનમાળાને અંતે એમનો તેમ જ શ્રોતાઓનો આભાર માન્યો હતો.

શ્રી શિરીષ મહેતાએ તૈયાર કરી આપેલ વસંત વ્યાખ્યાનમાળાના ચારે ય વ્યાખ્યાનોની ટૂંકી નોંધો નીચે પ્રગટ કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવકસંઘ,

[૧]

## ડૉ. પી. આર. બ્રહ્માનંદ

નાણા પુરવઠામાં ગયા વર્ષે જે પંદર ટકાનો વધારો થયો હતો એ ઘટીને આ વર્ષે નવ ટકાનો થયો એ સરકારની મહત્ત્વની સિદ્ધ ગણાવી શકાય તેમ છે. ફુગાવાનાં વલણોને અંકુશમાં લેવા માટે સરકારે લીધેલાં પગલાંની અર્થતંત્ર પર ચોક્કસ અસર પડી છે.

માર્ચ ૧૯૭૪-'૭૫માં નાણાં પુરવઠાનો વિકાસદર ૯ ટકા હતો, જે તેના આગલા વર્ષ દરમ્યાન ૧૫ ટકા રહ્યો હતો. આગલાં વર્ષોમાં સરેરાશ ૩૦ ટકાના ફુગાવાની વૃદ્ધિના કપરા કાળમાં પ્રજાને નજીકના ભાવિમાં ભાવઘટાડો જોવા મળશે, એવી સુખદ કલ્પના કોઈ અર્થશાસ્ત્રીએ કરી નહોતી. ભાવોની આ અણધારી વલણની મને પણ કલ્પના નહોતી એ વાતનો મારે સ્વીકાર કરવો જોઈએ. નાણાં પુરવઠાનો વધારો ૯ ટકા પર મર્યાદિત રાખવાથી ભાવો આટલા પ્રમાણમાં ઊતર્યા, પરંતુ જો અર્થશાસ્ત્રીઓએ સૂચવ્યા મુજબ ૫ ટકા પર તે લવાયો હોત તો ભાવો વધુ નીચા જાત. આમ છતાં, વિશ્વવ્યાપી ફુગાવાની દલીલ પડતી મૂકીને સરકારે નાણાંનું સંકોચન કરવાના અર્થશાસ્ત્રીઓના સૂચનનો સીધો નહીં તો આડકતરો અમલ કર્યો એ આનંદની વાત છે.

ભાવઘટાડાથી ઔદ્યોગિક ઉત્પાદનને માઠી અસર પહોંચવાનો ભય વજૂદ વગરનો છે. વ્યાજના દર વધુ ઊંચા લઈ જવા જોઈએ એટલું જ નહીં, અર્થતંત્રની સ્થિરતા માટે સંકુચિત નાણાં વિકાસની નીતિને આયોજનનું મુખ્ય અંગ બનાવીને જાહેર તેમ જ ખાનગી ક્ષેત્ર દ્વારા બેન્કધિરાણ ઓછું લેવાય અને નાણાંકીય શિસ્તનું પાલન થાય, એની પણ આવશ્યકતા છે.

ભાવઘટાડા માટે ત્રણ કારણો જવાબદાર છેઃ

(૧) વેતન અને મોંઘવારી ભથ્થાનો વધારો, ડિવિડન્ડ વ. ખાસ ભંડોળમાં જમા કરીને રૂા. ૩૦૦ કરોડ જેટલાં નાણાં સ્થગિત કરવાનું સરકારનું પગલું. આ રૂા. ૩૦૦ કરોડ ચલણમાં ફરતા રહ્યા હોત તો લગભગ ૮૦ ટકા રકમ અનાજ પાછળ ખર્ચાઈ હોત. પરિણામે અન્નના ભાવો, જે કુલ ભાવસપાટીનું મુખ્ય અંગ છે, ઊંચા રહ્યા હોત.

(૨) ઘઉંનો વેપાર ખાનગી ક્ષેત્રને પુનઃ સોંપવાનું સરકારનું પગલું. ખાનગી ક્ષેત્ર પોતાનાં ટાંચાં સાધનો દ્વારા વ્યવહાર ચલાવે છે, જ્યારે જાહેર ક્ષેત્રે વેપાર ચલાવવા બેન્કધિરાણનો વધુ પ્રમાણમાં આશરો લીધો હોત.

(૩) વિદેશી હૂંડિયામણની અનામતમાં રૂા. ૨૫૦ કરોડનું ગાબડું. મેં આ બાબત પ્રતિ વડા પ્રધાનનું ધ્યાન દોર્યું હતું કે આપણા ચલણને વિદેશી ચલણમાં ફેરવવાની કેટલાક લોકોની થોડા પ્રમાણમાં અનિચ્છનીય પ્રવૃત્તિ ચાલી રહી છે. આ ઉપરાંત અનાજ અને તેલની આયાતમાં વધુ હૂંડિયામણ ખર્ચાયું હતું.

ઉપરોક્ત ત્રણે કારણોમાં વેતન અને મોંઘવારી ભથ્થા તેમ જ ધિરાણ નિયંત્રણો દ્વારા નાણાં સ્થગિત કરવાનાં પગલાંએ ભાવો ઉતારવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. જો રૂા. ૩૦૦ કરોડ સ્થગિત કરવાથી આટલા પ્રમાણમાં ભાવ ઘટાડી શકાય, તો સેમી બોમ્બલા યોજનાનો અમલ કરીને સરકાર 'રાતોરાત' મોટા પ્રમાણમાં ભાવો ઘટાડીને ચમત્કાર કરી શકે તેમ છે.

લાંબા ગાળે ધીમી ગતિએ ભાવો ઘટાડવા શક્તિશાળી પ્રધાન-મંડળની જરૂરત છે, જ્યારે ઝડપથી ભાગે ઘટાડવાનો પણ વિકલ્પ છે.

સ્થગિત કરેલા નાણાંનો લોન તરીકે ઉપયોગ કરવાની નાણાં-પ્રધાનની હિલચાલ બરાબર નથી. તે પ્રજાના વિશ્વાસના દ્રોહ સમાન પગલું થશે. આ માટે પ્રજાએ સંગઠિત થઈને એનો વિરોધ કરવો જોઈએ.

ભારતના અર્થતંત્રમાં અનાજનો પુરવઠો ભાવસપાટી નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સામાન્ય નિયમ અનુસાર પુરવઠો વધુ હોય ત્યારે ભાવો ઘટવા જોઈએ અને પુરવઠો ઓછો હોય ત્યારે ભાગે વધવા જોઈએ. પરંતુ આપણું અર્થતંત્ર આ નિયમોની અવગણના કરી રહ્યું છે. ૧૯૫૦થી ૧૯૭૩ના ૨૩ વર્ષના આંકડા તપાસતાં જોયું કે સારા પાકના વર્ષમાં પણ અનાજના ભાવો તો વધ્યા હતા. આનું અગોચર કારણ શોધવા મેં પ્રયાસો કર્યા અને એમાંથી જણાયું કે, રેશનની ૧,૭૦,૦૦૦ દુકાનો દેશના માત્ર ૫ કરોડ માનવીઓને જાહેર વહેંચણી દ્વારા અનાજ પૂરું પાડે છે; અર્થાત્ બાકીના ૫૫ કરોડ માનવીઓને મુક્ત બજારના ભાવે અનાજ મેળવવું પડે છે. આથી જાહેર વહેંચણી વધુ વ્યાપક અને કાર્યક્ષમ બનાવવાથી પણ અનાજના ભાવો ઘટાડી શકાશે.

નાણાં પુરવઠો મર્યાદિત કરવા માટે નાણાં સ્થગિત કરવાના પગલાંનો તે વેળાના આયોજનપ્રધાન ડી. પી. ધરે મહારાષ્ટ્ર ચેમ્બર ઑફ કૉમર્સની બેઠકમાં વિરોધ કર્યો હતો, પણ પ્રધાનો ક્યાં અર્થશાસ્ત્રીઓ હોય છે?

## [૨]

## પ્રો. એ. એન. ઓઝા

આ વ્યાખ્યાનમાળાનો વિષય 'ભાવો અને આયોજન'ને બદલે 'ભાવો અથવા આયોજન' હોવો જોઈએ; કેમકે સરકારની નીતિ એવી રહી છે જેમાં ભાવો અને આયોજનનું સંકલન કદી સધાયું નથી અને બન્ને પાસાં અલગ રીતે વર્તી રહ્યાં છે.

ભારતમાં અત્યાર સુધીનું આયોજન સામાજિક અને આર્થિક ઉદ્દેશો સિદ્ધ કરવામાં નિષ્ફળ ગયું છે. ચાર પંચવર્ષિય યોજનાઓ દેશની આમજનતાનું જીવનધોરણ ઊંચે લાવવામાં નિષ્ફળ ગઈ છે અને રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિદર વર્ષે માંડ ૩ થી ૩.૫ ટકાનો જ રહ્યો છે. સરકારી આંકડા ભલે ૪૦ ટકા પ્રજા ગરીબીની રેખા હેઠળ જીવતી હોવાનું કહેતા હોય, પરંતુ વાસ્તવમાં ૫૦ ટકા કે તેથીય વધુ માનવીઓ ગરીબીની રેખા હેઠળ જીવી રહ્યાં છે. પ્રત્યેક યોજના બાદ પ્રજાની યાતના વધતી રહી છે એ જોતાં હવેનાં વર્ષોમાં આ પ્રમાણ હજી વધશે.

મૂડીવાદી અર્થતંત્રમાં મુક્ત બજાર દ્વારા ભાવોની યંત્રણા કાર્ય કરે છે, જ્યારે સમાજવાદી અર્થતંત્રમાં ભાવયંત્રણાનો વિકલ્પ આયોજન છે; કારણ કે આયોજન દ્વારા નિર્ધારિત લક્ષ્યો સિદ્ધ કરીને ભાવોને ચોક્કસ દિશામાં વર્તવાની ફરજ પાડવામાં આવે છે. કોઈ પણ સરકાર સમાજવાદી અર્થતંત્ર અપનાવે ત્યારે સમાજવાદ અને આયોજન બન્નેનું યોગ્ય સંકલન થવું જોઈએ; આથી ઊલટું, આપણા દેશમાં સમાજવાદ અને આયોજન ક્યાંય જુદાં પડી ગયાં છે.

આપણે આયોજન અપનાવ્યું ત્યારથી જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રની વ્યાખ્યા અને કામગીરીમાં વારંવાર ફેરફાર થતા આવ્યા છે અને હજી સુધી તેની ચોક્કસ વ્યાખ્યા કે કામગીરી બંધાઈ નથી; પરિણામે આ ક્ષેત્રો દ્વારા સિદ્ધ કરાનારાં આયોજનનાં લક્ષ્યો પણ બદલાતાં રહ્યાં છે.

અર્થશાસ્ત્રના સિદ્ધાંતો અનુસાર આયોજન દ્વારા ભાવસપાટી નક્કી થવી જોઈએ; પરંતુ અહીં એ પ્રમાણે નથી બનતું. બજારમાં પ્રવર્તતા ભાવોનું આયોજન પર વર્ચસ છે, તેનું ઉદાહરણ પાંચમી યોજના છે. ભાવસપાટીમાં અણધાર્યા ફેરફાર થવાને કારણે પાંચમી યોજનાના કદ અને લક્ષ્યોમાં વારંવાર ફેરફાર કરવા પડયા છે. આ એક અનિચ્છનીય વલણ છે. આયોજનનાં લક્ષ્યો સિદ્ધ કરવા માટે અને એ દ્વારા ભાવસપાટીને કાબૂમાં રાખવા માટે આપણે પુરુષાર્થ કરવો જ પડશે. ભાવની વર્ણાક આયોજનની અવગણના કરવાનું ચાલુ રાખશે તો આયોજન માત્ર કાગળ પર રહી જશે.

હમણાં આપણું અર્થતંત્ર ફુગાવો અને મંદીના ત્રિભેટે (સ્ટેગ-ફ્લેશન) આવી ઊભું છે. આ ક્ષણે પરિસ્થિતિ હલ કરવાનો એક-માત્ર માર્ગ આયોજનનાં લક્ષ્યાંકો સિદ્ધ કરવાનો છે. જો તેમ નહીં કરાય તો છેલ્લાં બે-ત્રણ વર્ષથી વ્યાપેલો વાર્ષિક ૨૫ ટકાનો ફુગાવો આગામી ચાર-પાંચ વર્ષ સુધી એ જ દરે ચાલુ રહેશે અને આયોજન છિન્નભિન્ન થઈ જશે.

ફુગાવાએ તાજેતરમાં બહુ ઉગ્ર રૂપ ધારણ કર્યું છે. બીજી અને ત્રીજી પંચવર્ષીય યોજનાઓને ભાવવધારાની ખાસ માઠી અસર થઈ નહોતી, પરંતુ ચોથી યોજનામાં ફુગાવાના ઉગ્ર સ્વરૂપને કારણે લક્ષ્યાંકો પૂરાં કરી શકાયાં નથી અને પાંચમી યોજનાનું ભાવિ પણ ડામાડોળ થઈ ગયું છે.

સરકારી અર્થશાસ્ત્રીઓ આયોજન ઘડતી વેળા અમુક ચોક્કસ સમયના સ્થિર ભાવોને આધારે લક્ષ્યો નક્કી કરે છે અને યોજનાના અમલમાં ભાવો અણધારી રીતે વર્તવા માંડે ત્યારે તેમનાં લક્ષ્યો વિસરાઈ જાય છે કે અધૂરાં રહી જાય છે; આથી યોજના ઘડતી વેળા જ ભાવોમાં અમુક હદ સુધી થનારા ફેરફારોના અંદાજને આધારે આગળ વધવું જોઈએ.

ભાવવધારો સર્જવામાં ખાધવાળી નાણાનીતિ પણ મુખ્ય ભાગ ભજવે છે. આપણે અમર્યાદ ખાધવાળી નાણાનીતિ અપનાવી, જેથી ફુગાવો સર્જાયો અને આયોજન, ભાવવધારા આગળ પાંગળું બની ગયું. ચોથી યોજનામાં ૫ ટકા સાધનો ખાધવાળી નાણાનીતિ દ્વારા ઊભા કરવાનું આયોજકોએ વિચાર્યું હતું, પરંતુ વાસ્તવમાં તેથી ચારગણા વધુ અર્થાત્ ૧૮ થી ૨૦ ટકાની ખાધ દ્વારા નાણાકીય

સાધનો ઊભાં કરાયાં. આ નીતિને કારણે ફુગાવો વધુ પ્રબળ બન્યો. આમ, નાણાનીતિ રાજકોષીય નીતિથી વધુ અગ્ર બની ગઈ. તાજેતરમાં લદાયેલા ધિરાણ અંકુશો તો રાજકોષીય નીતિને થનારી માઠી અસર નિવારવા માટે જ દાખલ કરાયા છે.

ભાવ સપાટી સ્થિર રાખવામાં અન્નના સ્થિર ભાવો મહત્ત્વનો ભાગ ભજવે છે. ૧૯૫૭-'૫૮ થી ૧૯૬૩-'૬૪ સુધી અમેરિકાથી પીએલ-૪૮૦ હેઠળ આવતા અનાજે ભાવો સ્થિર રાખ્યા હતા; ત્યાર બાદ તો હરિયાળી ક્રાંતિ આવી ગઈ અને વિક્રમ પાકનાં વર્ષો પણ આવ્યાં, પરંતુ અનાજના ભાવોનું વલણ ઊર્ધ્વગામી રહ્યું છે, કારણ કે અન્નપ્રાપ્તિની પદ્ધતિ સંતોષપ્રદ અને કાર્યક્ષમ નથી. નબળા પાકના વર્ષમાં સરકાર દ્વારા અન્નપ્રાપ્તિ ઓછી રહે છે, કારણ કે ખુલ્લા બજારમાં અનાજના ભાવ વધુ હોય છે. સારા પાકના વર્ષમાં ખુલ્લાં બજારમાં અનાજના ભાવો નીચા હોવાથી પ્રાપ્તિ વધુ થાય છે. આમ દેશની મોટા ભાગની પ્રજાને અન્નપ્રાપ્તિ દ્વારા જાહેર વહેંચણીનો પૂરેપૂરો લાભ મળતો જ નથી. આથી એટલું કહી શકાય કે આપણા આયોજકોને ભાવસપાટી સ્થિર અથવા નીચી રાખવામાં કશો રસ નથી.

ફુગાવો ડામવા માટે સરકારે તાજેતરમાં લીધેલાં પગલાં પણ આનું ઉદાહરણ છે: આ પગલાં દ્વારા ઊંચી આવકજૂથના લોકોને કશી અસર થઈ નથી; સહન કરવાનું આવ્યું છે શ્રમિક વર્ગજૂથને ભાગે!

સરકાર આ પ્રકારે આયોજનની પ્રક્રિયા ચાલુ રાખશે તો ભાવો કદી કાબૂમાં આવશે નહીં અને લોકોની યાતના વધતી રહેશે. જે આયોજન લોકાભિમુખ ન હોય અને પ્રજાનો તેને આવકાર હોય નહીં, તે યોજના કદી સફળ થાય નહીં.

**વસતિ: અસ્કયામત કે જવાબદારી?**

ભારતમાં વસતિવધારા અંગે વર્ષોથી પ્રજાનું 'બ્રેઈનવૉશિંગ, થતું આવ્યું છે. એવી માન્યતા સામાન્યત: પ્રવર્તે છે કે વસતિવધારાથી આર્થિક વિકાસ સ્થગિત થઈ જશે. વસતિને એક જવાબદારી તરીકે માનવામાં આવે છે; પરંતુ એ શા માટે ભૂલી જવાય છે કે પરિશ્રમ એ ઉત્પાદનનું એક અંગ છે. તેથી માનવબળ એ જવાબદારી નહીં પણ દેશની અસ્કયામત છે. પરિશ્રમ કરવા માટે જેટલા વધુ હાથ તેટલું વધુ ઉત્પાદન, અને એટલો ઝડપી આર્થિક વિકાસ.

## [ ૩ ]

## ડૉ. ફિરોઝ બી. મેઢોરા

મૂડીવાદી અર્થતંત્રમાં મુકત બજાર દ્વારા ભાવોનું નિયંત્રણ થાય છે; પરંતુ સમાજવાદી અર્થવ્યવસ્થામાં ગ્રાહકને મુકત બજારની યંત્રણાના ગેરલાભ ન સહેવા પડે અને યોગ્ય ભાવે માલનો પુરવઠો મળી રહે એવી ભાવનીતિ ઘડવા માટે રાજ્યનો હસ્તક્ષેપ જરૂરી બને છે. રાજ્યના હસ્તક્ષેપનું એક સાધન છે: ભાવ અંકુશ.

આપણે ૧૯૫૧માં આયોજન અપનાવ્યું ત્યારથી અત્યાર સુધીનો ભાવ અંકુશનો ઈતિહાસ જોશું તો જણાશે કે ભાવ અંકુશ દ્વારા સરકારી અધિકારીઓનું જીવનધોરણ સુધર્યું છે! એટલું જ નહિ, ચીજવસ્તુઓની કૃત્રિમ તંગી સર્જાઈ છે, પરિણામે તેના ભાવો વધ્યા છે, અને ઘણી વાર તો કોઈ ચીજવસ્તુઓનાં નીચા જતા બજાર ભાવ અંકુશો દાખલ કરાયા બાદ ઊંચા ગયા છે અને ખોટે સમયે અંકુશ દાખલ કરવાનો લાભ ઉત્પાદકને મળે છે જ્યારે ગ્રાહકને કૃત્રિમ રીતે ઊંચા ભાવ ચૂકવવા પડે છે.

૧૯૫૧થી ૧૯૭૩ સુધીના આયોજન દરમિયાન સિમેન્ટ, લોખંડ, કાગળ, વનસ્પતિ, મોટર ટાયર જેવી ચીજવસ્તુઓ પર ભાવ અંકુશો લદાયા છે, અમુક ચીજવસ્તુઓ પરથી ઉઠાવી લેવાયાં છે અને પુન: દાખલ કરાયા છે. આ સમય દરમ્યાન ભાવ અંકુશના શસ્રનો ગેર ઉપયોગ પણ થયો છે. ભાવ અંકુશને કારણે કાળાં બજારને પ્રોત્સાહન મળ્યું છે. પ્રાથમિક જરૂરિયાતની ચીજવસ્તુઓ જેવી કે લોખંડ, સિમેન્ટ, ખાંડ વગેરેના ભાવો પર અંકુશ લદાય, ત્યાં સુધી તો સમજ્યાં, પરંતુ મોટરકાર જેવી મોજશોખની ચીજવસ્તુઓના ભાવો પર સરકારે નિયંત્રણો દાખલ કરવામાં કયા તર્કથી વિચાર્યું હશે?

સરકારને ભાવ અંકુશ ત્રણ કારણોસર લાદવા પડે છે. (૧) માલના માંગ અને પુરવઠાની અસમતુલા ખૂબ વધી જાય ત્યારે અંકુશો દાખલ કરીને કૃત્રિમ રીતે ભાવ નીચા ઊંચા રાખવા પડે છે. (૨) સૈદ્ધાંતિક પરિબળો: માલનો પુરવઠો વધી જાય ત્યારે અંકુશો ઉઠાવી લેવાય અને પુરવઠો ઓછો થાય ત્યારે ભાવ અંકુશો પુન: દાખલ કરાય. (૩) વહીવટી સુગમતા: ઘણીવાર સરકારને કાચા માલના ભાવો પર અંકુશો લાદવા કરતાં તૈયાર માલ પર અંકુશો લાદવાનું વહીવટી દૃષ્ટિએ સુગમ પડે છે. તેથી સરકાર વધુ તકલીફ લેવાને બદલે તૈયાર માલ પર અંકુશો મૂકી દે છે. દા.ત. સરકારે વનસ્પતિના ભાવો પર નિયંત્રણ મૂક્યા, પરંતુ તેના કાચા માલ જેવાં કે શીંગતેલ અને અન્ય તેલો ભાવ નિયંત્રણથી મુકત હતા. આમ તેલના વધુ ભાવને કારણે વનસ્પતિનું ઉત્પાદન ઘટ્યું અને તેની અછત સર્જાઈ, ભાવો વધ્યા.

તેથી ભાવ નક્કી કરવાને આધારે ભાવ નીતિ ઘડવાનું પગલું વ્યાજબી નથી.

ભાવ અંકુશો ઉપરાંત ટૅરિફ કમિશન દ્વારા પણ ભાવો નક્કી કરાતા હતા. પરંતુ, કમિશનથી ભાવો નક્કી કરવાની લંબાણ પ્રક્રિયાથી વચગાળાના સમયમાં ભાવો પુન: વધતાં ઉત્પાદકને મંજૂર થયેલા ભાવ વધારાથી સદાય અસંતોષ જ રહેતો.

ટૅરિફ કમિશનને સ્થાને વચગાળાના ભાવો નક્કી કરવાનો માર્ગ અપનાવાયો. પરંતુ, આમાં પણ ઉત્પાદનના વિવિધ પાસાં ધ્યાનમાં લેવાતાં ન હોઈ ઉત્પાદક તેમ જ ગ્રાહકને સંતોષ થતો નહીં.

સરકારે તાજેતરમાં ટૅરિફ કમિશનના વિકલ્પ તરીકે બ્યુરો ઑફ કોસ્ટ એન્ડ પ્રાઈસીસની સ્થાપના કરી છે, આ બ્યુરોએ ભાવ નીતિ નક્કી કરવાના માર્ગમાં મહત્ત્વનું પ્રદાન આપ્યું છે. તેણે ભાવ નહીં પરંતુ નફા પર અંકુશો મૂકવાનું સૂચવ્યું છે. કોઈ ચોક્કસ સમયમાં ભાવો અમુક પ્રમાણમાં વધે, પરંતુ નફાનું પ્રમાણ વધવું જોઈએ નહીં. આ વાસ્તવિક અભિગમ સરકાર તેમ જ ઉત્પાદકને પસંદ પડયો છે.

ભાવ અંકુશના પરિણામે આવકની વહેંચણી તથા ઉત્પાદન પદ્ધતિ નક્કી થાય છે. ભાવ અંકુશ દ્વારા ગરીબ સાથે તવંગરોને પણ નિયંત્રીત ભાવે ચીજવસ્તુઓ મળતાં સામાજિક વિસંગતિ સર્જાય છે. એ જ રીતે, ભાવ અંકુશો દ્વારા ચીજવસ્તુઓનાં ભાવ વધતાં ગરીબોને વધુ દામ ચૂકવવા પડે છે.

તેથી, ઉત્પાદન પદ્ધતિ અંગે એ નક્કી કરવું પડશે કે તે ઉત્પાદકલક્ષી હોવી જોઈએ કે ગ્રાહકલક્ષી? ગ્રાહકલક્ષી રાખીને ભાવો અતિ નીચા રખાય તો વધુ ઉત્પાદન માટે ઉત્પાદકને પ્રોત્સાહન રહે નહીં અને માલની અછત સર્જાય તેમ જ રાજ્યની આવક ઘટે. નીતિ ઉત્પાદકલક્ષી રાખી ઊંચા ભાવો રખાય તો ગ્રાહકોને વધુ ભાવ ચૂકવવા પડે.

આથી સામાન્ય ભાવ નીતિ નક્કી કરવાનું આવશ્યક છે; જો ભાવ નીતિ નહીં ઘડાય તો ભાવ અંકુશોની જાળવણી મુશ્કેલ બનશે.

સરકારને પણ તાજેતરમાં ભાવ અંકુશોની નિરર્થકતા સમજાવા લાગી છે અને તેણે વનસ્પતિ, કાગળ, ખાંડ વ. પરથી ભાવ નિયંત્રણો ઉઠાવી લીધા છે. આ ઘડીએ દ્વિમુખી ભાવ પદ્ધતિ આદર્શ વ્યવસ્થા છે. આના દ્વારા એક માલ ચોક્કસ પ્રમાણમાં નિયંત્રીત ભાવે પણ મળી શકે અને વધુ પ્રમાણમાં મુકત બજારના ઊંચા ભાવે મળી શકે.

આ પદ્ધતિ દ્વારા નિયંત્રીત ભાવે માનવી તેની પ્રાથમિક જરૂરિયાતો સંતોષી શકે છે.

આમ, ભાવ નીતિમાં હસ્તક્ષેપ કરવાનું સરકાર માટે અતિ વ્યાજબી છે. પરંતુ એમાં ભાવ અંકુશ દ્વારા સામાજિક તર્કશાસ્ત્ર અને વહીવટી સુગમતાનાં બન્ને પાસાંનું સુસંકલન થવું જોઈએ. આયોજનનાં લક્ષ્યો સિદ્ધ કરવા માટે આ જ વ્યાજબી નીતિ છે. કારણ કે આયોજનનાં અર્થક્ષમ અને સારાં ફળો સામાન્ય પ્રજાને ચાખવા મળે છે.

## [ ૪ ]
## ડૉ. બી. એસ. મિન્હાસ

સમાજવાદી અર્થવ્યવસ્થા હેઠળ બજારની યંત્રણા સર્વ પ્રકારની ચીજવસ્તુઓનો સમાવેશ નથી કરી શકતી, એ જ રીતે બજારની યંત્રણા વિના માલની વહેંચણી કરવાનું શકય નથી. સમાજવાદી અર્થ-વ્યવસ્થા સ્થાપવાનું સાધન સંયુક્ત અર્થતંત્ર છે; તેથી પ્રજાને મુક્ત બજાર અને જાહેર વહેંચણીની બન્ને યંત્રણા દ્વારા ચીજવસ્તુઓની વહેંચણી કરી શકાય.

જાહેર વહેંચણી દ્વારા દેશના સીમિત સાધનોની સમાન અને ન્યાયી વહેંચણી કરવા માટે કાયદા ઘડવાનું જરૂરી બને છે; પરંતુ આપણે સહુ જાણીએ છીએ તેમ કાયદામાં એટલાં છિદ્રો રખાય છે કે સામાન્ય માનવીને લાભ આપવાનો કાયદાનો હેતુ માર્યો જાય છે અને સ્થાપિત હિતોને તેમના લાભો મળવાનું ચાલુ જ રહે છે. આજે આપણે સહુ વેપારી બની બેઠાં છીએ : આપણે માલ, સત્તા, લાગવગ સર્વ કાંઈ વેચીએ છીએ. આયોજન અને અર્થતંત્રમાં નિષ્ફળતા મળવા માટે થોડાં ઉચ્ચ વર્ગનાં કુલીન માનવીઓ, સમૃદ્ધ ખેડૂતો અને તકવાદી તથા ધૂંધળા સિદ્ધાંતો ધરાવતાં મધ્યમ વર્ગનાં માનવીઓનું બનેલું શાસનતંત્ર મુખ્યત્વે જવાબદાર છે.

આ સરકાર તેના સંકુચિત હિતોમાંથી કદી ય ઉપર આવી નથી, પરિણામે ખેતીવાડી, નિકાસ વૃદ્ધિ, આયાત અંકુશો જેવા વિવિધ ક્ષેત્રે આપણને નિષ્ફળતા મળી છે.

આપણા આયોજનના સર્વ ફળ ઉપલા દશ ટકા વર્ગને મળે છે અને સામાન્ય માનવી સદંતર વિસરાઈ જાય છે. આયોજનમાં ઉદ્યોગોને અગ્રતા આપવામાં અયોગ્ય પ્રમાણભાન રાખવાને તથા રાષ્ટ્રીય સાધનોની વહેંચણીમાં ગેરરીતિઓ થવાને કારણે સરકારની નિષ્ઠા વિષે પ્રજામાં મોટો અવિશ્વાસ સર્જાયો છે, તેમ જ અર્થતંત્રમાં સ્થગિતતા આવવાની સાથે તેના આનુષંગિક પરિબળો, જેવાં કે બચત અને વિકાસનો શૂન્ય વૃદ્ધિ દર અને બેમર્યાદ ભ્રષ્ટાચાર કાર્યાન્વિત થઈ ગયા છે.

આજે દેશે આર્થિક ક્ષેત્રે પગભર થવું હોય તો એક માત્ર માર્ગ વધુમાં વધુ નિકાસ કરવાનો છે; આ માટે નિકાસ પ્રોત્સાહનો અપાવા જરૂરી છે, પણ ઠગ અને પિંઢારાઓની બનેલી આ સરકારમાં નિકાસ પ્રોત્સાહનો પ્રત્યેક નિકાસકારના વ્યક્તિગત ધોરણે અપાય છે. એક માલનાં જુદાં જુદાં પ્રકારો પર વિવિધ દરે સબસીડી અપાય છે તથા આયાત પરવાનાં, નિકાસ ઉત્પાદન માટે આયાતી કાચા માલ જેવા રાષ્ટ્રીય સાધનોની વહેંચણી માટે વિવિધ ધોરણો અપનાવાય છે; આને કારણે માત્ર ભ્રષ્ટાચાર જન્મે છે અને ખુરશીમાં બેઠેલા અધિકારીઓને અમર્યાદ ધન તથા સત્તા એકત્ર કરવાની તક મળે છે. ઠગ અને પિંઢારાઓના આ રાજમાં વ્યકિતગત ધોરણે સાધનોની વહેંચણી થતી હોય અને પૈસા તથા રાજકીય વગને પ્રાધાન્ય અપાતું હોય તેવા સંજોગોમાં સમાજવાદ આવવાની આશા રાખી શકાય નહીં.

આ સંજોગોમાં યોગ્ય પ્રકારનાં આયાત અવેજીકરણ તથા નિકાસ પ્રોત્સાહનવાળી અને ઓછામાં ઓછો ભ્રષ્ટાચાર સર્જે તેવી સરળ નીતિ ઘડવાની આવશ્યકતા છે. આ માટે હું નિકાસ જકાતમાં વધુ ડ્રોબેક આપવા તથા નિકાસ સબસીડીનું ધોરણ સમાન રાખવાનું સૂચવું છું.

આયાત તરફ વળતાં, આપણા આયાત અંકુશો કડાકૂટ વિધિ-વાળાં, સમયનો વ્યય કરનારાં તથા અધિકારીઓ અને ખાનગી વેપારીઓ માટે અનધિકૃત ધન કમાવી આપનારાં છે. આજે એક વેપારી अ પાસેથી ब ઉદ્યોગનો આયાત પરવાનો કાળાંબજારમાં ખરીદીને क ઉદ્યોગ માટે વાપરી શકે છે; પરિણામે દેશને હૂંડિયામણની ખોટ જાય છે. આપણી રિઝર્વ બેન્ક પણ હૂંડિયામણનું સંચાલન કરવા કાબેલ નથી, અને તેના સંચાલનમાં ઘણો ભ્રષ્ટાચાર ચાલે છે તેથી હું જાહેર ક્ષેત્રમાં વિદેશી હુંડિયામણની જ અલગ બેન્ક સ્થાપવાનું સૂચવું છું; જેમાં સંરક્ષણ, વિદેશી દેવા, વ્યાજની ચૂકવણી અને અનાજ તથા ખાતર જેવી તાકીદની આયાતના અગ્રતાના ત્રણ ક્ષેત્રો માટે હૂંડિયામણની જોગવાઈ કર્યા બાદ બાકીનું હૂંડિયામણ જેને જોઈએ તેને બજારભાવે વેચવામાં આવે. હૂંડિયામણના સત્તાવાર અને બજાર ભાવ વચ્ચેનો ગાળો બેન્કનો નફો હોય. આ રીતે પ્રતિબંધીત આયાતને બાદ કરતાં આયાત પરવાનાંની કોઈ જરૂર રહે નહીં.

આપણે કેવું આયોજન અપનાવવું છે, ઊંચા ભાવો કે યોગ્ય ભાવ સપાટીવાળું? તે નક્કી કરી લેવું પડશે; કારણ કે સરકાર એવી આર્થિક નીતિઓ ઘડે છે જેના વડે કાળું નાણું વધુ સર્જાય છે. ભાવ અંકુશો ઈજારાશાહી અને અછતની પરિસ્થિતિ જ સર્જે છે.

ફુગાવો સર્જવા માટે અનાજના ભાવોમાં વધારો મુખ્ય કારણ-ભૂત છે; આપણી અન્નનીતિમાં આત્મનિર્ભરતા કે સ્થિરતાનો અભાવ છે. આપણા આયોજનમાં ખેતીવાડીની અવગણના થતી આવી છે, તેને બદલે ખેડૂતને ન્યાય મળે અને વપરાશકારને સ્થિર ભાવે અનાજ મળે તેવી ખેડૂત આધારિત નીતિ ઘડાવી જોઈએ અને કૃષિને પણ અન્ય ક્ષેત્રની સમકક્ષ ગણવી જોઈએ.

અનાજના ભાવો તો ઘણી વાર કૃત્રિમ રીતે ઊંચા રાખવામાં આવે છે. તેનું ઉદાહરણ ઝોન પ્રથા છે. એક અખંડ દેશને વિવિધ ઝોનોમાં વહેંચીને અનાજના પુરાંત તથા ખાધવાળાં વિસ્તારોમાં શા માટે વહેંચી નાખવામાં આવે છે? ખેડૂતોની યાતનામાં વધારો, ભ્રષ્ટાચારને પ્રોત્સાહન અને પોલીસરાજ પર આધારિત નીતિનું બીજું ઉદાહરણ છે, ઘઉંનો વેપાર લઈ લેવાનો સરકારનો નિર્ણય. ખરાબ વર્ષમાં ઘઉંનો વેપાર લેવાનો નિર્ણય લઈને સરકારને બદનામી મળી હતી. ખેડૂતોને પોષાઈ ન શકે તેવા પ્રાપ્તિભાવ રાખનાર સરકારને સફળતા કેવી રીતે મળે? આ નિર્ણય લેતી વેળા સરકાર વહીવટી કે રાજકીય રીતે પણ તૈયાર નહોતી.

અન્ન ઉત્પાદનના માર્ગમાં આવતા ખાતર, સિંચાઈનું પાણી જેવાં અવરોધો નિવારવા તથા પ્રાપ્તિ વ્યાપક બનાવવા 'ફૂડ મ'ની જેવી ચલણી નોટો ચલણમાં મૂકવાનું મેં અગાઉ સૂચવ્યું હતું. આ નોટોની યોજના અમલમાં મુકાતાં અનાજનો પુરવઠો અને વહેંચણી પદ્ધતિ વધુ સરળ અને કાર્યક્ષમ બને. આ નોટોની મર્યાદિત સંગ્રહ કિંમત હોય અને તે માત્ર ૧ વર્ષ સુધી ચાલી શકે; આ નોટો અન્ય ચલણમાં મુક્ત રીતે ફેરવી શકાય. આ નોટોની યોજના અમલમાં મુકાય તો અનાજના વધુ સારા ભાવ ઉપજે તથા તેના પુરવઠા અને વહેંચણીના માર્ગમાં અવરોધો નાબૂદ કરે.

અંતમાં, અગ્રતા ક્ષેત્રને યોગ્ય સ્થાન આપે એવું આયોજન અને લાંચ રૂશ્વતની બદી કે ભ્રષ્ટાચારને ઉત્તેજન ન આપે તથા અર્થ-તંત્રમાં કાર્યક્ષમતાનું સિંચન કરે એવી નીતિ ઘડવાનો હું અનુરોધ કરું છું.

સંકલન : શિરીષ મહેતા

# અરેબિયન નાઈટ્સ જેવું સાઉદી આરબ રાજકારણ

પશ્ચિમ એશિયાનું વાયુશાસ્ત્રીય હવામાન આપણા હવામાનને પણ અસર કરે છે, તેમ તેનું આર્થિક અને રાજકીય હવામાન આપણા જીવન ઉપર પણ અસર કરે છે. ખનિજ તેલના ચારગણા વધી ગયેલા ભાવોના આંચકાએ આપણને લથડિયાં ખાતાં કરી દીધાં. આથી પશ્ચિમ એશિયામાં જે બને છે તેનાથી આપણે પરિચિત રહેવું જોઈએ.

પ્રમુખ નાસરના અકાળ અવસાન પછી રાજા ફૈઝલની હત્યા પણ એક એવો બનાવ છે કે જે પશ્ચિમ એશિયાના રાજકારણ પર ઘેરી અસર કરશે અને તેના પ્રત્યાઘાત આપણા પર અને દુનિયા પર પણ પડે. એક તદ્દન સૂકો વેરાન રણપ્રદેશ, એક તદ્દન પછાત અને સંખ્યામાં નાની પ્રજા તેના ખનિજ તેલની સમૃદ્ધિના કારણે અને ઈસ્લામની જન્મભૂમિ હોવાના કારણે જગત પર કેવો પ્રભાવ પાડે છે!

એક જમાનામાં મોંગોલિયાના રણપ્રદેશમાંથી મોંગોલોનાં ધાડાં ધડાકાની જેમ બધે ફેલાઈ જતાં હતાં અને દક્ષિણમાં વિયેટનામ સુધી તથા પશ્ચિમમાં મધ્ય યુરોપ સુધી ફેલાઈને ધરતી તથા પ્રજાઓને ધમરોળી નાખતાં હતાં. એક જમાનામાં અરબસ્તાનના રણપ્રદેશમાંથી નવજાત ઈસ્લામના જુસ્સાથી પ્રેરાયેલા આરબો અગ્નિ એશિયામાં ઈન્ડોનેશિયા સુધી, મધ્ય એશિયામાં ચીનના સિંકિયાંગ પ્રાંત સુધી, આફ્રિકામાં મોરોક્કો સુધી અને પશ્ચિમ એશિયામાં પોર્ટુગાલ તથા સ્પેનમાંથી ફ્રાન્સના દરવાજા સુધી પોતાની આણ ફેલાવતા હતા. એવો ચમત્કાર વીસમી સદીના આરંભમાં પણ બન્યો, જ્યારે વહાબી સંપ્રદાયના રાજા ઈબ્ન સાઉદ પોતાના ડઝનબંધ શાહજાદાઓ સાથે અને હજારો બેદુઈન આરબો સાથે ઘોડેસવાર થઈને રણમાંથી બધી દિશામાં ધડાકાની જેમ ફેલાઈ ગયો અને મક્કા તથા મદીના જેવાં ઈસ્લામનાં પરમપવિત્ર યાત્રાધામો કબજે કરીને સાઉદી અરબસ્તાનનું રાજય સ્થાપ્યું.

૧૯૩૬માં રાજા સાઉદને ઈસ્લામની રખેવાળી જેવું કે તેથી પણ વધુ શકિતશાળી એક નવું શસ્ત્ર મળ્યું. એ હતું રાજયમાં નવું શોધાયેલું ખનિજ તેલ.

ભારતના પોણા કદ જેવડું, એટલે કે ૮,૩૦,૦૦૦ ચોરસમાઈલ જેવડું કદ ધરાવતા સાઉદી અરબસ્તાનમાં વસતિ મુંબઈની વસતિથી બહુ વધારે નથી. એક અંદાજ પ્રમાણે ૧૯૬૯માં ૭૨ લાખની વસતિ હતી. અત્યારના બીજા અંદાજ પ્રમાણે ૭૭ લાખ છે, જેમાં ૨૦ લાખ તો પરદેશીઓ છે. તેલ ઉદ્યોગ અને તેને આનુષંગિક કામો માટે અમેરિકા, યુરોપ અને મુસ્લિમ દેશોમાંથી તજ્જ્ઞો અને કારભારીઓને વધુ ને વધુ સંખ્યામાં બોલાવવા પડે છે, તેનું એક પરિણામ એ આવે છે કે રાજ્ય અને સમાજની વ્યવસ્થા શરિયત (ઈસ્લામી રૂઢિ) પ્રમાણે જ ચુસ્ત રીતે થઈ શકતી નથી, છતાં શરિયત એ જ કાયદો છે.

ફૈઝલના પિતા રાજા ઈબ્ન સાઉદને ૩૬ શાહજાદા હતા! આ બધામાં ફૈઝલ વિચક્ષણ હતા અને બાપના લાડકા હતા. ઈબ્ન સાઉદે કહ્યું હતું કે મને ફૈઝલ જેવા ત્રણ જ દીકરા હોત તો બસ હતા. યુદ્ધમાં અને રાજનીતિમાં આશ્ચર્યજનક કૌશલ ધરાવતા ફૈઝલને ઈબ્ન સાઉદે પોતાના વિદેશપ્રધાન બનાવ્યા હતા. પોતાને રણની બોલી અને રણના જીવન કરતાં વિશેષ બહુ જ્ઞાન ન હતું, અને તેમની બચેલી એક આંખ રણના સીમાડાની બહારની દુનિયા જોઈ શકતી ન હતી. તેમના અવસાન પછી ગાદી તો વડા શાહજાદા સાઉદને મળી, પણ ઘોડાપૂરની જેમ વધી રહેલી તેમની આવક છતાં રાજા સાઉદે ઉડાઉપણાથી રાજ્યની તિજોરી ખાલી કરી નાખી ત્યારે સાઉદી શાહજાદાઓએ તેને પદભ્રષ્ટ કરીને સાઉદના ઓરમાન ભાઈ ફૈઝલને ગાદીએ બેસાડયા. ફૈઝલે ગયે વર્ષે તેલમાંથી ૩૦ અબજ ડૉલર જેટલી કમાણી કરી હતી. તેલની કમાણી સાઉદી અરબસ્તાનની દરેક વ્યકિતને લખપતિ બનાવી શકે. બે વર્ષમાં આ કમાણી હજી એટલી બધી વધી જશે કે સાઉદી અરબસ્તાનમાં આરબો કંઈ પણ કામ ન કરે તો પણ ચાલે!

સાઉદી રાજકુટુંબમાં ત્રણ હજારથી વધુ શાહજાદા અને બે હજારથી વધુ સ્ત્રીઓ છે. રાજકુટુંબના દરેક પુરુષની પત્ની અને દરેક સ્ત્રીનો પતિ રાજકુળના વિશેષાધિકારો ભોગવે છે. સાઉદી રાજકુળે સાઉદને ૧૯૬૪માં પદભ્રષ્ટ કરીને ફૈઝલની પસંદગી કરી અને ફૈઝલની હત્યા પછી ૨૪ કલાકમાં રાજા તરીકે તેના ભાઈ ખાલિદની પસંદગી કરી, તેમાં કયાંય સંઘર્ષણ ન થયું તે બતાવે છે કે સાઉદ રાજકુળમાં સંપ અને સંગઠન છે.

ફૈઝલ ૧૯૬૪માં ગાદીએ આવ્યા તે પછી તેમણે ઓરમાન ભાઈ ખાલિદને યુવરાજ તરીકે જાહેર કર્યા હતા, પરંતુ ખાલિદ પોતાની પ્રકૃતિ અને તબિયતના કારણે ફૈઝલનું સ્થાન પૂરી શકે તેવા ન હોવા છતાં તેમને ગાદીએ બેસાડવામાં આવ્યા અને સ્વ. રાજા ઈબ્ન સાઉદના ૩૧ હયાત શાહજાદાઓમાં સૌથી ચડે એવા શાહજાદા ફાહ્દને નવા યુવરાજ તથા નાયબ વડા પ્રધાન તરીકે જાહેર કરવામાં આવ્યા. ફાહ્દ પોતાના સાવકા ભાઈ ખાલિદને ગાદીએ બેસતાં અટકાવી શકયા હોત. કારણ કે ફાહ્દના સગા ભાઈઓ સંરક્ષણ ખાતું, પાટનગર રિયાધનું ગવર્નરપદ, મક્કા–મદીનાનું ગવર્નરપદ, વગેરે મહત્ત્વના હોદ્દા ધરાવે છે. તેમ છતાં શાહજાદા ફાહ્દે કુટુમ્બકલહ અને સંઘર્ષણ ટાળ્યાં.

નવા રાજા ખાલિદની કેળવણી મસ્જિદની શાળામાં જ મર્યાદિત રહી છે. તેઓ અમેરિકાએ આપેલાં અદ્યતન લડાયક વિમાનો વિશે ભાગ્યે જ થોડું જાણે છે. પણ બાજબાજી (બાજ, શકરા અને ગરુડ વડે શિકાર કરવાની વિદ્યા) વિશે નિષ્ણાત છે! તેમની પાસે આવાં તાલીમ પામેલાં શિકારી પક્ષીઓનો જેવો સંગ્રહ છે તેવો કોઈની પાસે નહિ હોય. તેમને કાહવા (કોફી) કે શરબત કરતાં ઊંટડીનું દૂધ વધુ ભાવે છે અને તે પીવામાં બીજા આરબોને હરાવી દે છે! તેમને વાતાનુકૂલ રાજમહેલ કરતાં શેકી નાખતા રણમાં ચામડાના તંબૂમાં રહેવું વધુ પસંદ છે. તેઓ બાજ વડે બટાવડાં અને ઘોરાડ પક્ષી અને સસલાના શિકારથી આગળ વધીને આફ્રિકામાં હાથીનો અને ભારતમાં વાઘનો શિકાર કરવાના શોખીન છે. (ભારત સરકાર વાઘને અને ઘોરાડપક્ષી (Bustard) ને રક્ષણ આપવાનો દાવો કરતી હોવા છતાં તેલસમૃદ્ધ આરબ રાજાઓને આ દુર્લભ પશુપક્ષીઓનો શિકાર કરવા દે છે!) રાજા ખાલિદે પોતે મારેલા હાથીના દંતૂશળ અને વાઘનાં મઢેલાં માથાં વડે પોતાનો મહેલ શણગાર્યો છે. જ્યાં જંગલી પ્રાણીઓ દુર્લભ છે એવા સાઉદી અરબસ્તાનમાં ખાલિદે એક પ્રાણીસંગ્રહ પણ વસાવ્યો છે. પરંતુ ૧૨ સંતાનોના પિતા ખાલિદે હૃદય પર શસ્ત્રક્રિયા કરાવ્યા પછી હવે તેઓ શોખ કે શાસનમાં સક્રિય રીતે આગળ પડતો ભાગ ભજવી શકશે નહિ. આથી રાજા અને વડા પ્રધાન તેઓ હોવા છતાં ખરેખરી સત્તા તો યુવરાજ અને પહેલા નાયબ વડા પ્રધાન ફાહ્દ જ ભોગવશે.

ફૈઝલ પ્યુરિટન જેવા વહાબી હતા. આથી તેઓ આનંદપ્રમોદ અને વૈભવવિલાસથી વિમુખ રહેતા હતા. તેમને ભાગ્યે જ કોઈએ હસતા જોયા હતા. (ખ્રિસ્તી પ્યુરિટન સંપ્રદાય પણ આવો જ આનંદવિમુખ છે.) પણ ફાહ્દ પશ્ચિમી ઢબનું વૈભવી અને આનંદી જીવન પસંદ કરે છે અને હમેશાં હસતા હોય છે. તેઓ જાણકારી, મુત્સદ્દીગીરી, વહીવટ વગેરેમાં એવા પ્રવીણ છે અને એવા હસમુખા તથા મળતાવડા છે કે પશ્ચિમના મુત્સદ્દી રાજપુરુષોથી માંડીને રણના ભટકતા બેદુઈન આરબ સુધી બધામાં ભળી જાય છે.

ફાહ્દે પણ શિક્ષણ તો મસ્જિદની શાળામાં અને કુરાનની મર્યાદામાં

જ લીધું છે. (વહાબી રાજા ઈબ્ન સાઉદે પોતાના ત્રણ ડઝન દીકરાઓમાંથી કોઈને પશ્ચિમના વાતાવરણમાં આવવા નહોતા દીધા). તેમ છતાં ફાહ્દ પશ્ચિમી કેળવણીમાં અને વિચારોમાં માને છે અને પોતાનાં સંતાનોને અમેરિકામાં ભણાવે છે. શરિયત પ્રમાણે કોઈ મુસ્લિમ દારૂ પી ન શકે, ધૂમ્રપાન ન કરી શકે, જુગાર ન રમી શકે, ચોરી કે વ્યભિચાર ન કરી શકે; અને શરિયત વિરુદ્ધ આચરણ કરનારને સજા પણ શરિયત પ્રમાણે થાય. તેમ છતાં શરિયતની ગરમ સૂકી હવામાં હવે થોડી પશ્ચિમી ઠંડી લહેરો પણ ફાહ્દના રાજ્યમાં આવશે એમ લાગે છે, પણ તે થોડી અને મંદ હશે. ફાહ્દે જ્યારે રમજાન જેવો પવિત્ર માસ યુરોપમાં ગાળ્યો ત્યારે સાઉદી અરબસ્તાનમાં વહાબીઓનાં અને ખાસ કરીને ઉલેમાઓનાં ભવાં ચડી ગયાં હતાં.

સાઉદી રાજાઓ સર્વસત્તાધીશ હોવા છતાં તેમને પોતાની છાપની 'લોકશાહી' અને પોતાની છાપનો 'સમાજવાદ' છે. ફૈઝલ પાસે કોઈ આદનો માણસ પણ ઈન્સાફ માગવા પહોંચી શકતો, પછી તેની ફરિયાદ ગમે તેવી ક્ષુલ્લક હોય. ફૈઝલ કહેતા હતા કે મારા દરવાજા સૌ માટે ખુલ્લા છે. જો મારી પાસે કોઈ માણસ આવે નહિ તો તે તેની ભૂલ છે. મારો દોષ નથી. ફાહ્દ કહે છે કે સામાજિક કલ્યાણ માટે અમે બધું કરીએ છીએ અને તેમાં પ્રજાની જરૂરિયાતો સંતોષાય છે. તે અમારી લોકશાહી છે. અમે કારખાનું બાંધીને તેના કર્મચારીઓ તથા કામદારોને ૫૦ ટકા જેટલા શેરો ભેટ આપી દઈએ છીએ, જેથી તેમને એમ લાગે કે તેઓ તે કારખાનામાં ભાગીદાર છે. આ અમારો સમાજવાદ છે.

ફાહ્દના કેટલાક ઓરમાન ભાઈઓ ફાહ્દના વિરોધી છે. ૨૦ લાખ જેટલા વિદેશીઓ સાઉદી અરબસ્તાનમાં બહારની હવા લાવ્યા હોવા છતાં સાઉદી અરબસ્તાનનું હવામાન હજી સદીઓ પહેલાંનું છે, જ્યાં કુરાન અને ઉલેમા સર્વોપરી છે. આથી ફાહ્દ કોઈ ક્રાન્તિકારી તો શું, આંખે ચડે એવા સુધારા પણ નહિ કરે; છતાં કરશે અને કરવા પડશે, પણ તે કોઈની આંખમાં ન ખટકે એવી રીતે.

ફૈઝલ અતિ રૂઢિચુસ્ત વહાબી હતા, તો તેમની હત્યા કરનાર ભત્રીજો કંઈ કમાલપાશા જેવો સુધારક નથી. શાહજાદા મુસાઈદે શા માટે કાકાની હત્યા કરી એ એક રહસ્ય છે. રશિયા તો કહે છે કે ફૈઝલની નીતિ ઈઝરાયલવિરોધી હતી અને ઈઝરાયલ સાથેના સમાધાનની આડે આવતી હતી તેથી અમેરિકાના જાસૂસી ખાતાના કાવતરાથી તેમની હત્યા થઈ! આ દલીલ દેખીતી રીતે ગળે ઊતરે એવી નથી. પયગમ્બરનો જન્મદિવસ હોવાથી રજા હોવા છતાં ફૈઝલ કામ કરતા હતા. કુવૈતના તેલપ્રધાન કાઝિમી તેમને મળવા આવ્યા. તેમને મુસાઈદે આવકાર આપ્યો. સવારના દસ વાગ્યા હતા. તેઓ બંને સાથે ભણ્યા હતા. અંદર સાઉદી તેલપ્રધાન શેખ અહમદ ઝાકી યમની રાજા ફૈઝલ સાથે કુવૈતના તેલપ્રધાનની મુલાકાત વિશે ચર્ચા કરતા હતા. પછી તેઓ બહાર આવીને કુવૈતના તેલપ્રધાન કાઝિમીને અંદર લઈ ગયા. તેમની સાથે શાહજાદો મુસાઈદ પણ ગયો. રાજાએ ભત્રીજાને આવકાર્યો, ત્યાં તો ભત્રીજાએ ઝબ્બામાંથી રિવોલ્વર કાઢીને બે ગોળી વડે રાજાનું માથું વીંધી નાખ્યું. ત્રીજી ગોળી લાગી નહિ. ત્યાં તો સોને મઢેલા મ્યાનમાંથી અંગરક્ષકોની તલવારો ચમકી અને હત્યારાને પકડી લેવામાં આવ્યો. રાજાને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા ત્યાં સુધીમાં તેમનું પ્રાણપંખીડું ઊડી ગયું હતું.

સાઉદી અરબસ્તાનના નવા શાસનથી પશ્ચિમ એશિયાના રાજકારણ પર, તેલના અર્થકારણ પર, અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપણા ઉપર પણ શી અસર થાય છે તે જોવાનું છે. રાજા ફૈઝલ પાકિસ્તાનના ટેકેદાર હતા; આપણા પ્રત્યે ઉદાસ હતા, છતાં આપણે તેમની સાથે સારા સંબંધ કેળવ્યા હતા. આપણા રાષ્ટ્રપતિ નવા રાજાને અને નવા પ્રધાનને મળ્યા હતા. એમ લાગે છે કે તેઓ ભારત સાથે વધુ મૈત્રી અને વધુ સહકાર રાખશે.

વિજયગુપ્ત મૌર્ય

# ભગવાન મહાવીરનો નિર્વાણ મહોત્સવ એટલે સર્વ ધર્મોનો મહોત્સવ

આજે દેશ અને દુનિયાના પણ અમુક અમુક ભાગોમાં ભ. મહાવીરનો ૨૫૦૦મો નિર્વાણ મહોત્સવ ઊજવાઈ રહ્યો છે ત્યારે એ અંગે એમને ભક્તિપૂર્ણ શ્રદ્ધાંજલિઓ અર્પવા સાથે જુદા જુદા અભ્યાસી ચિંતકોને હાથે એમના જીવનનાં બહુવિધ પાસાઓને વ્યક્ત કરતા મૌલિક વિચારો પ્રગટ થઈ રહ્યા છે. પણ આજ સુધી જે કંઈ સાહિત્ય જોવામાં આવ્યું છે એમાં એમની સર્વધર્મ વ્યાપકતા અંગે હજુ જોઈએ તેવા સ્પષ્ટ વિચારો જોવામાં આવ્યા નથી.

ભગવાન અહિંસામૂર્તિ હતા, પરમ ત્યાગી હતા, દીર્ઘ તપસ્વી હતા, પણ એમાં જ એમનું મહત્ત્વ નથી. અન્યત્ર પણ એવા ત્યાગી-તપસ્વીઓ ઘણા થયા છે. પણ જે કારણે એમની વિશ્વપ્રસિદ્ધિ છે તથા જગત પર એમનો પરમ ઉપકાર છે એ તો એમની લોકોત્તર ઉદારતા અને સર્વ ધર્મોને એકસૂત્રે સાંધનારી ન્યાય - કરુણાભરી દૃષ્ટિને કારણે છે.

જ્યારે એ સાધનાના ક્ષેત્રમાં પ્રવેશ્યા ત્યારે દેશમાં સેંકડો પંથો ચાલતા હતા, પણ એ બધા પોતાને સાચા અને બીજાને ખોટા કહી ઝઘડયા કરતા હતા. આ જોઈ ભગવાને વિચાર કર્યો કે સત્યની શોધ એ જ ધર્મોમાત્રનું ધ્યેય છે, તો પછી એમાં વિવાદ-કલહને સ્થાન જ ક્યાંથી હોઈ શકે? માટે આમાં ક્યાંક વિચારદોષ રહી જતો લાગે છે. આ કારણે ભગવાન સત્યની શોધમાં ખૂબ ઊંડા ઊતર્યા, તો જે તત્ત્વ એમને પ્રાપ્ત થયું એ જોઈને એ પણ ઘડીભર આશ્ચર્યમુગ્ધ બની ગયા હતા. કારણ કે ઊલટાસૂલટી માન્યતા ધરાવતી બધી જ વિચારધારાઓ એવી રીતે એકત્વ સાધતી હતી તેમ જ એ એકત્વમાં પણ એટલી બધી વિવિધતાઓ ભરી હતી કે જેથી એ બધી જ વિચારધારાઓ પોતાની રીતે સાચી ઠરતી હતી તેમ જ બીજી રીતે એ ખોટી પણ ઠરતી હતી. પણ એનું અદ્‌ભુત રહસ્ય પૂર્ણ-પણે પ્રગટ કરવું અશક્ય હતું. કારણ કે એ મન-વાણીની પકડમાં આવી શકતું જ નહીં- માત્ર અનુભવનો જ વિષય બને તેમ હતું. આમ છતાં જગતકલ્યાણ અર્થે એ વિચારધારાને શક્ય ભાષામાં ઉતારી એમણે જનતા સમક્ષ મૂકી. એ વિચારધારા એટલે અનેકાંતવાદનો સિદ્ધાંત. એ સિદ્ધાંતે ભારતીય તત્ત્વચિંતનમાં મોટો ફાળો આપ્યો છે. એને સ્યાદ્‌વાદ - સાપેક્ષવાદની સહાયથી સમજાવવામાં આવે છે. આ કારણે અનેકાંતવાદને સ્યાદ્‌વાદ - સાપેક્ષવાદ પણ કહેવામાં આવે છે.

અનેકાંતવાદ કહે છે કે સત્ય અનંત છે, એની મર્યાદા બાંધી શકાતી જ નથી. વિશ્વ ક્ષણક્ષણ પરિવર્તનશીલ હોવાને કારણે સત્ય પણ નિત્ય નવા નવા સ્વરૂપે પ્રગટ થતું જ રહે છે, જેને સામયિક સત્ય કહેવામાં આવે છે. હરેક ધર્મને આવા કોઈ ને કોઈ સામયિક સત્યોનો આધાર હોઈ કોઈ ધર્મો ખોટા નથી. પણ પોતે જ સાચા છે ને બીજા જૂઠા છે એવો એ કદાગ્રહ પકડે છે ત્યારે એ સત્યના મૂલગામી અંશને પકડી શકતા નથી ને તેથી એ મિથ્યા ઠરે છે.

ભગવાન કહે છે કે ઢાલને બીજી બાજુ છે તેમ એકાંગી વિચાર એ અધૂરો વિચાર છે ને તેથી એ વિચાર, વિચાર જ નથી બનતો. મકાનને એક બાજુથી જોવાથી એનું પૂર્ણ દર્શન થતું નથી. વસ્તુને અનેક પાસાં હોઈ ભિન્નભિન્ન અપેક્ષાએ બીજાં પાસાઓ પણ જોવાં જોઈએ- અને તો જ વસ્તુનું દર્શન થઈ શકે. આ દૃષ્ટિએ કોઈ પણ ધર્મ ખોટો નથી; એમાં પણ સત્યનો અંશ રહેલો જ છે.

બીજાઓના વિચારોને સમજી એમને પણ ન્યાય આપવાની ઉદાર દૃષ્ટિને કારણે સાપેક્ષવાદની શોધ કરી ભગવાને આ રીતે સર્વ ધર્મોનું પ્રતિનિધિત્વ રજૂ કર્યું છે. ભગવાન કહે છે કે બધા જ ધર્મો એક જ પરમ સત્યનાં ભિન્ન ભિન્ન સ્વરૂપો છે. આથી મળે

ત્યાંથી સત્યને ગ્રહણ કરતાં શીખો. અર્થાત્ સત્ય-ગ્રાહી બનો. સત્ય-ગ્રાહી બનવાનો આવો સ્પષ્ટ વિચાર ભાગ્યે જ બીજે મળશે. ભગવાનની જે વિશિષ્ઠતા છે તે આ કારણે છે.

કોઈ સંપ્રદાય વિશેષમાં જ સત્યની પૂર્ણતા નથી. પણ સર્વ-સંપ્રદાયોમાં સત્ય પથરાયેલું હોઈ ભિન્નભિન્ન રૂપે એનું દર્શન થાય છે અને એટલે જ ભગવાને મળે ત્યાંથી સત્ય મેળવવાની અર્થાત્ સત્યગ્રાહી બનવાની વાત કરી છે. આ કારણે ભગવાન કોઈ ખાસ સંપ્રદાયના નથી પણ ધર્મો માત્રના ભગવાન બને છે અને તેથી એમનો નિર્વાણ મહોત્સવ એ સર્વ ધર્મોનો મહોત્સવ બની જાય છે.

ભગવાન કોઈ સંપ્રદાય કે વાડો બનાવવા નહોતા આવ્યા, પણ સત્યગ્રાહી બનવાની વિચારદષ્ટિ જેને વિવેક યા સમ્યગદષ્ટિ કહેવામાં આવે છે એ શીખવવા આવ્યા હતા. ને તેથી જ એમણે કહ્યું છે કે સર્વ ધર્મો એકમાત્ર પરમ સત્યના જ ભિન્નિભિન્ન રૂપો છે. શ્રીમદ્ રાજચંદ્રે પણ આ જ વાત કરી છે કે "એક તત્ત્વના મૂળમાં વ્યાખ્યા જનો સર્વ" આ જ વસ્તુને વિશેષ સ્પષ્ટ કરવા કહેવામાં આવ્યું છે કે 'ખટ દર્શન જિન અંગ ભણિ જે' જિનેશ્વરમાં અર્થાત જૈનધર્મમાં છએ દર્શન સમાઈ જાય છે. બીજા શબ્દોમાં વળી 'सर्व दर्शन संग्रहः ति जैनधर्मः' એમ કહેવાયું છે. જો કે જૈન ધર્મનો અર્થ અહીં સંપ્રદાય વિશેષ જૈન ધર્મ નથી પણ પૂર્ણ પરમ સત્યધર્મ છે. પણ પછીના આચાર્યોએ એ તત્ત્વ જિનેશ્વર ભાષિત હોઈ 'સર્વદર્શન સંગ્રહઃ ઈતિ સત્યધર્મ'ને બદલે 'સર્વ દર્શન સંગ્રહઃ ઈતિ જૈનધર્મઃ' એમ કહ્યું છે. બાકી તો સંપ્રદાય વિશેષ જૈન ધર્મપણ અન્ય ધર્મોની જેમ વ્યાપક જૈનધમ નો અર્થાત પરમ સત્યનો એક દષ્ટિકોણ જ છે.

પોતાની આજુબાજુ એકત્ર થયેલા સાધકોને એમની રુચિ-કક્ષા જોઈ ભગવાને એક માર્ગ આંકી આપ્યો હતો. તેવા સાધકોએ પછી પેદા થયેલા મમત્વભાવને કારણે એને સંપ્રદાયનું રૂપ આપી ભગવાનને પણ એમાં બદ્ધ કરી દીધા છે એટલું જ નહીં, એમના પર પોતાનો આગવો અધિકાર જમાવી એમની વ્યાપકતાને ખતમ કરી નાખી છે ને એ રીતે એ વિશ્વવિભૂતિને માત્ર થોડા વણિકોના જ દેવ બનાવી દીધા છે. પણ એથી એમની વ્યાપકતા મટતી નથી, કારણ કે 'पन्नरस भेदे सिध्धाः' શબ્દો દ્વારા ભગવાને પૂર્ણ સ્પષ્ટતા કરી છે કે નિર્વાણ-મોક્ષનો માર્ગ જૈનલિંગે જ નથી પણ હરકોઈ લિંગે પ્રાપ્ત થઈ શકે છે. ભલે પછી વ્યક્તિ ગમે તે વર્ણ-જાતિ- પંથ કે પક્ષ યા રાષ્ટ્રની હોય. ગમે તે દેવ-ગુરુને માનનારી હોય તેમ જ ગમે તે ક્રિયાકાંડને પાળનારી હોય. એમની શરત તો માત્ર એટલી જ છે કે कषाय मुक्ति किलमुक्ति रेव સાધકે કષાય અર્થાત્ અંતરંગ કામ—ક્રોધાદિ ષડ્રિપુઓથી મુક્ત બની પૂર્ણ જીવનશુદ્ધિ પ્રાપ્ત કરી હોવી જોઈએ. આમ ભગવાને તો માત્ર જીવનશુદ્ધિને જ સત્ય પ્રાપ્તિનું-નિર્વાણ-પ્રાપ્તિનું કારણ માન્યુ હોઈ જ્યાં જ્યાં જીવનશુદ્ધિ છે ત્યાં ત્યાં જનધર્મ જ છે. બીજી રીતે જોઈએ તો સર્વ ધર્મ જૈનધર્મમાં અર્થાત્ પરમ સત્યમાં સમાઈ જાય છે.

આ દષ્ટિકોણને કારણે ભગવાન કોઈ સંપ્રદાયવિશેષનું પ્રતિ-નિધિત્વ રજૂ નથી કરતા પણ ધર્મો માત્રનું પ્રતિનિધિત્વ રજૂ કરે છે. આથી એમનો નિર્વાણ મહોત્સવ ઊજવવાનો અધિકાર માત્ર અમુક વર્ગનો નથી રહેતો પણ જીવનશુદ્ધિને પ્રાધાન્ય આપનારા માનવ-માત્રને પણ એ અધિકાર પ્રાપ્ત થાય છે. જો કે સાંપ્રદાયિક કીચડમાં ફસાયેલા ભગવાનની આ ઉદાત્ત દષ્ટિને નહીં સમજી શકે. પણ જ્યાં સુધી ભગવાને આપેલાં અમર સત્યો વિદ્યમાન છે ત્યાં સુધી એમની વ્યાપકતા મટવાની નથી. આમ છતાં જ્યાં સુધી આપણે એમના અનેકાંતવાદને ચર્ચાના વિષય પૂરતો મર્યાદિત બનાવી એને વ્યવહાર રૂપ નહીં આપી શકીએ ત્યાં સુધી ભગવાન વિશ્વજ્યોતિ The light of world નહીં બની શકે.

આજનું જગત હિંસાથી ત્રાસ્યું છે, ભોગથી કંટાળ્યું છે, વાદોના ઝઘડાઓથી મૂંઝાયું છે ત્યારે એને ભગવાનના અહિંસા, અપરિગ્રહ અનેકાંત તથા લોકશાહી જેવાં તત્ત્વો જ આજે બચાવી શકે તેમ છે પણ એ માટે આપણે ઉદાર બનવું પડશે. સત્યગ્રાહી બની સર્વ ધર્મ સમભાવ કેળવવો પડશે. આપણી માન્યતાનો કદાગ્રહ છોડી બીજાઓને પણ સમજવાની દષ્ટિ કેળવવી પડશે, અને તો જ આપણે ભગવાનને લોકવ્યાપક દૃષ્ટા તરીકે—ગુરુ તરીકે રજૂ કરી શકશું.

એથી આ નિર્વાણ મહોત્સવને જ્યાં સુધી આપણે સંપ્રદાય વિશેષનો મહોત્સવ માનશું ત્યાં સુધી એ મહોત્સવ માત્ર થોડા દિવસનો જલસો જ બનશે. પણ જો એને ધર્મોમાત્રનો મહોત્સવ માની ભગવાન મહાવીરની વિચારસરણી સાથે અન્યત્ર સચવાયેલા સત્યોનો પણ પ્રચાર કરશું તો જ ઉત્સવ સફળ બનશે અને ભગવાન મહાવીર પણ ત્યારે જ લોકહૈયામાં આદરભર્યું સ્થાન પામશે ભગવાનને એમનાં ઉદાત્ત તત્ત્વોને કારણે The light of world—વિશ્વવિભૂતિ બનાવવાનો આ જ ઉત્તમોત્તમ માર્ગ છે.

**શાહ રતિલાલ મફાભાઈ**

# સંઘ સમાચાર

## સ્વ. પરમાનંદભાઈની ચોથી પુણ્યતિથિ

ગુરુવાર, તા. ૧૭-૪-'૭૫ નાં રોજ સ્વ. પરમાનંદભાઈની ચોથી પુણ્યતિથિ નિમિત્તે સંઘનાં કાપડિયા સભાગૃહમાં શ્રીમતી રમાબહેન વકીલનાં ભજનોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

## સંઘના આજીવન સભ્યો

સંઘના આજીવન સભ્યોનો આંક ૪૫૦ ઉપર પહોંચ્યો છે હજુ ૫૦ સભ્યો કરવાના બાકી રહે છે. પાંચસો આજીવન સભ્યો લક્ષ્યાંક પૂરું થતાં—આજીવન સભ્યોનો સંસ્થા સાથે પરિચય કરવવા એક મિલન સમારંભ ગોઠવવાનું વિચાર્યું છે, તો મિત્રો અ શુભેચ્છકો અમારા આ લક્ષ્યાંકને પૂરું કરવામાં અમને સહકાર આપે.

**ચીમનલાલ જે. શાહ**
કે. પી. શાહ
**મંત્રીઓ**
મુંબઈ જૈન યુવક સ

## 'પ્રબુદ્ધ જીવન' વિશે

**મારા ઉપરનાં પત્રમાં અમદાવાદથી પ્રૉફેસર રમેશ ભટ્ટ લખે છે 'પ્રબુદ્ધ જીવન' - આ કોલાહલ અને પ્રચારી હવામાં વ્યવસ્થિત, સત્યાન્વેષી, અને માર્ગદર્શક અવાજ બનીને રહે પ્રજાજીવનની વૈચારિક તંદુરસ્તીમાં 'પ્રબુદ્ધ જીવન' નું મૂલ્યાં ઘણું જ ઊચું રહેવાનું છે.**

**મુ. ચીમનભાઈ ચકુભાઈને મારાં હાર્દિક ધન્યવાદ.**

**ચીમનલાલ જે. શાહ**

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ- ૪
ટે. નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ-મુંબઈ-૧